Krushnayug (Gujarati)

Ashwin Sanghi

VISIT…

LANZAROTE Caliente.com

કૃષ્ણયુગ



અશ્વિન સાંઘી

રજૂઆત : વર્ષા પાઠક





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

એક સિરિયલ કિલર જે પોતાને
અંતિમ અવતાર માનીને એક પછી એક...

પાંચ હજાર વર્ષ પહેલાં, આ પૃથ્વી પર કૃષ્ણ નામના વ્યક્તિત્વનું આગમન થયું. એમણે માનવજાતનાં ક્લયાણ માટે ચમત્કારોથી ભરેલાં અનેક કાર્યો કર્યાં. એમની વિદાયવેળાએ સમગ્ર વિશ્વ ઘેરા શોકમાં ડૂબી ગયું હતું. વિદાય વખતે તેમણે એવું વચન આપેલું કે કળિયુગમાં જ્યારે પણ પોતાની જરૂર પડશે ત્યારે એ અવતાર ધારણ કરશે.

કૃષ્ણએ માનવજાતને જે અમૂલ્ય વારસો આપ્યો એ શેનો છે અને ક્યાં છે? એ રહસ્ય શોધવા માટે એક સિરિયલ કિલર જે પોતાને અંતિમ અવતાર માને છે તે, ભગવાનના નામે જે યોજનાઓ ઘડે છે, એ થથરાવી દે એવી ભયાનક છે.

ઇતિહાસકાર રવિમોહન સૈનીએ કૃષ્ણનો આ અમૂલ્ય વારસો સોધવા માટે દ્વારકાના દરિયાથી માંડીને કૈલાસના હિમાચ્છાદિત શિખરો અને છેક સોમનાથના મંદિર સુધી રઝળપાટ કરી, એ જોવાનો પ્રયાસ કર્યો છે કે ફરી એકવાર અન્યાયનું પલ્લું ભારે ન થઈ જાય.

અશ્વિન સાંઘી પૌરાણિક અને ઐતિહાસિક સંશોધનો કર્યા પછી તમારા દિલના ધબકારા ચુકવી દે તેવો રોમાંચક પ્લૉટ લઈને તમારી સામે હાજર થયા છે. સસ્પેન્સ અને થ્રિલરના ચાહકોને તો આ વાર્તા ગમશે જ, સાથે સાથે વેદકાલીન ઘટનાઓનું અહીં નવી દૃષ્ટિએ જે અર્થઘટન થયું છે એ પણ તમને છેલ્લા પાનાં સુધી જકડી રાખશે.

કૃષ્ણયુગ

અશ્વિન સાંઘીએ એમની પ્રથમ નવલકથા, ‘The Rozabal Line ’નું પ્રકાશન, Shawn Haigins ના ઉપનામ સાથે, પોતે જ કરેલું. જિસસ ક્રાઇસ્ટનું મૃત્યુ કાશ્મીરમાં થયેલું, આ માન્યતાને કેન્દ્રમાં રાખીને લખાયેલી એ નવલકથા, પાછળથી ૨૦૦૮માં, ‘વેસ્ટલૅન્ડ’ દ્વારા ભારતમાં પ્રકાશિત થઈ અને એમાં લેખક તરીકે અશ્વિન સાંઘીનું જ નામ હતું. અત્યંત લોકપ્રિય નીવડેલી એ નવલકથા, મહિનાઓ સુધી નૅશનલ બેસ્ટસેલર્સ લિસ્ટ પર રહી હતી.

અશ્વિન સાંઘીની બીજી નવલકથા ‘Chanakya ’s Chant ’નાં મૂળ મૌર્ય ઇતિહાસમાં હતાં, અને એ પણ ભારતમાં પ્રકાશિત થતાંની સાથે થોડાં જ સપ્તાહમાં બેસ્ટસેલર્સ લિસ્ટ પર પહોંચી ગઈ. આ પુસ્તકને ક્રૉસવર્ડ-વૉડાફોન પૉપ્યુલર ચોઈસ ઍવૉર્ડ-૨૦૧૦ પ્રાપ્ત થયો અને UTV એ એના પરથી ફિલ્મ બનાવવા માટે નિર્માણહકક પણ ખરીદી લીધા.

અશ્વિનના આ ત્રીજા પુસ્તકમાં, પાનેપાને ઉત્કંઠા જગાડતી અને વેદકાળ તથા મહાભારતમાં છુપાયેસાં રહસ્યોને ઉજાગર કરતી કથા છે.

વ્યવસાયે, અશ્વિન Entrepreneur છે, પણ રહસ્ય અને રોમાંચપૂર્ણ, ઐતિહાસિક નવલકથાઓ લખવાનો એમને શોખ છે. અને આ શોખે, એમને આજે આ ક્ષેત્રમાં એક અતિ લોકપ્રિય લેખક તરીકેની નામના અપાવી દીધી છે.

મુંબઈની કૅથેડ્રલ ઍન્ડ જહૉન કોનન સ્કૂલ તથા સેન્ટ ઝેવિયર્સમાં અભ્યાસ કરનાર અશ્વિને Yale માંથી માસ્ટર્સ ડિગ્રી મેળવી છે અને અત્યારે એ ક્રિએટિંવ રાઈટિંગ પર Ph.D. કરી રહ્યા છે.

અશ્વિન, મુંબઈમાં એમની પત્ની અનુશિકા અને પુત્ર રઘુવીર સાથે રહે છે.

www.sanghi.in પર જઈને તમે અશ્વિન સાથે સંપર્ક કરી શકો છો.

ચેતવણી

કથાને સમજવામાં મદદરૂપ થઈ શકે, એવાં ઘણાં ચિત્રો, આ પુસ્તકમાં આપ્યાં છે. વાંચનની શરૂઆતમાં, છેલ્લે સુધી પાનાં ઊથલાવી જનારને, પછી વાર્તામાં રસ ઓછો થઈ જાય, એવી પૂરી સંભાવના છે. એટલે આવું ન કરવાની સલાહ છે.

સ્પષ્ટતા

આ કાલ્પનિક કથા છે. એમાં ક્યાંય ઐતિહાસિક સત્ય હોવાનો દાવો નથી. કથામાં આવતાં નામ, પાત્રો, સ્થળો અને ઘટનાઓ લેખકની કલ્પનાની ઊપજ છે. ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક પાત્રો, સ્થળો અને ઘટનાઓનું વર્ણન લેખકે કાલ્પનિક રૂપમાં કર્યું છે. કોઈપણ જીવિત કે મૃત વ્યક્તિ, ઐતિહાસિક સ્થળ અને ઘટનાઓ સાથેનું સામ્ય માત્ર યોગાનુયોગ ગણવું. ચિત્રો અને નકશા, કથાને વધુ રસપ્રદ બનાવવા માટે જ મૂકાયાં છે. એને સંપૂર્ણપણે સત્ય સાબિત કરવાનો અહીં કોઈ હેતુ નથી.

કૃષ્ણયુગ

અશ્વિન સાંઘી

અનુવાદ: વર્ષા પાઠક



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧
'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩
Visit us at: www.rrsheth.com
Email: sales@rrsheth.com

KRUSHNAYUG
Gujarati Translation of National Bestseller
The Krishna Key
Originnaly Written in English by Ashwin Sanghi
Translated into Gujarati by Varsha Pathak
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

First published in the English language in India by Westland Ltd., 2014

પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Cataloging-in-Publication (CIP)

Sanghi Ashwin
Krushnayug /Ashwin Sanghi; Tran. Varsha Pathak
Ahmedabad: R. R. Sheth & Co. Pvt. Ltd. ,
232 p., 22 cm.
EISBN: **978-93-5122-256-9**
(1) English Fiction I. Varsha Pathak II. Title

લેખકની નોંધ

મારી પત્ની અનુશિકા અને પુત્ર રઘુવીરનો હું હંમેશાં ઋણી રહીશ. આ પુસ્તક લખતી વેળા, એમના જીવનમાંથી હું સતત ગેરહાજર રહેતો હતો. પણ એમણે કોઈ કડવાશ કે કકળાટ વિના આ સહી લીધું. એ બંને મારી પ્રેરણા છે, મારું જીવન છે, મારા શ્વાસોચ્છ્‌વાસ છે.

મારાં માતપિતા મંજુ અને મહેન્દ્રની કૃપા મારા પર છે. લખાણ સહિત મારાં દરેક સાહસ અને પ્રયાસમાં એમણે મને ટેકો આપ્યો છે. હું આ પ્રોજેક્ટ પર કામ કરતો હતો, ત્યારે ઘરમાં, ઑફિસમાં, ઘણી બધી જવાબદારી મારા ભાઈ અને બહેને ઉપાડી લીધી. થૅંક્યુ વૈભવ, વિધિ.

મારાં આન્ટી અપર્ણા ગુપ્તા, સદૈવ મારાં મિત્ર અને માર્ગદર્શક બનીને રહ્યાં છે. પરંતુ મારા લખાણની ક્યારેક ટીકા કરવાની જરૂર પડે, ત્યારે એ ખચકાતાં નથી. આ કથા લખતી વખતે જ્યારે પણ, જેવા પણ વિચારો આવે, એ હું અપર્ણા આન્ટી પાસે જઈને પ્રદર્શિત કરતો હતો, અને એ ધીરજપૂર્વક સાંભળી લેતાં.

મારા ઍડિટર પ્રીતા મૈત્રા અને પ્રકાશક ગૌતમ પદ્મનાભનની મદદ વિના મારાં કોઈ પુસ્તક, તમારા હાથમાં પહોંચ્યાં ન હોત. હૃદયપૂર્વક મને સાથ આપનારા વેસ્ટલૅન્ડના પૉલ વિનયકુમાર, રેણુકા ચેટરજી, અનુશ્રી બેનરજી અને સતીશ સુંદરમ્‌નો આભાર માનું છું.

પુસ્તકની સુંદર કવર ડિઝાઈન માટે ગુંજન અહલાવત, કુણાલ કુંદુ અને વિપિન વિજયને ખાસ થૅંક્સ કહેવાનું. નવલકથાની અંદરનાં પાનાં પરનાં રેખાચિત્રો દોરનાર રૂપેશ તાલસ્કર અને સંસ્કૃત ભાષાંતર કરનાર વિશ્વજિત સપનનો આભાર.

આ કથાના કેન્દ્રમાં જે શ્લોક છે, એનો ઑડિયોટ્રૅક બનાવવામાં મારી સહાય કરનારા અમેયા નાઇક અને કુશાલ ગોપાલકાનો ખૂબખૂબ આભાર. અને સ્પેશિયલ થૅંક્સ કહેવાનું 'થિન્ક વ્હાય નોટ' ટીમના હેમલ મજિઠિયા, શાલિની ઐયર અને સૌરભ શર્માને, જેમણે વીડિયો ટ્રેઇલર બનાવવામાં મદદ કરી.

મૂળ કૃતિના રચયિતાઓ અને એના પર વધુ કામ કરનારા અનેક લેખકોનો હું ઋણસ્વીકાર કરું છું.

સ્વર્ગીયશ્રી રામપ્રસાદ ગુપ્તાનો પૌત્ર અને એમના ભાઈ સ્વર્ગીયશ્રી રામગોપાલ ગુપ્તાના પૌત્ર-ભત્રીજા હોવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. એમના આશીર્વાદથી મારી કલમ ચાલતી રહી છે.

અંતે, હું જાણું છું કે, જ્યારે લખવા બેસું, ત્યારે મનમાં ઊગીને જે વિચારો, કાગળ પર શબ્દોનું રૂપ લે છે, એ મારા નથી, હું તો માત્ર માધ્યમ બનું છું. એ આદિ લેખકનો આભાર કઈ રીતે માનું, જે નિરાકાર, અનંત પરમેશ્વર છે, જેના આશીર્વાદ મને મળ્યા છે?

આ પ્રશ્નનો ઉત્તર કદાચ આ પુસ્તકમાંથી મળી રહેશે.



નિષધ પર્વત
કંબજ
પુષ્કરાવતી
ગાંધાર
તક્ષશિલા
વલ્હિકા
વરણું
રાજગૃહ
સંકાલા
કૈકેય
મદ્ર
ઈરાવતી
જાલંધર
ઉદિચ્ય
અરીઠાપુરા
મેરુપર્વત
કલિસ
બદ્રીનાથ
કુરુ
કુરુક્ષેત્ર
ઈન્દ્રપ્રસ્થ
હસ્તિનાપુર
પાંચાલ
સુરસેન
મથુરા
મત્સ્ય
વિરાટાનગર
અયોધ્યા
કપિલવસ્તુ
મલ્લ
મિથિલા
વજ્જી
કૌશલ
વૈશાલી
પાટલીપુત્ર
ગંગા
ચંપા
પ્રાગજ્યોતિષપુર
પુંડર
પુંડ્ર
કૌસંબી
પ્રયાગ
કાસી
ચિત્રકુટ
અરવલ્લી
અવંતી
ઉજ્જૈન
ચેદી
રાજગ્રિથા
મગધ
અંગ
વંગ
સૌરાષ્ટ્ર
દ્વારકા
રાઇવર્તકા
ગિરિનગર
પ્રભાસ
મેકલગિરિ
મહાનદી
તામ્રલિપ્તિ
તાપી
કુંડીના
વિદર્ભ
ઉદયગિરિ
સુરપારકા
હેપતાન્ચા
અસ્મક
કુંતલ
દક્ષિણપથ
દંતાપુર
આંધ્ર
ક્રિષ્ના
અમરાવતી
વનવાસિકા
કિષ્કિંધા
કાંચી
મલયાગિરી
કન્યાતીર્થ
લંકા
જ લ નિ ધિ
દ ક્ષિ ણ
ભારતવર્ષ
ઉજ્જૈની-મહાભારત કાળની વસાહતો
મલયાગિરિ-પર્વતમાળાઓ
કુરુ-રજવાડા
ભારતની વર્તમાન સરહદ

કોણ ખરેખર જાણે છે, અને કોણ સોગનપૂર્વક કહી શકે,
સર્જન કેવી રીતે થયું, ક્યારે અને ક્યાં!
કોણ ખરેખર જાણે છે, કોણ સાચેસાચ કહી શકે
ક્યારે અને ક્યાં, સર્જનનો પ્રારંભ થયો?
એની ઈચ્છાથી આ થયું? કે નહીં?
આ તો માત્ર, ઉપર એ જ જાણે
કે પછી, કદાચ એ પણ નથી જાણતો.
- ઋગ્વેદ ૧૦:૧૨૯

અનુક્રમણિકા

૨૯
૩૦
૩૧
૩૨
૩૩
૩૪
૩૫
૩૬
૩૭
૩૮
૩૯
૪૦
૪૧
૪૨
૪૩
૪૪
૪૫
૪૬
૪૭
૪૮
૪૯
૫૦
૫૧
૫૨
૫૩
૫૪
૫૫
૫૬
૫૭
૫૮
૫૯
૬૦

६१
६२
६३
६४
६५
६६
६७
६८
६९
७०
७१
७२
७३
७४
७५
७६
७७
७८
७९
८०
८१
८२
८३
८४
८५
८६
८७
८८
८९
९०
९१
९२

९३

९४

९५

९६

९७

९८

९९

१००

१०१

१०२

१०३

१०४

१०५

१०६

१०७

१०८

૧

વાતની શરૂઆત એ સમયથી કરું છું, જ્યારે હજી મારો જન્મ પણ નહોતો થયો. મારા એક પૂર્વજનું નામ હતું, સમ્રાટ યયાતિ. ઋષિ શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે એનાં લગ્ન થયેલાં. પત્ની સાથે વિશ્વાસઘાત કરનારા યયાતિને શુક્રાચાર્યએ અકાળ વૃદ્ધત્વનો શાપ આપ્યો. જોકે રોષ ઊતર્યા બાદ નરમ પડેલા ઋષિએ પછી આ શાપનું નિવારણ પણ કર્યું. પરંતુ એ સહેલું નહોતું. શુક્રાચાર્યએ કહ્યું કે યયાતિના બે પુત્ર, યદુ અને પુરુમાંથી કોઈ પિતાનું વૃદ્ધત્વ સ્વીકારી લે તો યયાતિને એની યુવાની પાછી મળે. મોટા પુત્ર યદુએ સ્પષ્ટ નકાર ભણી દીધો. પણ નાનો પુત્ર પુરુ, પિતા માટે આ બલિદાન આપવા તૈયાર થઈ ગયો. આના બદલામાં યયાતિએ મોટાને બદલે નાના પુત્ર પુરુને રાજગાદીના વારસ તરીકે ઘોષિત કરી દીધો. એટલું જ નહીં, પોતાની વિનંતી અવગણનારા યદુને એમણે કહી દીધું કે, 'આજ પછી તું કે તારા વંશની કોઈપણ વ્યક્તિ રાજસિંહાસન પર નહીં બેસે. કમભાગી યદુ, પોતાનું રાજ્ય છોડીને દૂર મથુરામાં સ્થાયી થયો અને ત્યાં જ એનો વંશ, યાદવના નામે આગળ વધ્યો. હું એ જ યદુનો વંશજ છું. યયાતિ રોષમાં ઉચ્ચારેલી વાણી સાચી ઠરાવતા હોય, એમ યાદવોમાંથી કોઈ ક્યારેય રાજા ન બન્યો. પરંતુ રાજગાદીનો દોરીસંચાર એમના હાથમાં રહ્યો. બીજી તરફ પ્રતાપી પુરુએ હસ્તિનાપુરમાં રહીને રાજ્ય ચલાવ્યું. એનાં વંશમાં કૌરવ અને પાંડવોનો જન્મ થયો.

અનિલ વાર્શની નહોતા જાણતા કે એની આવરદામાં હવે માત્ર બાર મિનિટ બચેલી. રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લામાં આવેલા એના સાદા નિવાસસ્થાનમાં આ સમયે ઍરકૂલરના ધીમા અવાજને બાદ કરો તો, સાવ શાંતિ હતી. વાર્શનીને નીરવતા માફક આવતી હતી. એનું બધું યે ધ્યાન અત્યારે એની સામે ટેબલ પર મૂકેલી વસ્તુઓમાં કેન્દ્રિત થયું હતું. સદીઓ જૂની ભાષા અને ગૂઢ સંકેતો ઉકેલવાના પ્રયાસમાં ડૂબી ગયેલા વાર્શની, એની આસપાસની દુનિયામાં શું ચાલી રહ્યું છે એનાથી બેખબર હતા.

આવું જોકે પહેલીવાર નહોતું થયું. ભારતના સહુથી નાની વયના ભાષાશાસ્ત્રી અને જૂના સંકેતો, ચિહ્નોના અર્થ શોધવામાં માહેર ગણાતા વાર્શની માટે પ્રાર્થના કહો કે ધ્યાન, એ એનું કામ જ હતું. પંદરથી વધુ ભાષા જાણતા વાર્શનીએ ભારતીય બહુભાષી શબ્દકોશ સહિત દસ પુસ્તકો લખ્યાં હતાં. કમ્પ્યૂટર્સની ઑપરેટિંગ સિસ્ટમ્સના ક્ષેત્રમાં બીલ ગેટ્સનું જે સ્થાન હતું એવું જ આદરણીય સ્થાન અને પ્રતિષ્ઠા વાર્શની, પ્રાચીન લિપિ અને ભાષાઓના ક્ષેત્રમાં ધરાવતા હતા.

વાર્શનીનું ઘર જુઓ તો એના જેવા ઘૂની જિનિયસને શોભે એવું હતું. જ્યાં જુઓ ત્યાં કાગળો, પુસ્તકો, રિસર્ચ પેપર્સ અને વાર્શની જેના અભ્યાસમાં ગળાડૂબ રહેતા હતા એવા પ્રાચીન સીલ્સ, માટીના વાસણના ટુકડા, સામાન્ય માણસ ઉકેલી ન શકે એવું લખાણ ધરાવતા જૂના કાગળો અને ચર્મપત્રો અસ્ત-વ્યસ્ત જોવા મળતા. લીવિંગરૂમમાં

એક ટેબલ, ખુરસી અને જૂનાપુરાણા કાઉચ સિવાય બીજું કંઈ ફર્નિચર નહોતું. ઘરનો બેડરૂમ તો ભાગ્યે જ વપરાતો, કારણ કે વાર્શનીનો મોટા ભાગનો સમય પુરાતત્ત્વખાતાએ શોધી કાઢેલાં સ્થળોએ જતો હતો. રાજસ્થાનમાં સિંધુ ખીણ સંસ્કૃતિનું સહુથી મહત્ત્વનું સ્થળ ગણાતા કાલીબંગનમાં, આજકાલ વાર્શનીના દિવસો વીતતા હતા.

અત્યારે વાર્શનીની નજર એમની સામે ટેબલ પર પડેલા નાનકડા લંબચોરસ, લગભગ ૨૦x ૨૦ મી.મી.ની સાઇઝ ધરાવતા સીલ પર સ્થિર થઈ ગઈ હતી. શંખમાંથી બનેલી આ મહોર એટલે કે સીલના પાછળના ભાગમાં નાનકડી, ચોરસ ખૂંટી હતી. પરંતુ એનો ઉપયોગ કે હેતુ, શું હોઈ શકે એ હજી સુધી વાર્શનીને સમજાયો નહોતો. આ પ્રકારની પ્રાચીન મહોરમાં બીંટીની અંદર કડી ભેરવવા માટે એક છેદ કે છિદ્ર હોય, એ અહીં નહોતું દેખાતું. સીલના આગલા હિસ્સામાં આખલો, એક શિંગડાવાળું પ્રાણી અને બકરી આ ત્રણ પ્રાણીના, જમણેથી ડાબે, વર્તુળાકારે ચિહ્ન કોતરાયેસાં હતાં.

મહોરના રૂપમાં સામે પડેલા ઉખાણાનો જવાબ શોધતા હોય, એમ વાર્શની, કાગળ પર આડાઅવળાં ચીતરામણ કર્યે જતા હતા. ટેબલના એક ખૂણે, કમ્પ્યૂટર પર એકાદ કલાક પહેલાં ઑન થયેલું સ્ક્રીનસેવર હજી એની પૉઝિશનમાંથી હલ્યું નહોતું. નાના, પણ પાવરફુલ ડેસ્ક-લૅમ્પની રોશની સીલ અને કાગળોને અજવાળી રહી હતી. વાર્શનીએ હવે પેન બાજુએ મૂકીને સૂક્ષ્મદર્શક કાચ હાથમાં લીધો.

વાર્શનીને જોઈને કોઈ અજાણ્યો માણસ પણ કહી દે કે, આ સંશોધકને ખુદના દેખાવની કંઈ પડી નહોતી. વિખરાયેલા વાળ, ચહેરા પર ફૂટી નીકળેલા ખીલ, ઢીલાં-મેલાં કપડાં, શર્ટના ખિસ્સામાં ઠસોઠસ ભરેલી પેન્સિલ્સ, પેન્સ... છેલ્લે ક્યારે નાહ્યા હશે, એ તો કદાચ વાર્શનીને પોતાને યાદ નહીં હોય. વાર્શની જે દુનિયામાં જીવતા હતા, ત્યાં કદાચ આ બધી બાબતો ગૌણ હતી.

સિંધુ ખીણ સંસ્કૃતિનાં ચિહ્નો જ્યાં પણ મળ્યાં ત્યાં વાર્શનીએ છેલ્લાં અનેક વર્ષો ગાળ્યાં હતાં. એમાં છેલ્લે રાજસ્થાનના કાલીબંગનનું નામ ઉમેરાયું હતું. એ બધી જગ્યાએથી મળેલાં લખાણ, ચિત્રોનો અભ્યાસ કરીને વાર્શનીએ આઠ હજાર શબ્દ, એના અર્થનો ડેટા-બેઝ તૈયાર કર્યો હતો. ૧૯૨૧માં પુરાતત્ત્વવિદોએ હડપ્પા સંસ્કૃતિની શોધ કરી, એ પછી લાંબા સમય સુધી આવાં સ્થળોએ ખોદકામ દ્વારા મળી આવેલી મુદ્રાઓ, મહોરો પરનાં લખાણ, ચિત્રલિપિ કોઈને ઉકેલાયાં નહોતાં. પણ હવે લાગતું હતું કે સદીઓ પહેલાંનો માણસ શું કહેવા માંગતો હતો, એ સમજવાનો રસ્તો વાર્શનીએ શોધી કાઢ્યો હતો.


વાર્શની પોતાના કામમાં એટલા તલ્લીન હતા કે, ઘરનું મુખ્ય પ્રવેશદ્વાર ખુલ્યું, ઓરડામાં બહારથી આવતું અજવાળું થોડું વધ્યું, તોયે એમને ખ્યાલ ન આવ્યો. ન તો એમને એ ભાન રહ્યું કે દરવાજો પાછો બંધ કરીને કોઈ બિલ્લીપગે અંદર પ્રવેશી ગયું.

પીઠ પાછળ, સાવ નજીક આવીને ઊભી રહેલી વ્યક્તિનું પ્રતિબિંબ, કમ્પ્યૂટરની સ્ક્રીનમાં દેખાયું, ત્યારે વાર્શની ચમક્યા, પણ બહુ મોડું થઈ ગયેલું. એમણે મોઢું ખોલ્યું, પણ અંદરથી કંઈ અવાજ નીકળે એ પહેલાં તો આગંતુકે વાર્શનીના મોઢા પર ક્લૉરોફૉર્મ છાંટેલો રૂમાલ દાબી દીધો.

હેબતાઈ ગયેલા વાર્શનીએ શ્વાસ લેવા માટે તરફડિયાં માર્યાં. ટેબલ પરનો લૅમ્પ નીચે પડ્યો અને ઓરડામાં કાળુંધબ્બ અંધારું થઈ ગયું. થોડી જ વારમાં વાર્શનીના તનમન પર અંધકાર કબજો લઈ બેઠો. વાર્શની બેહોશીની ગર્તામાં સરી પડ્યા.

હુમલાખોર જાણે કોઈ નાના બાળકને ઊંચક્તો હોય, એટલી સહેલાઈથી વાર્શનીને

ખુરશી પરથી ઊંચકીને, જમીન પર દીવાલના ટેકે બેસાડી દીધા. એ પછીનું કામ કરવામાં પણ એને ઝાઝી વાર ન લાગી. કમરે ભરાવેલી બેલ્ટબૅગમાંથી પહોળી ટેપ કાઢીને એણે વાર્શનીના હાથ, પીઠ પાછળ બાંધી દીધા અને મોઢું પણ એ જ રીતે બાંધી દીધું. આગંતુકના હાથમોજાં પહેરેલા હાથ ક્યાંય, જરા સરખાયે અચકાયા નહીં. છેવટે એણે બૅગમાંથી નાનકડો રબર સ્ટેમ્પ કાઢ્યો અને કાગળ પર થપ્પો મારતો હોય એમ બેહોશ વાર્શનીના કપાળની વચ્ચોવચ છાપ મારી દીધી. વાર્શનીના કપાળ પર રાતા રંગનું વર્તુળ અને એની વચ્ચે ચક્રનું ચિહ્ન અંકિત થઈ ગયું.



હુમલાખોરે હવે વાર્શનીને છોડીને પોતાને જોઈતી ચીજ માટે શોધ શરૂ કરી. પેલી એક મહોર તો એણે, વાર્શની પર ત્રાટકતી વખતે જ જાઈ લીધેલી. એને કાળજીપૂર્વક ઊંચકીને, નાનકડી પ્લાસ્ટિક બૅગમાં મૂકી અને પછી આસપાસ નજર ફેરવી. બીજી ત્રણ મહોર ક્યાં હશે?

એ જાણતો હતો કે આવા ચાર સીલનો સેટ હોવો જોઈએ. અને સાથે એ ચારેયને ગોઠવી શકાય એવી એક બેઝ પ્લેટ! એને શોધવા માટે એણે ઘરનો ખૂણેખૂણો ખૂંદી નાખ્યો. એકેએક ડ્રોઅર તેમ જ બૉક્સ ખોલીને, અરે સોફાની સીટ પણ ફાડીને, એણે તપાસ કરી લીધી, પણ જોઈતું હતું એ મળ્યું નહીં. હાથ ખંખેરતાં, એના મોઢામાંથી હળવી ગાળ સરી પડી.

'ચાલો, ચારમાંથી એક તો મળ્યું', પોતાની જાતને આશ્વાસન આપીને એણે પોતાની બૅગમાંથી સ્ટીલનો અસ્ત્રો બહાર કાઢ્યો. સ્વાન-મૉર્ટન બ્રાન્ડનો આ અસ્ત્રો નાનો પણ ધારદાર હતો અને એના પાના પર R.M. એવા બે અક્ષર કોતરાયેલા હતા. હુમલાખોર વાર્શનીના બેહોશ શરીર તરફ ઝૂકયો અને પછી ક્ષણનાયે ખચકાટ વિના એણે વાર્શનીના ડાબા પગના તળિયામાં અસ્ત્રો ખુંપાવી દીધો. કપાઈ ગયેલી નસમાંથી લોહીની ધાર ફૂટી નીકળી. બેભાનાવસ્થામાં જ વાર્શનીએ એના મૃત્યુ તરફની લાંબી, યાતનામય સફરનો પ્રારંભ કરી દીધો.

હત્યારાએ હવે પોતાની બેલ્ટ-બૅગમાંથી નાનું પેઈન્ટ બ્રશ કાઢ્યું. વાર્શનીના લોહીમાં હળવે હાથે બ્રશ બોળીને એણે દીવાલ પર કોઈ કલાકૃતિનું સર્જન કરતો હોય, એ રીતે લખવાનું શરૂ કર્યું:

મ્લેચ્છનિવહનિધને કલયસિ કરવાલમ્
ધૂમકેતુમિવ કિમપિ કરાલમ્
કેશવ ધૃતકલ્કિશરીર
જય જગદીશ હરે

૨

હવે મારાં માતપિતા વિશે થોડી વાત કરું. મથુરાના રાજા ઉગ્રસેનની ખ્યાતિ શૂરવીર પણ દયાળુ શાસક તરીકે હતી. પરંતુ એમનો પુત્ર કંસ ભારે દુષ્ટ હતો. કંસને આખી દુનિયામાં જે એકમાત્ર વ્યક્તિ માટે સ્નેહભાવ હતો, એ હતી એની બહેન, અને મારી માતા દેવકી.
મથુરાના પડોશી પ્રદેશના રાજા શૂરસેન, યદુવંશજ હતા. એમના પુત્ર વસુદેવ સાથે મોટી ધામધૂમથી દેવકીનાં લગ્ન થયાં. લાડકી બહેનને વિદાય આપતી વેળાએ કંસના શોકને કોઈ સીમા નહોતી. છેલ્લે છેલ્લે દેવકી સાથે થોડો વધુ સમય ગાળી લેવાની લાલચે એણે બહેન-બનેવીના રથના સારથિ થવાની જવાબદારી લીધી.
મથુરાથી નીકળેલો એમનો રથ, હજી થોડે દૂર પહોંચ્યો ત્યાં ઉપર આકાશમાંથી વાતાવરણને ખળભળાવી નાખતો ઉપહાસભર્યો અવાજ આવ્યો, 'હે મૂર્ખ જે દેવકીની વિદાય વખતે તું આટલાં આંસુ સારી રહ્યો છે એનો આઠમો પુત્ર તારો કાળ બનીને આવશે.'

રવિ મોહન સૈનીએ એમના ક્લાસરૂમમાં નજર ફેરવી, અને છેલ્લી બૅન્ચ પર બેઠેલી, એમની ડૉક્ટરલ સ્ટુડન્ટ પ્રિયા રત્નાની સામે સ્મિત કરીને ઓરડાની લાઇટ્સ ડીમ કરી. પ્રિયા ઉપરાંત ક્લાસના બીજા ૧૯ વિદ્યાર્થી, પ્રાચીન ભારતીય ઇતિહાસના વિષયમાં માસ્ટર્સ ડિગ્રી માટે અભ્યાસ કરી રહ્યા હતા. ઓરડામાં પ્રકાશ ઓછો થતાંની સાથે એ બધાંએ રાહતનો શ્વાસ લીધો. પ્રોફેસર સાહેબ અચાનક કોઈ વિદ્યાર્થીને ઊભો કરીને, અણધાર્યો અટપટો સવાલ પૂછી નાખે, એ જોખમ પાવર પૉઈન્ટ પ્રૅઝન્ટેશન દરમ્યાન ઘટી જતું.

હજી થોડા મહિના પહેલાં પોતાની ૪૫મી વર્ષગાંઠ ઉજવનારા રવિમોહન સૈનીની ખ્યાતિ નવી દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કૉલેજના સ્ટાર તરીકે હતી. યુનિવર્સિટીમાં સહુથી ઇન્ટરેસ્ટિંગ સબ્જેક્ટ, હિસ્ટરી ઑફ માયથૉલોજી, એટલે પુરાણોનો ઇતિહાસ ભણાવતા સૈની, વિદ્યાર્થીઓના લાડકા હતા. એમની લોકપ્રિયતા પાછળ જોકે માત્ર એણે ઑક્સફર્ડ અને મેમ્ફિસ યુનિવર્સિટીમાંથી મેળવેલી ડિગ્રીઓ નહોતી. કુદરતે એમને છ ફીટની અત્યંત સુડોળ કાયા ઉપરાંત ઘાટીલો નાક-નકશો, ભરાવદાર વાળ અને નાનો સરખોયે ડાઘ ન દેખાય એવી ત્વચા આપ્યાં હતાં. સાક્ષાત્ કામદેવ જેવા રૂપરંગ ધરાવતા સૈનીની પાછળ કૉલેજની છોકરીઓ ઘેલી હતી, એમના લૅક્ચર વખતે ક્લાસરૂમની આગલી બૅન્ચ પર બેસવા માટે પડાપડી કરતી હતી. વધુ આકર્ષક દેખાવા માટે સૈની ક્યારેય મહેનત નહોતા કરતા. પરંતુ એ બે દિવસની વધેલી દાઢી સાથે આવે, તોયે છોકરીઓને એમનામાં કોઈ હેન્ડસમ હીરોનાં દર્શન થતા.

બધાંને જોકે આશ્ચર્ય એ વાતનું થતું કે આ ચાર્મિંગ, ખુશમિજાજ સૈની અને એનાથી દેખાવમાં, સ્વભાવમાં બિલકુલ વિરુદ્ધ ગણાય એવા અનિલ વાર્શની વચ્ચે સ્કૂલના સમયમાં પાકી દોસ્તી કઈ રીતે થઈ ગયેલી! બાળપણમાં બંધાયેલી મિત્રતા હજી અતૂટ

હતી.

ક્લાસરૂમમાં સૈનીએ પોતાનું પ્રેઝન્ટેશન શરૂ કર્યું. પહેલી સ્લાઇડમાં માત્ર તારાઓથી ભરેલું આકાશ દેખાયું. 'ગૂંચવાઈ ગયા ને?' સૈનીએ કહ્યું, 'પણ ચિંતા નહીં કરતા, આ ખગોળશાસ્ત્રનો પિરિયડ નથી. આપણી સામે માત્ર શનિ અને રોહિણી નક્ષત્રની યુતિ દેખાય છે.'

કોઈ કંઈ પૂછે એ પહેલાં સૈનીએ બીજી સ્લાઇડ રજૂ કરી. એમાં પણ જોકે આકાશ, તારા અને ગ્રહો જ દેખાતા હતા. 'આ એક બીજી મહત્ત્વની અવકાશી સ્થિતિ આપણે જોઈ રહ્યા છીએ. આ છે ઝાંખો પડીને નીચેની તરફ કરી રહેલો મંગળ ગ્રહ, જે હવે જ્યેષ્ઠ નક્ષત્ર સુધી પહોંચવામાં છે.' સૈનીએ આટલું કહીને પછી તરત ત્રીજી સ્લાઇડ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

'આ છે સપ્તર્ષિની નજીક થઈ રહેલું ચંદ્રગ્રહણ.' આટલું કહીને સૈનીએ પ્રોજેક્શન સિસ્ટમ સ્વીચ ઑફ કરીને રૂમની લાઇટ્સ પાછી વધુ તેજ કરી.

'ઘણાં લોકો મહાભારતને માત્ર એક દંતકથા ગણે છે. તમારામાંથીયે ઘણાં એવું માનતાં હશે કે મહાભારત કોઈ ઐતિહાસિક ઘટના નહીં, પણ પેઢી દરપેઢી ઊતરી આવેલો જ્ઞાન અને ડહાપણની સંચય કથાઓ ભેગી કરીને બનાવેલો એક ગ્રંથ છે. પણ ચાલો, આજે તમારી એ જૂની માન્યતાને બદલી નાખીએ!' સૈનીએ મોટે અવાજે કહ્યું.

બીજા વિદ્યાર્થીઓના ચહેરા પર પથરાઈ ગયેલું આશ્ચર્ય જોઈને, છેલ્લી બૅન્ચ પર બેઠેલી પ્રિયાએ માંડમાંડ પોતાનું હસવું દબાવ્યું. સૈનીના માર્ગદર્શન હેઠળ એ 'મહાભારતની ઐતિહાસિકતા', એ વિષય પર થીસીસ લખી રહી હતી. અત્યારે સૈનીએ કરેલી વાત, પ્રિયા આ પહેલાં સાંભળી ચૂકી હતી.

સૈનીએ વાત આગળ ચલાવી, 'મહાભારતના રચયિતા, વ્યાસ ઋષિએ એક ઠેકાણે એવો ઉલ્લેખ કર્યો છે કે મહાયુદ્ધની આગલી સાંજે એ કૌરવોના પિતા ધૃતરાષ્ટ્રને મળવા ગયા હતા. અંધ રાજાને એમણે ત્યારે એવી ચેતવણી આપેલી કે એ સમયે અવકાશમાં બહુ ભારે, અપશુકનિયાળ ગણાય એવી ગ્રહદશા હતી. એમાં એક હતી, શનિ અને રોહિણી નક્ષત્રની યુતિ, બીજી હતી નિસ્તેજ થઈને નીચેની તરફ જઈ રહેલા રહેલા મંગળની વૃશ્ચિક રાશિના નક્ષત્ર ભણીની ગતિ અને ત્રીજું સપ્તર્ષિ પાસેનું ચંદ્રગ્રહણ. વ્યાસે વર્ણવેલી આ ત્રણેય ગ્રહરચના હમણાં મેં તમને બતાવી.'

આટલું કહી સૈની અદબ વાળીને ઊભા.

'આપણે જે જોયું, એ પ્રાચીનકાળનાં આકાશનાં દૃશ્યો હતાં કે, અત્યારના યુગમાં જોવા મળેલી એવી જ કોઈ અવકાશી ઘટનાઓ છે? ક્લાસમાંથી કોઈએ પૂછ્યું.

પ્રશ્ન સાંભળીને ખુશ થયા હોય એમ સૈનીએ માથુ હલાવ્યું અને જવાબ આપ્યો. 'વેદવ્યાસે જે આકાશી રચના-ઘટનાઓનું વર્ણન કર્યું, એને કુરુક્ષેત્રના મેદાન પર ઊભા રહીને ક્યારે, કેવી રીતે જોઈ શકાય એ ગણતરીના આધારે કમ્પ્યૂટરની મદદથી આ ઇમેજીસ તૈયાર થઈ છે. આ વિષયમાં ઊંડી શોધ કરનારા પ્રોફેસર નરહરિ અચરનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. હું જ્યાં ભણતો હતો એ અમેરિકાની મેમ્ફિસ યુનિવર્સિટીમાં પ્રોફેસર અચરે વર્ષો સુધી આનો અભ્યાસ કરેલો. પહેલાં તો એમણે હજારો વર્ષના અવકાશી ઇતિહાસમાં ક્યારે શનિ અને રોહિણી નક્ષત્રની યુતિ થયેલી, એ વર્ષો અને તારીખોની શોધ કરી, એમાંથી એમને આવા ૧૩૭ દિવસ મળ્યા. પછી વૃશ્ચિક રાશિના નક્ષત્ર સુધી પહોંચતાં પહેલાં મંગળે ક્યારે અધો ગતિ કરેલી, એ દિવસોની યાદી બનાવી. એમાં સત્તર તારીખો મળી. અને છેવટે સપ્તર્ષિ નજીક થયેલાં ચંદ્રગ્રહણોનો ઇતિહાસ

તપાસ્યો. આ ત્રણેય જુદી જુદી ઘટનાઓ, કોઈ એક દિવસે કે રાતે, આકાશમાં જોવા મળેલી કે નહીં, એની તપાસ કરી તો પ્રોફેસરને જાણવા મળ્યું કે, છેલ્લાં હજારો વર્ષમાં આવું એક જ વાર થયેલું.'

સૈની આટલું બોલીને સહેજ અટક્યા. એમને આદત હતી કે વિદ્યાર્થીઓનું કુતૂહલ જ્યારે ચરમસીમાએ પહોંચ્યું હોય ત્યારે વાતમાં સહેજ વિરામ પાડવો. વિદ્યાર્થીઓ મટકુંયે મારવાનું ભૂલી જઈને પ્રોફેસર સામે જોઈ રહ્યા.

સૈનીએ છેવટે કહ્યું, 'પ્રોફેસર અચરે કરેલા સંશોધન પરથી કહી શકાય કે, મહાભારતનું યુદ્ધ ઈસ્વીસન પૂર્વે ૩૦૬૭ એટલે કે લગભગ પાંચ હજાર વર્ષ પૂર્વે થયું હશે.'

ક્લાસરૂમમાં હવે ટાંકણી પડે તોયે સંભળાય એટલી શાંતિ હતી. કોઈને વધુ કંઈ પૂછવાનું સૂઝતું નહોતું. માત્ર પ્રિયાના ચહેરા પર આછું સ્મિત હતું. એ જાણતી હતી કે વિદ્યાર્થીઓના દિમાગ સુધી પોતાની વાત પહોંચાડવામાં પ્રોફેસર સૈની ફરી એકવાર સફળ થયા હતા.

3

મેં સાંભળ્યું છે કે, એ દિવસે થયેલી આકાશવાણીએ કંસને રોષથી હચમચાવી નાખ્યો. કમરેથી તલવાર કાઢીને એ ત્યાં ને ત્યાં, દેવકીનું માથું ધડથી અલગ કરવા તૈયાર થઈ ગયો. પણ મારા પિતા વસુદેવે એના પગ પકડી લીધા. એમણે કંસને આજીજી કરતાં કહ્યું કે, આકાશવાણી સાચી હોય તો યે કંસે દેવકીથી ડરવાની જરૂર નથી, કારણ કે કાળવાણી તો દેવકીના આઠમા સંતાનની બાબતમાં થયેલી. 'દેવકી નિર્દોષ છે. એને શું કામ મૃત્યુદંડ આપો છો? તમે કહો તો, હું દેવકી સાથે મથુરાના કારાગૃહમાં બંદી બનીને રહેવા માટે તૈયાર છું. અમારું આઠમું સંતાન, હું પોતે આવીને તમારા હાથમાં સોંપી દઈશ.' વસુદેવે માંડમાંડ પોતાની વાત કંસના ગળે ઉતારી. સહેજ શાંત પડેલો કંસ બહેન-બનેવીને પાછો મથુરા લઈ આવ્યો અને ત્યારે ને ત્યારે, બેઉને કેદખાનામાં નાખી દેવાનો આદેશ આપી દીધો.

આ સાંભળીને રાજા ઉગ્રસેનના રોષનો પાર ન રહ્યો, 'કંસ, આ કેવી મૂર્ખતા આચરી છે? દેવકી અને વસુદેવને તત્કાળ મુક્ત કરી દે. મારા આદેશનો અનાદર કર્યો, તો હું તને કારાગૃહમાં પૂરાવી દઈશ.' પિતાની વાત સાંભળીને કંસે અટ્ટહાસ્ય કર્યું, 'ઘરડા અને નકામા થઈ ગયેલા માણસનો આદેશ હવે કોઈ નહીં સાંભળે. રાજગાદી પર બેસવાના તમારા દિવસો પૂરા થઈ ગયા. રાજ્યનું સૈન્ય હવે મારા અંકુશ હેઠળ છે. સૈનિકો, લઈ જાઓ મારા આ નબળા વૃદ્ધ બાપને, અને નાખી દો એને કારાગૃહમાં.'

કંસના સશસ્ત્ર સેવકો ઉગ્રસેનને બંદી બનાવીને કારાગારમાં લઈ ગયા, જ્યાં પહેલેથી જ દેવકી અને વસુદેવ પુરાયેલાં હતાં.

'પ્રોફેસર, આજે તમે ખોટા પડ્યા. અચરના સંશોધન મુજબ મહાભારત યુદ્ધના એક નહીં, બે સંભવિત કાળ છે. ઈ.પૂ. ૩૦૬૭ અને ઈ.પૂ. ૨૧૮૩.' સૈનીની ઑફિસમાં બેસીને કડક, મીઠી ચા પીતાં પીતાં પ્રિયાએ કહ્યું.

વધુ દૂધ કે સાકરથી વજન વધી જશે, એવી ચિંતા પ્રિયાને નહોતી સતાવતી. ચાલીસીની નજીક પહોંચી હોવા છતાં સ્પોર્ટ્સ અને ઍક્ટિવ લાઇફસ્ટાઇલને પરિણામે એનું ફિગર હજી સુડોળ અને આકર્ષક હતું. એના પિતા જાણીતા વકીલ હતા, અને દીકરી પણ એમના પગે ચાલશે, એવી આશા એમણે રાખેલી. પરંતુ આ વિષયમાં પ્રિયાએ પિતાને નિરાશ કર્યા. એને કાયદા કરતાં ઇતિહાસમાં વધુ રસ પડ્યો. મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈને એણે ઇતિહાસના વિષયમાં પોસ્ટ ગ્રૅજ્યુએશન કરવા માટે લંડનની કિંગ્સ કૉલેજની વાટ પકડી.

માસ્ટર્સ ડિગ્રી લઈને મુંબઈ પાછી ફરેલી પ્રિયાએ અહીં ભણાવવાનું શરૂ કર્યું, પણ વધુ ભણવાની એની પોતાની તરસ હજી છીપી નહોતી. કૃષ્ણ અને મહાભારતની ઐતિહાસિકતા પર એણે Ph.D. કરવાનું નક્કી કર્યું, અને એમાં એને માર્ગદર્શન આપવા માટે મહામહેનતે પ્રોફેસર સૈનીને મનાવ્યા. પ્રિયા જેટલી સુંદર હતી, એટલી જ બુદ્ધિશાળી.

અને હાજરજવાબી હતી. પરંતુ સૈનીનું ધ્યાન એના તરફ નહોતું જતું કે પછી એ જાણી જોઈને પ્રિયાને દૂર રાખવાની કોશિશ કરતા હતા.

સૈનીના જીવનમાં અત્યારે ભલે એનું કામકાજ કેન્દ્રસ્થાને હોય, પરંતુ ભૂતકાળમાં એમણે પણ કોઈની સાથે દિલની લેતી-દેતી કરી લીધેલી. મૅમ્ફિસ યુનિવર્સિટીમાં એમની સાથે ભણતી છોકરીના પ્રેમમાં પડેલા અને લગ્ન પણ કરી લીધાં હતાં. લગ્નજીવનના પાંચ વર્ષના અંતે જોકે બંને પક્ષે સ્વીકારી લીધું કે સમયની સાથે મજબૂત થવાને બદલે કરમાઈ જાય, એવો એમનો સંબંધ હતો. પ્રેમીઓ માટે લગ્ન એ મોટી ભૂલ હતી. કડવાશ બાજુએ રાખીને એમણે ભૂલ સુધારી લેવાનો નિર્ણય લીધો. કોઈ ઝઘડા વિના ડિવોર્સ થઈ ગયા. સૈનીએ ભારત પાછા ફરીને જીવન નવેસરથી શરૂ કરવાનું નક્કી કર્યું.

'પ્રિયા, તારી વાત સાચી છે.' સૈનીએ કહ્યું, પણ પાંડવ અને કૌરવોના પિતાના કાકા ભીષ્મનું અવસાન ઉત્તરાયણ પછી મહા મહિનામાં થયું હતું અને એ સમયનો મેળ માત્ર ઈસ્વીસન પૂર્વે ૩૦૬૭ના કાળ સાથે બેસે છે. મહાભારતનું યુદ્ધ ત્યારે જ થયું હોવું જોઈએ.'

'પરંતુ મહાભારતનું યુદ્ધ અમુકતમુક દિવસે થયું હશે, એવું તારણ કાઢીએ તોયે એવું થોડું પુરવાર થાય કે આ ઘટના ખરેખર બની જ હશે?' પ્રિયાએ દલીલ કરી. સૈનીની વાત સાથે સહમત હોય, તો યે એને થોડું ઊંધું બોલીને ચર્ચા અને વિશ્લેષણ કરવાની મજા આવતી.

એની અમેક્ષા મુજબ સૈની તરત ચર્ચાના મેદાનમાં, સજીધજીને ઊતરી પડ્યા. 'એટલે જ તો હું કહું છું કે, મહાભારતમાંથી બહાર નીકળીને પણ આપણે ઇતિહાસ તપાસવો જોઈએ. ભારતના લોકોએ જે લખ્યું, એના પર જ આધાર રાખવાને બદલે બીજી સંસ્કૃતિમાં મહાભારત કે કૃષ્ણનો ઉલ્લેખ થયો છે કે નહીં, એ જોવું જોઈએ. ચાલો, આજે ગ્રીસ તરફ નજર નાખીએ. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં પધારેલા ગ્રીક એલચી મેગાસ્થીનસે પહેલીવાર કૃષ્ણનો લેખિત ઉલ્લેખ કર્યાનું નોંધાયું છે. જોકે એના લખાણમાં કૃષ્ણની ઓળખ હેરાક્લીસ તરીકે અપાઈ છે. અલબત્ત, આમાં નવાઈ પામવા જેવું નથી. ગ્રીસના લોકોએ અનેક ભારતીય દેવી-દેવતાઓનાં નામ, એમના પોતાના દેવો પરથી પાડી દીધેલા. હેરાક્લીસ નામ હરિ પરથી આવ્યું હોવું જોઈએ. કૃષ્ણ માટે આપણે ત્યાં હરિ શબ્દ પ્રચલિત છે. હવે મેગાસ્થીનસે હેરાક્લીસ વિશે શું કહેલું એ સાંભળ. ગ્રીક એલચી લખે છે કે સૌરાસેનોઈઓ, હેરાક્લીસ પ્રત્યે બહુ આદર ધરાવતા હતા. તો આ સૌરાસેનોઈ કોણ હતા?'

'મારી ભૂલ ન થતી હોય તો ગ્રીક પ્રજા જેને સૌરાસેનોઈ કહે છે એ, હકીકતમાં શૂરસેન કુળના લોકો હોવા જોઈએ. વાસુદેવના પિતા શૂરસેન, યાદવવંશજ હતા. કૃષ્ણ પોતે યાદવ હતા.' પ્રિયાએ જવાબ આપ્યો.

'રાઇટ. હવે આગળ સાંભળ. મેગાસ્થીનસે, સૌરાસેનોઈના મુખ્ય શહેર તરીકે મેથોરા કે મીથોરાનો ઉલ્લેખ કર્યો છે...'

'એટલે આપણું મથુરા!' પ્રિયાએ તરત કહ્યું.

'હા, ગ્રીક ઇતિહાસનો આધાર લઈએ તો ઍલેકઝાન્ડર અને ચંદ્રગુપ્ત મૌર્યની ૧૩૮ પેઢી પહેલાં કૃષ્ણ હતા. ચંદ્રગુપ્તના શાસનના મધ્યકાળ તરીકે ઈ.પૂ. ૩૦૭ લઈએ અને પ્રાચીન ભારતની રાજકીય પરિસ્થિતિને નજરમાં રાખીને એક પેઢી એટલે વીસ વર્ષનો સમય ધારી લઈએ તો અંતે એવો નિષ્કર્ષ નીકળે કે, ઈ.પૂ. ૩૦૭ થી ૨૭૬ ૦ વર્ષ પહેલાં, એટલે કે ઈ.પૂ. ૩૦૬૭ માં કૃષ્ણનું અસ્તિત્વ હોવું જોઈએ. પ્રોફેસર અચરે ખગોળશાસ્ત્રના

આધારે આ જ સમયની વાત કરી છે.

પ્રિયાએ સહમતીદર્શક માથું હલાવ્યું, પણ સૈનીની ગાડીએ અટકવાનું નામ ન લીધું. 'હજીયે એક વધુ દૃષ્ટિકોણથી જોઈએ. દરેક હિન્દુ અને બૌદ્ધ કૅલેન્ડરના પાયામાં આપણા પ્રાચીન ખગોળશાસ્ત્રના આધાર પર રચાયેલો સૂર્ય સિદ્ધાંત છે. એના અનુસાર ઈ.પૂ. ૩૧૦૨ની ૧૮ ફેબ્રુઆરીએ બરાબર મધરાતે કળિયુગનો આરંભ થયો. ભારતીય પુરાણોમાં લખ્યું છે કે સૃષ્ટિ ચાર યુગના ચક્રમાંથી પસાર થાય છે. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને જ્યારે ધાર્મિક-અધ્યાત્મિક દૃષ્ટિએ માનવજાત. સાવ નીચ કક્ષાએ ઊતરી ગઈ હોય, ભગવાનથી દૂર થઈ ગઈ હોય એવો કળિયુગ .'

'પણ કળિયુગને મહાભારતના યુદ્ધ કે એની તિથિ સાથે શું લાગે-વળગે?'

પ્રિયાનો સવાલ સાંભળીને સૈનીએ થોડો વિચાર કર્યો અને પછી બોલ્યા, 'હિન્દુ ફિલસૂફીમાં માનીએ તો માણસને ભગવાનથી દૂર લઈ જનારી પહેલવહેલી ઘટના હતી કૃષ્ણનું અવસાન. કૃષ્ણને આપણે વિષ્ણુનો અવતાર ગણીએ છીએ. પૃથ્વી પરથી વિષ્ણુની વિદાય એટલે કલિયુગની શરૂઆત, એવું કહી શકાય. સૂર્ય સિદ્ધાંતને પ્રમાણભૂત માનીએ તો, આ પરથી પુરવાર થાય છે કે મહાભારતનું યુદ્ધ ઈ.પૂ. ૨૧૮૩ નહીં, પણ ઈ.પૂ. ૩૦૬૭ માં થયું હતું.'

'અચરે મહાભારતનો બહુ ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો છે. એમના કહેવા પ્રમાણે શનિ જ્યારે રોહિણી નક્ષત્રમાં હોય ત્યારે દુનિયા પર ભયાનક આપત્તિ ત્રાટકે છે. તમે આવું માનો છો?' પ્રિયાએ પૂછ્યું.

સૈનીએ આનો જવાબ આપવાને બદલે સામે સવાલ પૂછ્યો, આધુનિક યુગમાં આવી આકાશી પરિસ્થિતિ સર્જાઈ હોય, એવી કોઈ તારીખ તને યાદ છે?'

'ના'.

'શનિ જ્યારે છેલ્લી વાર રોહિણી નક્ષત્રમાં આવ્યો, એ તારીખ હતી ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૧, જેને દુનિયાએ નાઇન/ઇલેવન તરીકે યાદ રાખી છે. બોલ, હવે શું કહેવું છે?'

પ્રિયા એની ઠરી ગયેલી ચાનો કપ બાજુએ મૂકી દેતાં બોલી, 'મહાભારતનું યુદ્ધ, તમારા અને બીજાઓના કહેવા પ્રમાણે ખરેખર, ચોક્કસ સ્થળે, ચોક્કસ તારીખે થયું હોય તો આ કથાના કેન્દ્રમાં જે કૃષ્ણ નામની વ્યક્તિ હતી, એના અસ્તિત્વના પુરાવા હજી સુધી કેમ આપણને નથી મળ્યા?'

સૈનીએ ખભા ઉછાળ્યા. 'જેના પુરાવા ન હોય, એ વાત કે વ્યક્તિનું અસ્તિત્વ જ નહોતું, એવું કેવી રીતે કહેવાય? હજી ૧૬૧૦ ની સાલ સુધી કોઈ પુરાવો નહોતો કે પૃથ્વી સહિતના બીજા ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે. ગેલિલિયોએ પહેલીવહેલીવાર આ વિચાર પ્રગટ કર્યો તો રોમનોએ એને પકડીને જેલમાં નાખી દીધો. તો એના પરથી એવો અર્થ નીકળે કે ૧૬૧૦માં આપણી સૂર્યમાળા જેવી કોઈ ચીજનું અસ્તિત્વ જ નહોતું? કોઈ નવી થિયરી કે પુરાવા રજૂ થાય, એને તરત સ્વીકૃતિ નથી મળતી. પરંતુ પછી ઝાઝો સમય પણ નથી લાગતો. સો, બસો કે ચારસો વરસમાં તો એ નવા પુરાવાના આધારે, સંશોધન સત્ય તરીકે પ્રસ્થાપિત થઈ જ જાય છે. કૃષ્ણની બાબતમાં પણ આપણી સ્થિતિ અત્યારે ૧૬૧૦ના ગેલિલિયો જેવી જ છે.' આટલું બોલીને સૈની શ્વાસ ખાવા માટે રોકાયા અને પછી સહેજ આગળ ઝૂકીને, કોઈ મોટા રહસ્યનો પર્દાફાશ કરતા હોય, એમ ગણગણ્યા, 'અને હું તને એવું કહું કે, આપણા માટે એ ગેલિલિયો-ક્ષણ આવી પહોંચી છે, તો?'

૪

પિતાને બંદીખાનામાં નાખીને રાજગાદી પર ચઢી બેઠેલા કંસે, પછી તો ચારે તરફ કાળો કેર વર્તાવી દીધો. સામાન્યજનો તો ઠીક, ઋષિમુનિઓ પણ એનાથી કાંપતા હતા. એમણે દેવો પાસે જઈને મદદની ધા નાખી, અને દેવો, વૈકુંઠમાં મારા નિવાસસ્થાને આવી મને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે વિષ્ણુદેવ, સંસારને કંસના ત્રાસમાંથી મુક્ત કરાવો' એમણે આજીજી કરી. મેં આંખો ખોલીને શાંતિથી કહ્યું, 'ભય રાખવાની જરૂર નથી. પૃથ્વી પર જ્યારે જ્યારે ન્યાય અને નીતિનું પતન થવા લાગે છે ત્યારે ત્યારે અશક્ત અને અસહાયનું રક્ષણ કરવા માટે હું અવતાર ધારણ કરું છું. દેવકીના આઠમા સંતાન તરીકે જન્મ લઈને હું દુષ્ટ કંસને મારી નાંખીશ.'

શાંત પડેલા દેવો મારો આભાર માનીને પાછા પોતપોતાના લોકમાં ગયા અને વિષ્ણુના મનુષ્યાવતારની રાહ જોવાનું શરૂ થયું.

જૂના મુંબઈ-પૂણે હાઇવે પર સફેદ રંગની BMW કાર પાણીના રેલાની જેમ સડસડાટ દોડી રહી હતી. ડ્રાઇવિંગ સીટ પર બેઠેલા યુવાનના મનમાં, કામ પતી ગયાનો સંતોષ હતો, પણ રસ્તા પર સ્થિર થયેલી એની આંખો કોઈ રોબો જેવી ભાવવિહીન, લગભગ નિષ્પ્રાણ હતી. પાંચ ફીટ ને સાત ઈંચની ઊંચાઈ ધરાવતું એનું કસાયેલું, સ્નાયુબધ્ધ શરીર, જિમ્નેશિયમમાં ગાળેલા કલોકોની સાહેદી પૂરતું હતું. માથા પરના વાળ સાવ ટૂંકા પણ કાળા ભમ્મર હતા. ગાડીમાં, એની બાજુની સીટ પર એક બેલ્ટબૅગ પડી હતી.

જયપુરથી મુંબઈ જતી ફ્લાઈટ બહુ મોડી પડેલી. તારક વકીલ ઍરપૉર્ટની બહાર નીકળીને, પાર્કિંગ લૉટમાં પડેલી પોતાની કાર પાસે પહોંચ્યો, ત્યારે મધરાત થઈ ગયેલી. રસ્તા પર આ સમયે નહીંવત ટ્રાફિક હતો. ગાડી સ્ટાર્ટ કરતાંની સાથે તારકે મ્યુઝિક સિસ્ટમ ઑન કરી. સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારણથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. આ એ જ શ્લોક હતો જે એણે અનિલ વાર્શનીના લોહીથી, એના ઘરની દીવાલ પર લખેલો.

મ્લેચ્છનિવહનિધને કલયસિ કરવાલમ્
ધૂમકેતુમિવ કિમપિ કરાલમ્
કેશવ ધૃતકલ્કિશરીર
જય જગદીશ હરે

મુંબઈ અને પૂણેની વચ્ચેથી એણે ગાડીને હાઈવે પરથી એક પ્રાઇવેટ રોડ તરફ વાળી. ત્યાં લગાડેલા બોર્ડ પર લખ્યું હતું — સંભાલા સ્ટડ ફાર્મ.

તારકના પિતા ડૉ. વી. વાય. શર્માએ સાઠના દાયકામાં માત્ર અડધો ડઝન ઘોડા સાથે આ ફાર્મની સ્થાપના કરી, ત્યારે આગળનો રસ્તો બહુ કઠિન હતો. પણ છેવટે એમની મહેનત રંગ લાવી. થોડાક એકરથી શરૂ થયેલું સંભાલા સ્ટડ ફાર્મ, આજે લગભગ એકસો એકરમાં પથરાવેલું, ભારતનું સહુથી મોટું હોર્સ-બ્રીડિંગ ઇન્ફ્રાસ્ટ્રકચર હતું. આ ફાર્મમાં જન્મેલા ઘોડા, અનેક ડર્બી જીતી ચૂકેલા. મુંબઈના શૅરબજારમાં લિસ્ટ થયેલી મોખરાની

બસો કંપનીમાં સંભાલાનો સમાવેશ થતો હતો.

પ્રોપર્ટી પર આવેલા તબેલા, વ્યૂઇંગ ગૅલેરી, ઑટોમેટેડ હોર્સવોકર્સ, પશુઓનું દવાખાનું, આ બધાંને પાર કરીને તારકે, વિશાળ બંગલાની બહાર કાર ઊભી રાખી.

બેલ્ટ-બૅગ લઈને ગાડીમાંથી ઊતરેલો તારક ઘરના મુખ્ય પ્રવેશદ્વારને બદલે સાઇડ પરના નાના દરવાજા તરફ વળ્યો અહીંથી સીધા એના રૂમમાં પહોંચાતું હતું. ઘરમાં કોઈને ભાગ્યે જ જાણ થતી કે તારક ક્યારે આવ્યો ને ગયો. તારકની માતા, આ ગોઠવણથી નારાજ હતી. પણ ડૉક્ટર શર્મા, આ મુદ્દે દીકરાની પડખે ઊભા રહ્યા. એ માનતા હતા કે યુવાન થઈ ગયેલા પુત્રને પોતાની રીતે સ્વતંત્ર જીવવાનો અધિકાર હતો. એટલે પત્નીને એ કહેતા: ‘સુમતિ, બાળકોને તું ખરેખર પ્રેમ કરતી હોય તો, પાંખો પસારીને એમને ઊડવા દે.’

પતિના આ શબ્દો સુમતિની ચિંતા દૂર કરવા માટે પૂરતા નહોતા. પુત્રની ચિંતા કરતાં એ કહેતાં, ‘એણે છાતી પર ચીતરાવેલાં ચિત્ર-વિચિત્ર ટેટુઝ તમે જોયાં છે? છોકરો હાથ બહાર જઈ રહ્યો છે. ક્યારે આવે છે ને જાય છે એની કંઈ ખબર નથી પડતી. ઘણીવાર તો અઠવાડિયાં સુધી હું એનું મોઢું જોવા નથી પામતી. અરે, એણે તો એનું નામ સુધ્ધાં બદલીને સંપત શર્મામાંથી તારક વકીલ કરી નાખ્યું છે. અને તમે હજી એને પાંખો આપવાની વાત કરો છો!’

પણ ડૉક્ટર શર્માનું રૂંવાડુંયે ફરક્યું નહીં. ‘શાંતિ રાખ સુમતિ’ લૉ-કૉલેજના એના ક્લાસમાં તો એ હજી બધાંથી આગળ છે ને! આપણો દીકરો બીજા સામાન્ય છોકરાઓ જેવા નથી. ભાગ્યે જ કોઈને મળે એવી બુદ્ધિપ્રતિભા કુદરતે એને આપી છે. શું કામ એને બાંધી રાખવાનાં ફાંફાં મારવાં જોઈએ?’

તારકે પોતાના રૂમમાં જઈને દરવાજો અંદરથી લૉક કર્યો. બાથરૂમની અંદર શરીર પરથી બધાં કપડાં ઉતારીને વૉશિંગ મશીનમાં નાખ્યાં. ગરદનથી પેટ સુધીના એના શરીર પર એટલા બધાં ટેટુઝ હતા કે ત્વચા પર જાણે ભૂરા રંગનું જાળું પથરાઈ ગયેલું લાગતું હતું. એકમેકમાં ગુંથાયેલા ટેટુઝમાં ક્યા ચહેરા કે સંજ્ઞાઓ હતા, એ કળવું મુશ્કેલ હતું. બધાંની વચ્ચે માત્ર એક ટેટુ સ્પષ્ટ દેખાતું હતું — ઝળહળતો મોટો સૂર્ય!

પોતે જે લોહિયાળ કામ કરીને આવેલો, એનો ઝીણામાં ઝીણો અંશ સાફ કરી નાખતો હોય એમ તારક શરીરના અંગોઅંગ પર એન્ટીસેપ્ટિક સાબુ ઘસીને, ગરમ પાણીના શાવર નીચે લાંબો સમય ઊભો રહ્યો.

કમરે ટૉવેલ વીંટીને બાથરૂમમાંથી નીકળેલો તારક, એના વૉર્ડરોબ તરફ ગયો. અંદર ફીટ થયેલી ઇલેક્ટ્રોનિક સેફના લૉક-પેડ પર એણે દસ અંક ધરાવતો નંબર પંચ કર્યો. સેફની અંદર બ્રાઉન લેધરની ટ્રે પર RM આ બે અક્ષર કોતરેલા ધારદાર અસ્ત્રા હતા. વાર્શનીની હત્યા માટે આમાંથી જ એક અસ્ત્રાનો ઉપયોગ થયેલો. ભવિષ્યમાં આ પ્રકારના બીજા કામ કરવા માટે અહીં હથિયારોનો પૂરતો સ્ટોક હતો.

વાર્શનીના ઘરમાંથી ઉપાડેલી મહોર અને પોતાનો બેલ્ટ, અંદર મૂકીને તારકે સેફ પાછી લોક કરી દીધી. અને પછી સસ્મિત વદને એના લીવિંગ રૂમના એક ખૂણે મૂકેલા સ્ટીલના, મસમોટા પાંજરા તરફ ગયો. ‘ગુડમોર્નિંગ શુક!’ એણે કહ્યું.

‘ગુડમોર્નિંગ’ માસ્ટર’ પાંજરામાં પૂરેલા પોપટે, ગોખેલો જવાબ આપ્યો. પાંજરામાં દાણા-પાણી મૂકીને તારક તૈયાર થયો. જીન્સ અને વ્હાઇટ શર્ટ પહેરીને એણે ઘરની બહાર તબેલાની દિશામાં પગ ઉપાડ્યા. Deedee લખેલા એક ગેટની બહાર ઊભા રહીને કોઈ દોસ્તને પૂછતો હોય એવા હૂંફાળા અવાજે એણે કહ્યું, ‘કેમ છે Deedee !’

સ્ટર્ડ ફાર્મ પર ઉછરેલા તારકને અશ્વો માટે પ્રેમ હોય, એ સ્વાભાવિક હતું. પરંતુ એમાંયે Deedee એના માટે સ્પેશિયલ હતો. તારકની પંદરમી વર્ષગાંઠે આ ઘોડો એને પિતા તરફથી ભેટમાં મળ્યો હતો. Deedee ને કસરત કરાવવામાં, ખવડાવવામાં, સાફસુથરો રાખવામાં તારક કલાકો વિતાવી નાખતો. મોટી રેસમાં આઠ વાર ચૅમ્પિયનશીપ જીતી ચૂકેલો ઘોડો, Deedee નો બાપ હતો. એ ચૅમ્પિયને પેદા કરેલા બીજા બસો જેટલા ચૅમ્પિયન્સે સંખ્યાબંધ રેસ જીતીને ડૉ. વર્માને કરોડો રૂપિયાની કમાણી કરાવી દીધેલી.

Deedee ની પીઠ પર કુશળતાભેર જીન નાખીને તારક એના પર સવાર થયો. ઘોડારમાંથી બહાર નીકળીને એણે લીલાંછમ ઘાલથી છવાયેલાં મેદાન તરફ Deedee ને વાળ્યો.

તારકે ધીમી ગતિએ ચાલી રહેલા ઘોડા પર બેઠા બેઠા જિન્સના પાછલા ખિસ્સામાંથી પોતાનો આઇફોન કાઢ્યો અને સ્પીડ-ડાયલ પરની એક કી દબાવી.

‘યેસ?’ સામે છેડેથી સ્ત્રીનો અવાજ આવ્યો.

‘નમસ્કાર, માતાજી’ તારકે આદરભાવે કહ્યું.

‘નમસ્કાર. પહેલી આડશ દૂર થઈ?’ સ્ત્રીએ પૂછ્યું.

‘હા. હવે આ દુનિયામાં એ નથી રહ્યો.’

‘સરસ. એની પાસે હતું એ લઈ આવ્યો?’

‘એક જ! આપણે ધારેલું કે દ્વારકા, કાલીબંગન, કુરુક્ષેત્ર અને મથુરા, આ જગ્યાએથી મળેલી ચારેય સીલ્સ એની પાસે હશે. પણ ઘરમાંથી મને એક જ મળ્યું.’ તારકના અવાજમાં નર્વસનેસ આવી ગઈ.

ક્ષણિક મૌન પછી, સામેની વ્યક્તિ બોલી, ‘વાંધો નહીં, આજે નહીં તો કાલે, એ પણ આપણને મળી જશે. મહોર રાખવાની બેઝ-પ્લેટ તો મળીને?’

‘ના, માતાજી. એ પણ ત્યાં નહોતી.’ તારક સુકાઈ રહેલી જીભે બોલ્યો.

જોકે સામેથી આવેલા અવાજમાં કોઈ નિરાશા કે રોષ નહોતા. ‘યોગ્ય સમયે બધું મળી જશે. ચાલ, હવે મારી સાથે પ્રાર્થના કર. ओमश्री पृथ्वी रक्षसाय नम:...’

‘ओमश्री पृथ्वी रक्षसाय नम:...’ તારકે અનુસરણ કર્યું.

‘ओमश्री मांगल्य दायकाय नम:...’ માતાજીની પાછળ-પાછળ તારક બોલતો ગયો.

‘ओमश्री मूलाधार चक्र पूजकाय नम:’

ભગવાનના એકસો આઠ નામનું ઉચ્ચારણ થઈ ગયા બાદ ફોનલાઇન ડિસકનેક્ટ થઈ.

૫

કારાગૃહની અંધારી, ભેજવાળી કોટડીમાં, કંસે મારાં માતપિતા દેવકી અને વસુદેવને બંદી બનાવ્યાં હતાં. કારાવાસની દીવાલો ઊંચી હતી અને સશસ્ત્ર સૈનિકો ચોકી કરતા હતા, તોયે વધારાની સાવધાનીરૂપે કંસે, મારાં માબાપને દીવાલ સાથે સાંકળથી બાંધી રાખવાનો આદેશ આપેલો. મારી મા દેવકીએ પહેલા પુત્રને જન્મ આપ્યો, ત્યારે કંસને કોઈ ચિંતા નહોતી. એણે તો આઠમા સંતાનની રાહ જોવાની હતી. પરંતુ હંમેશાં કંઈ આડુંઅવળું કરવાની વૃત્તિ ધરાવતા નારદમુનિ મથુરામાં આવી પહોંચ્યા. અને એમણે કંસને ભરમાવ્યો. 'ક્યું સંતાન આઠમું એ કઈ રીતે નક્કી કરશો? આઠ બાળક થઈ જાય, પછી જો ઊંધેથી ગણતરી શરૂ કરો તો પહેલું બાળક, આઠમું ગણાય કે નહીં?' કંસના ગળે વાત ઊતરી ગઈ. વસુદેવ અને દેવકીની નજર સામે, એમના નવજાત શિશુનું માથું કાળમીંઢ દીવાલ સાથે પછાડીને કંસમામાએ રાહતનો શ્વાસ ખેંચ્યો.

લોહીથી ખરડાયેલી દીવાલો અને જમીન પર લોહીના ખાબોચિયામાં પડેલા મૃતદેહ પર ઇન્સ્પેક્ટર રાધિકા સિંઘે નજર ફેરવી. કમકમાટી ઉપજાવી દે એવું દૃશ્ય જોઈને પણ એના ચહેરાના હાવભાવ બદલાયા નહીં. પોલીસ ઑફિસર તરીકેની એની વર્ષોની કારકિર્દી દરમ્યાન રાધિકાએ ગણી ગણાય નહીં એટલી લાશો જોઈ લીધેલી. લાશના કપાળ પરનું રાતું ચિહ્ન, એના પગમાં ખૂંપી ગયેલો અસ્ત્રો, ભીંત પર લોહીથી લખાયેલો શ્લોક... રાધિકાની બાજનજરે બધું નોંધી લીધું. સ્વાન-મોર્ટન બ્રાન્ડના અસ્ત્રા પર કોતરાયેલા બે અક્ષર RM ની સામે એ તાકી રહી.

પોલીસખાતામાં કામ કરતા લોકોએ રાધિકાનું નામ અમસ્તું જ 'સ્નીફર સિંઘ' નહોતું પાડ્યું. ઘટનાસ્થળેથી એ કોઈ શિકારી પ્રાણીની જેમ ગુનેગારનું પગેરું સૂંઘતી સૂંઘતી એના સુધી પહોંચી જતી. હાથમાં લીધેલા કેસ ઉકેલાય નહીં, ત્યાં સુધી એને ચેન નહોતું પડતું. એનાથી અડધી ઉંમરના લોકો થાકી જાય, પણ ૪૩ વર્ષની રાધિકા નહીં. અને આશ્ચર્યની વાત એ હતી કે કોઈ ફર્સ્ટ ક્લાસ એન્જિનની જેમ ચાલતા એના શરીર અને દિમાગને બળતણ તરીકે ત્રણ જ ચીજની જરૂરત વર્તાતી. દૂધ, બદામ અને સિગારેટ્સ.

સ્લિમ-ટ્રીમ ફીગર અને ગોરી, સુંવાળી ત્વચા ધરાવતી રાધિકા એની ઉંમરથી બહુ નાની દેખાતી. જોકે શરૂઆતમાં એને માત્ર રૂપાળી ઢીંગલી માની લેવાની ભૂલ કરનારા લોકોએ આકરી કિંમત ચૂકવવી પડેલી. સ્ટેટ પોલીસ શૂટિંગ ચૅમ્પિયનશીપમાં પુરુષ પોલીસ ઑફિસરો અને કમાન્ડોઝને પાછળ રાખીને ગોલ્ડ મેડલ જીતી ગયેલી રાધિકા, હાથોહાથની લડાઈમાં પણ ભલ-ભલાને પછાડી દે એવી મજબૂત અને કુશળ હતી.

આવી રાધિકાને જોઈને કોઈ કેવી રીતે માની શકે કે, ત્રીસ વરસની ઉંમર સુધી એ અજમેરની મેયો કૉલેજમાં વિદ્યાર્થીઓને ઇતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર ભણાવતી સામાન્ય ટીચર હતી! બોર્ડર સિક્યૉરિટી ફોર્સમાં કમાન્ડન્ટ તરીકે ફરજ બજાવતા એના પતિ પર એક દિવસ જૈશ-એ-મોહમ્મદી જૂથના ત્રાસવાદીઓએ ગોળી છોડી અને

રાધિકાની જિંદગી બદલાઈ ગઈ. સીધીસાદી ગૃહિણીએ એ દિવસે ચંડીકાનું રૂપ ધારણ કરી લીધું. બાગકામ માટેની મોટી ધારદાર કાતર લઈને સીધી એક ત્રાસવાદી પર ધસી ગઈ. પેલો આતંકવાદી જખમી થઈને ભારતીય સૈન્યના હાથમાં આવી ગયો. પરંતુ એ પહેલાં રાધિકાના માથે વૈધવ્યનું દુ:ખ નાખતો ગયો.

માત્ર ત્રીસ વરસની ઉંમરે વિધવા થયેલી રાધિકાના મનમાં જેટલું દુ:ખ હતું, એનાથીયે વધુ રોષ ભભૂકતો હતો. અને આ રોષને યોગ્ય દિશામાં વાળવાની તક બહુ જલદી એને મળી ગઈ. સરકાર એ સમયે માત્ર સ્ત્રીઓ માટે, સ્ત્રીઓ દ્વારા ચાલતા પોલીસ સ્ટેશન સ્થાપવાની દિશામાં આગળ વધી રહી હતી. પ્રોફેસર તરીકેની નોકરી છોડીને રાધિકા પોલીસફોર્સમાં જોડાઈ ગઈ.

એના લગભગ વરસ પછી રાધિકાની પસંદગી બીજી ઓગણત્રીસ સ્ત્રીઓની સાથે કમાન્ડો ટ્રેઇનિંગ માટે થઈ. પાયાની શારીરિક તાલીમ ઉપરાંત ફાયર ફાઇટિંગ, માર્શલ આર્ટ્સ, સ્વીમિંગ, ઘોડેસ્વારી, અલ્ટ્રામૉડર્ન શસ્ત્રો ચલાવવા... આ બધીયે તાલીમ લઈને ડ્યૂટી પર પાછી ફરેલી રાધિકા સિંઘની જિંદગીમાં એક જ લક્ષ્ય હતું, અપરાધીઓને પકડીને પીડિતને ન્યાય અપાવવો.

પતિની વિદાયને તેર વર્ષ થઈ ગયેલાં. પણ રાધિકાના જીવનમાં હજી સુધી બીજો કોઈ પુરુષ નહોતો આવ્યો. ક્યારેક એકલતા કે હતાશા સતાવી જાય તો એ હરિનામની માળા ફેરવતી કે ધ્યાનમાં બેસી જતી. બેપરવાહી, અણઆવડત અને ભ્રષ્ટાચારથી ખદબદતા પોલીસખાતામાં રાધિકા સિંઘની છાપ એવી બાહોશ અને પ્રામાણિક ઑફિસર તરીકેની હતી જેને સોંપાયેલો કેસ ભાગ્યે જ વણઉકેલ્યો રહે.

રાધિકા અત્યારે મૃત પ્રોફેસર અનિલ વાર્શનીના ઘરમાં ઊભી ઊભી એના જુનિયર, સબઇન્સ્પેક્ટર રાઠોડને સૂચનાઓ આપી રહી હતી.

'મેડિકલ ઍક્ઝામિનરે મૃત્યુના સમય વિશે કોઈ અંદાજ આપ્યો છે?' રાધિકાએ પૂછ્યું.

'નો મૅડમ, રિપોર્ટ આવવાનો હજી બાકી છે. રાતે લગભગ નવ વાગે, ઘરનું કામકાજ પતાવીને ગયેલો નોકર, રોજની જેમ સવારે આઠ વાગે પાછો આવ્યો, ત્યારે એણે વાર્શનીની લાશ જોઈ.' રાઠોડે કહ્યું.

'ઘરમાં બીજું કોઈ નહોતું?'

'ના, વાર્શની એકલા રહેતા હતા. અને કાલીબંગન આર્કિયોલૉજિકલ સાઇટ પર એમનું સંશોધન ચાલી રહ્યું હતું. નોકરના કહેવા પ્રમાણે જોકે કાલે રાતે કોઈ માણસ, વાર્શનીને ઘેર ડિનર માટે આવેલો. અને નોકર ઘરમાંથી નવેક વાગે નીકળ્યો, ત્યારે પેલો માણસ ઘરમાં જ હતો.'

'કોણ હતો?'

'એ તો ખબર નથી. પણ નોકરને એવો ખ્યાલ છે કે મહેમાનને રાતે જ બાય રોડ જયપુર થઈને દિલ્હી જવાનું હતું.

'નોકરનું બેકગ્રાઉન્ડ ચેક કરો, અને વાર્શનીને છેલ્લે જીવિત જોનારો પેલો મહેમાન કોણ હતો, એની તપાસ કરો. પ્રોફેસરના હત્યારાને હું છટકવા નહીં દઉં.' આવું બોલતી વખતે રાધિકાનો હાથ એના પેન્ટના ખિસ્સામાં હતો. મર્ડર ઇન્વેસ્ટિગેશન કરતી વખતે પણ અભાનપણે એનો જમણો હાથ માળા ફેરવી રહ્યો હતો. અને, મનના કોઈ ખૂણે હરિનામનો જાપ ચાલુ હતો.

૬

વર્ષો વીતતાં ગયાં. કારાગૃહમાં દેવકીએ બીજાં પાંચ સંતાનને જન્મ આપ્યો. કંસે એ બધાંય નવજાત શિશુઓને પોતાના હાથે ક્રૂરતાભેર સ્વધામ પહોંચાડી દીધાં. દેવકી શારીરિક અને માનસિક રીતે પડી ભાંગેલી. પરંતુ એને કે બીજા કોઈને ખબર નહોતી કે દેવકી સાતમી વાર ગર્ભવતી થઈ, ત્યારે એના ગર્ભમાં સાક્ષાત શેષનાગ દેવનો વાસ હતો, જેમણે મારા મોટાભાઈ બલરામ તરીકે જન્મ લેવાનો હતો. પરંતુ પ્રભુની લીલા ન્યારી છે, દેવકીનું એ બાળક જનમતાં પહેલાં ગોકુળમાં રહેતી, વસુદેવની પહેલી પત્ની રોહિણીના ગર્ભમાં પહોંચી ગયું. અહીં લોકોએ માની લીધું કે દેવકીનો ગર્ભપાત થયો હતો.

દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કૉલેજમાં સહુ હક્કાબક્કા થઈ ગયેલા. રાજસ્થાન પોલીસે, ચાલુ ક્લાસે એમના સહુથી લાડકા પ્રોફેસર રાયમોહન સૈનીની ધરપકડ કરી હતી. દિલ્હીથી જયપુર લઈ જવાયેલા સૈની પર તેમના મિત્ર અનિલ વાર્શનીની હત્યાનો આરોપ મુકાયેલો.

'પ્રોફેસર, જરૂર કોઈ ભૂલ થઈ છે. પણ ચિંતા નહીં કરતા, હું મારા પપ્પાને વાત કરું છું.' ક્લાસરૂમમાં હાજર પ્રિયાએ સૈનીને આશ્વાસન આપેલું. એના પિતા સંજય રત્નાની જાણીતા ક્રિમિનલ લૉયર હતા.

પરંતુ રવિમોહન સૈનીને એવો આઘાત લાગેલો કે થોડીવાર માટે તો એ કંઈ વિચારવાની શક્તિ જ ગુમાવી બેઠો. હજી બે દિવસ પહેલા તો હું અનિલને મળેલો, એ સાજો-સારો હતો. અચાનક શું થઈ ગયું?

પોલીસે સદ્નસીબે સૈનીને હાથકડી નહોતી પહેરાવી. પોલીસવાનમાં બેઠેલા સૈનીએ, અભાનપણે પોતાના ખિસ્સાને સ્પર્શ કર્યો, જેમાં અનિલ વાર્શનીએ લખેલો કાગળ હતો. કાલીબંગનની મુલાકાત વખતે વાર્શનીએ આપેલા આ કાગળને, સૈનીએ અનેક વાર વાંચી લીધેલો. પણ હજીયે એની સમજમાં નહોતું આવ્યું કે, લખનાર શું કહેવા માંગતો હતો. પહેલી નજરે અર્થહીન લાગે એવું આ લખાણ જોકે વારંવાર વાંચીને, સૈનીને લગભગ મોઢે થઈ ગયેલું.

' D ' etale r ' aknahs! Edise — Breta-Weulb DNA. Rats anispiter. Axis Red Nerrus ajar! Sitih saliak roh salak. XNl dialer, dial, devil. Pitta pott Felnox. Strap lamina on stats. Peek slipup desserts. Tub trams. A kit saw slarem. Un warder! '

કંઈ સમજાતું નહોતું. આ ચિઠ્ઠીમાં લખેલું સમજાવી શકે, એ મિત્ર હવે કાયમ માટે જતો રહ્યો અને એથીયે મોટો આઘાત એ વાતનો હતો કે, વાર્શનીની હત્યા માટે, પોલીસને એના પર શક હતો. રવિમોહને કાલીબંગનમાં વાર્શની સાથે થયેલી પોતાની છેલ્લી મુલાકાતને યાદ કરવાની કોશિશ કરી.

૭

> અંતે, પૃથ્વી પર અવતરવાનો મારો સમય આવી ગયો. બંદીગૃહમાં મેં મારા સર્વવ્યાપી પરમાત્મારૂપે દેવકી અને વસુદેવને દર્શન આપ્યાં. અને કહ્યું કે હું પોતે એમના આઠમા સંતાન તરીકે જન્મ લઈશ. જોકે આ વાતનું તરત વિસ્મરણ થઈ જાય, એવું વરદાન પણ મેં એમને આપ્યું, જેથી એ બીજાં સામાન્ય માબાપોની જેમ જીવી શકે. મારા જન્મ વખતે, વસુદેવે દૈવી આદેશ સાંભળ્યો કે, ગોકુળમાં એમના પિતરાઈ ભાઈ નંદને ઘેર પુત્રીનો જન્મ થયો હતો. એની સાથે દેવકીના પુત્રની અદલાબદલી કરી નાંખવાની હતી.

પથ્થર પર કાચો પાપડ મૂકો તો થોડી જ સેકન્ડોમાં શેકાઈ જાય, એટલી ગરમી એ દિવસે હતી. થર્મોમીટરનો પારો ૪૯ સેન્ટિગ્રેડને અડી ગયેલો.


આટલું ઓછું હોય એમ હનુમાનગઢ રેલવે સ્ટેશનથી કાલીબંગન આર્કિયૉલૉજિકલ સાઇટ તરફ જતો રસ્તો, તમ્મર ચઢાવી દે એવો હતો. મહેન્દ્ર ઝાયલો જેવું વાહન પણ ચાલવામાં મુશ્કેલી અનુભવે એટલા ખાડાટેકરામાંથી એ લોકો પસાર થઈ રહ્યા હતા. રસ્તાની બંને બાજુ રેતીના ટેકરા અને છુટાછવાયા કાંટાળા ઝાડ સિવાય ખાસ કંઈ જોવા નહોંતુ મળતું.

રાજસ્થાનમાં એક સેમિનારમાં હાજરી આપવા આવેલો રવિમોહન એના મિત્ર અનિલ વાર્શનીના આગ્રહને વશ થઈને કાલીબંગન જવા રાજી થઈ ગયેલો. જોકે એને વધુ આગ્રહની જરૂર નહોતી પડી. રાજસ્થાનમાં પ્રાચીન સિંધુખીણ સંસ્કૃતિની ઝાંખી કરવા માટે રવિમોહન પણ તલપાપડ હતો. વાનની અંદર બેઠાં બેઠાં એણે માત્ર કરવા ખાતર બબડાટ કરી લીધો. ‘આવા બળબળતા રણની વચ્ચે શહેર વસાવવાની કુમતિ, કોઈને કેવી રીતે સૂઝી હશે?’

વાર્શની હસ્યો, ‘તારા ઇતિહાસના ચોપડા નવેસરથી લખવાનો ટાઇમ આવી ગયો છે. રવિ, તાજેતરમાં, સેટેલાઇટ્સ દ્વારા લેવાયેલી અહીંની તસવીરો જોઈ લેજે. પાંચ હજાર વર્ષ પહેલાં એક બહુ મોટી નદી આ પ્રદેશમાંથી વહીને અરબી સમુદ્રમાં મળતી હતી. વેદોમાં એને સરસ્વતી કહી છે. અત્યારે જે સૂકું ભઠ રણ દેખાય છે એ પાચં હજાર વર્ષ પહેલાં લીલીછમ, ફળદ્રુપ ભૂમિ હતી. કાલીબંગન એ મહાન સરસ્વતી સંસ્કૃતિનો એક હિસ્સો હતો.’

‘પણ ઇતિહાસકારો તો સરસ્વતીને એક કાલ્પનિક નદી જ ગણે છે.’ રવિએ જાણીજોઈને દોસ્તને ચીઢવ્યો.

‘એ મૂર્ખાઓ તો એવું પણ કહે છે કે પશ્ચિમમાંથી ધસી આવેલા, સોમરસના નશામાં મસ્ત થયેલાં, આર્ય આક્રમણકારોએ સિંધું ખીણ સંસ્કૃતિનો નાશ કર્યો. હકીકતમાં એવું કંઈ નહોતું થયું, અને સરસ્વતી, કોઈ કલ્પના નહીં પણ સાચુકલી મસમોટી નદી હતી. જોઈ લે.’ વાર્શનીએ બૅગમાંથી એક નકશો કાઢીને, ઉછળતી વાનમાં, જેમતેમ પોતાના અને રવિમોહનના ખોળામાં પાથર્યો.



'આપણા ઇન્ડિયન સ્પેસ રિચર્સ ઑર્ગેનાઇઝેશન, ઇસરોના સેટેલાઈટ્સ દ્વારા લેવાયેલી તસવીરોને જોડીને, એના પરથી આ નકશો બનાવાયો છે. પુરાતત્વ ખાતાએ કરેલાં ખોદકામ અને સંશોધનમાં જે મળ્યું એ આની સાથે બરાબર મેળ ખાય છે. શરૂઆતમાં, એ પ્રાચીન સંસ્કૃતિના થોડા અંશ સિંધુ નદીના કિનારે મળેલા એટલે એના પર સિંધુ ખીણ સંસ્કૃતિ કે ઇન્ડસ વેલી સિવિલાઇઝેશનનો સિક્કો મારી દેવાયો. પણ હવે પુરવાર થઈ ગયું છે કે આવી ૨૬૦૦ જેટલી સાઇટ્સમાંથી બે હજાર જેટલી, વાસ્તવિકતામાં સરસ્વતી નદીના કિનારે છે. તું જ કહે, એવું નથી લાગતું કે સિધું ખીણ સંસ્કૃતિનું નામ બદલીને સરસ્વતી સંસ્કૃતિ રાખવું જોઈએ?'

સૌનીએ નકશામાં જોયું. સરસ્વતીનું વહેણ જ્યાં સુકાઈ ગયું હતું, એની નિશાની સ્પષ્ટપણે દેખાતી હતી. આ સેટેલાઇટ્સ ઇમેજ પર વિશ્વાસ મૂકીએ તો પાંચ હજાર વર્ષ પહેલાં સરસ્વતી, ભારતની સહુથી મોટી નદી હોવી જોઈએ અને એમાં યમુના અને સતલજનાં પાણી ઠલવાતાં હશે. ભારતીય ઉપખંડના હલનચલનને પરિણામે સરસ્વતીનું વહેણ પશ્ચિમ-વાયવ્ય દિશામાં ફંટાયું હતું પરિણામ એ આવ્યું કે એની બે ઉપનદી યમુના અને સતલજનું વહેણ વિરુદ્ધ દિશામાં જતું રહ્યું. યમુના પછી ગંગા સાથે જોડાઈ અને સતલજ જઈને સિંધુને મળી ગઈ.

'ઓકે, પણ આજે આપણે સિંધુ સંસ્કૃતિના નવા નામકરણ માટે જવાનું છે? રવિમોહને વાર્શની સામે કુતૂહલભેર જોયું. કાલીબંગનની વિઝિટ પાછળ કોઈ જુદો જ હેતુ હોવાની ગંધ એને આવી ગયેલી.

રવિમોહનની ધારણા ખોટી નહોતી. નકશો બાજુએ મૂકીને, વાર્શનીએ હવે એની બૅગમાંથી જે વસ્તુ કાઢી, એ જોઈને રવિની આંખો પહોળી થઈ ગઈ.

પૂંઠાના બૉક્સની અંદરથી સૉફ્ટ કાપડમાં વીટેલું સીલ રવિએ હાથમાં લીધું.



વીસ બાય વીસ મિલિમીટરની સાઇઝ ધરાવતા આ પ્રાચીન સીલ, એટલે કે મહોરની પાછળ ચોરસ ખૂંટી હતી, પણ પરંપરાગત, એમાં કડી ભેરવવા માટે જે છિદ્ર કે છેદ હોવું જોઈએ, એ અહીં નહોતું. સ્તબ્ધ થઈ ગયેલો રવિમોહન થોડીવાર માટે શ્વાસ લેવાનું ભૂલી ગયો.

૮

શ્રાવણ વદ આઠમની રાતે, પવિત્ર રોહિણી નક્ષત્રમાં મારો જન્મ થયો. મારા આદેશ અનુસાર, એક ટોપલામાં મને મૂકીને વસુદેવ, કારાગૃહમાંથી બહાર નીકળ્યા. કોઈ એમને રોકવાવાળું નહોતું. કારાવાસની સાંકળો અને દરવાજા આપોઆપ ખૂલી ગયેલા અને ચોકીદારો ભરનિદ્રામાં સરી પડેલા. બહાર આભ ફાટી પડ્યું હોય, એટલો વરસાદ હતો. મથુરાથી ગોકુળ પહોંચવા માટે યમુના પાર કરવી જરૂરી હતી, પણ નદી ગાંડીતૂર થઈને બે કાંઠે વહી રહી હતી. બીજે કાંઠે સહીસલામત લઈ જાય, એવો કોઈ હોડીવાળો દેખાતો નહોતો. છેવટે મારા પિતાએ હિંમત એકઠી કરીને ટોપલો માથે મૂક્યો અને ધસમસતા પાણીમાં પ્રવેશ્યા. બીજી જ ક્ષણે ચમત્કાર થયો હોય એમ નદીનાં પાણી ઓસરી ગયાં. યમુનાને ખબર પડી ગયેલી કે ટોપલામાં હું હતો. વસુદેવ આસાનીથી નદી પાર કરી ગયા.

'ક્યાંથી મળ્યું આ?' સૈનીએ માંડમાંડ સ્વસ્થતા જાળવતાં પૂછ્યું.

'મારા એક બહુ નજીકના દોસ્ત ડૉક્ટર નિખિલ ભોજરાજને ગુજરાતના દરિયામાં ડીપ-સી ડાઇવિંગ કરતી વખતે ઊંડા પાણીમાંથી આ મહોર મળેલી. આ મહોર પર કોતરેલી સંજ્ઞાઓ હું ઉકેલી શકીશ, એવું માનીને એમણે મને મોકલી આપી.'

'સંજ્ઞાઓ? આ તો સ્પષ્ટપણે પ્રાણીઓનાં ચિત્ર છે.' સૈની બોલ્યા.

'હા. વર્તુળાકારમાં ડાબેથી જમણે આખલો, એક શિંગડાવાળું પ્રાણી અને બકરીની સંજ્ઞા! હવે સમજાયું આનું મહત્વ?'

સૈનીએ હકારમાં માથું હલાવ્યું. 'સિંધુખીણ, સૉરી સરસ્વતી સંસ્કૃતિના સમયની જે મુદ્રાઓ, મહોરો અત્યાર સુધી મળી છે, એમાં સહુથી કોમન સંજ્ઞા એક શિંગડાવાળું પ્રાણીની છે. અલબત્ત આ એક કાલ્પનિક પ્રાણી છે. દૂધ જેવું સફેદ અને માથા પર એક શિંગડું ધરાવતું પ્રાણી, દુનિયામાં ક્યાંય અસ્તિત્વ નથી ધરાવતું. પરંતુ એનું મહત્ત્વ ઓછું નથી. મહાભારતમાં એકશૃંગનો ઉલ્લેખ છે, વિષ્ણુ-કૃષ્ણ અને એણે આપેલા વેદિક જ્ઞાનનું એ ચિહ્ન ગણાય છે. વિષ્ણુના વરાહાવતાર સાથે પણ આનો સંબંધ છે, એ...'

'હા, હા,' વાર્શનીએ અધીરભાવે સૈનીનો વાક્પ્રવાહ અધવચ્ચે અટકાવી દીધો. 'પણ આ શું છે, એના વિશે બીજી એક હિન્ટ આપું.' એવું કહીને એણે એક સંસ્કૃત શ્લોકનું ઉચ્ચારણ શરૂ કર્યું. **'मुद्रयासः गच्छन्तु राजनो ये गन्तुमीप्सवः चामुद्र प्रवेशतव्यो द्वारपालस्य पश्यतः...'** સૈની હસી પડ્યો. 'સમજી ગયો. મહાભારતના પરિશિષ્ટ તરીકે લખાયેલા હરિવંશમાં લખ્યું છે કે દ્વારકાના દરેક નાગરિકે, ઓળખચિહ્ન તરીકે, આ ત્રણ પ્રાણીની સંજ્ઞા ધરાવતી મુદ્રા એની સાથે રાખવી ફરજિયાત છે. અને ચોકીદારોએ આ મુદ્રા વિનાની કોઈપણ વ્યક્તિને, નગરમાં પ્રવેશતાં રોકવી. પણ કાલીબંગન સાથે આનો શું સંબંધ?'

'આપણે ત્યાં ઘણી આર્કિયોલૉજિકલ સાઇટ્સ પર આવી મુદ્રાઓ મળી છે. વર્ષોથી કથિત વિદ્વાનો કહેતા આવ્યા છે કે, કૃષ્ણ માત્ર એક કાલ્પનિક પાત્ર છે અને

સરસ્વતીના કિનારે જે સંસ્કૃતિ વિકસેલી એ મહાભારતના કથિત કાળથીયે પહેલાં, હજારો વર્ષ જૂની હતી. પણ આમાંથી કોઈ વાત ગળે ઊતરે એવી નથી. સરસ્વતી સંસ્કૃતિ વેદકાળ પહેલાંની નહોતી. બલ્કે એ સંસ્કૃતિના સુવર્ણકાળ દરમ્યાન જ વેદ અને ઉપનિષદ લખાયા હતા. એટલે જ કાલીબંગન અને મોહેન્જોદડોમાં થયેલાં સંશોધનનું બહુ મોટું મહત્ત્વ છે. કાલીબંગનમાં જૂની યજ્ઞવેદીઓના અવશેષો મળ્યા છે, જે વૈદિક સંસ્કૃતિનો સંકેત આપે છે. મોહેન્જોદડોમાં જે વિશાળ, જાહેર સ્નાનગૃહો છે એ યજ્ઞવિધિ પહેલાં, શરીરશુદ્ધિ કરવા માટે વપરાતા હતા. સ્વસ્તિકનું ચિહ્ન વેદકાળમાં અસ્તિત્વમાં આવેલું. આ ચિહ્ન ધરાવતી સેંકડો મહોરો આપણને મળી છે. ઘણાં પર યોગ અને ધ્યાનની મુદ્રા પણ અંકિત થયેલી છે. સરસ્વતી નદીના કિનારે, દુર્યોધન અને ભીમની વચ્ચે અંતિમ યુદ્ધ થયું હતું. તારા હાથમાં અત્યારે કોઈ ઑર્ડિનરી સીલ કે કૉઇન નહીં, પણ કૃષ્ણની દ્વારકામાં પ્રવેશ માટેની પાસપોર્ટ સિસ્ટમનો એક પ્રાચીન અંશ છે.' વાર્શની ઉત્સાહ અને આવેશથી છલકતા અવાજે ધડધડાટ બોલી ગયો.

'તારા પ્લાનમાં હું ક્યાં ફીટ થાઉં છું?' સૈનીએ ઉત્કંઠાભેર પૂછ્યું.

વાર્શનીએ મિત્રની સામે જોયું. 'રવિ, તું મારા ભાઈ જેવો છે, અને આ હું માત્ર ક્ષણિક લાગણીમાં તણાઈ જઈને નથી કહેતો એ તને એક દિવસ સમજાશે. હું તને, તારા જેનેટિક બંધારણને જાણું છું. મને તારામાં પૂરેપૂરો વિશ્વાસ છે. અત્યારે તને જે સીલ બતાવ્યું, એ દ્વારકા પાસેના દરિયામાંથી મળ્યું છે. એ તો હું ડૉક્ટર નિખિલ ભોજરાજને પાછું આપીશ પણ આવું જ બીજું સીલ, મેં કાલીબંગનમાંથી શોધી કાઢ્યું છે. એ તારે, તારી પાસે સુરક્ષિત રાખવાનું છે. અને કુરુક્ષેત્રમાંથી જે આવું ત્રીજું સીલ મળ્યું છે, એ મેં જોધપુરની રિસર્ચ લૅબૉરેટરીના, મારા મિત્ર પ્રોફેસર રાજારામ કુરકુડેને આપી રાખ્યું છે. એમણે ન્યૂક્લિયર રિસર્ચના ક્ષેત્રમાં જે કામ કર્યું છે, એના વિશે આપણે રાતે ડિનર પર વાત કરીશું.'

આટલું બોલ્યા પછી વાર્શનીને અચાનક વાનમાં, ડ્રાઇવરની હાજરીનું ભાન થયું હોય, એમ પોતાનો અવાજ સાવ ધીમો પાડી નાખતાં બોલ્યા, 'મથુરામાંથી મળેલું આવું ચોથું સીલ અત્યારે આપણા મિત્ર દેવેન્દ્ર છેદીના કબજામાં સહીસલામત છે.'

'દેવેન્દ્ર, પેલો જેનેટિક્સ ઍક્સપર્ટ? સ્કૂલની અંદર જેણે પ્રિન્સિપાલના ટોઇલેટમાં ધડાકાભડાકા કરેલા, સૈનીના ચહેરા પર સ્મિત આવી ગયું.

'હા. હજીયે એનાં તોફાન ચાલુ જ છે. પણ હવે એ જે અખતરા કરે છે એના માટે એને માનપાન અને પૈસા મળે છે.' વાર્શનીએ હસીને કહ્યું અને ઉમેર્યું. 'આ ચાર સીલ એટલે કે મહોરો એક સેટનો હિસ્સો છે.'

'પણ એને આમ, ચાર જુદી જુદી વ્યક્તિને સોંપી દેવા પાછળ તારો શું ઇરાદો છે?' સૈનીએ પૂછ્યું.

વાર્શનીએ મિત્રની આંખોમાં આંખ પરોવીને કહ્યું, 'ચારેય સીલ એક જગ્યાએથી, એકસાથે ખોવાઈ કે ચોરાઈ જવાનું જોખમ બહુ મોટું છે. એટલે, દુનિયામાં મને જે ચાર લોકો પર સહુથી વધુ ભરોસો છે, એમના પર આ મોંઘેરી જણસ સાચવવાની જવાબદારી નાંખું છું. કૃષ્ણ પાસે જે સહુથી કિંમતી ચીજ હતી, એના સુધી પહોંચવાનો રસ્તો આ ચાર મહોર બતાવશે, એવી મને શ્રદ્ધા છે.'

સૈની કંઈ બોલી ન શક્યો. પણ વાર્શનીની વાત હજી પૂરી નહોતી થઈ, 'આ ચાર સીલને એક સેટ તરીકે સાથે રાખવા માટે, સિરામિક બેઝ-પ્લેટનો ઉપયોગ થતો હતો. થોડા સમય પહેલાં વર્લ્ડફેમસ સોધબી ઑક્શન હાઉસમાં આ પ્લેટનું નીલામ થયેલું. હું જેમના

માટે કામ કરું છું એ VSKBC લિમિટેડના માલિકોએ મારા આગ્રહને વશ થઈને નીલામમાં આ પ્લૉટ માટે બોલી લગાવી અને છેવટે ખાસ્સી મોટી કિંમતે ખરીદી લીધી.'

'ક્યાં છે એ?' સૈનીએ પૂછ્યું.

'એક સેફ ડિપોઝીટ બૉક્સમાં! પણ એ વૉલ્ટ મૅનેજમૅન્ટને મેં સૂચના આપી રાખી છે કે, ભવિષ્યમાં મને કંઈ થઈ ગયું તો તારો સંપર્ક કરીને બૉક્સની ચાવી તારા હાથમાં સોંપી દેવી.'

'આ બેઝ-પ્લૉટ વિશે કંઈક તો કહે,' સૈની બોલ્યો.

'અત્યારે તો એટલું જ કહી શકાય કે, એ હજારો વર્ષ જૂની છે. મહોરો તો આ સમયગાળામાં વેરવિખેર થઈને ખોવાઈ ગઈ. પણ જેની પાસે આ બેઝ-પ્લેટ રહી ગઈ, એની પછીની પેઢીઓએ એને સાચવી રાખી, છેવટે સોળમી સદીમાં મહાન કૃષ્ણભક્ત, રાજા માનસિંહના હાથમાં આ પ્લેટ આવી. વૃંદાવનમાં એમણે કૃષ્ણનું એક મંદિર બંધાવ્યું હતું. પેલી બેઝ-પ્લૉટ પર સંસ્કૃત ભાષામાં કંઈક લખાવીને રાજાએ, એને કૃષ્ણમંદિરમાં મૂકી દીધેલી.'

સૈની માત્ર માથું હલાવી શક્યો.

'રવિ, આ સીલને જીવની જેમ સાચવજે. ચારેય સીલના ફોટોગ્રાફ્સ, હું તને ઇ-મેઇલ પર મોકલી આપીશ. મારી સાથે કંઈ અઘટિત બની જાય તો, આ ચારેય સીલ અને બેઝ-પ્લેટને સાથે લાવવાની જવાબદારી તારા માથે નાખું છું, યાદ રાખજે. કૃષ્ણ એક કલ્પના નહીં, પણ વાસ્તવિકતા હતી, એ પુરવાર કરવા માટેનો અત્યારે આ એક જ રસ્તો છે. મહોરોનો એ સેટ, સત્ય પરનું તાળું ખોલવા માટે ચાવીની ભૂમિકા ભજવશે. હું એને "ક્રિષ્ના કી" કહું છું.

આટલું કહીને વાર્શનીએ સૈનીના હાથમાં એક કાગળ આપ્યો, 'આ નોંધ મેં માત્ર તારા માટે લખી રાખી છે. જરૂર પડ્યે, એને વાંચીને ઉપયોગમાં લેજે.'

કાલીબંગન સુધી એ પછીની મુસાફરી દરમ્યાન, વાર્શની અને સૈની વચ્ચે ખાસ કોઈ વાતચીત થઈ નહીં. બેઉ જણ પોતપોતાના વિચારોમાં એવા ડૂબી ગયેલા કે વાનના ડ્રાઇવર પાસે જે મોંઘોદાટ, લેટેસ્ટ મૉડેલનો ફોન હતો, એના પર બધીયે વાત રેકોર્ડ થઈ ગયેલી, એની શંકા સુધ્ધાં એમને ન પડી.

૯

ગોકુળ પહોંચીને મારા પિતાએ ટોપલામાં નજર નાખી તો મને સાવ કોરોકટ, નિરાંતે સૂતેલો જોયો. વરસાદનું એક ટીપું પણ મારી કાયાને નહોતું અડ્યું. એમાં વસુદેવને વધુ એક દૈવી ચમત્કાર દેખાયો. એ નહોતા જાણતા કે, યમુના પાર કરતી વખતે શેષનાગે એની ફેણ દ્વારા મારા પર છત્રછાયા રાખી હતી. ઉતાવળે પગલે વસુદેવ, ગોકુળમાં નંદને ઘેર પહોંચ્યા અને નિદ્રાવશ યશોદાની બાજુમાંથી એની પુત્રી ઉપાડીને મને એની જગ્યાએ સુવાડી દીધો. નંદ-યશોદાની પુત્રીને લઈને વસુદેવ મથુરાની જેલમાં પાછા ફર્યા. સાંકળો ફરીથી એની મેળે બંધાઈ ગઈ. દરવાજા ભીડાઈ ગયા અને કોટડીમાં બાળકના રુદનનો અવાજ સાંભળીને ચોકીદારો ઊંઘમાંથી જાગી ગયા.

વાર્શની અને સૈનીને કાલીબંગન લઈ ગયેલી વાન, મહિન્દ્રા ઝાયલોનો ડ્રાઇવર પોતે પાર પાડેલી જવાબદારીથી ખુશ હતો, પણ હંમેશની જેમ આજે પણ એના બૉસની હાજરીમાં થોડો નર્વસ થઈ ગયેલો.

વૃક્ષોની વચ્ચે, સૂમસામ સ્થળે પાર્ક થયેલી કારમાં બેઠાંબેઠાં માતાજી, ડ્રાઇવરના ફોન પર રેકોર્ડ થયેલી વાતચીત સાંભળી રહ્યાં હતાં.

આખોયે સંવાદ સાંભળી લીધા બાદ માતાજીએ કારમાંથી બહાર નીકળીને, અકડાઈ ગયેલાં અંગોને રાહત આપતાં હોય એમ કમર પર હાથ રાખીને પાછળ ઝૂક્યાં અને પછી સીધા થઈને ડ્રાઇવરની તરફ હજાર રૂપિયાની નોટોનું બંડલ ફેંકીને બોલ્યાં, ‘વૅલ ડન, તું બહુ સારું કામ કરી આવ્યો.’

પ્રશંસા સાંભળીને ડ્રાઇવરમાં થોડી હિંમત આવી. ‘માતાજી, જાણવાની મારી લાયકાત નથી, તોયે પૂછી શકું કે ક્રિષ્ના કી તમારા માટે આટલી મહત્ત્વની કેમ છે?

માતાજીના જમણા હાથમાં એકસો આઠ પારાની માળા સતત ફરી રહી હતી. **‘**ओम श्री पृथ्वी राक्षसाय नमः**’** મનોમન એમણે હરિનું પહેલું નામ લીધું. હે, પૃથ્વીના રક્ષણહાર! અને મોટેથી પૂછ્યું, ‘તારે ખરેખર જવાબ સાંભળવો છે? પણ બેટા, જ્ઞાનનો અતિરેક ક્યારેક શાપરૂપ નીવડે છે.’


ओम श्री मंगल्य दायकाय नमः , મનમાં માતાજીએ માળાના બીજા પારા સાથે ભગવાનનું બીજું નામ લીધું. હે પવિત્રતાના આશિષ આપનારા!

‘મેં તો માત્ર કુતૂહલવશ પૂછી નાખ્યું. પણ તમને યોગ્ય લાગે તો જ જવાબ આપજો’ ડ્રાઇવરે આંખો નીચી રાખીને કહ્યું.

માતાજીએ માળાનો પાંચમો પારો ફેરવ્યો. ओम श्री कर्तुम शक्ति धारणाय नमः , હે કાર્યશક્તિ દાતા! અને પછી બોલ્યા. ‘તો સાંભળ. કૃષ્ણ એ વિષ્ણુનો આઠમો અવતાર હતા. વિશ નામની જે શક્તિ છે, એમાંથી વિષ્ણુનો જન્મ થયો છે. વિશની વિરોધી શક્તિ શિવ છે. વિશ સર્જન અને પાલન કરે છે, શિવ સંહારે છે.’

‘સૈની અને વાર્શની વચ્ચે, પેલી સીલ વિશે જે વાત થઈ, એની સાથે આને શું સંબંધ?’ ડ્રાઇવરે નમ્રભાવે પૂછ્યું.

'અત્યાર સુધી મોટા ભાગના ઇતિહાસવિદો માનતા આવ્યા છે કે સરસ્વતી સંસ્કૃતિકાળમાં લોકો શિવપૂજક હતા. 'શિવની સંજ્ઞા તો તું જાણે છે ને?' માતાજીએ આ પૂછીને જવાબની રાહ જોયા વિના કારની આગલી સીટ પર પડેલું ફોલ્ડર ઉપાડ્યું. અને, એમાંથી એક પ્રિન્ટ-આઉટ કાઢીને ડ્રાઇવરને બતાવ્યો.




'જોયું? આપણને, હિન્દુઓને શીખવાડાયું છે કે આ શિવલિંગનું પ્રતીક છે, જે શિવનું પ્રજનનાંગ હોવાનું મનાય છે. બરાબર?'

'હા. મને પણ એટલી જ જાણ છે.' ડ્રાઇવરે કહ્યું.

'હવે ધ્યાનથી જો. શિવલિંગના હંમેશાં બે હિસ્સા હોય છે. ઉપર, પથ્થરમાંથી બનેલો નળાકાર અને નીચેનું નાળું. દરેક શિવાલયમાં શિવલિંગની ઉપર પાણીની હાંડી હોય છે, જેમાંથી સતત, ટીપેટીપે પાણી લિંગ પર પડતું રહે છે. અને નીચેના થાળાની રચના એવી છે કે ત્યાં પાણી ભરાવાને બદલે એક તરફથી બહાર વહી જાય છે.'

માતાજીએ હવે ફોલ્ડરમાંથી બીજું પ્રિન્ટ આઉટ કાઢ્યું અને શિવલિંગની ઇમેજની બાજુમાં ધરીને કહ્યું, 'આ છે મુંબઈનું આપણું ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર, BARC હવે બોલ, બંને ચિત્રની વચ્ચે કોઈ સામ્ય દેખાય છે?'



ડ્રાઇવર હક્કોબક્કો થઈને જોઈ રહ્યો. માતાજીએ સસ્મિત વદને માળાનો પચાસમો મણકો ફેરવ્યો. **ओम श्री मुनिस्तुताय नमः** , 'હે દેવ, ઋષિમુનિઓ જેમની સ્તુતિ કરે છે!

'ઘણીવાર આવું બને છે કે નજર સામે હોય, તોયે આપણને દેખાય નહીં.' માતાજી બોલ્યાં 'BARC ના ચિત્રમાં જે મોટું નળાકાર સ્ટ્રક્ચર દેખાય છે, એ કૉર ન્યૂક્લિયર રિઍક્ટર છે, એનો આકાર બિલકુલ શિવલિંગ જેવો છે. ઊર્જાના ઉત્પાદન વખતે સખત ગરમ થઈ જતા રિઍક્ટરને ઠંડું પાડવા માટે પાણીની જરૂર પડે છે. અને એ પાણી, પછી બહાર વહી જાય, એ માટે મેઇન રિઍક્ટરની બહાર પણ શિવલિંગના થાળા જેવી વ્યવસ્થા છે.'

'વધુ વિચાર કર.' માતાજીએ વાત આગળ ચલાવી. 'માત્ર શંકરના મંદિરમાં શિવલિંગ પર પડતું પાણી, પછી ભેગું કરીને પ્રસાદ તરીકે નથી અપાતું. શું કામ? તો

જવાબ એ છે કે જેમ, ન્યૂક્લિયર રિઍક્ટરમાંથી નીકળતું પાણી કિરણોત્સર્ગથી દૂષિત હોવાને કારણે પી ન શકાય, એવી જ રીતે શિવલિંગ પરથી ઊતરતું પાણી પણ પ્રસાદીના રૂપમાં મોઢામાં ન નખાય.'

'તો BARC નું બાંધકામ શિવલિંગને ધ્યાનમાં રાખીને થયું છે?' આંચકામાંથી માંડમાંડ બહાર આવેલા ડ્રાઇવરે પૂછ્યું.

'ના. હું તને એ સમજાવવાનો પ્રયત્ન કરી રહી છું કે, શિવલિંગ કોઈ શિવ કે શંકર નામના દેવનું નહીં, પણ સૃષ્ટિની સર્વોચ્ચ, પરમશક્તિશાળી ઊર્જાનું પ્રતીક છે. વિશ નામે ઓળખાતી સર્જનશક્તિની વિરુદ્ધની આ ઊર્જા કે શક્તિને આપણા પૂર્વજોએ શિવનું નામ આપ્યું. સરસ્વતી સંસ્કૃતિના સમયે લોકો, આ બંને પ્રકારની શક્તિ વિશે જાણતા હતા. આધુનિક યુગમાં આપણે ન્યૂક્લિયર પાવર એટલે કે અણુશક્તિની શોધ વિશે ગૌરવ લઈએ છીએ, પણ એ નથી જાણતા કે હજારો વર્ષ પૂર્વે, વેદિકકાળમાં અને મહાભારતના સમયે આનાથીયે અનેકગણી શક્તિશાળી ઊર્જાનું ઉત્પાદન અને ઉપયોગ થતા હતા.' માતાજીએ આટલું બોલીને માળા પર ભગવાનના એકસોમા નામનું સ્મરણ કર્યું. **'**ओम श्री मुक्त संचारकाय नमः**'** હે એકથી બીજે સ્થળે મુક્ત વિહાર કરનાર!

'ક્રિષ્ના કી આપણને એ પ્રાચીન શક્તિના સ્રોત સુધી દોરી જશે?' ડ્રાઇવરે પૂછ્યું.

માતાજી હવે પ્રશ્ન પૂછનારાની સાવ નજીક આવીને ઊભાં હતાં. 'અણુબૉમ્બના જનક ગણાતા ઑપનહીમરે ૧૯૪૫માં પહેલવહેલીવાર પોતાના સર્જનનું પરીક્ષણ થતું જોયું, ત્યારે ભગવદ્ગીતામાં ટાંકેલા શબ્દ ઉચ્ચાર્યા હતા — હું સાક્ષાત મૃત્યુ છું, વિશ્વનો વિનાશ કરનાર! ઑપનહીમરે ખાસ ભગવદ્ ગીતાને વાંચવા — સમજવા માટે સંસ્કૃતનો અભ્યાસ કરેલો. ગીતામાં એક ઠેકાણે લખેલા શબ્દોનો અર્થ થાય છે — 'હું વિશ્વનો અંત કરવાનો સમય છું, સૃષ્ટિનો સંહાર કરવાના માર્ગે છું! પ્રાચીન પરમાણુ યુગના સંકેત, આપણાં હિન્દુ પુરાણોમાં સ્પષ્ટપણે આપ્યા છે.'

માતાજીએ આ શબ્દો ઉચ્ચારીને, વીજળીવેગે પોતાના કુરતાની ડાબી બાંયમાંથી એક છરી કાઢી, અને ડ્રાઇવરના પેટમાં ઘા કરી દીધો.

જમીન પર ઢગલો થઈ ગયેલા ડ્રાઇવર પર ઝૂકીને, એના કાનમાં માતાજીએ ગણગણાટ કર્યો, 'આટલા માટે જ મેં તને પૂછેલું કે, તારે ખરેખર વધુ જાણવું છે દીકરા, હવે સમજાયું કે વધુ પડતું જ્ઞાન શું કામ શાપ નીવડી શકે?'

એની આંગળી હવે માળાના છેલ્લા, ૧૦૮મા મણકા પર હતી. ओम श्री योग पूर्णत्व दायकाय नमः હે, યોગને પૂર્ણત્વ આપનાર!

ભગવાનનું નામ અને બીજા કોઈને સમજાય નહીં, એવો અસ્પષ્ટ ગણગણાટ કરતાં કરતાં માતાજી, પેલાના પેટમાં છરી ઊંડે ને ઊંડે ઉતારતાં ગયાં. પ્રશ્ન પૂછનાર કાયમ માટે શાંત થઈ ગયો.

૧૦

> દેવકીએ આઠમા સંતાનને જન્મ આપ્યો, એ સાંભળતાવેંત કંસ, કારાગૃહમાં ધસી આવ્યો. મારી માતાએ આજીજી કરી. 'આ દીકરો નહીં નાની નિ:સહાય દીકરી છે. કાળવાણી તો દીકરા માટે થયેલી. દયા કર માસ ભાઈ આ દીકરીને જીવતી રહેવા દે!' કંસ મૂર્ખ નહોતો. પોતાની સાથે થયેલી છેતરપિંડીનો ખ્યાલ એને તરત આવી ગયો. 'હું નથી જાણતો કે તેં કેવી રીતે મારી આંખમાં ધૂળ નાખી. પણ જે હોય તે, તારા કોઈ સંતાનને હું જીવિત નહીં રહેવા દઉં.' આવી ત્રાડ પાડીને એણે દેવકીના હાથમાંથી, યશોદાની પુત્રી છીનવી લીધી. પણ એનું માંથું એ ભીંત પર પછાડે, એ પહેલાં નવજાત બાલિકા, કંસના હાથમાંથી હવાની જેમ સરી ગઈ અને મા શક્તિના રૂપમાં પ્રગટ થઈને એણે અટ્ટહાસ્ય કર્યું. 'હે મૂર્ખ તને મારનારાનો જન્મ થઈ ચૂક્યો છે અને તારા હાથ ન પહોંચે એવા સ્થળે એ સુરક્ષિત છે. દુષ્ટ, હવે તું મરવા માટે તૈયાર થઈ જા!'

બ્રિટિશરોએ જયપુરની કુખ્યાત સેન્ટ્રલ જેલ ૧૮૫૫માં બાંધી હતી. શહેરમાં ઘાટ ગૅટના નામે ઓળખાતા ગીચ વિસ્તારમાં હજીયે ઊભેલી આ જેલ બહુ જાણીતી છે, પણ કોઈ સારા કારણસર નહીં.

જાણીતા ઝવેરી સાથે કરોડો રૂપિયાની છેતરામણી કરીને આ જેલમાં પુરાયેલા અને પછી નાસી છૂટેલા ઠગના કિસ્સાએ શહેરમાં ખાસ્સી સનસનાટી મચાવેલી. એમાં જોકે એને જુનિયર વૉર્ડનનો સાથ મળેલો. કેદી પાસેથી મોટી લાંચ લઈને વૉર્ડને એની કોટડીનો દરવાજો ઉઘાડો ફટાક મૂકી દીધેલો, એટલું જ નહીં, જેલની બહાર એના માટે ટૅક્સી પણ ઊભી રખાવેલી. સેન્ટ્રલ જેલ માટે કહેવાતું કે અહીં પૈસા હોય તો બધું થઈ શકે. પરંતુ બીજી તરફ, માંદગી, રોગચાળા અને મૃત્યુ પણ અહીં જાણે રોજિંદી ઘટનાઓ હતી.

રાજસ્થાન જેલતંત્રના આંકડા કહેતા હતા કે, તબીબી સારવારના અભાવે મોતને ભેટતા કેદીઓની સંખ્યા દિનબદિન વધી રહી હતી. ગંદકી અને બીમારીથી, લગભગ દર ચોથા દિવસે, અહીં કોઈ મરતું હતું. ઠસોઠસ ભરાયેલી ગંધાતી કોટડીઓમાં એક ધાબળાની નીચે આઠ જણ સૂતા હોય, ત્યાં એકની બીમારીનો ચેપ બીજાને લાગતાં વાર નહોતી લાગતી.

કેદીઓ વચ્ચે અંદરોઅંદર થતી મારામારી, આત્મહત્યાઓ, જેલરો દ્વારા કાચા કામના કેદીઓ પર થતા અત્યાચાર, આ બધાંની અહીં કોઈ નવાઈ નહોતી. ગંદકી અને ગુનાખોરીથી ખદબદતી આ જેલમાં હવે પ્રોફેસર રવિમોહન સૈની પૂરાયો હતો.

જેલની અંદર આરોપીની પૂછપરછ માટેના, ગંદા ગંધાતા રૂમમાં પસીનાથી રેબઝેબ થતો રવિમોહન, એની ધરપકડ કરનારા પોલીસ ઑફિસરની રાહ જોતો બેઠો હતો. બાજુમાં એના વકીલ અને પ્રિયાના પિતા સંજય રત્નાની હતા. એમણે અસીલને શાંતિ જાળવવાની સલાહ આપતાં કહેલું કે, આ પૂછપરછનો કોઈ અર્થ નહોતો. લગભગ દરેક આરોપી પોલીસ પાસે કબૂલાત કરીને પછી અદાલતમાં ફરી જતો હોય છે. સૈનીની વિરુદ્ધ

પોલીસ પાસે શું પુરાવા હતા, એ જાણવું વધુ જરૂરી હતું.

થોડીવારમાં સૈનીનું નામ લખેલી ફાઇલ સાથે ઇન્સ્પેક્ટર રાધિકા સિંઘ ઇન્ટરોગેશન રૂમમાં પ્રવેશી.

'તમે કરેલા ગુનાના સજ્જડ પુરાવા અમારી પાસે છે. વાર્શનીના ઘરના દરવાજા પર તમારા ફિંગરપ્રિન્ટ્સ છે. અને દિલ્હી પોલીસે તમારા ઘરની તલાશી લીધી, ત્યાંથી આ પ્રાચીન સીલ મળી આવ્યું છે. સૈનીની સામે બેસતાંની સાથે રાધિકાએ મૌખિક આક્રમણ શરૂ કર્યું. એણે ટેબલ પર મૂકેલી પ્લાસ્ટિકની નાની સ્પેસીમેન બૅગ ભણી રવિમોહન તાકી રહ્યો, જેમાં વાર્શનીએ આપેલી મહોર હતી.

'અનિલ વાર્શનીના ઘરમાંથી મળેલા ડૉક્યુમૅન્ટ્સ અને ફૉટોગ્રાફ્સ પરથી અમે એટલું તો જાણી ગયા છીએ કે આ સીલ એની પાસે હતું, જે તમે એને મારીને ચોરી લીધું.'



સૈનીની જીભ ઝલાઈ ગઈ. કાલીબંગનમાંથી મળેલું આ સીલ વાર્શનીએ પોતે એને સાચવવા આપ્યું હતું. દ્વારકામાંથી મળેલું આવું જ બીજું સીલ વાર્શનીએ એને કાલીબંગન જતી વખતે ગાડીમાં બતાવ્યું હતું. છેવટે સૂકાઈ રહેલા મોઢે, એ માંડમાંડ બોલ્યો, 'અનિલ મારો મિત્ર હતો. કાલીબંગનમાં એ જે કામ કરી રહ્યો હતો, એ બતાવવા માટે એણે જ મને ત્યાં બોલાવેલો. હા, પછી ડિનર માટે હું એને ઘેર ગયેલો, પણ મેં એનું ખૂન નથી કર્યું.'

'અને આ સીલ?'

'એણે મને સાચવવા આપેલું. અને કહેલું કે પછી સમય આવ્યે એ મને આ વસ્તુનું મહત્ત્વ સમજાવશે. સાચું કહું છું, એ રાતે હું ત્યાંથી નીકળ્યો, ત્યારે અનિલ જીવિત હતો.' બોલતાં બોલતાં સૈનીનો અવાજ તરડાઈ ગયો. ભયંકર તરસ લાગી હતી, પણ ટેબલ પર પડેલા પાણીના ગ્લાસમાં નરી આંખે દેખાય એટલો કચરો હતો. કેમ કરીને એ પીવાય?

રાધિકાએ ફોલ્ડરમાંથી મોટી સાઇઝની એક તસવીર કાઢીને ટેબલ પર, સૈનીની સામે ફેંકી. અનિલને મારવા માટે વપરાયેલો અસ્ત્રો અને તેના પર કોતરાવેલા અક્ષર RM તસવીરમાં સ્પષ્ટ દેખાતા હતા. RM એટલે રવિ મોહન નહીં તો કોણ? રાધિકાએ પૂછ્યું. સૈનીના ચહેરા પરથી રહ્યુંસહ્યું નૂર પણ ઊડી ગયું. એનો જીવ અમળાવા લાગ્યો.

રાધિકાએ, ટેબલ પર બીજી તસવીર ફેંકી. લોહીના ખાબોચિયામાં પડેલી વાર્શનીની નિષ્પ્રાણ કાયા, પગમાં ખૂંપેલો અસ્ત્રો, કપાળ પરનું રાતું વર્તુળ, દીવાલ પર લોહીથી લખેલો શ્લોક... સૈનીની આંખો ફાટી રહી. પહેલીવાર એણે જોયું કે એના મિત્રની હત્યા કેટલી ક્રૂરતાભેર થયેલી. આઘાતભરી અવસ્થામાં એણે ટેબલ પરથી ગ્લાસ ઊંચકીને પાણીનો ઘૂંટ ભરી લીધો, અને તરત પસ્તાવું પડ્યું.

સામે બેઠેલી રાધિકાએ ધૃણાથી હસીને કહ્યું, 'અહીંના કેદીઓ માટે આ સ્પેશિયલ પાણી આવે છે સીધું ગટરમાંથી!'

સૈની માટે હવે કાબૂ રાખવો મુશ્કેલ હતો. ફુવારાની જેમ એના મોઢામાંથી નીકળેલી ઊલટી, રાધિકાનાં કપડાં અને કાગળો, તસવીરોને ખરડી ગઈ.

'યુ બાસ્ટર્ડ', રાધિકા ચીસ પાડીને ઊભી થઈ ગઈ. 'જાણી જોઈને તેં આવું કર્યું!'

જોકે સૈનીએ આમાંથી કંઈ ન સાંભળ્યું. આઘાત, થાક, ડિહાઇડ્રેશનનો માર્યો એ બેહોશ થઈ ગયેલો. પછી થોડીવાર માટે જે ઘાંટાઘાંટ, ધમાલ મચી, એમાં કોઈને ખ્યાલ ન રહ્યો કે, એડવોકેટ રત્નાનીએ સિફતપૂર્વક, ટેબલ પરથી પેલી સીલવાળી સ્પેસીમેન બૅગ ઊંચકીને પોતાના જૅકેટની અંદર છુપાવી દીધી.

૧૧

> ક્રોધથી બળબળતા કંસે, એના મંત્રીઓને બોલાવ્યા. ‘મારી સાથે છળકપટ થયું છે. મારો કાળે બનીને આવેલો બાળક હજી ક્યાંક જીવે છે. હવે તમે કહો, શું કરવું જોઈએ?’ કંસના પ્રશ્નોનો જવાબ એના જેવા જ એક મંત્રી તરફથી મળ્યો, ‘મહારાજ, ચારે બાજુ સૈનિકો મોકલીને, પ્રદેશમાં જ્યાં પણ બે મહિનાથી નાની વયનું બાળક દેખાય, એનો વધ કરવાનો આદેશ આપી દઈએ.’ કંસને ગળે વાત ઊતરી ગઈ, અને પછીના દિવસોમાં મથુરા અને આસપાસના વિસ્તારમાં હજારો નાનાં, નિર્દોષ બાળકો મોતને ઘાટ ઉતારી દેવાયાં માબાપના આક્રંદથી વાતાવરણ ભરાઈ ગયું. જોકે એ બાપડાં સામાન્ય જીવો નહોતા જાણતા કે એમનાં સંતાનો આવું ભાગ્ય લખાવીને જ જન્મેલાં અને હવે એમને કર્મોના બંધનમાંથી હંમેશ માટે મુક્તિ મળી ગઈ હતી. સદ્ભાગ્યે, હું તો ગોકુળની અંદર નંદ-યશોદાના ખોળામાં સુખરૂપ ઊછરી રહ્યો હતો.

‘જલદી ઍમ્બ્યુલન્સ બોલાવો.’ સૈનીની હાલત તપાસી રહેલા, જેલના ડૉક્ટરે બૂમ પાડી. ‘પેશન્ટને સ્પેશિયલીટી હાર્ટ હૉસ્પિટલમાં લઈ જવો પડશે. ફોર્ટીસ ઍસ્કોર્ટ હૉસ્પિટલમાં ફોન કરીને કહો કે, થોડીવારમાં હું પેશન્ટ સાથે ત્યાં પહોંચું છું.’

મૃત્યુની સાવ નજીક પહોંચી ગયો હોય, એવી હાલતમાં પડેલા સૈનીની આસપાસ દોડાદોડ મચી ગઈ. થોડી જ વારમાં સાઇરન વગાડતી ઍમ્બ્યુલન્સ સૈની અને ડૉક્ટરની સાથે રાજસ્થાનની પ્રથમ સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ ભણી રવાના થઈ ગઈ. આ હૉસ્પિટલ આમ તો જયપુર શહેરની વચ્ચોવચ માલવિયા નગરમાં હતી, પણ ત્યાંથી ઍરપૉર્ટ પહોંચવા માટે વાહનને દસ મિનિટથી વધુ સમય ન લાગે.

અડધે રસ્તે પહોંચીને, ડૉક્ટરે ઍમ્બ્યુલન્સની અંદરના ગ્લાસ પાર્ટીશન પર ટકોરા માર્યા. ડૉક્ટરે કંઈ સૂચના આપવી હશે, એવું માનીને ડ્રાઇવરે કાચ નીચે ઉતાર્યો, પણ એ કંઈ પૂછે એ પહેલાં તો એના મોઢા પર તમ્મર લાવી દે એવો પ્રહાર થયો. ડ્રાઇવર સ્ટીયરિંગ વ્હીલ પરથી કાબૂ ગુમાવી બેઠો. એનો પગ ભૂલથી ઍક્સિલેટર પર દબાઈ ગયો, અને ઍમ્બ્યુલન્સ રસ્તા પરથી ઊતરીને, સીધી આમેર હોટેલના પાછળના સર્વિસ ગેટ સાથે જઈને અથડાઈ પડી.

‘જલદી, મારા નાક પર એક જોરદાર મુક્કો લગાવી દે.’ ડૉક્ટરે પ્રિયાને કહ્યું.

પળભરમાં પ્રિયા સમજી ગઈ કે હવે અડધી ક્ષણનો વિલંબ પણ નહોતો કરવાનો. એણે ડૉક્ટરના મોઢા પર મુક્કો મારી દીધો. લોહી નીંગળતા નાકે, ડૉક્ટરે પ્રિયાના હાથમાં કપડાં ભરેલી થેલી પકડાવી, ‘જલદીથી દોડીને હોટેલના ૩૨૨ નંબરના રૂમમાં પહોંચી જા. આ થેલીમાં કપડાં, સનગ્લાસીસ અને નકલી નામ ધરાવતા બે ફોટો આઇકાર્ડ્સ છે. હોટેલના આગળના મેઇન ગેટ પર એક ટૉયોટા-ટૅક્સી ઊભી હશે એ તમને સીધા ઍરપૉર્ટ લઈ જશે. ત્યાં ટાઇટન એવિયેશનનું પ્રાઇવેટ ચાર્ટર ઍરક્રાફ્ટ તમારી રાહ જુએ છે. ડ્રાઇવર, પાઇલટ, કોઈ તમને કંઈ નહીં પૂછે.’

‘પણ અમારે ક્યાં જવાનું છે?’ પ્રિયાએ મૂંઝાઈને પૂછ્યું.

‘જામનગર’ — નાક પર હથેળી દબાવીને ડૉક્ટરે કહ્યું, ‘દ્વારકાથી એ સહુથી નજીકનું ઍરપોર્ટ છે.’

૧૨

મારા જન્મનો ઉત્સવ, પૂજા, નામકરણ વિધિ, આ બધુંયે મારાં પાલક માતપિતાએ ગોકુળમાં ચૂપચાપ, ઘરમેળે પતાવી દેવું પડ્યું. એમને ડર હતો કે ક્યાંક, કંસના સૈનિકો આવી ન પહોંચે. પરિવારના જ્યોતિષી ગર્ગમુનિએ જોકે એમને આશ્વાસન આપ્યું કે, 'કૃષ્ણ કોઈ સામાન્ય બાળક નહીં, પણ ભગવાનનો અવતાર છે. એ તમને અને પ્રદેશના બધાંય લોકોને કંસના ત્રાસમાંથી મુક્તિ અપાવશે. પરંતુ હમણાં એને સાચવજો. કંસના આદેશથી અનેક રાક્ષસો કૃષ્ણને મારવાનો પ્રયાસ કરતા રહેશે.' કોઈ નહોતું જાણતું કે કંસના ગુપ્તચરો ગર્ગમુનિનો પીછો કરતા કરતા ગોકુળ સુધી પહોંચી ગયા હતા. કંસને જાણ થઈ ગયેલી કે ગોકુળમાં નંદ-યશોદાના ઘરમાં મારો ઉછેર થઈ રહ્યો હતો.

હોટેલના રૂમ તરફ પ્રિયાની સાથે દોડી રહેલા રવિ મોહન સૈનીએ, છેલ્લા થોડા કલાકોમાં એની સાથે બની ગયેલી ઘટનાઓ યાદ કરવાની કોશિશ કરી.

ઇન્ટરોગેશન રૂમમાં ગંદું પાણી પીને, ઊલટી કરીને ભાન ગુમાવી બેઠેલો રવિ હોશમાં આવ્યો ત્યારે એ જેલના દવાખાનામાં એક ખાટલા પર પડ્યો હતો. અને એના પર ઝળૂંબી રહેલા ચહેરામાં ડૉક્ટર, નર્સ, પ્રિઝન વૉર્ડનની સાથેસાથે પ્રિયા પણ સામેલ હતી.

ભારતના સહુથી કુશળ અને મોંઘા ક્રિમિનલ લૉયર્સમાં સંજય રત્નાનીનું નામ લેવાતું હતું. જોકે વિવાદાસ્પદ કે પછી બધાંએ હાર સ્વીકારી લીધી હોય એવા કેસ લેતી વખતે, રત્નાની ફી ગણવાની પરવા નહોતા કરતા. સાવ નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પરિવારમાં એનો જન્મ થયો હતો. પણ તીવ્ર બુદ્ધિપ્રતિભા અને સખત મહેનત કરવાની તૈયારી, આ બે ગુણ ધરાવતા રત્નાનીએ માત્ર તેર વરસની ઉંમરે મેટ્રિક પાસ કરીને લૉ કૉલેજમાં ઍડમિશન લીધું અને સત્તરમે વરસે LLB ની ડિગ્રી હાંસલ કરી લીધી. યુનિવર્સિટીનો નિયમ કહેતો હતો કે વકીલાતની પ્રૅક્ટિસ, એક્વીસ વર્ષની વયે જ શરૂ કરાય. પણ રત્નાનીની પ્રતિભાથી અંજાઈ ગયેલા સિનિયરોએ ખાસ પ્રસ્તાવ મૂકીને એને અઢાર વરસની ઉંમરે વકીલાત કરવાની મંજૂરી આપી દીધી. અને પછી રત્નાનીએ પાછું વળીને નહોતું જોયું. સિદ્ધાંતોને પોતાની રીતે મરડવા-મચકોડવામાં માહેર રત્નાની માનતા હતા કે, સારો વકીલ કાયદા જાણે, પણ મહાન વકીલ માટે ન્યાયાધીશને જાણવાનું વધુ જરૂરી હતું.

પરંતુ દીકરીના કહેવાથી એમણે રવિ મોહન સૈનીનો કેસ હાથમાં લીધો ત્યારે કાયદાનું જ્ઞાન કે ન્યાયાધીશ સાથેનો પરિચય નહીં, પણ જયપુરની સેન્ટ્રલ જેલના વૉર્ડન સાથેની સાંઠગાંઠ કામે લગાડવાનું નક્કી કર્યું. સૈનીને જેલમાંથી ભગાડવાનો આખોયે પ્લાન રત્નાનીએ ઘડ્યો હતો.

જોકે ગેરકાનૂની ગણાય એવું આ કામ કરતાં પહેલાં રત્નાનીએ, જેલમાં સૈનીના મોઢેથી આખી કહાણી સાંભળી લીધી. સૈની સાચું બોલે છે એની ખાતરી થયા બાદ એમણે આખો પ્લાન ગોઠવ્યો. સૈની પણ નહોતા જાણતો કે, જે પાણી પીને સૈનીની

તબિયત ખરાબ થઈ ગઈ, એ ગ્લાસમાં જેલના વૉર્ડને, ડૉક્ટરની સલાહ મુજબ એક ખાસ દવા ભેળવી હતી.

એ પછી દવાખાનામાં સૈનીને હાર્ટઍટેક આવી ગયો હોવાની બૂમાબૂમ કરવા માટે ડૉક્ટરને રત્નાનીએ જ સાધ્યા હતા. 'ઍમ્બ્યુલન્સ આવે, ત્યાં સુધી તું નિરાંતે સૂઈ રહેજે' આવું કહીને ઊભા થવા જતા રત્નાની સામે જોકે સૈનીએ નબળો વિરોધ કરેલો, 'પણ હું નિર્દોષ છું. મારે શું કામ પોલીસથી ભાગવું જોઈએ?'

'મારી દીકરીને તમારા માટે બહુ આદર છે પ્રોફેસર! મેં એને ખાતરી આપી છે કે, હું તમને જિંદગીભર લૉકઅપમાં સડવા નહીં દઉં. હવે તમે અહીંથી ભાગો અને બીજું બધું મારા પર છોડી દો!' રત્નાનીએ કહી દીધું.

રાજસ્થાન પોલીસના હાથમાંથી છટકીને સૈનીએ ક્યાં જવું, એ પણ રત્નાનીએ જ નક્કી કરી નાખેલું. 'તમારી વાત પરથી લાગે છે કે વાર્શનીએ મરતાં પહેલાં આ સીલ, અને ભવિષ્યના પ્લાન વિશેની સહુથી વધુ ચર્ચા ડૉક્ટર નિખિલ ભોજરાજ સાથે કરી હતી. તમારી નિર્દોષતા સાબિત કરવા માટે ભોજરાજને મળવું બહુ જરૂરી છે.'

અને હવે સૈની, પ્રિયાની સાથે ડૉ. નિખિલ ભોજરાજને મળવા માટે દ્વારકા જઈ રહ્યો હતો. ત્યાંના દરિયામાં, કિનારેથી દૂર ઊંડા પાણીમાં સંશોધન કરી રહેલા જહાજમાં ડૉ. ભોજરાજ દિવસરાત રહેતા હતા. ઘણા પ્રશ્નોના ઉત્તર એમની પાસેથી મળશે, એવી આશા સૈનીને હતી.

૧૩

'મારું મન કહેતું હતું, અને હવે તો ખાતરી થઈ ગઈ કે દેવકીનો આઠમો પુત્ર જીવે છે.' આવું કહીને કંસે પૂતના નામની રાક્ષસીને આદેશ આપ્યો. 'જા, ગોકુળમાં એ બાળકને શોધીને મારી નાખ.'

પૂતનાએ મેલી વિદ્યાની મદદથી સુંદર બ્રાહ્મણ સ્ત્રીનું રૂપ ધારણ કર્યું અને ગોકુળમાં યશોદા પાસે જઈને કહ્યું, 'હું બહુ પવિત્ર બ્રાહ્મણની પત્ની છું. તમારા પુત્રને મારું દૂધ પીવડાવીને લાંબા આયુષ્યના આશીર્વાદ આપવા આવી છું.' મારી ભોળી પાલકમાતાએ રાજીખુશીથી મને પૂતનાના ખોળામાં મૂકી દીધો. એ નહોતી જાણતી કે પૂતનાનું દૂધ ઝેરી હતું.

પરંતુ હું તો બધું જાણતો હતો. મને સ્તનપાન કરાવવા બેઠેલી પૂતનાને જોરથી બચકું ભરીને મેં દૂધની સાથે એના પ્રાણ ચૂસી લીધા. મારા પર વિષની કોઈ અસર ન થઈ, પણ પૂતનાનું મોત થયું. મરતાંની સાથે એ પોતાના મૂળ રૂપમાં આવી ગઈ. યશોદાએ મને નિષ્પ્રાણ રાક્ષસીના ખોળામાં ખિલખિલાટ કરતો જોયો.

જયપુરથી જામનગરનું માંડ ચારસો નોટિકલ માઈલ્સ જેટલું અંતર આમ તો ઉડીને કાપવાનું હતું. પણ માત્ર ચાર બેઠક ધરાવતા ટચૂકડા ઍરક્રાફ્ટમાં પ્રવાસ દરમ્યાન સૈની અને પ્રિયાને એવું લાગ્યું જાણે એ લોકો કોઈ ઉબડખાબડ રસ્તા પર જઈ રહેલા બળદગાડામાં બેઠા હતા.

'આશા રાખીએ કે ભોજરાજ તમારી સાથે વાત કરીને, આપણને ટેકો આપવા તૈયાર થાય. વાર્શનીએ એને તમારા વિશે કહ્યું હશે ને!' પ્રિયાએ સૈનીને કહ્યું.

'એમને શું કામ મારી વાત પર શંકા થવી જોઈએ? ભોજરાજ પોતે અત્યારે દ્વારકા પાસેના દરિયામાં આર્કિયૉલૉજિકલ સંશોધન દ્વારા એવું પુરવાર કરવા મથી રહ્યા છે કે, મહાભારતમાં જેનું વર્ણન થયું છે, એ દ્વારકા નગર શું ખરેખર હતું? અને દ્વારકા હતું તો પછી કૃષ્ણ પણ હોવા જોઈએ!' સૈનીએ કહ્યું. 'અને વાર્શનીએ કાલીબંગન, કુરુક્ષેત્ર અને મથુરામાંથી જે એકસરખી લાગતી મહોરો શોધી કાઢી છે, એના પરથી તો એવી માન્યતાને પુષ્ટિ મળે છે કે કૃષ્ણ અને દ્વારકા, હજારો વર્ષ જૂની પણ સુવિકસિત કહેવાય એવી સરસ્વતી સંસ્કૃતિનો હિસ્સો હતા.' સૈનીમાં રહેલો પ્રોફેસર જોશમાં આવી ગયો.

'આજની દ્વારકા એ જ મહાભારતની દ્વારકા?' પ્રિયાએ પૂછ્યું.


'ના રે, અત્યારે જામનગર જિલ્લામાં આવેલું દ્વારકા તો ભારતનાં બીજાં શહેરો જેવું જ છે. ગીચ, પ્રદૂષિત, ટ્રાફિકજામથી પરેશાન! એક એવી શક્યતા છે કે કૃષ્ણનું દ્વારકા કદાચ અત્યારના દ્વારકા શહેરની આસપાસ હશે. જોકે એના કોઈ પુરાવા નથી અને હોય તોયે બંનેમાં જમીન આસમાનનો ફરક છે. કૃષ્ણની દ્વારકાનું મૂળ સંસ્કૃત નામ હતું દ્વારાવતી, એટલે કે અનેક દરવાજા ધરાવતું નગર. સ્થાનિકો એવું માને છે કે, કૃષ્ણની દ્વારકા છ વાર સાગરના પાણીમાં ગરક થઈ ગયેલી. અને પછી દર વખતે એના પર જ નવા શહેરની રચના થઈ. આ વાત માનીએ તો અત્યારે આપણે જઈ રહ્યા છીએ, એ મૂળ

દ્વારકાનું સાતમું સ્વરૂપ હોવું જોઈએ.'

'પણ કૃષ્ણનો જન્મ તો મથુરામાં થયેલો. ત્યાંથી એ હજાર કિલોમીટર દૂર દ્વારકામાં આવીને શું કામ વસ્યા?' પ્રિયાએ બીજો સવાલ કર્યો.

સૈનીએ થોડો વિચાર કરીને જવાબ આપ્યો, 'કૃષ્ણએ એના કંસમામાનો વધ કરીને મથુરાની ગાદી પર ઉગ્રસેનને પાછા બેસાડ્યા, એવું મહાભારતમાં કહેવાયું છે. કૃષ્ણ પોતે યાદવ હતા અને યાદવકુળ કદાચ દુનિયાનો પ્રથમ લોકતાંત્રિક સમાજ હતો. યાદવોમાં જુદાજુદા અઢાર જૂથ કે સંઘ હતા અને દરેક સંઘનો રાજા કહેવાય એવો સંઘપતિ હતો. દાખલા તરીકે મથુરામાં ઉગ્રસેન! પણ અઢારેય સંઘ મળીને એમનામાંથી કોઈ એકને એમના સર્વોચ્ચ નેતા તરીકે ચૂંટતા હતા. એ ભલે રાજા ન કહેવાય, પણ અઢારેય યાદવકુળ પર એનું શાસન બધાં માન્ય રાખતા. મહાભારતના સમયે આ સ્થાન પર કૃષ્ણ હતા.'

'પણ એ બધાંને લઈને આટલે દૂર કેમ આવ્યા?' પ્રિયાએ પ્રશ્ન દોહરાવ્યો.



'કંસનો શ્વસુર જરાસંઘ એ સમયના અત્યંત શક્તિશાળી રાજ્ય મગધનો શાસક હતો. જમાઈના મૃત્યુનું વેર વાળવા એણે મથુરા પર અઢાર વાર આક્રમણ કરેલું. કૃષ્ણ-બલરામની રણનીતિ સામે જરાસંઘ દરેક વખતે પરાજિત થયો. પણ છેવટે કૃષ્ણએ સ્વીકારવું પડ્યું કે યાદવોએ એમની સુખશાંતિ અને સમૃદ્ધિ ટકાવી રાખવી હોય કે આગળ વિકાસ કરવો હોય તો મથુરાને છોડ્યા વિના છૂટકો નથી. જરાસંઘના વારંવારના હુમલા સામે મથુરાનું રક્ષણ કરવામાં યાદવોની પુષ્કળ શક્તિ, સાધન અને સંપત્તિ ખર્ચાઈ જતાં હતાં. છેવટે યાદવોની રાજધાનીને મથુરાથી હજાર કિલોમીટર દૂર દ્વારકા લઈ જવાનો નિર્ણય થયો જ્યાં જરાસંઘનું લશ્કર પહોંચી ન શકે. આ જ કારણસર કૃષ્ણનું એક નામ રણછોડ પણ પડી ગયું. રણછોડ એટલે જે કાયમ માટે રણભૂમિ કે યુદ્ધનું મેદાન છોડી દે.'

બોલતાં બોલતાં સૈની એક નોટપૅડમાં નોંધ ટપકાવતો જતો હતો. કુતૂહલવશ

પ્રિયાએ વાંચવાની કોશિશ કરી.

કૃષ્ણની વિદાય — રેવતી, ૨૬ સપ્ટેમ્બર, ઈસ્વી-પૂર્વે ૩૦૬૭

હસ્તિનાપુરમાં કૃષ્ણનું આગમન — ભારણી — ૨૮ સપ્ટેમ્બર, ઈ.પૂ. ૩૦૬૭

સૂર્યગ્રહણ — જ્યેષ્ઠ અમાવસ્યા — ૧૪ ઑક્ટોબર, ઈ.પૂ. ૩૦૬૭

સંપૂર્ણ ચંદ્રગ્રહણ — કૃતિકા — ૨૯ સપ્ટેમ્બર, ૩૦૬૭

મહાભારતનો આરંભ — રોહિણી નક્ષત્રમાં શનિ — રેવતીમાં બૃહસ્પતિ (ગુરુ), ૨૨ નવેમ્બર, ઈ.પૂ. ૩૦૬૭

ઉત્તરાયણ — ૧૩ જૂન, ઈ.પૂ. ૩૦૬૬

ભીષ્મનું મૃત્યુ — માઘ શુક્લ અષ્ટમી, ૧૭ જૂન ઈ.પૂ. ૩૦૬૬

બલરામની સરસ્વતી યાત્રાનો આરંભ — પુષ્ય દિન — ૧ નવેમ્બર, ઈ.પૂ. ૩૦૬૭

બલરામનું યાત્રા પરથી પાછા ફરવું — શ્રાવણનો દિવસ — ૧૨ ડિસેમ્બર, ઈ.પૂ. ૩૦૬૭

ઘટોત્કચનો વધ — ચંદ્રોદયનો બે વાગ્યાનો સમય, ૮ ડિસેમ્બર, ઈ.પૂ. ૩૦૬૭

'આ શેની તારીખો છે?' પ્રિયાએ છેવટે પૂછી લીધું.

સૈનીએ સ્મિત કર્યું. 'આકાશમાં ગ્રહોની સ્થિતિ પરથી તારીખની ગણતરી કરીને, એ દિવસે હું ક્લાસમાં વિદ્યાર્થીઓને સમજાવી રહ્યો હતો. હવે એ જોવાનું કે ડૉક્ટર ભોજરાજના સંશોધન સાથે આ તારીખોનો મેળ ખાય છે કે નહીં.'

પ્લેન હવે કચ્છના અખાત પરથી ઊડી રહ્યું હતું. સ્પીકર પરથી પાઇલટનો અવાજ આવ્યો: 'નીચે જે દેખાય છે એ રિલાયન્સ, જામનગરનું મરીન ટર્મિનલ છે. સાગર કાંઠાથી પંદર કિલોમીટર દૂર જહાજો લંગર નાંખે છે. એ જહાજોમાં આપણે ત્યાં વિદેશથી ક્રૂડ ઑઇલની આયાત થાય છે અને ડીઝલ, ગૅસોલિનની નિકાસ. આપણે હવે થોડી જ વારમાં જામનગર માટે ઉતરાણ શરૂ કરશું ત્યારે તમને વિશ્વની સહુથી મોટી ઑઇલ રિફાઇનરી દેખાશે...'

નાનકડું વિમાન જામનગર ઍરપૉર્ટ પર ઊતર્યું, ત્યારે પશ્ચિમમાં સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો.

૧૪

કંસના સલાહકારો, પૂતનાના મૃત્યુ પછી તૃણવર્ત નામના રાક્ષસને લઈ આવ્યા, જે ધારે ત્યારે જોરદાર પવન કે વંટોળિયાનું રૂપ ધારણ કરી શકતો. ગોકુળમાં ઘરઆંગણે મને એકલો રમતો જોઈને તૃણવર્તે મને ઉપાડી લીધો. હવામાં મને ઊંચે ને ઊંચે, દૂર ઘસડાતો જોઈને મારાં માતપિતાએ આક્રંદથી વાતાવરણ ગજવી નાંખ્યું. પણ તૃણવર્તનું ગળું દબાવીને, મેં જાણે એના સઢમાંથી બધીયે હવા કાઢી નાખી. શક્તિવિહોણા થઈ ગયેલા તૃણવર્તે મને પાછો જમીન પર લાવવો પડ્યો.

ડૉક્ટર નિખિલ ભોજરાજનો યુવાન, તમિલભાષી આસિસ્ટન્ટ જામનગર ઍરપૉર્ટ પર અતિથિઓની રાહ જોતો ઊભો હતો. 'વેલકમ ટુ ગુજરાત.' એણે હોંશભેર સૈની સાથે હાથ મિલાવતાં કહ્યું, 'ડૉક્ટર ભોજરાજે કહ્યું છે કે આજની રાત તમે દ્વારકામાં રોકાઈ જાવ. કાલે સવારે એક લૉન્ચ તમને આ કિનારેથી નવેક કિલોમીટર દૂર નાંગરેલા જહાજ પર લઈ જશે.'

જામનગરથી દ્વારકાની ૧૩૭ કિલોમીટરની યાત્રા કોઈ મુશ્કેલી વિના પૂરી થઈ ગઈ. સૈનીએ નોટપૅડમાં નોંધ ટપકાવવાનું ચાલુ રાખ્યું. ભોજરાજને મળવા એ અધીરો થયેલો. પણ ડૉક્ટરની સૂચના મુજબ આજની રાત દ્વારકાની હોટેલમાં ગાળવાની હતી.

ગાડીની બારીમાંથી શહેરનાં દૃશ્ય જોતાંજોતાં પ્રિયાએ પૂછ્યું 'મેં સાંભળ્યું છે કે દુનિયાના સહુથી મોટા આર્કિટૅક્ટ, બાંધકામ નિષ્ણાત વિશ્વકર્માને, કૃષ્ણએ દ્વારકાના નિર્માણની જવાબદારી સોંપેલી. પણ આ દ્વારકાને જોઈને લાગે છે કે વિશ્વકર્મા એમના કામમાં કાચા નીવડ્યા.'

ભોજરાજના આસિસ્ટન્ટે સ્મિત આપ્યું. 'એ વાત સાચી કે દરિયામાં ડૂબી ગયેલા કુષ્ઠસ્થલી નામના શહેરના અવશેષો પર વિશ્વકર્માએ નવું શહેર ઊભું કર્યું, પણ એનો દેખાવ, આજથી સાવ જુદો હતો. એને બનાવવા માટે ખાસ્સો દરિયો પૂરવો પડેલો. અને પછી એના પર ભવ્ય મહેલો, ઉદ્યાનો, મંદિરો ધરાવતી દ્વારકાની રચના થઈ. નગરનો ભપકો અને સમૃદ્ધિ જોનારની આંખને આંજી કે એવાં હતાં.

'એટલે, તમે માનો છો કે કૃષ્ણની દ્વારકાનું અસ્તિત્વ હતું!' સૈની બોલ્યો.

'હાસ્તો. હજી હમણાં સુધી મોટાભાગના ઈતિહાસવિદો દ્વારકાને કાલ્પનિક નગરી ગણાવતા હતા. પણ ડૉ. ભોજરાજ જેવા થોડા સંશોધકોને પ્રાચીન દ્વારકાના અસ્તિત્વ વિશે ક્યારેય શંકા નહોતી. એંસીના દાયકામાં જાણીતા આર્કિયોલૉજિસ્ટ એસ. આર. રાવની ટીમે ગુજરાતના દરિયામાં દ્વારકાની શોધ આરંભી, એમાં ડૉ. ભોજરાજ પણ સામેલ હતા. થોડા જ સમયમાં, ટીમના સભ્યોએ દરિયામાં ઊંડે, પથ્થરની દીવાલો અને એકની ઉપર એક, એવાં બાંધકામોના અડધો ડઝન સ્તર શોધી કાઢ્યા. તે ઉપરાંત પ્રાચીન બંદરગાહના અવશેષ, પ્રાણીઓનાં ચિત્રો ધરાવતી મુદ્રાઓ, વિષ્ણુની પ્રતિમાઓ અને ભારેખમ મોટા, પથ્થરનાં લંગર પણ પાણીમાંથી મળી આવ્યાં. દ્વારકા એ સમયે ધમધમતું વ્યાપારી બંદર હશે.' ભોજરાજનો આસિસ્ટન્ટ ભારે હોંશીલો અને વાતોડિયો નીકળ્યો.

સૈની થોડીવાર માટે ભૂલી ગયો કે કાયદાની નજરે પોતે ભાગેડુ હતો અને પોલીસ એને વાર્શનીની હત્યા માટે દોષી ઠરાવી ચૂકેલી 'સંશોધન અત્યારે ક્યાં ચાલી રહ્યું છે?' એણે પૂછ્યું.

યુવાને iPad પર દ્વારકાનો નકશો બતાવતાં કહ્યું, 'ધ આર્કિયૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા અને નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓશનોગ્રાફીએ, ઘણા સમય પહેલાં, અત્યારના દ્વારકાથી થોડે જ દૂર, દરિયાની સપાટીથી ૧૫-૨૦ મીટરના ઊંડાણમાં પ્રાચીન બાંધકામના અવશેષો શોધી કાઢેલા. બધાએ માની લીધું કે કૃષ્ણની દ્વારકા મળી આવી.'

'પછી?'

'એ અવશેષો કેટલા વર્ષ જૂના હતા. એ નક્કી કરવા માટે ફિઝિકલ રિસર્ચ લૅબૉરેટરીમાં મોકલાયા. ત્યાં કાર્બન ડેટિંગ, થર્મલ લ્યુમિનેસન્સ જેવાં પરીક્ષણો પછી એવો રિપોર્ટ મળ્યો કે, દરિયામાંથી મળેલા અવશેષો આજથી લગભગ ૩૭૦૦ વર્ષ પહેલાંના સમયના હતા.'

'પણ એ શક્ય જ નથી. ખગોળશાસ્ત્રાના આધારે નક્કી થઈ ગયું છે કે મહાભારતનું યુદ્ધ આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં લડાયું હતું. ગ્રીક ઇતિહાસ પણ આની સાક્ષી પૂરે છે.' સૈનીનો અવાજ ઊંચો થઈ ગયો.

'હા. એટલે જ પછી સ્વીકારવું પડ્યું કે, અત્યારની દ્વારકા પાસે મળેલા અવશેષો કૃષ્ણની દ્વારકાના નથી. પણ હવે ડૉક્ટર ભોજરાજે એક સાવ નવી થિયરી રજૂ કરી છે. જેની મદદથી કદાચ એ પ્રાચીન દ્વારકા સુધી પહોંચી શકાય.'

'એ કઈ થિયરી?'

'શું?' સૈનીએ ઉત્કંઠાભેર પૂછ્યું.

'આ થિયરીને આપણી આબોહવાના થતા રહેતા ફેરફાર સાથે સીધો સંબંધ છે.' કહીને ભોજરાજના આસિસ્ટન્ટે હવે એના આઈપૅડ પર બીજી ઈમેજ બતાવી.



'આપણે જેને આઈસએજ કે હિમયુગ કહીએ છીએ, એમાં શું થયું હશે એની કલ્પના કરો. પૃથ્વી અને આસપાસના વાતાવરણનું ઉષ્ણતામાન એટલી હદે ઘટતું જાય કે બરફની મોટી શિલાઓનું નિર્માણ થાય. આપણા ઇતિહાસમાં પૃથ્વીનો છેલ્લો હિમયુગ ૧૧૦ હજાર વર્ષ પૂર્વે શરૂ થયો આજથી વીસ હજાર વર્ષ પહેલાં એ પરાકાષ્ઠાએ પહોંચ્યો અને દસ હજાર વર્ષ પહેલાં એનો અંત આવ્યો. ઉષ્ણતામાનનો આંક ઊંચો ગયો હિમશિલાઓ પીગળવા લાગી, અને એ બધું પાણી જઈને દરિયામાં ઠલવાયું. સ્વાભાવિક રીતે જ દરિયાની સપાટી ઊંચે જવા લાગી. એવો એક અંદાજ મૂકાય છે કે છેલ્લા અઢાર હજાર વર્ષમાં વિશ્વનું સરેરાશ સી-લેવલ, ૧૩૦ મીટર ઊંચું ગયું છે. આને પરિણામે

ભારતના પશ્ચિમ કિનારે લગભગ અઢી લાખ ચો.કિ.મી. જેટલી જમીન પાણીમાં ગરક થઈ ગઈ છે.'

સૈનીએ આ નવી માહિતી પર થોડીવાર વિચારીને પછી સવાલ કર્યો. 'તો ભારતના પશ્ચિમ તટે વર્ષો પહેલાં પાણીમાં ડૂબી ગયેલું જે શહેર તમને મળ્યું, એ કૃષ્ણની દ્વારકા નહોતી?'

યુવાને જરાય ખચકાયા વિના આનો જવાબ આપ્યો. 'દ્વારકા હતી, પણ કૃષ્ણના પછીના યુગની! કૃષ્ણના સમયે, આજનો દ્વારકાનો કિનારો, દરિયામાં ખાસ્સો અંદરની તરફ હતો. અહીંના પાણીમાં સંશોધન ચાલુ રહ્યું તો બીજા ઘણા પ્રાચીન બાંધકામના અવશેષ મળી આવશે. દ્વારકા એક એવું શહેર છે જે હજારો વર્ષના સમયગાળામાં સતત બનતું, ડૂબતું એના પર નવેસરથી બંધાતું રહ્યું છે. છેલ્લું બાંધકામ અત્યારે આપણી નજર સામેનું ધમધમતું શહેર છે. પણ સહુથી જૂનું હજી ક્યાંક સાગરના તળિયે છે. અમારો અંદાજ છે કે કૃષ્ણની દ્વારકા કચ્છના અખાતમાં, ૨૫ થી ૪૦ મીટરની ઊંડાઈએ હોવી જોઈએ.

૧૫

ભગવાન શિવ મને માનવસ્વરૂપમાં જોવા ઉત્સુક હતા. અને એ માટે એમણે પોતે પૃથ્વી પર આવીને સાધુનું રૂપ ધારણ કર્યું. સાધુ બનેલા શિવે, ગોકુળમાં નંદને દરવાજે જઈને સાદ પાડ્યો. માતા યશોદાએ એમની સામે ભોજન અને ધનની ભિક્ષા ધરી. પણ સાધુએ કહ્યું કે એ તો માત્ર કૃષ્ણને જોવા આવ્યા હતા. કૃષ્ણને મારવા માટે આવેલા જાતજાતનાં રાક્ષસ-રાક્ષસીઓને જોઈજોઈને મારી માતા બહુ ગભરાઈ ગયેલી. સાધુનો અનાદર તો ન કરાય, પણ એણે શરત મૂકી કે બહાર ઊભા રહીને એ બાળકને માત્ર જોશે, સ્પર્શ નહીં કરે. શિવે આ વાત માન્ય રાખી.

યશોદામૈયા મને લઈને બહાર આવી. અને જોતાંની સાથે શિવ ઘૂંટણભેર ઝૂકી પડ્યા. મને માનવરૂપમાં નિરખીને એમની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. આખરે તો, શિવ અને વિશ, એક જ સિક્કાની બે બાજુ છે ને!.

'અને, પાણીમાં ડૂબેલું એ શહેર, મહાભારતના સમયનું દ્વારકા હતું, એનો ક્યો પુરાવો તમારી પાસે છે?' સૈનીએ પૂછ્યું.

'હરિવંશમાં લખ્યું છે કે, દ્વારકાના નિર્માણ માટે દરિયામાંથી થોડી જમીન મેળવવી પડેલી. તમે કહો તો હરિવંશના મૂળ સંસ્કૃત શ્લોક અને ભાષાંતર તમને બતાવું.' ડૉ. ભોજરાજના આસિસ્ટન્ટે એનું iPad હાથમાં લેતાં કહ્યું.

સૈનીએ હા પાડી અને પછી ધ્યાનથી વાંચવાનું શરૂ કર્યું. હરિવંશના એ પ્રકરણમાં દ્વારકાની કલ્પનાથી માંડીને નિર્માણનું વર્ણન થયું હતું.

'कल्पितेयम मय भूमि: पश्यध्वम्
देवसद्मवत् नामचस्य: क्रितम पूर्याह
ख्यातिम यदुपयास्यति.

કૃષ્ણએ કહ્યું, 'મેં પસંદ કરેલું આ સ્થળ જુઓ. ક્યા નામથી એ નગર વિખ્યાત થશે, એ પણ મેં નક્કી કરી નાખ્યું છે.

'इय**म द्वा**रावती नाम पृथीव्यम निर्मित
मय भविष्यति पुरी रम्य शक्रस्येव अमरावती'

પૃથ્વી પર દ્વારાવતી નામનું જે નગર હું બનાવીશ, એ ઈન્દ્રની અમરાવતી જેવું ભવ્ય હશે.

સૈનીએ આંખો ચોળી. હરિવંશના બીજા શ્લોકોનું સરળ ભાષાંતર એ વાંચતો ગયો. એ જ ક્ષણે મહાન વાસ્તુવિદ્ શિલ્પકાર, વિશ્વકર્મા, કૃષ્ણની સામે પ્રગટ થયા.

વિશ્વકર્માએ કહ્યું, 'હે વિષ્ણુ, મને અહીં ઈન્દ્રએ તમારા સેવક તરીકે મોકલ્યો છે, તમે આદેશ આપો.'

કૃષ્ણએ કહ્યું, 'તમારી અદ્‌ભુત કલાથી મારી પ્રતિભાને શોભે એવું નગર અને નિવાસસ્થાનોનું નિર્માણ કરો. સ્વર્ગ જેવો મારો મહેલ બનાવો. આ યાદવોની સમૃદ્ધિનું પ્રતીક લાગવું જોઈએ.'

વિશ્વકર્માએ કહ્યું, 'હું તમારી ઈચ્છા પ્રમાણે કામ કરીશ. પરંતુ નગર માટે તમે આપેલી જગ્યા બહુ ઓછી પડશે.'

'હે પુરુષોત્તમ, સમુદ્રરાજ જો થોડી જગ્યા આપે તો દરેક શુભ લક્ષણ ધરાવતું નગર હું બનાવી આપીશ.'

આ સાંભળીને કૃષ્ણએ નદીઓના રાજા સાગરને કહ્યું: 'હે સાગર, મારા પ્રત્યે આદર હોય તો, તમારી બાર યોજન ભૂમિ છોડીને ખસી જાવ.'

તમારા તરફથી મળેલી ભૂમિ મારા આખા સૈન્ય માટે પૂરતી થશે.

કૃષ્ણના શબ્દો સાંભળીને સાગરે વાયુની મદદથી, જ્યાં પાણી હતું એ જગ્યા છોડી દીધી.

iPad પર છેલ્લું વાક્ય વાંચીને સૈનીએ ઊંચું જોયું. ભોજરાજના આસિસ્ટન્ટે નાનકડું સ્મિત આપતાં કહ્યું, 'પ્રાચીન ગ્રંથોમાં વિજ્ઞાન પણ ચમત્કારના રૂપમાં રજૂ થયું છે. કૃષ્ણએ સાગર પાસેથી બાર યોજન ભૂમિ માંગવાની પ્રાર્થના કરી, એનો અર્થ ખરેખર તો એવો થાય કે એ સમયના એન્જિનિયરો અને બીજા બાંધકામ નિષ્ણાતોની મદદથી એમણે દરિયો પૂરીને ત્યાં શહેર ઊભું કરવા માટે જમીન મેળવી.'

'હરિવંશ તો મેં વાંચ્યું છે. પણ એમાં જે દ્વારકાનું વર્ણન થયું છે, એને જ તમે અત્યારે દરિયાના પેટાળમાં શોધી રહ્યા છો, એવું શેના પરથી પુરવાર થઈ શકે?' સૈનીએ પૂછ્યું.

'અત્યાર સુધી બાંધકામના જે પણ અવશેષો મળ્યા છે, એ જોઈને એટલું તો સાબિત થઈ ગયું છે કે એ મકાનોના પાયા, જમીન નહીં, પણ યોજનાબદ્ધ ગોઠવેલા મોટા પથ્થરો પર છે.'

'તો?' પ્રિયાએ પૂછ્યું.

'મને ખ્યાલ છે ત્યાં સુધી, પ્રાચીનકાળમાં દરિયો પૂરવા માટે એમાં વિશાળ કદના પથ્થરો નાંખાતા હતા. એને કારણે પાણી પાછળ હટતું જાય અને તેની જગ્યાએ નવા બાંધકામ માટે પથ્થરોનો થર ધરાવતી જગ્યા મળે. વિજ્ઞાનની મદદથી હવે એ તો સાબિત થઈ જ ગયું છે કે જૂના જમાનામાં આ રીતે દરિયાને પાછળ ધકેલીને ત્યાં શહેરો ઊભાં થતાં હતાં.'

આ જવાબ મળ્યા પછી, સૈની અને પ્રિયાને તત્કાળ કોઈ નવા સવાલ સૂઝ્યા નહીં. અને થોડીવારમાં એમણે જ્યાં રાતવાસો કરવાનો હતો, એ હોટેલ પર આવીને ગાડી ઊભી રહી ગઈ.

'કાલે સવારે મળીશું.' કહીને પેલો યુવાન ત્યાંથી રવાના થઈ ગયો. લગભગ અડધો કલાક પછી એના સેલફોન પર મેસેજ આવ્યો — નક્કી થયેલા પ્લાન મુજબ આવતીકાલે આગળ વધવાનું છે.

૧૬

પૂતના અને તૃણવર્ત મરી ગયાં, એ પછી કંસને સૂઝતું નહોતું કે હવે શું કરવું.! પણ એક દિવસ અચાનક ક્યાંકથી એના કાને અવાજ પડ્યો, 'હું શકટાસુર છું.'
બોલનાર નરી આંખે દેખાયો નહીં પણ એના શબ્દો સ્પષ્ટપણે કંસના કાને પડ્યા. 'મને મારા સુંદર દેખાવનો બહુ ઘમંડ હતો. ઈર્ષ્યાના માર્યા એક ઋષિએ મને કાયમ માટે અદૃશ્ય થઈ જવાનો શાપ આપ્યો. પણ હું તમારી સેવામાં' હાજર છું.'
આવું કહીને શકટાસુર ગીકુળમાં આવ્યો અને હું રમતો હતો ત્યાં આવીને પૂરજોશથી એક મોટા ગાડાને મારા પર ધકેલી દીધું. પણ મેં તો કોઈ રમકડાને હું લાત મારતો હોઉં, એટલી સહેલાઈથી ગાડું ઊંચે ઉછાળીને, એના ટુકડેટુકડા કરી નાખ્યા.

સૈનીને હૉસ્પિટલ લઈ જતી ઍમ્બ્યુલન્સને અકસ્માત નડ્યો અને કેદી ભાગી ગયો એની પંદર મિનિટમાં રાઠોડને જાણ થઈ ગઈ. પોલીસ જીમખાનામાં સ્કવૉશ રમવા જઈ રહેલા રાઠોડે એ પ્લાન પડતો મૂકીને એની સિનિયરને ફોન જોડ્યો.

સમાચાર સાંભળતાંની સાથે ઈન્સ્પેક્ટર રાધિકા સિંઘનો ગુસ્સો ભભૂકી ઊઠશે એવી ધારણા રાઠોડે રાખેલી, પણ એ ખોટી પડી.

'ઍક્સિડન્ટ ક્યાં થયો? રાધિકાએ શાંતિથી પૂછ્યું.

'ક્લાર્ક્સ ગ્રૂપની આમેર હોટેલ પાસે', રાઠોડે જવાબ આપ્યો.

'ઍરપૉર્ટ એની બાજુમાં જ છે. આજે ત્યાંથી કેટલી ફ્લાઈટ્સ બહાર જવા રવાના થઈ એની તપાસ કરો. હોટેલના મૅનેજરની કડક પૂછતાછ કરો. અને હા, પેલા જેલના ડૉક્ટરને તાબડતોબ મારી સામે રજૂ કરો. આ કોઈ ઍક્સિડન્ટ નહીં, નાટક લાગે છે.' રાધિકાએ સિગારેટ સળગાવીને ધુમાડાની સાથે ફટાફટ સૂચનો છોડ્યાં.

'રાઠોડ?'

'જી!'

'સૈનીનું નામ અને ચહેરો, લોકોમાં સાવ અજાણ્યા નથી. આપણા પોલીસ ડિપાર્ટમૅન્ટ અને CBI ની વેબસાઈટ પર ભાગેડુ અપરાધી, 'વૉન્ટેડ' તરીકે એને જાહેર કરી દો. અને થોડી ન્યૂઝ ચેનલ્સ પર પણ વાત પહોંચાડી દો.'

'હમણાં બધાંને કામે લગાડી દઉં છું.' રાઠોડે કહ્યું.

'અને, એક છેલ્લી વાત...'

'શું?'

'સંજય રત્નાનીની હિલચાલ પર બરાબર નજર રાખો. એના અને એની દીકરી પ્રિયાના સેલફોન પરથી આવતા-જતા બધાય કૉલ્સની નોંધ રાખો. સૈનીનો ફોન તો આપણી પાસે જ છે પણ ગુનાના બીજા પુરાવા જેવું પેલું પ્રાચીન સીલ હતું, એ જેલના ઇન્ટરોગેશન રૂમમાંથી ગાયબ થઈ ગયું છે. મને શંકા નહીં, ખાતરી છે કે આ બધાંની

પાછળ રત્નાનીનો હાથ છે. ચોવીસ કલાક એના પર નજર રાખો.’ રાધિકાએ સિગારેટ પૂરી કરીને, ઠૂંઠું એશટ્રેમાં નાંખ્યું અને હાથમાં માળા લઈને હરિનામનો મૌન જાપ શરૂ કરી દીધો.

૧૭

હવે મારી પ્રાણપ્યારી રાધા વિશે થોડી વાત કરું.

ગોવાળોના મુખિયા વૃષભાનુ એક દિવસ યમુનામાં સ્નાન કરીને ઘેર પાછા ફરી રહ્યા હતા. રસ્તામાં એક નાનકડા તળાવ તરફ એમની નજર ગઈ તો પાણીની અંદર એક દેદીપ્યમાન સોનેરી કમળમાં સૂતેલી સુંદર બાલિકા દેખાઈ.

'હે રાજા, આ રાધા છે. વિષ્ણુના આઠમા અવતારની પ્રિયતમા તરીકે એનો જન્મ થયો છે. એને ઘેર લઈ જા.' આવી આકાશવાણી સાંભળીને નિ:સંતાન વૃષભાનુના આનંદનો તો પાર ન રહ્યો.

ઘેર આવ્યા બાદ જોકે પૂરા પાંચ વર્ષ સુધી રાધાએ આંખો ન ખોલી. માતપિતાએ માની લીધું કે પુત્રી અંધ હતી. પરંતુ વાસ્તવિકતા સાવ જુદી હતી. રાધા મારા આગમનની પ્રતીક્ષા કરતી હતી.

મારો જન્મ થયો, ત્યારે વૃષભાનુએ મારા પાલક પિતાને પરિવાર સહિત પોતાને ઘેર ભોજનનું નિમંત્રણ આપ્યું. મારા આગમનની સાથે રાધાએ આંખો ખોલી અને એની નજર સમક્ષ આવેલો પહેલવહેલો ચહેરો મારો હતો.

દ્વારકાના કિનારેથી ખાસ્સા દૂર લાંગરેલા સંશોધન — જહાજ સુધી જવા માટે, ભોજરાજના આસિસ્ટન્ટે, એક નાની બોટ તૈયાર રાખી હતી. થોડી જ વારમાં સૈની અને પ્રિયા, R/V Radha નામના જહાજ પર પહોંચી ગયા.

'પેલા કોરિડૉરમાં થોડા આગળ જશો તો ડૉક્ટર ભોજરાજની લૅબૉરેટરી આવશે. એ તમારી રાહ જુએ છે. તમે જાવ, હું આ બોટવાળાનું ભાડું ચૂકવીને આવું છું.' ભોજરાજના તમીલભાષી આસિસ્ટન્ટે બોટમાં બેઠા બેઠા જ કહ્યું. નાની સીડી ચઢીને તૂતક પર પહોંચેલા સૈની અને પ્રિયાએ વિશાળ જહાજના લાંબા કોરિડૉરમાં ચાલવાનું શરૂ કર્યું.

વિશ્વના સહુથી મોટા શીપબિલ્ડિંગ યાર્ડ ગણાતા, કોરિયન કંપની હુંડાઇએ આ જહાજ બનાવ્યું હતું. લૅબૉરેટરી અને બીજા ડિપાર્ટમૅન્ટ્સની દિશા બતાવતા સાઇન બોર્ડ્સ ઠેરઠેર હતાં. પણ આશ્ચર્યની વાત એ હતી કે ક્યાંય કોઈ માણસ નહોતો દેખાતો. અરે આવડો મોટો રિસર્ચ પ્રોજેક્ટ જેના પર ચાલી રહ્યો હતો એ જગ્યાએ એક નાનો સરખો ગણગણાટ પણ અત્યારે નહોતો સંભળાતો.

'કદાચ આખીયે ટીમ કોઈ મિટિંગમાં બીઝી હશે', પ્રિયાએ ધારણા બાંધી.

ડૉ. નિખિલ ભોજરાજનું નામ લખેલા દરવાજા પાસે પહોંચીને સૈનીએ હળવેથી ટકોરા માર્યા. અંદરથી કોઈ જવાબ ન મળ્યો. સૈનીએ ફરીથી અને થોડા વધુ જોરથી ટકોરા મારીને પોતાના આગમનની જાહેરાત કરી. પણ દરવાજાની બીજી તરફની શાંતિમાં કોઈ ભંગ ન પડ્યો.

સૈનીએ થોડા મૂંઝાઈને પ્રિયા સામે જોયું અને પછી હોઠ ભીડીને ડોર હેન્ડલ ફેરવ્યું. દરવાજો ખૂલી ગયો, પણ સામે જે દૃશ્ય દેખાયું, એણે સૈનીને અવાક કરી દીધો. ઘડીક તો

એને જહાજની રેલિંગ પર ચઢીને ઊંડા પાણીમાં ઝંપલાવી દેવાની ઇચ્છા થઈ ગઈ અને સૈનીને જો ખબર પડી હોત કે આ પળે બોટમાં બેઠેલો ભોજરાજનો આસિસ્ટન્ટ પોલીસને ફોન જોડી રહ્યો હતો તો એ ખરેખર દરિયામાં પડતું મૂકી દેત.

'પ્લીઝ, જલદી આવો R/V Radha પર ખૂન થઈ ગયું છે.' આઘાતભર્યા અવાજે, યુવાને ફોન પર પોલીસને જાણ કરી.

બીજી તરફ, આઘાતમાંથી બહાર આવેલો સૈની, લૅબૉરેટરીમાં પ્રવેશીને લોહીના ખાબોચિયામાં પડેલી લાશ પાસે ગયો. મૃત વ્યક્તિ ડૉ. ભોજરાજ હતા. એમાં એને કોઈ શંકા નહોતી. લાશના ડાબા પગમાં ખૂંપેલો અસ્ત્રો એના પર કોતરેલા બે અક્ષર RM પાછળ દીવાલ પર લોહીથી લખાયેલો સંસ્કૃત શ્લોક... આવું જ દૃશ્ય સૈની આ પહેલાં ઇન્સ્પેક્ટર રાધિકાએ બતાવેલી તસવીરોમાં જોઈ ચૂક્યો હતો. એના મિત્ર અનિલ વાર્શનીને કોઈએ આ જ રીતે મારી નાખેલો. ભોજરાજના કપાળ પર પણ રબર સ્ટેમ્પથી મારેલી સંજ્ઞા હતી.

સૈનીએ આંખો પટપટાવી. ના, આ સંજ્ઞા પેલીથી જુદી હતી. ડૉ. ભોજરાજના કપાળની વચ્ચોવચ એક વર્તુળની અંદર કમળનું ચિત્ર દેખાતું હતું.



'તને નાડી જોતાં આવડે છે?' સૈનીએ પૂછ્યું.

'હા, પણ ગળા પર નહીં' પ્રિયાએ ભોજરાજના બંધાયેલા હાથ તરફ ઇશારો કરતાં જવાબ આપ્યો.

સૈનીએ ઝટ દઈને, ટેબલ પર પડેલી કાતર ઉપાડી અને હાથ બાંધવા માટે વપરાયેલી ડક્ટ ટેપ કાપી નાખી. પ્રિયાએ ઝૂકીને ભોજરાજના કાંડે આંગળી તો મૂકી પણ જે ધાર્યું હતું એ જ જવાબ મળ્યો. 'જીવ નથી રહ્યો. મદદ માટે બીજાને બોલાવી લઈએ.'

પણ બોલાવે તોયે કોણ સાંભળવાનું હતું? સાદ પાડતી પાડતી પ્રિયા લૅબૉરેટરીમાંથી બહાર નીકળી. જેટલા બંધ દરવાજા દેખાયા. એટલા ખખડાવ્યા, ખોલ્યા. પણ બધું ખાલીખમ! અને, છેવટે કૉમનરૂમમાં પહોંચી ત્યારે ત્યાં એકસાથે સાત જણ દેખાયા, પણ કોઈ હોશમાં નહીં. કોઈ ટેબલ પર, તો કોઈ જમીન પર... ભોજરાજની રિસર્ચ ટીમના બધાય મૅમ્બર્સ, કોઈ દવાની અસર હેઠળ બેભાન થઈને પડ્યાં હતાં.

પ્રિયા લૅબૉરેટરીમાં પાછી ફરી. ત્યાં સૈની દીવાલ પર લખાયેલા શ્લોકની સામે તાકતો હજી ઊભો જ હતો. 'તારા ફોન પર આના ફોટોગ્રાફ્સ પાડી લઈએ.' એણે પ્રિયાને જોઈને કહ્યું.

'શું? ફોટાબોટાની વાત છોડીને અને અહીંથી ભાગવાનું વિચારો. કોઈએ તમને ફસાવી દીધા છે. પોલીસ આવતાંની સાથે, ભોજરાજની હત્યાનો દોષ તમારા માથે નાખી દેશે.' પ્રિયા અકળાઈને બોલી.

'અરે, ફોન હોય તો આપ!' સૈનીના અવાજમાં અધીરાઈ આવી ગઈ. પ્રિયાએ વધુ

દલીલ કરવાને બદલે, એના જિન્સના ખિસ્સામાંથી ફોન કાઢીને સૈની સામે લંબાવ્યો. સૈનીએ ફટાફટ, દીવાલ પર ચીતરાયેલા શ્લોકની પાંચ-સાત તસવીરો ફોનના કૅમેરામાં કેદ કરી લીધી.

'તમારી ડિટેક્ટિવગીરી પૂરી થઈ?' પ્રિયાએ તીખા કટાક્ષભાવે પૂછ્યું. 'લાગે છે કે, તમને હજી પરિસ્થિતિની ગંભીરતા નથી સમજાઈ. ભોજરાજ બરાબર વાર્શનીની જેમ મર્યા છે અને બંને જગ્યાએ તમારી હાજરીના પુરાવા છે. ભોજરાજની આખીએ ટીમ ત્યાં બેભાન પડી છે. આપણે અહીં, મર્ડર થઈ ગયા પછી પહોંચ્યા, એની સાક્ષી આપવાવાળું કોઈ નથી. ભોજરાજનો આસિસ્ટન્ટ હોવાનો દાવો કરીને જે માણસ આપણને અહીં લઈ આવ્યો, એ રફુચક્કર થઈ ગયો છે. મને તો એ પણ સૂઝતું નથી કે આપણે અહીંથી કિનારે કેવી રીતે પહોંચશું...'

પ્રિયા એકશ્વાસે બોલી ગઈ. પણ સૈની પર એની કોઈ અસર થઈ હોય એવું નહોતું લાગતું. દીવાલ પરથી ખસેલી એની નજર હવે જમીન પર પડેલા ચાંદીના એક બ્રેસલેટ પર જઈને અટકી. વાંકા વળીને, આંખો ઝીણી કરીને એણે બ્રેસલેટ પર લખેલું નામ વાંચવાની કોશિશ કરી, તારક વકીલ . આ બ્રેસલેટ પહેરનારે ભોજરાજની હત્યા કરી હશે?

વિચારમાં ડૂબી ગયેલા સૈનીએ બ્રેસલેટ ઊંચકીને પેન્ટના ખિસ્સામાં સરકાવી દીધું. કોઈ ધ્યાનમાં સરી પડ્યો હોય, એવી રીતે એણે ટેબલ પર પથરાયેલા નકશા પર નજર ફેરવી. મરતાં પહેલાં ડૉ. ભોજરાજ કદાચ આ નકશાનો અભ્યાસ કરી રહ્યા હતા. 'અદ્ભુત!' એના મોઢામાંથી સરી પડ્યું.

પ્રાચીન હિન્દુ ગ્રંથોમાં લખ્યું છે કે, આખુંયે બ્રહ્માંડ, સાત ટાપુ, એટલે કે સપ્તદ્વીપમાંથી બન્યું હતું. અને આ નકશા કહે છે કે, એ સાતેય ટાપુ દ્વારકામાં જ હતા. દ્વારકા એક શહેર નહીં, આખું વિશ્વ હતું. આ તો અદ્ભુત સંશોધન કહેવાય. સૈનીના અવાજમાં ઉત્સાહ છલકાઈ પડ્યો.

ફોનના કૅમેરા પર હમણાં જે ફોટોગ્રાફ્સ લીધા, એને તારા ઈ-મેલ એડ્રેસ પર મોકલી શકાય?' થોડીવાર બાદ એણે પૂછ્યું.

'શ્યોર' કહીને પ્રિયાએ ઝડપભેર આ સૂચન અમલમાં મૂકી દીધું. તસવીરો, કૅમેરા પરથી એના ઈ-મેલ અકાઉન્ટમાં પહોંચી ગઈ. 'પણ કેમ?' પ્રિયાએ ફોન ખિસ્સામાં મૂકીને પછી પૂછ્યું.

'કારણ કે, દરિયામાં આપણાં ઝંપલાવતાંની સાથે તારો એ ફોન નકામો થઈ જશે.' સૈનીએ જવાબ આપ્યો.

૧૮

ગોકુળના લોકો માટે હું કાનો કે કનૈયો હતો. કોઈ મને કૃષ્ણના નામે નહોતું બોલાવતું. મારાં તોફાનોની ચર્ચા ચારે બાજુ હતી. માખણચોર તરીકે હું આખા ગામમાં વગોવાઈ ગયેલો. મિત્રોની ટોળી સાથે હું ચોરીછૂપીથી ગોવાળણોના ઘરમાં ઘૂસી જતો અને, ત્યાં મટકામાં ભરેલું માખણ અમે સફાચટ કરી જતા.

ગોપીઓ, યશોદામૈયાને ફરિયાદ કરવા દોડી જતી. પણ હું થોડો મારી ચોરી કબૂલ કરું? 'આ બધી સાવ ખોટું બોલે છે. મેં માખણ નથી ખાધું' સાવ દયામણો થઈને, આંસુભીની આંખે હું મારી નિર્દોષતા જાહેર કરતો અને બસ, મૈયાનું મન બીજી જ ક્ષણે પીગળી જતું. ગુસ્સે થવાને બદલે એ મારા પર વધુ હેત વરસાવી દેતી.

માછીમાર ઈકબાલ પટેલ. પોતાની નાની, પણ દરિયાનાં પાણી સામે બરાબર ઝીંક ઝીલી શકે એવી હોડીમાં બેઠો બેઠો, મોજથી કોઈ ફિલ્મી ગીત ગણગણી રહ્યો હતો. આજે એની જાળમાં પુષ્કળ માછલીઓ પકડાઈ હતી અને હવે, સુકાન કિનારા ભણી ફેરવવાનો સમય આવી ગયેલો.

અચાનક, ગીતના શબ્દો એના ગળામાં અટકી ગયા. દરિયામાં તરતા કે પછી તણાઈ આવેલાં બે જણ એની હોડીને પકડવાનાં ફાંફાં મારી રહ્યાં હતાં. 'કોણ છો તમે?' ઈકબાલે ગભરાઈને પૂછ્યું. મદદ માંગવાના બહાને સાગરમાર્ગે ભારતમાં ઘૂસી આવતા પાકિસ્તાની જાસૂસો વિશે એણે ઘણું સાંભળ્યું હતું.

'અરે ભાઈ, અમારી બોટ, અધવચ્ચે પહોંચીને ખોટકાઈ પડી.' સૈનીએ હાંફતાહાંફતા કહ્યું.

ઈકબાલે આસપાસ નજર નાખી. દૂરદૂર સુધી કોઈ બોટ નજરે નહોતી પડતી. પણ સામેવાળા ખોટું બોલતાં હોય, તોયે એમને ડૂબવા માટે છોડી દેતાં, એનો જીવ ન ચાલ્યો. ખચકાટ બાજુએ મૂકીને એણે પેલા યુગલને પાણીમાંથી હોડી પર ચઢવા માટે મદદ કરી.

થાકના માર્યાં હોડીમાં ઢગલો થઈ ગયેલાં સૈની અને પ્રિયા થોડીવાર માટે તો કંઈ બોલી ન શક્યાં. ભારોભાર શંકા સાથે ઈકબાલ એમને તાકી રહ્યો. એના દિમાગમાં અનેક સવાલો ઘૂમરાઈ રહ્યા હતા. કોણ છે આ લોકો... મધદરિયે એ શું કરતા હતા... હિન્દુસ્તાની છે કે પાકિસ્તાની... એ લોકોને મદદ કરીને ક્યાંક હું પોલીસના ચક્કરમાં તો નહીં ફસાઈ જાઉં ને... કિનારે પહોંચતાંની સાથે હું જ એમને પોલીસને હવાલે કરી દઉં તો...?

ઈકબાલને ચિંતા થવી સ્વાભાવિક હતી. ગુજરાતના દરિયામાં હોડી લઈને જતા કોળીઓ, એમની જાળમાં પુષ્કળ માછલીઓ પકડીને પાછા ફરતા, પણ ક્યારેક કુદરત રૂઠે તો પોતે મધદરિયે ફસાઈ જતા. દરિયામાં તો સરહદ દેખાય નહીં. વધુ અંદર જઈને, વધુ માછલી પકડવાની લાલચે માછીમારો જાણેઅજાણે, કોઈવાર પાકિસ્તાનની હદમાં પ્રવેશી જતા. અને ત્યાં સતત પેટ્રોલિંગ કરતા પાક સુરક્ષાદળનાં જહાજો એમને જાસૂસ ગણીને

પકડી લેતા. પાકિસ્તાની માછીમારો સાથે પણ આવું થતું. એમણે વળી ભારતીય જેલની હવા ખાવાનો વખત આવતો. પકડાઈ ગયેલા માછીમારો નિર્દોષ છે કે જાસૂસ એ નક્કી કરવામાં બંને દેશવાળા ઘણીવાર વર્ષો કાઢી નાંખતા હતા.

ઈકબાલે આવી ઘણી કહાણીઓ સાંભળી હતી. એ જાતે કોળી હતો. 'કોળી' શબ્દનો અર્થ થાય, કરોળિયો! અથવા તો એવી વ્યક્તિ જે કરોળિયાની જેમ જાળ ગૂંથી શકે. મોટાભાગના કોળી હિન્દુ હતા. પણ મુગલકાળમાં, એમાંથી ઘણાં ધર્માંતરણ કરીને મુસ્લિમ થઈ ગયેલા. એમણે અને એમના વારસદારોએ જોકે મૂળ અટક જાળવી રાખી. ઈકબાલ પટેલ, આવો જ એક કોળી માછીમાર હતો.

સૈનીને સમજતાં વાર ન લાગી કે એણે ઉતાવળે ઘડી કાઢેલી કહાણી, સામે બેઠેલા માછીમારના ગળે નહોતી ઊતરી. હવે એવું શું કરવું કે, આ માણસ ખુશ થાય, એટલું જ નહીં, કોઈક રીતે મુસીબતમાંથી બહાર નીકળવામાં પણ મદદરૂપ થાય?

થોડીવાર વિચાર્યા બાદ સૈનીએ પ્રિયા તરફ ફરીને કહ્યું, 'ફોન હજી તારી પાસે છે ને?'

'ફોન તો છે, પણ ચાલતો હશે કે નહીં, એ ખબર નથી. કંપનીવાળાનો દાવો હતો કે આ વૉટરપ્રૂફ મૉડેલ છે. પણ...'

'ચાલુ હોય તો આ માણસને આપી દે, ગિફ્ટમાં!' પ્રિયાની વાત અધવચ્ચે અટકાવીને સૈનીએ કહ્યું.

'શું?' પ્રિયા ચમકી ગઈ. 'બીજાઓ સાથે સંપર્કમાં રહેવાનું આ એકમાત્ર સાધન આપણી પાસે છે.'

'શહેરમાં પહોંચીને પ્રિ-પેઈડ SIM કાર્ડવાળો એક સાદો ફોન ખરીદી લઈશું. આમેય તારો આ ફોન આપણી પાસે રહેશે, ત્યાં સુધી GPS સેટેલાઇટની મદદથી પોલીસ આપણું પગેરું દબાવતી રહેશે. એટલું જ નહીં, આપણા દુશ્મન થઈ બેઠેલા બીજા લોકોને પણ આપણી હિલચાલની માહિતી મળતી રહેશે.' સૈનીએ કહ્યું.

પ્રિયાને ગળે વાત ઊતરી ગઈ. માછીમારને આ મોંઘેરી ગિફ્ટ આપતાં પહેલાં એણે જોકે ફોનમાં ફેક્ટરી રિસેટ માટેનો કોડવર્ડ પંચ કરી લીધો. 'મારા જૂના મૅસેજીસ હવે કોઈ વાંચી નહીં શકે' આટલું કહીને એણે પૂછ્યું, 'ફોનમાંથી SIM કાર્ડ કાઢીને ફેંકી દઉં?'

'ના, SIM કાર્ડવાળો ફોન જ આ ભાઈને આપી દો. ભલેને, પેલા લોકો આપણને થોડા દિવસ અરબી સમુદ્રમાં શોધ્યા કરે.' સૈનીએ લુચ્ચું હસીને કહ્યું.

'અમારો જીવ બચાવી લેવા માટે આભાર! બદલામાં આ એક નાની ભેટ સ્વીકારવાની કૃપા કરો!' નમ્રભાવે બોલીને પ્રિયાએ માછીમાર સામે પોતાનો ફોન લંબાવ્યો.

ઈકબાલ પટેલના ચહેરા પર ચિંતા અને શંકાની જગ્યાએ રાજીપાની લહેર દોડી આવી.

૧૯

ક્યારેક હું અને મોટો ભાઈ બલરામ, ઘરની પાછળ ગાયોની ગમાણમાં જઈને, વાછરડાનું પૂછડું પકડી લેતાં. ભડકી ગયેલું નાનું પ્રાણી દોડાદોડ કરી મૂકતું અને એની પાછળ અમે મોજથી કાદવમાં ઢસડાતા. ઘરમાં પાછા આવીએ ત્યારે પગથી માથા સુધી ગંદાગોબરા હોઈએ પણ આવાં તોફાન કરવા બદલ ક્યારેય માતાના હાથનો માર ખાધો હોય એવું યાદ નથી. હા, એકવાર ગોપીઓની ફરિયાદથી થાકીને યશોદામૈયાએ મને મોટા, વજનદાર સાંબેલા સાથે, દોરડે બાંધી દીધો.

જોકે એના માટે આ સહેલું નહોતું. જેટલીવાર એ મને બાંધવા જાય, એટલી વાર હું દોરડું ટૂંકું કરી નાખું, બિચારી થાકી ગઈ. છેવટે મને દયા આવી, અને જાતને બંધાવા દીધી. જોકે મૈયાની પીઠ ફરતાંની સાથે મેં ચાલવાનું શરૂ કરી દીધું. અમારા આંગણામાં વર્ષોથી બે અર્જુનવૃક્ષ ઊભાં હતાં. હું તો એમની વચ્ચેથી નીકળી ગયો, પણ મારી સાથે બંધાયેલું સાંબેલું બીજી તરફ અટકી પડ્યું. મેં સહેજ જોર કર્યું અને પેલાં બે વિશાળ ઊંચાં વૃક્ષ મૂળ સહિત ઊખડીને જમીન પર પડ્યાં.

પડતાંની સાથે વૃક્ષની જગ્યાએ બે દેવ પ્રગટ થયા. એકસો વર્ષ પહેલાં એમના અભિમાની સ્વભાવથી રોષિત થઈને નારદમુનિએ આ દેવોને ઝાડ થઈ જવાનો શાપ આપેલો. મેં એમને શાપમાંથી મુક્ત કર્યા.

દમણસ્થિત ભારતીય તટરક્ષક દળ, એટલે કે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, ઍર સ્ટેશન પર સંદેશ આવ્યો કે, દ્વારકા પાસે દરિયામાં સંશોધન કરી રહેલા જહાજ Radha પર કંઈ ગરબડ હતી. ફોન કરનારે નામ નહોતું આપ્યું પણ અંગ્રેજી ભાષાના એના ઉચ્ચારણમાં તમીલીયન છાંટ સ્પષ્ટ વર્તાઈ હતી. એની પહેલાં પોલીસ કંટ્રોલ રૂમમાં પણ આ જ પ્રકારનો ફોન આવી ગયેલો.

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડે મોકલેલા ચેતક હેલિકોપ્ટરે માહિતી આપી કે દ્વારકાના કાંઠેથી લગભગ તેર નોટિકલ માઈલ્સના અંતરે પાણીમાં દિશાવિહીન ઘસડાઈ રહ્યું હોય એવું એક જહાજ દેખાતું હતું. ગુજરાતના સાગરકાંઠે પેટ્રોલિંગ કરી રહેલા જહાજ, ICGS વિશ્વસ્ત દ્વારા પહેલાં તો Radha સાથે રેડિયો પર સંપર્ક સાધવાની કોશિશ થઈ. પણ એમાં નિષ્ફળતા મળી, ત્યારે કોસ્ટગાર્ડના જવાનો Radha ના તૂતક પર ઊતર્યા.

જહાજમાં બેહોશ પડેલા લોકોને નેવલ હૉસ્પિટલમાં લઈ જવાયા. પરંતુ સાથે એક લાશ પણ હતી. સુકાની વિનાનું જહાજ ભારતની હદ વટાવીને આંતરરાષ્ટ્રીય જળવિસ્તારમાં પહોંચી ગયેલું, એટલે કોસ્ટગાર્ડે ગુજરાત પોલીસને બદલે CBI નો સંપર્ક કર્યો.

CBI એટલે કે સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશનમાં ઘણાં સ્પેશિયલ ડિરેક્ટર્સ કામ કરતા હોય છે. એમાંથી એક સુનીલ ગર્ગે ડૉ. ભોજરાજની હત્યા વિશેનો રિપોર્ટ વાંચ્યો, અને તરત એને ખ્યાલ આવ્યો કે અદલોઅદલ આ જ પદ્ધતિથી જયપુરમાં ડૉક્ટર અનિલ

વાર્શ્નીની હત્યા થઈ હતી. હત્યારાએ બે રાજ્યની સરહદ પસાર કરી હતી. સત્તાવાર, આ કેસ હવે રાજસ્થાન કે ગુજરાત પોલીસના હાથમાંથી નીકળીને CBI ના અધિકારક્ષેત્રમાં જતો રહેલો.

CBI ના સ્પેશિયલ ક્રાઇમ્સ ડિવિઝન તરફથી જયપુર પોલીસને આ જાણ કરી દેવાઈ. બદામ ચાવતાં ચાવતાં મેસેજ વાંચી રહેલી રાધિકાના દાંત વધુ જોરથી ભીંસાયા. CBI પર એને જરાય ભરોસો નહોતો. રાજ્યની પોલીસ ઉકેલી ન શકે એવા કેસીસ ભલે CBI ને સોંપાતા હોય. પણ આખાય બ્યૂરોનો દોરીસંચાર, એની ઉપર દિલ્હીમાં બેઠેલા રાજકારણીઓ કરતા હતા. CBI દ્વારા થતી બધીયે તપાસમાં રાજકીય ચંચુપાત, પક્ષપાત, ભ્રષ્ટાચારની બોલબોલા હતી. પોતાના હાથમાં આવેલો કેસ, CBI ના હાથમાં પહોંચીને પીંખાઈ જાય, એ રાધિકાને મંજૂર નહોતું પણ કરવું શું?

રાધિકાએ સામે પડેલા કાગળ પર સુનીલ ગર્ગનું નામ વાંચ્યું. લાંબો વિચાર કર્યા બાદ રાધિકાએ ફોનનું રિસિવર ઉપાડીને નંબર જોડ્યો. સામે છેડે રિંગ વાગી. બીજા હાથે હરિનામની માળા ફેરવી રહેલી રાધિકાના હોઠ પર હળવું સ્મિત ફરકી ગયું.

રાધિકાના હંમેશાં ગંભીર, કઠોર રહેતા ચહેરા પર સ્મિત આવવું, એ દુર્લભ ઘટના હતી. અને આવું બને ત્યારે સમજી લેવાનું કે, રમત શરૂ થતાં પહેલાં જ એની જીત નક્કી થઈ ગયેલી.

૨૦

એક દિવસ હું અને મારા ગોપાલક મિત્રો રમતાં રમતાં, ગામથી થોડે દૂર નીકળી ગયા. ‘જુઓ તો, ડુંગરામાં કેવડી મોટી ગુફા છે.’ કોઈએ આંગળી ચીંધીને કહ્યું, અને બધાં એ નવતર જગ્યાએ જવા દોડ્યા. માત્ર મને ખ્યાલ આવી ગયો કે એ કોઈ ગુફા નહીં, પણ અઘાસુર નામના લાંબા, કદાવર રાક્ષસી નાગનું મોઢું હતું.

હું રોકું એ પહેલાં નાગના ખુલ્લા મોઢાને ગુફા માનીને ગોવાળિયા તો કલબલાટ કરતા અંદર ધસી ગયા. એમના પ્રાણની રક્ષા કરવા માટે હું પણ અંદર પ્રવેશ્યો. અઘાસુર મને આખો ને આખો ગળી ગયો. મેં સામે લડવાનો કોઈ પ્રયાસ ન કર્યો, પણ નાગના શરીરની અંદર પહોંચ્યા બાદ મારી કાયાનું કદ વધારવાનું શરૂ કર્યું.

અઘાસુરની કાયાની અંદર હું મોટો ને મોટો થતો ગયો. અને છેવટે એ રાક્ષસ ગૂંગળાઈને મરી ગયો, ત્યાર પછી હું બાળસ્વરૂપે પાછો એના મોઢામાંથી બહાર નીકળ્યો.

જહાજનું નામ Radha . અમસ્તુ નહોતું પડ્યું. પ્રોજેક્ટના મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. નિખિલ ભોજરાજે કહેલું કે કૃષ્ણની દ્વારકા શોધવા નીકળેલા જહાજ માટે રાધાથી વધુ સારું બીજું કોઈ નામ ન હોઈ શકે.

R/V Radha માત્ર પાણીમાં તરતું સાદું જહાજ નહીં, પણ અદ્યતન ટૅક્નૉલોજીથી સુસજ્જ, મોબાઇલ રિસર્ચ સ્ટેશન હતું. પાણીમાં ઊંડે જઈને સંશોધન કરી શકે એવા દરેક પ્રકારના નિષ્ણાતો અને તેમનાં સાધનો સહીસલામત મધદરિયાથી કિનારા વચ્ચે અવરજવર કરી શકે, એટલું જ નહીં, એમણે ભેગી કરેલી માહિતી ડેટાનું ઝીણવટભર્યું એનાલિસિસ જહાજની જ લૅબૉરેટરીમાં થઈ શકે. એવી બધીયે સુવિધા અહીં હતી. ફાઈબર ગ્લાસમાંથી બનેલા ૭૦ ફીટ લાંબા અને ૭૭ ટનનું વજન ધરાવતા Radha જહાજમાં, ક્લાકના સોળ નોટિકલ માઈલ્સની ઝડપે ચાલવાની ક્ષમતા હતી. આ હરતા-ફરતા-તરતા રિસર્ચ સ્ટેશન પર બે ખલાસી ઉપરાંત આઠ વૈજ્ઞાનિકો આરામથી રહી શકે, એટલી સગવડ ઉપલબ્ધ હતી. અને કોઈપણ રિસર્ચ સ્ટેશનનું હાર્દ ગણાય એવી એક નહીં, ત્રણ ત્રણ પ્રયોગશાળા એટલે કે લૅબૉરેટરી આ જહાજ પર ઊભી કરાવેલી.

રોજબરોજનું અને જનરલ કહેવાય એવું કામ જ્યાં થતું હતું, એ સહુથી મોટી, મુખ્ય લૅબૉરેટરીમાં, લોકો સીધા જહાજના ડેક એટલે કે તૂતક પરથી પ્રવેશી શકે એ પ્રકારનું પ્લાનિંગ થયું હતું. જેની સાથે બહુ સાચવીને કામ કરવું પડે એવાં ઉપકરણો ધરાવતી બાયો-એનેલિટિકલ લૅબૉરેટરી બધાંથી દૂર હતી. આ લૅબમાં ઉષ્ણતામાન ઉપર-નીચે ન જાય, એનો ખ્યાલ રાખવો જરૂરી હતો. અને સહુથી અંદરના ભાગમાં ‘વેટ-લૅબ’ તરીકે ઓળખાતી લૅબૉરેટરી હતી. અહીંના સંપૂર્ણપણે પ્રદૂષણમુક્ત, જંતુરહિત, વૉટરટાઇટ વાતાવરણમાં દરિયાના પાણીના સેમ્પલ્સનું અભ્યાસ, વિશ્લેષણ કરાતું હતું.

ડૉ. ભોજરાજની હત્યા થઈ, એ પહેલાંના, વહેલી સવારના, કલાકો રોજ જેવા

હતા. ત્રણેય લૅબૉરેટરીઝ લગભગ ખાલી હતી. રિસર્ચ ટીમના સભ્યો કૉમનરૂમની અંદર બ્રેકફાસ્ટ અને આડી-અવળી ગપશપમાં વ્યસ્ત હતા. માત્ર ભોજરાજ એમની લૅબૉરેટરીમાં થોડી આતુરતા સાથે સૈની અને પ્રિયાની રાહ જોતા બેઠા હતા. સામે ટેબલ પર કમ્પ્યૂટરે તૈયાર કરેલા નકશાના પ્રિન્ટઆઉટ્સ પર એમણે ફરીવાર નજર ફેરવી અને હોઠ પર સ્મિત આવ્યું. લક્ષ્ય હવે, હાથ લંબાવીને અડી શકાય, એટલું નજીક દેખાતું હતું.

સેટેલાઇટની મદદથી લેવાયેલી, અત્યારની દ્વારકાની તસવીર તરફ એ ઝૂક્યા. નરી આંખે આ પ્રિન્ટઆઉટ જોનારને એવું લાગે કે મોટા ભાગનું દ્વારકા શહેર, એક વિશાળ ભૂખંડનો હિસ્સો હતું અને દ્વારકાબેટ પાણીમાં હતો. પરંતુ લાઇટ ડિટેક્શન ઍન્ડ રેન્જિંગ (LiDAR) ટૅક્નૉલૉજીની મદદથી, આ ઇમેજનો અભ્યાસ કરનારની નજર સામે જાણે, હજારો વર્ષ જૂની ભૂગોળ ખડી થઈ જાય. એ સમયે, દ્વારકા અનેક ટાપુઓના સમૂહથી બનેલું નગર હતું. ઉત્તરમાં શંખોધારા અને દક્ષિણમાં ઓખામઢી સુધી એનો વ્યાપ હતો.

રિસર્ચ ટીમે, દરિયામાંથી શોધી કાઢેલા પથ્થરના સેંકડો લંગરની પાછળનું રહસ્ય પણ હવે છતું થયું હતું. દ્વારકામાં એ સમયે સાગરખેડૂઓની મોટી વસ્તી હોવાના આ પુરાવા હતા. પ્રાચીન દ્વારકા ધમધમતું વ્યાપારી બંદર હતું. જ્યાં રોજના અનેક જહાજોની અવરજવર થતી હતી. કૃષ્ણએ જ્યારે આ શહેરને દ્વારાવતી, એટલે કે અનેક દ્વાર ધરાવતું નગર કહ્યું, ત્યારે એ ઘરના કે દુકાનોના દરવાજાની વાત નહોતા કરતા. દ્વારકા બંદરમાં એવા અનેક બારા હતા, જ્યાંથી મોટાં જહાજો અંદર પ્રવેશી શકે. નગરના નામકરણ વખતે કૃષ્ણની નજર આ દરિયાઈ પ્રવેશદ્વારો તરફ હશે.

દ્વારકાની ફરતે જે દીવાલો હતી, એના પર ફરફરતી ધજાઓનું વર્ણન મહાભારતમાં થયું હતું. જેના પર ધ્વજસ્તંભ ઊભા હશે. એ વિશાળ, વજનદાર પથ્થરોના પાયા, ભોજરાજની ટીમે શોધી કાઢેલા. જોકે, અત્યાર સુધી થયેલાં સંશોધનોમાં જે સહુથી મહત્ત્વની ચીજ હાથમાં આવેલી, એ હતું પેલું સીલ જેના પર આખલો, એક શિંગડાવાળું પ્રાણી અને બકરી, આ ત્રણ પ્રાણીના ચહેરા અંકાયેલા. ભોજરાજે અત્યંત ગર્વ અને ઉત્સાહ સાથે અનિલ વાર્શનીને આ શોધની જાણ કરી હતી.

ભોજરાજ હવે સૈનીને મળવા માટે ઉત્સુક હતા. વાર્શની સાથેની છેલ્લી મુલાકાતમાં એમણે રવિ મોહન સૈનીનું નામ સાંભળેલું. ભોજરાજ એ પણ જાણતા હતા કે વાર્શની અને સૈની સ્કૂલના સમયથી મિત્રો હતા. પરંતુ પ્રિયા રત્નાની, એમના માટે અજાણ્યું નામ હતું.

આ નામ ધરાવતી સ્ત્રીએ ભોજરાજને ફોન કરીને રૂબરૂ મળવા માટે સમય માંગ્યો હતો. એની જ વિનંતીને માન આપીને ભોજરાજે જામનગર ઍરપૉર્ટ પર પોતાના આસિસ્ટન્ટને કાર સાથે મોકલેલો.

ભોજરાજના કાને દૂરથી આવી રહેલી મોટરબોટનો અવાજ પડચો. સૈની અને પ્રિયા આવી ગયા આવું ધારી લઈને એ ખુરશી પરથી ઊભા થયા. સહજપણે એમની નજર એક દીવાલ પર લગાડેલા બેંતાલીસ ઈંચના LCD TV તરફ ગઈ. હંમેશની જેમ ત્યાં NDTV ચેનલ પર ન્યૂઝ ચાલુ હતા. પણ અવાજ મ્યુટ કરી દેવાયેલો. પોતાના કામમાં વ્યસ્ત રહેતા ભોજરાજને ભાગ્યે જ ટીવી તરફ જોવાની ફુરસદ મળતી. આજે પણ ત્યાં ગયેલી નજર પાછી વળી જાત, જો સ્ક્રીન પર એ ક્ષણે રવિ મોહન સૈનીનો ચહેરો દેખાયો ન હોત.

ભોજરાજે ક્યારેય રવિમોહનને જોયો નહોતો. પણ સ્ક્રીન પર તસવીરની નીચે સરકી રહેલા શબ્દો એમણે વાંચ્યા, અને પગ ત્યાં જ થીજી ગયા — રવિ મોહન સૈની, જયપુર સેન્ટ્રલ જેલમાંથી નાસી છૂટેલા આ હત્યાના આરોપી વિશે કોઈપણ જાણ હોય તો ફોન નંબર: ૦૧૪૧-૨૬૧૨૫૮૯ પર તત્કાળ સંપર્ક કરો.

તસવીરની બાજુમાં આરોપીનું વર્ણન હતું — રવિ મોહન સૈની, કેસ નં. ૧૮૮૩૭૬૭, પંજાબી ભારતીય પુરુષ, ઉંમર-૪૫ વર્ષ ને ૪ મહિના, ઊંચાઈ — ૫' ૧૧". આંખો-બ્લેક-બ્રાઉન, વાળ-કાળા, જમણી ઘૂંટી પર નાનું કાળું લાખું, વૉરન્ટ — જયપુર મેજિસ્ટ્રેટની ઑફિસમાંથી, વૉરન્ટ નંબર RJ/S/ ૧૨/૩૪૧૭૬. આરોપ — હત્યા.

ભોજરાજે આંખો પટવટાવી. એમને મળવા આવી રહેલો માણસ, કાયદાના સકંજામાંથી છટકી ગયેલો ભાગેડુ હતો. પણ એણે કોની હત્યા કરેલી? ન્યૂઝ ચેનલ પર હવે બીજા કોઈ સમાચાર આવી રહ્યા હતા.

ભોજરાજે, ઝડપથી પોતાના કમ્પ્યૂટર પર ગૂગલની સહાયથી 'રવિ મોહન સૈની'ની શોધ કરી. થોડી જ સેકન્ડોમાં આખીયે કહાણી એમની સામે હતી. વાંચી ત્યારે ડૉ. ભોજરાજને જાણ થઈ કે, એમનો મિત્ર અનિલ વાર્શની હવે આ દુનિયામાં નહોતો રહ્યો. ભોજરાજનું દિમાગ ઘડીક સુન્ન થઈ ગયું. અનિલ વાર્શનીની હત્યા થયેલી, અને એનો હત્યારો હવે રાધા પર પગ મૂકવાની તૈયારીમાં હતો.

૨૧

યમુના નદીમાં રહેતાં બધાંય જળચર, ધીમેધીમે મોતને ભેટી રહ્યાં હતાં. કાલિય નામનો દસ ફેણ ધરાવતો નાગ, પાણીમાં જે ઝેર ઓકતો હતો, એનું આ પરિણામ હતું.
જળસૃષ્ટિને આ રાક્ષસી સર્પના ત્રાસમાંથી મુક્ત કરાવવાની જવાબદારી મેં લીધી. એક દિવસ યમુના કિનારે મિત્રો સાથે રમતાંરમતાં અમારો દડો પાણીમાં પડી ગયો. અને એ બહાર કાઢવાના બહાને હું નદીમાં કૂદી પડ્યો. અંદર નાગે મને મારવા માટે કરેલા બધાય પ્રયાસ નિષ્ફળ ગયા. લડાઈના અંતે કાલિયની ફેણ પર નર્તન કરતો, હું પાણીમાંથી બહાર આવ્યો. એને મારવો, મારા માટે ડાબા હાથનો ખેલ હતો. પણ નાગની પત્નીઓએ મારી સામે હાથ જોડ્યા. ઉદારભાવે મેં કાલિયને જીવતદાન આપ્યું, પણ સાથેસાથ યમુનાથી તત્કાળ દૂર જતા રહેવાનો આદેશ કર્યો. યમુનાનાં જળ ફરી એકવાર જાતજાતનાં જીવો અને વનસ્પતિઓથી હર્યાંભર્યાં થઈ ગયાં.

ડૉ. ભોજરાજને ધીમે ધીમે આઘાતમાંથી કળ વળી. વાર્શનીનો હત્યારો શું કામ મને મળવા આવી રહ્યો છે? એનો ઇરાદો મને પણ મારી નાખવાનો હશે? આ વિચારો, એમને લૅબૉરેટરીના દરવાજા ભણી લઈ ગયા. ત્યાં દીવાલ પર લગાડેલા ફોનનું રિસિવર ઊંચકીને એમણે ટી.વી. પર વાંચેલો ફોન નંબર જોડ્યો.

‘હેલો, પોલીસ કન્ટ્રોલ રૂમ? મારું નામ નિખિલ ભોજરાજ છે. અને રવિ મોહન સૈની હમણાં મને મળવા આવી રહ્યો છે’ એકશ્વાસે ભોજરાજ બોલી ગયા. પણ પછીના શબ્દો ઉચ્ચારવાનો મોકો એમને ન મળ્યો. લૅબનું બારણું ધડાક દઈને ખૂલ્યું અને કોણ આવ્યું, એની ખબર પડે એ પહેલાં તો ભોજરાજના ચહેરા પર હથોડા જેવો જોરદાર મુક્કો ઝીંકાયો. ભાન ગુમાવીને કપાયેલા વૃક્ષની જેમ એ જમીન પર ઢળી પડ્યા. દીવાલ પર વાયર સાથે લટકી રહેલા રિસિવરમાંથી ઝીણોઝીણો અવાજ આવતો રહ્યો. ‘હેલો... સર, તમે ક્યાંથી બોલો છો...’

આગંતુક પહેલી નજરે શોખ ખાતર પાણીમાં ઝંપલાવનારા સ્કુબા ડાઇવર જેવો લાગતો હતો. સ્કુબા સુટ, પગમાં સ્વીમિંગ ફીન્સ, પીઠ પાછળ બાંધેલા બે ઍર-સિલિન્ડર્સ...

તારક વકીલે ચહેરા પરથી માસ્ક હટાવ્યો અને કમર સાથે બાંધેલી વૉટરપ્રૂફ રબરબૅગ ખોલી. ઝડપભેર ભોજરાજના હાથ એની પીઠ પાછળ બાંધીને તારક, બેહોશ વૈજ્ઞાનિકને દીવાલ પાસે ઘસડી ગયો. ભોજરાજ સહેજ સળવળ્યા. તારકે એમના ચહેરા પર ક્લૉરોફોર્મથી ભીંજાયેલો રૂમાલ દાબી દીધો. એના શિકારે પાછું ભાન ગુમાવી દીધું. તારકે એમને દીવાલના ટેકે બેસાડ્યા અને ડાબા પગમાંથી બુટ કાઢ્યું. પછીનો ખેલ લોહિયાળ હતો. ભોજરાજના ડાબા પગની પાનીમાં R R શબ્દો કોતરેલો ધારદાર અસ્ત્રો ખૂંપી ગયો. લૅબૉરેટરીની ફરશ લોહીથી રંગાવા લાગી. તારકે એની બૅગમાંથી નાનું પેઇન્ટ બ્રશ કાઢ્યું. એને લોહીમાં બોળીને, ભોજરાજની પાછળ દીવાલ પર મરોડદાર અક્ષરે

લખવાનું શરૂ કર્યું.

મ્લેચ્છનિવહનિધને કલયસિ કરવાલમ્
ધૂમકેતુમિવ કિમપિ કરાલમ્
કેશવ ધૃતકલ્કિશરીર
જય જગદીશ હરે

પેઇન્ટ બ્રશ પાછું અંદર મૂકીને, તારકે બૅગમાંથી નાનો રબર સ્ટેમ્પ કાઢ્યો અને ભોજરાજના કપાળ પર લાલચટક કમળનું ચિહ્ન છપાઈ ગયું.

તારક જાણતો હતો કે સૈની અહીં થોડી જ વારમાં આવી પહોંચશે. જરાય સમય બગાડવાનું પોસાય એમ નહોતું. ઝડપભેર, પણ બહુ ચીવટ સાથે એણે લૅબૉરેટરીમાં પ્રાચીન સીલ માટેની શોધ શરૂ કરી. પહેલું સીલ એને વાર્શનીના ઘરમાંથી મળી ગયેલું. બીજું સીલ પોલીસે સૈનીના ઘરમાંથી કબજે કર્યું હતું. બાકીના બે ક્યાં હતા?

લૅબનો ખૂણેખૂણો ફેંદી કાઢ્યા બાદ તારકે થોડા હતાશભાવે સ્વીકારવું પડ્યું કે, એ જે શોધવા આવેલો, એ અહીં નહોતું. પણ ફેરો સાવ નકામો નહોતો જવાનો. રવિ મોહન સૈનીને આ બીજી હત્યાના દોષી તરીકે ઠરાવવાની તક મળી ગયેલી.

તારક હળવે પગલે લૅબૉરેટરીમાંથી બહાર નીકળ્યો. અહીં આવતાં પહેલાં એણે જહાજનો લે-આઉટ, ડિઝાઇનિંગ, અહીં કામ કરતા લોકોની દિનચર્યા, આ બધાંયનો પૂરેપૂરો અભ્યાસ કરેલો. પરિણામે એ જાણતો હતો કે આ સમયે ભોજરાજ સિવાયના લગભગ બધાં લોકો કોમનરૂમમાં હશે. એમાંથી કોઈનો જીવ લેવાનો નહોતો પણ થોડા સમય માટે એ લોકોને બેહોશ રાખવા જરૂરી હતા. અને આ કેવી રીતે કરવું, એ પણ તારકે વિચારી લીધેલું.

આખાય જહાજને પાવર, ઍરકન્ડિશનિંગ અને ફિલ્ટર્ડ પાણી પહોંચાડતાં યંત્રો, કોમન રૂમની બરાબર બાજુમાં આવેલા યુટીલીટીઝ રૂમમાં હતા. તારકે ત્યાં પહોંચીને એની પીઠે ભરાવેલા બે ઍર-સિલિન્ડરમાંથી એક ઉતાર્યું. એમાં જીવનરક્ષક સાદી હવા કે ઑક્સિજન નહીં પણ મોર્ફીનથી યે અનેકગણો વધુ પાવરફુલ એવો ટ્રાઇમિથાઇલ ફેન્ટાનીલમ ગૅસ હતો. શ્વાસમાં જતાંની સાથે એકાદ મિનિટમાં જ વ્યક્તિ બેહોશ થઈને ઢળી પડે. એક સાથે અનેક લોકોને ઢાળી દેવા માટે તારકે ઍરકન્ડિશનિંગ સિસ્ટમનો સહારો લીધો. મશીનના ઍર-ઇનટેક વાલ્વની સાથે એણે નશીલો ગૅસ ધરાવતું સિલિન્ડર જોડી દીધું. કોમનરૂમમાં ઠંડી હવાની સાથે પહોંચેલા ગૅસની અસર હેઠળ, ત્યાં ચા-નાસ્તા માટે ભેગા થયેલાં બધાંય લોકો ભાન ગુમાવી બેઠા.

આ કામ પતાવીને તૂતક પર પહોંચેલા તારક વકીલે દૂરથી એક મોટરબોટ, રાધાની દિશામાં આવતી જોઈ. કમરેથી ઝૂકીને, ચિત્તા જેવી ચપળતા સાથે એ જહાજના બીજે છેડે પહોંચી ગયો. મોઢા પર પાછો માસ્ક અને એની સાથે સિલિન્ડરમાંથી હવા લેવા માટેની નળી જોડીને એણે દરિયાના પાણીમાં ઝંપલાવી દીધું.

આખુંયે ઑપરેશન પાર પાડતાં, તારકને ઝાઝી વાર નહોતી લાગી. Radha પર એણે છ મિનિટથીયે ઓછો સમય ગાળ્યો હતો. જોકે આ કામ માટેની તૈયારીઓ, ઘણા દિવસ પહેલાં શરૂ થઈ ગયેલી.

જયપુરથી સૈની અને પ્રિયાને લઈને ઊડેલું પ્રાઈવેટ ઍરક્રાફ્ટ જામનગર ઍરપૉર્ટ પર ઉતરાણ કરવાની તૈયારીમાં હતું, ત્યારે એના પાઇલટે, કચ્છના અખાતમાં તરી રહેલી અને ઉપરથી સાવ નાના ટપકા જેવી લાગતી બોટ જોઈ હતી. આવા તો જોકે સેંકડો જહાજ અને હોડીઓ દરિયામાં આંટા મારતા હોય. કોણ એના પર ધ્યાન આપે?

કોઈ નહોતું જાણતું કે આ નાની, પણ અત્યંત શક્તિશાળી સ્ટિન્ગ્રે 2255X બોટે, મુંબઈના ગેટવે ઑફ ઇન્ડિયાથી એની યાત્રા શરૂ કરેલી, અને એના પર બેઠેલી એકમાત્ર વ્યક્તિ, તારક વકીલને થોડા કલાકો પહેલાં કોઈએ ફોન કર્યો હતો.

બોટમાં બેઠેલા તારકના કાને સંસ્કૃત શ્લોકનો ધ્વનિ પહોંચ્યો, ત્યારે એ આરામથી તૂતક પર બેઠા બેઠા હોમર લિખિત મહાકાવ્ય 'ઇલિયડ' વાંચી રહ્યો હતો. શ્લોક એના iPhone નો રિંગટોન હતો. આ એ જ શ્લોક હતો, જે એ કાર ડ્રાઇવ કરતી વખતે સાંભળતો અને કોઈની હત્યા કર્યા બાદ, લોહીથી દીવાલ પર લખતો હતો.

આખોયે શ્લોક પૂરો થયા પછી જ તારકે કૉલ લીધો. કોઈપણ પવિત્ર જાપને અડધેથી અટકાવવો એ એનું અપમાન કર્યા બરાબર લેખાય.

'નમસ્કાર માતાજી.'

'નમસ્કાર. સૈની દ્વારકા પહોંચી ગયો છે અને આવતીકાલે સવારે એ ભોજરાજને મળવા જશે. આપણને જે બે મહોરની શોધ છે. એ વાર્શનીના ત્રણ મિત્રોમાંથી જ કોઈની પાસે હોવી જોઈએ. ભોજરાજ, કુરકુડે કે છેદી, સામેની વ્યક્તિએ કહ્યું.

'અચ્છા, તો મારા માટે શું આદેશ છે?' તારકે પૂછ્યું.

'ભોજરાજની ટીમમાં, ઑલરેડી આપણો એક માણસ છે. એ તારા કહ્યા મુજબ કામ કરશે. એને ફોન પર મેસેજ આપી દે કે નક્કી થયેલાં પ્લાન મુજબ આવતીકાલે આગળ વધવાનું છે. એ તને જહાજના ટૅક્નિકલ ડ્રોઇંગ્સ પહોંચાડી દેશે.'

'જી, માતાજી' તારકે ફોન પર વાત પૂરી કરીને, હાથમાંની ચોપડી બાજુએ મૂકી. એણે જ્યાં બુકમાર્ક મૂક્યો, એ પાનાં પર વૃદ્ધ નેસ્ટર, શૂરવીર યોદ્ધા ડાયોમીડને કહી રહ્યો હતો, 'જીવન અને મૃત્યુ વચ્ચેનું સંતુલન, જાણે ખાંડાની ધાર પર ટકેલું છે. તું જા કારણ કે તું હજી મારાથી બહુ નાનો છે...'

માતાજીનો આદેશ માથે ચઢાવીને તારક, Radha પર ગયો, અને ઝડપભેર કામ પતાવીને પાછો પણ આવી ગયો. પરંતુ એ ઝડપ માટે શું કિંમત ચૂકવવી પડી, એની જાણ તારકને બહુ મોડેથી થવાની હતી. એનું નામ લખેલું બ્રેસલેટ, ભોજરાજની લૅબૉરેટરીમાં પડી ગયેલું.

સામાન્ય રીતે, તારક એના જમણા કાંડે ચાંદીનું આ બ્રેસલેટ પહેરી રાખતો. પણ દરિયાના ખારા પાણીમાં ઝૂકાવતાં પહેલાં એણે એને હાથેથી ઉતારીને અસ્ત્રા અને પેઇન્ટ બ્રશની સાથે, કમરે બાંધેલી વૉટરપ્રૂફ બૅગમાં મૂકી દીધેલું. પછી ખબર જ ન રહી કે બ્રેસલેટ ક્યારે બેલ્ટ બૅગમાંથી બહાર સરી ગયું.

૨૨

વારંવાર મને મારવા આવતા રાક્ષસોથી ડરીને, કંટાળીને મારા પાલક પિતા નંદે ગોકુળ છોડી દેવાનું નક્કી કરી નાંખ્યું. ગામનાં લોકોએ એમને રોકાઈ જવા માટે બહુ વિનવ્યા, પણ નંદ મક્કમ રહ્યા. 'યમુનાનો પૂર્વ કિનારો, કૃષ્ણ માટે સુરક્ષિત નથી. હું મારા પરિવાર સાથે નદીને પેલે પાર વૃંદાવન જાઉં છું. ઇચ્છા થાય તો તમે પણ ચાલજો.' એમણે કહી દીધું.
અને, ખરેખર ગોકુળવાસીઓએ આવું જ કર્યું. બીજે દિવસે બળદગાડામાં ઘરવખરી લાદીને નંદની સાથે યશોદા, રોહિણી, બલરામ અને હું વૃંદાવન જવા નીકળ્યાં તો જોયું કે આખું ગામ અમારી સાથે નીકળી પડેલું. મારો વિરહ એમના માટે અસહ્ય હતો. અમારી એ દુનિયામાં, એકવાર બંધાયેલી મૈત્રી ક્યારેય તૂટતી નહોતી. અને મારો ખાસ મિત્ર હતો સુદામા જેની સાથે પછી હું ગુરુકુળમાં રહીને ભણ્યો.

'આપણે હવે નવો પ્લાન વિચારવો પડશે.' ગરમાગરમ ચાનો ઘૂંટ ભરીને સૈનીએ કહ્યું. પોરબંદરની એક નાની, ખખડધજ હોટેલના રૂમમાં એણે પ્રિયા સાથે કામચલાઉ આશરો લીધો હતો. પોરબંદર એટલે ગાંધીજીનું જન્મસ્થાન અને કૃષ્ણના બાલમિત્ર સુદામાનું ઘર.

Radha જહાજ પરથી ઝંપલાવીને દરિયામાં તરી રહેલા આ બે જણની મદદે કોળી માછીમાર આવ્યો હતો. એણે વધુ પૂછપરછ કર્યા વિના એમને દ્વારકાના કિનારે પહોંચાડી દીધા. પણ પ્રિયા અને સૈની જાણતાં હતાં કે આગલી રાતે એ જે હોટેલમાં રોકાયેલાં, ત્યાં પાછા જવામાં હવે જોખમ હતું. આ ઘડીયે, દેશભરની પોલીસ અને બીજી કાનૂની એજન્સીઓ એમને શોધી રહી હશે. કાયદાની નજરે સૈની, મનોવિકૃત અપરાધી હતો જે એક પછી એક ખૂન કરી રહ્યો હતો. અને એમાં એને એની કહ્યાગરી વિદ્યાર્થિનીનો સાથ મળેલો.

દ્વારકાથી લગભગ નેવું કિલોમીટરના અંતરે આવેલા પોરબંદરમાં પહોંચવા એમણે એક ટ્રકમાં લિફ્ટ લીધેલી. આ મુસાફરી શરૂ કરતાં પહેલાં સૈનીએ એના ATM કાર્ડ દ્વારા થોડા પૈસા કઢાવવાની કોશિશ કરી જોઈ. આમાં રહેલું જોખમ એ જાણતો હતો. મશીનમાં કાર્ડ નાખતાની સાથે જ, એ ક્યાં હતો એની જાણ દૂરદૂર બેઠેલાને થઈ જવાની હતી. પણ શું કરે? ખિસ્સાં લગભગ ખાલી હતાં. કમનસીબે અરબી સમુદ્રનાં ખારા પાણીએ સૈની અને પ્રિયાના બધાં ATM , ક્રેડિટ કાર્ડ્ઝ નકામા કરી નાખેલાં. બંને પાસે કુલ મળીને માંડ પાંચ હજાર રૂપિયાની રોકડ મૂડી બચી હતી. એમાંથી યે પોણાભાગની તો કપડાં, સાદા શૂઝ અને એક સસ્તો પ્રિપેઇડ નોકિયા મોબાઇલ ફોન ખરીદવામાં વપરાઈ ગઈ. ફોનની ખરીદીમાં, જયપુરના ડૉક્ટરે આપેલાં નકલી નામ અને ઓળખપત્રો કામે લગાડવાં પડેલાં.

'ડૅડીને ફોન કરીએ. અમદાવાદ-વડોદરામાં એમના ઘણા વકીલમિત્રો રહે છે. એમાંથી કોઈ ને કોઈ આપણને પોરબંદરમાં પૈસા પહોંચાડી દેશે.' પ્રિયાએ સૈનીને

આશ્વાસન આપ્યું, અને નવાનક્કોર સેલફોન પરથી પિતાનો નંબર જોડ્યો. 'ડૅડી? થોડી મદદની જરૂર છે...'

પ્રિયા નહોતી જાણતી કે નવી દિલ્હીના એક નાના કન્ટ્રોલ રૂમમાં, એની વાતચીતનું રેકોર્ડિંગ શરૂ થઈ ગયેલું. સંજય રત્નાનીના દરેક ફોનકૉલ્સ, પોલીસ સરવા કાને સાંભળતી હતી. કોઈ અજાણ્યા, પ્રિપેઇડ નંબર પરથી રત્નાનીના સેલફોન પર કૉલ આવ્યો હતો. એ જાણતાંની સાથે આખીયે સિસ્ટમ કામે લાગી ગઈ. કોણે ફોન કર્યો... કઈ જગ્યાએથી કર્યો...

આ બધીયે હિલચાલથી અજાણ, પ્રિયા એના પિતા સાથે વાતચીત કરી રહી હતી, ત્યારે રૂમમાં બેઠેલા સૈનીનું ધ્યાન, પેલા સિલ્વર બ્રેસલેટમાં હતું, જે એણે ભોજરાજની લૅબૉરેટરીમાંથી ઉપાડી લીધેલું.

કોણ છે આ તારક વકીલ? અનિલ વાર્શની અને નિખિલ ભોજરાજની હત્યા એના હાથે થયેલી? આખરે એનો ઇરાદો શું હતો? આવા વિચારો કરતાં કરતાં સૈનીએ બ્રેસલેટ બાજુએ મૂક્યું અને પેન ઉપાડીને કાગળ પર મોટે અક્ષરે લખ્યું — તારક વકીલ.

સૈનીએ બેધ્યાનપણે શબ્દોને આડાઅવળા ગોઠવીને, એમાં છુપાયેલો અર્થ શોધવાની રમત આદરી. આ શોખ એને વર્ષો પહેલાં, તેનાં ભાષાશાસ્ત્રી મિત્ર અનિલ વાર્શનીએ લગાડ્યો હતો. અચાનક સૈનીનો હાથ અટકી ગયો. ધોળા પૂણી જેવા થઈ ગયેલા ચહેરે એ કાગળની સામે તાકી રહ્યો. તારક વકીલના સ્પેલિંગમાં અક્ષરો, આડાઅવળા કર્યા બાદ જે નવું નામ, નજર સામે પ્રગટ થયું, એનાથી દેશનો કોઈ ભાષાવિદ કે ધર્મશાસ્ત્રી અપરિચિત નહોતો. કલ્કિ અવતાર — વિષ્ણુનો દસમો અવતાર.

'વાત જલદી પૂરી કર!' સૈનીએ હાથ હલાવીને પ્રિયાને ઇશારો કર્યો.

પ્રિયાએ ફોન બાજુએ મૂકીને, કાગળ સામે જોયું અને એના ચહેરા પરથી પણ નૂર ઊડી ગયું. 'પણ એ હત્યારાને કલ્કિ અવતાર સાથે શું સંબંધ?' થોડી સેકન્ડો બાદ એ માંડમાંડ પૂછી શકી.

'દીવા જેવું સ્પષ્ટ દેખાય છે. હત્યારો ખુદને કલ્કિનો અવતાર માને છે. અને અત્યાર સુધી જે પણ બન્યું, એને આ માન્યતા સાથે કોઈ સંબંધ છે.' સૈનીએ જવાબ આપ્યો. પ્રિયા ફાટી આંખે, મૂંગીમૂંગી કાગળ પરના અક્ષરો સામે તાકી રહી. હવે શું કરવું?

૨૩

વરસાદ માટે આખા ગામના લોકો મળીને ઇન્દ્રદેવને પ્રાર્થના કરે એવી પરંપરા વૃંદાવનમાં હતી. પણ અહીં આવ્યા બાદ મેં નંદને કહ્યું કે, આપણું જીવન ટકાવી રાખવા માટે જે પણ જોઈએ, એ બધું તો ગોવર્ધન પર્વત પાસેથી મળે છે. પ્રકૃતિના વરદાન માટે આપણે ઇન્દ્ર નહીં, ગોવર્ધનને પ્રાર્થના કરવી જોઈએ. મારી વાત વૃંદાવનના લોકોને ગળે ઊતરી ગઈ. બધાએ ગોવર્ધન પર્વતને પૂજવાનું શરૂ કરી દીધું.

ઇર્ષ્યા અને રોષના માર્યા ઈન્દ્રદેવે એવો ભયાનક, તોફાની વરસાદ મોકલ્યો કે વૃંદાવનમાં વૃક્ષો અને નિવાસસ્થાનો ધરાશાયી થવા લાગ્યા. લોકો મદદ માટે મારી પાસે દોડતા આવ્યા. મેં મારી ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઊંચકી લીધો. અને એની નીચે આખા ગામના લોકોએ આશરો લીધો. ઇન્દ્રને એની ભૂલ સમજાઈ ગઈ. નમ્ર થઈને એણે એની વિનાશલીલા સંકેલી લીધી.

'કલ્કિ એટલે વિષ્ણુનો દસમો અવતાર, બરાબર ને?' પ્રિયાએ કીટલીમાંથી, એના ગ્લાસમાં થોડી વધુ ચા રેડી. હોટેલ ભલે દેખાવમાં ગરીબડી હોય, પણ એની ચાનો સ્વાદ રજવાડી હતો.

'હા, હિન્દુ પુરાણોમાં લખ્યું છે કે, સૃષ્ટિ એના સર્જનથી વિનાશ સુધીની યાત્રા દરમ્યાન ચાર યુગમાંથી પસાર થાય છે. સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ. અને વિષ્ણુ આ દરેક યુગમાં અવતાર લે છે.' સૈનીએ બોલવાનું શરૂ કર્યું.

પ્રિયા માટે આ કોઈ નવી માહિતી નહોતી. પણ આજે એને સૈનીના મોઢેથી, ફરી એકવાર યુગચક્ર અને વિષ્ણુઅવતાર વિશે સાંભળવાની ઇચ્છા થઈ રહી હતી.

'સતયુગમાં વિષ્ણુએ પહેલીવાર મત્સ્યાવતાર ધારણ કરેલો. એ પછી કુર્મ એટલે કે કાચબો પછી વરાહ અને છેલ્લે નરસિંહ. આ ચારેય અવતાર સતયુગમાં થયેલાં.

ત્રેતાયુગમાં વિષ્ણુના પાંચમા અવતાર, વામનનો જન્મ થયો. એ પછી પરશુરામ અને રામ પણ આ યુગમાં જન્મ્યા. વિષ્ણુનો આઠમો જન્મ દ્વાપરયુગમાં કૃષ્ણ તરીકે થયો. અને નવમા અવતારમાં એ ગૌતમ બુદ્ધ હોવાનું કહેવાય છે.' સૈનીએ ટૂંકમાં ત્રણ યુગ અને આઠ અવતારની માહિતી આપી દીધી.

'સૃષ્ટિના છેલ્લા અને માનવજાત માટે અંધારયુગ ગણાતા કળિયુગમાં શું થશે?' પ્રિયાએ પૂછ્યું.

'કલ્કિ એટલે અશુભ અનિષ્ટનો સંહાર કરનાર! એવું કહેવાય છે કે કળિયુગ એટલે કે આપણે અત્યારે જેમાં જીવીએ છીએ એ યુગના અંતનો સમય નજીક આવશે ત્યારે વિષ્ણુ એમના દસમો અવતાર ધારણ કરીને આવશે. કલ્કિના રૂપમાં એ અશુભ તત્ત્વોનો સંહાર કરીને ફરી એકવાર પૃથ્વીને શુદ્ધ, પવિત્ર બનાવવાનું મહાકાર્ય કરશે.' આ શબ્દો ઉચ્ચારતાંની સાથે સૈનીના શરીરમાં પગથી માથા સુધી લખલખું પસાર થઈ ગયું.

'કલ્કિને લોકો કઈ રીતે ઓળખશે?' પ્રિયાએ વધુ એક સવાલ કર્યો.

'કલ્કિ પુરાણમાં લખ્યું છે કે કલ્કિનો જન્મ સંભાલા નામના ગામમાં થશે...' સૈનીએ બોલવાનું શરૂ કર્યું.

મુંબઈ અને પૂણેની વચ્ચે, સંભાલા નામના સ્ટડ ફાર્મમાં તારકનું ઘર હતું.

'કલ્કિ, પ્રલયની જેમ, દેવદત્ત નામના પવનવેગી અશ્વ પર સવાર થઈને આવશે...'

તારકના પંદરમા જન્મદિવસે એના પિતાએ એને Deedee નામનો ઘોડો ભેટમાં આપ્યો હતો.

એવી ભવિષ્યવાણી થઈ છે કે વિષ્ણુયાસા અને એની પત્ની સુમતિના સંતાન તરીકે કલ્કિ જન્મ લેશે...'

એના પિતા ડૉ. વી. વાય. શર્માએ અશ્વઉછેરનો વ્યવસાય શરૂ કર્યો હતો. શર્માની પત્ની અને તારકની માતાનું નામ સુનતિ હતું.

'કલ્કિ પુરાણમાં લખ્યું છે કે ભગવાન શિવે કલ્કિને આશીર્વાદની સાથે શુક નામનો પોપટ આપ્યો છે...'

તારકે, ઘરમાં શુક નામનો પોપટ પાળ્યો હતો.

'અને રત્નમારુ નામની ઝગમગતી તેજીલી તલવાર...'

તારકના બેડરૂમની સેફમાં RM શબ્દ કોતરેલા ધારદાર, ચમકીલા અસ્ત્રા હતા.

'કલ્કિનું વર્ણન કરતાં લખાયું છે કે, એણે સુવર્ણ ક્વચ ધારણ કર્યું હશે અને છાતીના ભાગ પર સૂર્યનું ચિહ્ન હશે.'

તારકના ગળાથી પેટ સુધી જાતજાતનાં ટેટુઝ ચીતરાયેલાં હતાં. એમાં વચ્ચોવચ ઝળહળતા સૂર્યનું પ્રતીક હતું.

'શ્રીમદ્ ભાગવત કહે છે, अथ तेषम भविष्यन्ति मानम्सी विषादानी वइ, वसुदेवांग-रागती-पुण्या-गंधनील-स्पृशम, पौरा-जनपदनम वई हतेस्व अखिल — दस्युशु. અર્થાત્ અતુલ્ય તેજથી ઝળાંહળાં થતો એ, અપાર વેગે અશ્વારૂઢ થઈને ધસી આવશે, અને રાજવી વસ્ત્રો પહેરનારા અસંખ્ય ઢોંગીઓનો સંહાર કરશે.' સૈનીએ વાત પૂરી કરી. પ્રિયા કંઈ બોલી નહીં.

'તેં Radha પરથી email કરેલા ફોટોગ્રાફ્સની પ્રિન્ટ કઢાવી?' સૈનીએ પૂછ્યું.

'હા. હોટેલ પાસે જ એક સાયબર કાફે છે.' આવું કહીને પ્રિયાએ ભોજરાજની લૅબમાં એના સેલફોનથી પાડેલી તસવીરોની A4 સાઇઝની પ્રિન્ટસ ટેબલ પર મૂકી. સૈનીએ હવે, હત્યારાએ દીવાલ પર લખેલો સંસ્કૃત શ્લોક ફરીથી, ધ્યાનપૂર્વક વાંચ્યો.


મ્લેચ્છનિવહનિધને કલયસિ કરવાલમ્
ધૂમકેતુમિવ કિમપિ કરાલમ્
કેશવ ધૃતકલ્કિશરીર
જય જગદીશ હરે

આ શબ્દો એણે પહેલાં પણ વાંચ્યા હતા. શ્રી દશાવતારસ્તોત્ર નો આ દસમો શ્લોક હતો. એનો અર્થ થતો હતો, 'હે કેશવ, હે બ્રહ્માંડના સ્વામી, હે હરિ જેમણે કલ્કિનું રૂપ ધારણ કર્યું છે! તમારો જય હો! કળિયુગના અંતે તમે ધૂમકેતુની જેમ એક ભયાનક તલવારની સાથે પ્રગટ થાવ છો અને દુષ્ટ જંગલીઓનો સંહાર કરો છો.'

'ભોજરાજના કપાળ પર મેં કમળનું ચિહ્ન જોયેલું. અને ઇન્સ્પેક્ટર રાધિકાએ મને જે તસવીરો બતાવી, એમાં અનિલ વાર્શનીના કપાળ પર ચક્રની છાપ હતી. આ બધાંનો તો એક જ અર્થ થાય.' સૈની બબડ્યો.

'શું?' પ્રિયાએ પૂછ્યું.

સૈની ખુરશીમાંથી ઊભો થઈને, સામે દીવાલ પર લટકતા કેલેન્ડર તરફ ગયો. દર દિવાળીએ હિન્દુ દેવીદેવતાનાં ચિત્રો ધરાવતાં લાખો કેલેન્ડર્સ છપાતાં અને વેચાતાં હતાં. એમાંથી એક આ કેલેન્ડર પર ચતુર્ભુજનું ચિત્ર હતું.



'આ જો,' સૈનીએ કેલેન્ડર ભણી પ્રિયાનું ધ્યાન દોરતાં કહ્યું, 'વિષ્ણુની કલ્પના આપણે હંમેશાં ચાર હાથમાં ચક્ર, પદ્મ. એટલે કમળ, શંખ અને ગદા ધરાવતા દેવ તરીકે કરીએ છીએ. ઉપનિષદો માં વિષ્ણુનું વર્ણન કરતાં લખ્યું છે...

મારા ચાર હાથ, ચાર પ્રકારની વૃત્તિનું દર્શન કરાવે છે.

મારો પહેલો હાથ છે, એકસૂત્રતાની વૃત્તિ! એમાં બાલસૂર્ય જેવું દેદીપ્યમાન ચક્ર છે, જે ચિત્તનું પ્રતીક છે.

બીજો હાથ છે મુક્તિ! એમાં કમળ છે. આ માયાનું પ્રતીક છે. જેમાંથી સૃષ્ટિનું સર્જન થયું છે.

ત્રીજો હાથ છે સર્જનશીલતા! એમાં રહેલો શંખ, પંચતત્ત્વનું પ્રતીક છે.

મારા છેલ્લા હાથમાં ગદા છે, એ વૈયક્તિક અસ્તિત્વનું દર્શન કરાવે છે અને એમાં ધરેલી ગદા પ્રાચીન કે મૂળ જ્ઞાનનું પ્રતીક છે.'

'મતલબ, પેલો માણસ દરેક સ્થળે હત્યા બાદ, વિષ્ણુનું એક ચિહ્ન મૂકતો જાય છે.' પ્રિયા બોલી.

'બે હત્યા, બે સંજ્ઞા!અર્થાત્ હજી બીજી બે હત્યા થવાની છે.' સૈનીનો ચહેરો ગંભીર થઈ ગયો.

નીચે હોટેલની લોબીમાં જુદું દૃશ્ય ભજવાઈ રહ્યું હતું. ગુજરાત પોલીસનો એક સબ-ઇન્સ્પેક્ટર રિસેપ્શનિસ્ટને સૈની અને પ્રિયાની તસવીરો બતાવીને પૂછી રહ્યો હતો, 'આ લોકો કયા રૂમમાં છે?'

પ્રિયાએ એના પિતાને ફોન કર્યો, એ પછી કૉલ-ટ્રેસિંગ પરથી એનું ઠામઠેકાણું શોધી

કાઢતાં, રાજસ્થાન પોલીસને વાર નહોતી લાગી. સબઇન્સ્પેક્ટર રાઠોડે, તત્કાળ ગુજરાત પોલીસને આ બે ભાગેડુના ફોટોગ્રાફ્સ મેઇલ કરી દીધેલા.

૨૪

> એક દિવસ રાધા એની સખીઓ સાથે યમુનામાં સ્નાન કરવા ગઈ. પાણીમાં જતાં પહેલાં, એમણે પોતાનાં વસ્ત્રો ઉતારીને નદી કિનારે મૂક્યાં. મને તોફાન સૂઝયું. બધાંય વસ્ત્રો લઈને હું વૃક્ષ પર ચઢી ગયો. નાહીને બહાર આવેલી ગોપીઓએ એમનાં કપડાંની શોધાશોધ કરી મૂકી. છેવટે એમાંથી કોઈએ વૃક્ષ પર મારા હસવાનો અવાજ સાંભળ્યો. એમણે હાથ જોડ્યા, વિનંતીઓ કરી, પણ એ કાને ધરવાને બદલે હું તો ખિલખિલાટ હસતો, વસ્ત્રોની સાથે ઊંચે ઝાડ પર બેસી રહ્યો. છેવટે ગુસ્સે થયેલી રાધા, નદીનાં ઊંડા પાણીમાં કૂદી પડી. ગભરાઈને મેં ગોપીઓનાં વસ્ત્રો નીચે ફેંક્યાં અને ઝાડ પરથી ઊતરીને નદીમાં ઝંપલાવી દીધું. પછી ખબર પડી કે રાધાએ તો ગુસ્સે થવાનું, ડૂબવાનું માત્ર નાટક કરેલું.

'હજી બે હત્યા? કોની?' પ્રિયાએ ચમકી જતાં પૂછ્યું.

'વિચાર કરી જો. અનિલ વાર્શની પાસે જે સીલ હતું, એને એ ભોજરાજને પાછું મોકલવાની તૈયારીમાં હતો. વાર્શનીનું ખૂન થયું અને સીલ ચોરાઈ ગયું. બીજું સીલ મારી પાસે હતું, પણ નસીબ સારા કે અપરાધના પુરાવા તરીકે, પોલીસે એ કબજે કરી લીધું. બાકી, હું યે સ્વધામ પહોંચી ગયો હોત. નિખિલ ભોજરાજ પાસે સીલ હશે, એવું માની લઈને ખૂનીએ એમનો જીવ લીધો, ત્યાંથી કંઈ મળ્યું નહીં, એ જુદી વાત છે. હું જાણું છું કે, અનિલે બાકીનાં બે સીલ રાજારામ કુરકુડે અને દેવેન્દ્ર છેદીને સોંપવાનો નિર્ણય લીધો હતો.'

આટલું કહીને સૈની શ્વાસ ખાવા રોકાયો અને પછી બોલી ગયો, 'આનો મતલબ કે હત્યારાને ચાર પ્રાચીન મહોરોના અસ્તિત્વની જાણ છે અને ગમે તે ભોગે એ એને મેળવવા માંગે છે.'

'પણ આ સીલ અથવા મહોરમાં એવું તે શું ખાસ છે, જેના માટે કોઈ આટલું લોહી વહેવડાવવા તૈયાર થઈ જાય?' પ્રિયાએ પૂછ્યું.

'મને લાગે છે કે આ પ્રશ્નનો જવાબ દ્વારકામાં, કદાચ સોમનાથમાં છે.' સૈની બોલ્યો.

'સોમનાથ?'

'મહાભારતની કથા ફરીથી યાદ કરીએ. એમાં લખ્યું છે કે સોએ સો કૌરવબાંધવોનો સંહાર થયો, ત્યારે કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરું થયું. દુર્યોધન હણાયો, એની આગલી રાતે કૃષ્ણ, કૌરવોની માતા ગાંધારીને મળવા ગયા હતા. એમણે આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા. એ સાંભળીને શાંત પડવાને બદલે ગાંધારી રોષ અને શોકથી વધુ વ્યાકુળ થઈ ગઈ. કૌરવવંશના નાશ માટે એણે કૃષ્ણને દોષી ઠરાવ્યા અને શાપ આપ્યો કે કૃષ્ણનો પોતાનો વંશ છત્રીસ વર્ષ પછી મૂળસોતો ઊખડી જશે. આ ઘટનાના બરાબર છત્રીસ વર્ષ પછી દરિયાનાં પાણી ગાંડાતૂર થઈને દ્વારકા પર ફરી વળ્યાં. કૃષ્ણ એમના યાદવોની સાથે હોડીઓમાં બેસીને ઊંચાણવાળી જગ્યાએ પહોંચી ગયા. દ્વારકાથી લગભગ બસો

કિલોમીટર દૂર આવેલા એ સ્થળનું નામ પ્રભાસ પાટણ હતું. જાણે છે, આજે એ કયા નામે ઓળખાય છે?

'સોમનાથ' પ્રિયાએ તરત જવાબ આપ્યો.

'હા. ત્યાં પહોંચીને યાદવો તો ગેલમાં આવી ગયા. દારૂના નશામાં છાકટા થઈને એમણે ધમાલ મચાવી. પણ હસવામાંથી ખસવું થયું. યાદવોમાં અનેક જૂથ હતાં. હૈહેય, ચેદી, વિદર્ભ, સત્વત, અંધક, કુકુર, ભોજ, વૃષ્ણી, શૈન્ય, દશર્હ, મધુ, અર્બુદ વગેરે. નશામાં ભાન ભૂલીને કોઈ વાતે બે જૂથ બાખડી પડયાં. એમાં બીજા જોડાયા અને થોડીવારમાં તો ત્યાં લોહિયાળ યાદવાસ્થળી ઊભી થઈ ગઈ. કૃષ્ણ અને બલરામ, ત્યાંથી છટકીને પ્રભાસના જંગલમાં જતા રહ્યા. પાછળ એકેય યાદવ બચ્યો નહીં. બલરામે યોગના પ્રભાવથી ખુદના પ્રાણ ત્યાગી દીધા. કૃષ્ણ એક ઝાડની નીચે ધ્યાનમુદ્રામાં બેઠા હતા, ત્યારે જરા નામના એક પારધીને દૂરથી કૃષ્ણના પગની પાની જોતાં એવું લાગ્યું કે કોઈ હરણ હતું. એણે દૂરથી છોડેલું બાણ, કૃષ્ણના પગની પાનીમાં જઈને વાગ્યું, અને એમનો જીવ ત્યાં જ નીકળી ગયો.' આટલું કહીને સૈનીએ પ્રિયા સામે જોયું. 'હવે સમજાય છે કે અત્યાર સુધી બની ગયેલી ઘટનાઓ વચ્ચે શું સંબંધ હોઈ શકે?'

'વાર્શની અને ભોજરાજ, બંનેની હત્યા એમના પગની પાનીમાં અસ્ત્રો મારીને કરાઈ. જેમ પેલા પારધીનું બાણ કૃષ્ણના પગમાં વાગીને એમનો જીવ લઈ ગયું. જાણે એ પ્રાચીન ઘટના પાછી ભજવાઈ' પ્રિયા બોલી.

'ઍક્ઝેક્ટલી!' સૈનીએ ભાવપૂર્વક કહ્યું. 'હત્યારાને જોઈએ છે એ વસ્તુ કદાચ પ્રભાસ પાટણ, એટલે કે અત્યારના સોમનાથમાં છે. પણ આપણે આગળનું કોઈ પગલું ભરતાં પહેલાં, પેલા બે વૈજ્ઞાનિકોને ચેતવી દેવા જોઈએ કે એમના માથે કાળ ભમે છે. અને આખોયે રહસ્યમય કોયડો તો ત્યારે જ ઉકેલાશે, જ્યારે ચારેય મહોર ભેગી કરીને આપણે એનો અભ્યાસ કરીએ.'

'પણ એ લોકોને શોધવા ક્યાં? આપણે તો કુરકુડે અને છેદીને માત્ર નામથી જાણીએ છીએ.' પ્રિયાના અવાજમાં હતાશા દેખાઈ.

સૈનીના હોઠ સહેજ મલકી ગયા. 'વિજ્ઞાન અને સંશોધનના ક્ષેત્રમાં શું ચાલી રહ્યું છે એના પ્રત્યે તુ ધ્યાન નથી આપતી કે શું? પ્રોફેસર રાજારામ કુરકુડેએ કરેલી રિસર્ચ વિશે તો અત્યારે ચારેબાજુ ચર્ચા છે.'

'કઈ રિસર્ચ?' પ્રિયાએ પૂછ્યું.

'જોધપુર શહેરથી દસ માઈલ દૂર, પશ્ચિમમાં પ્રોફેસર કુરકુડેએ ત્રણેક ચોરસમાઈલના વિસ્તારમાં રેડિયોઍક્ટિવ ધૂળના અંશો શોધી કાઢયા છે. વર્ષોથી આ વિસ્તારના લોકોમાં જન્મજાત ખોડખાંપણ અને કૅન્સરના કિસ્સા એટલી મોટી માત્રામાં નોંધાતા આવેલા કે, આનું કારણ જાણવું જરૂરી થઈ ગયેલું. પ્રોફેસર કુરકુડેની રિસર્ચ ટીમે અહીંના વાતાવરણમાં રેડિયેશનનું લેવલ અત્યંત ઊંચું હોવાનો અહેવાલ આપ્યો. પરિણામે સરકારે આખોયે વિસ્તાર ખાલી કરાવીને ત્યાં બહારથી કોઈના પણ પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દીધો.

'પણ આટલા હાઇ રેડિયેશન લેવલનું કારણ શું?' પ્રિયાએ પૂછ્યું.

'કુરકુડે, અને એમની ટીમને આ વિસ્તારમાં ખોદકામ કરતી વખતે જમીનમાંથી અત્યંત જૂના શહેરના અવશેષો મળી આવેલા. એના પર વધુ પરીક્ષણ કર્યા બાદ પુરવાર થયું કે પાંચથી બાર હજાર વર્ષ પૂર્વે આ સ્થળે એટલો શક્તિશાળી પરમાણુ ધડાકો થયેલો કે બધું તબાહ થઈ ગયું અને વાતાવરણમાં હજીયે એની અસર છે.

સૈનીએ ખુરશી પરથી ઊભા થઈને રૂમમાં આંટા મારવાનું શરૂ કર્યું. 'આપણે તાબડતોબ જોધપુર જતી ટ્રેન પકડવી જોઈએ, ત્યાં રાજારામ કુરકુડે...'

સૈની એનું વાક્ય પૂરું કરે ત્યાં તો ધડાક દઈને રૂમનો દરવાજો તૂટચો અને સશસ્ત્ર પોલીસ જવાનો અંદર ધસી આવ્યા. સૈની અને પ્રિયાની સામે રિવૉલ્વરની નળીઓ તકાઈ ગઈ. 'હાથ ઊંચા!' એમના કમાન્ડિંગ ઑફિસરે ત્રાડ પાડી. 'જરા સરખીયે ગરબડ કરી તો ખેર નથી, તમારી!'

૨૫

પછીના પંદર વર્ષ સુધી કંસ મને મારવા માટે જાતજાતના પેંતરા કરતો રહ્યો, પણ દર વખતે એને નિષ્ફળતા જ મળી. છેવટે, મથુરામાં યોજાનાર શિવધનુષ યજ્ઞ માટે મને આમંત્રણ પાઠવવાના બહાને એણે અક્રૂર નામના એના એક સેવકને વૃંદાવન મોકલ્યો.

અક્રૂર મારો ભક્ત હતો. કંસના કુટિલ ઇરાદા વિશે એણે નંદને જાણ કરી દીધી. તોયે મેં અને બલરામે મથુરા જવાનો નિર્ણય કર્યો. પરંતુ વૃંદાવનની ગોપીઓ અમારા રથનો રસ્તો રોકીને ઊભી રહી ગઈ. રાધા એક તરફ દીનભાવે ઊભી હતી.

રથમાંથી ઊતરીને હું રાધા પાસે ગયો અને કહ્યું, 'શું કામ ચિંતા કરે છે? હું જલદી પાછો ફરીશ અને તું જ મારી રાણી બનશે.'

રાધાના હોઠ મલક્યા, પણ આંખમાંથી અશ્રુ સરી પડ્યાં. એ બોલી, 'કાના, હું જાણું છું કે એવું કંઈ નહીં થાય. તું ગોવાળિયા તરીકે ગોકુળ-વૃંદાવનમાં હતો, ત્યારની વાત જુદી હતી. પણ હવે તું મથુરાવાસી થઈશ. હું તો સીધીસાદી ગોપી છું. મથુરાના મહેલોમાં ચાર દીવાલની વચ્ચે હું ગૂંગળાઈ મરીશ. પણ જતાંજતાં મને બે વચન આપતો જા.'

'તું માંગે એ આપવા હું તૈયાર છું.' મેં કહ્યું.

રાધા બોલી, 'પહેલું વચન એ કે તું હંમેશાં મારા હૃદયમાં વસવાટ કરશે. અને બીજું એ કે લોકોને જાણ થવી જોઈએ કૃષ્ણ સુધી પહોંચવાનો રસ્તો રાધાની વાટે પસાર થાય છે. અનંતકાળ માટે રાધાકૃષ્ણનું નામ સાથે લેવાશે, એવું વચન તું મને આપતો જા.'

સૈની અને પ્રિયાને હાથકડી પહેરાવીને, હોટેલની બહાર ઊભેલી પોલીસવાનમાં ધકેલી દેવાયાં. ગુજરાત પોલીસ, આટલી ઝડપથી અમારા સુધી કેવી રીતે પહોંચી ગઈ? સૈનીએ એમની સામે વાનની અંદર બેઠેલા બે પોલીસમૅન સામે જોતાં વિચાર્યું. જવાબ થોડી જ વારમાં મળી ગયો. વાનનો દરવાજો ખુલ્યો, અને ઇન્સ્પેક્ટર રાધિકા સિંઘ એના જુનિયર ઑફિસર રાઠોડની સાથે અંદર પ્રવેશી.

'ગેટ આઉટ' રાધિકાએ કડક અવાજે, અંદર બેઠેલા બે ગુજરાતી કોન્સ્ટેબલને આદેશ આપ્યો. રાધિકાની ખ્યાતિ, એની પહેલાં ગુજરાતમાં પહોંચી ગઈ હતી. પેલા બંને જણ કોઈ દલીલ કર્યા વિના વાનમાંથી ઊતરી ગયા. બંને પોલીસ ઑફિસર એમના કેદીઓની સામેની સીટ પર ગોઠવાયા અને વાન ઊપડી.

રાધિકા, હજી હમણાં જ ઘરમાંથી તૈયાર થઈને નીકળી હોય એવી તાજીમાજી લાગતી હતી. પણ રાઠોડના ચહેરા પર થાક અને તાણ સ્પષ્ટ વર્તાતા હતા. સૈની અને પ્રિયા ભાગ્યા, ત્યારથી એની ઊંઘ હરામ થઈ ગયેલી.

વાનની અંદર લખાયેલી 'નો સ્મોકિંગ'વાળી ચેતવણીને અવગણીને રાધિકાએ સિગારેટ સળગાવી. કોઈ ટૅન્શન વિના મજાક કરતી હોય એવા સૂરે એ બોલી, 'તમે બેઉ

જણ VVIP છો. બાકી કોઈ મામૂલી ગુનેગારને પકડીને ઘેર લઈ જવા માટે ખુદ ઇન્સ્પેક્ટર રાધિકા સિંઘ અને સબઇન્સ્પેક્ટર રાઠોડ આટલે સુધી લાંબા ન થાય. ચકચારભરી બબ્બે હત્યા થઈ ગયા બાદ હવે તમને ગુમાવવાનું કેવી રીતે પાલવે?'

સૈની ચૂપ રહ્યો. દલીલ કરવાનો કોઈ ફાયદો નહોતો. રાધિકાના દિમાગમાં ઠસી ગયેલું કે સૈનીએ જ બે ખૂન કરેલાં, અને એ ગુના માટે ફાંસીથી ઓછી બીજી કોઈ સજા એને નહોતી ખપતી.

'ઊભા થઈ જાવ, તમારી જડતી લેવી છે.' રાધિકાના આદેશને માન આપીને સૈની અને પ્રિયા ઊભાં થયાં. રાઠોડે સૈનીની, અને રાધિકાએ પ્રિયાની પગથી માથા સુધી તપાસ કરી. કંઈ વાંધાજનક મળ્યું નહીં અને મળવાનું પણ નહોતું, એ રાધિકા જાણતી હતી. પણ એણે માત્ર બંદીવાનોને હેરાન કરવા, ચીઢવવા માટે આવું કર્યું હતું. સૈની સમજી ગયો, પણ એણે હોઠ ભીડી રાખ્યા.

'પ્રોફેસર સાહેબ, કેમ તમારી બોલતી બંધ થઈ ગઈ?' રાધિકાએ કટાક્ષમાં પૂછ્યું. 'પહેલી મૂર્ખાઈ, તમે મારા હાથમાંથી છટકવાની કોશિશ કરી, અને બીજી અહીં આવીને નિખિલ ભોજરાજનું ખૂન કરવાની... તમે અને તમારી આ સાથીદાર બબ્બે હત્યા કરીને, હવે ક્યાં જવાના?'

સૈની મૂંગો રહ્યો, પણ એ જ વખતે બહારથી, કાન ફાટી જાય એવા મોટા વિસ્ફોટનો અવાજ આવ્યો. પોરબંદર રેલવે સ્ટેશન તરફ જઈ રહેલી પોલીસવાનના ડ્રાઇવરે જોરથી ડાબી તરફ સ્ટીયરિંગ વ્હીલ ઘુમાવ્યું. રસ્તાની વચ્ચોવચ કોઈએ દેશી બનાવટનો બૉમ્બ મૂક્યો હતો. અચાનક લાગેલા આંચકાથી સૈની અને પ્રિયા, એમની બેન્ચ પર પાછળ ધકેલાઈ ગયા, પણ સામે બેઠેલા બંને પોલીસ ઑફિસર એમની જગ્યાએથી ઊથલીને નીચે પડ્યા. રસ્તા પરથી ઊતરી રહેલી વાનને અટકાવવા ડ્રાઇવરે જોરદાર બ્રેક મારી. ક્ષણભર તો પાછળના ભાગમાં બેઠેલા ચારેય જણ હક્કાબક્કા થઈ ગયા.

પરંતુ એમાંથી પહેલી કળ સૈનીને વળી. એના માટે તો જીવનમરણનો સવાલ હતો. રાધિકા ઊભી થવા જઈ રહી હતી. સૈનીએ પોતાના શરીરમાં હતી એટલી બધી તાકાત ભેગી કરીને રાધિકાની હડપચી પર લાત ઝીંકી દીધી. એ પાછી ઢળી પડી. પ્રિયાના સેન્ડલે રાઠોડની પણ આવી જ હાલત કરી. બચવા માટે થોડી સેકન્ડ મળી ગઈ, પણ ભાગવું કઈ રીતે? પોલીસવાનનો દરવાજો સજ્જડ બંધ હતો, અને કેદીઓના હાથમાં હાથકડી હતી.

પરંતુ સૈની કે પ્રિયાએ વધુ વિચારવાની મહેનત ન કરવી પડી. બીજો એક નાનો ધડાકો સંભળાયો. અંદર-બહારથી લૉક કરાયેલો વાનનો દરવાજો ખૂલી ગયો. 'જલદી બહાર નીકળો!' સામે કાળા રંગનો ફેસ-માસ્ક પહેરીને ઊભેલા કમાન્ડો જેવા લાગતા માણસના એક હાથમાં સેમી ઑટોમેટિક ગન અને બીજા હાથમાં મેટલ-કટર હતા.

'જલદી, જલદી, હમણાં બીજી પોલીસફોર્સ આવી પહોંચશે.' બોલતાં બોલતાં એણે કટરની મદદથી હાથકડીઓ કાપી નાખી. પ્રિયાના હાથમાં એક કવર પકડાવીને એણે રસ્તા પર ઊભી રાખેલી મોટરસાઇકલ તરફ ઇશારો કર્યો, 'ભાગો અહીંથી.'

સૈની મોટરસાઇકલ પર સવાર થઈ ગયો. પ્રિયા પાછળ એને પકડીને બેઠી. 'ફુલ સ્પીડે જજો. આગળ એક શ્રીજી જનરલ સ્ટોર નામની કરિયાણાની દુકાન દેખાશે ત્યાં બાઇક છોડીને દોટ મૂકજો. બે જ મિનિટમાં રેલવે સ્ટેશન પહોંચી જશો. તમે જાવ, હું આવું છું.' કમાન્ડોએ પોલીસવાનનો દરવાજો પાછો બંધ કરવાની કોશિશ કરતાં સૂચના આપી. અને પછી વાનની આગળની તરફ દોડ્યો. 'બહાર નીકળ, નહીં તો ગોળી ભેજાની આરપાર થઈ જશે.' એણે વાનના ડ્રાઇવર સામે ગન ધરતાં કહ્યું. બીજી જ ક્ષણે પેલાએ

પોતાની સીટ છોડી દીધી.

રસ્તા પર રખડતી ગાયો, ધુમાડા કાઢતી ઑટોરિક્ષાઓની વચ્ચેથી રસ્તો કાઢતા, સૈનીએ પોરબંદરના રેલવે સ્ટેશન ભણી યામાહા બાઇક દોડાવી. બોંતેર કલાકના ગાળામાં, એમણે બીજીવાર પોલીસને હાથતાળી આપી હતી.

૨૬

મથુરામાં કંસે અમને, રાજવી મહેમાનોને શોભે, એવા ભવ્ય અતિથિગૃહમાં ઉતારો આપેલો. પણ સાથેસાથે મધરાતે મારાઓને મોકલીને અમને મરાવી નાખવાનું પણ નક્કી કરી લીધેલું.

પરંતુ એના સલાહકારે કંસને આવું કરતાં રોક્યો. 'બંને છોકરાની વીરતાનાં વખાણ ચારેતરફ થઈ રહ્યાં છે. મથુરાવાસીઓએ કેટલા ઉમળકાભેર એમનું સ્વાગત કર્યું. એ તો આપે જોયું ને? હવે રાજ્યના અતિથિગૃહમાં એમની હત્યા થઈ તો ચોમેર હાહાકાર મચી જશે. એના કરતાં આ જવાબદારી કુવલ્યપીડ પર નાખી દો.' એણે ઉપાય સુઝાડ્યો.

કુવલ્યપીડ મસમોટો હાથી હતો. કંસના માણસોએ રાતભર એને દારૂ પીવડાવ્યો. બીજે દિવસે રસ્તા પરથી અમારો રથ પસાર થતો હતો ત્યારે છૂટો મૂકી દેવાયેલો એ મદમસ્ત હાથી અમારી સામે ધસી આવ્યો. ચારેતરફ ચીસાચીસ ને ભાગદોડ મચી ગઈ. પણ મેં તો રથમાંથી ઊતરીને, એ હાથીની સૂંઢ પકડી લીધી અને પછી ગોળગોળ ઘુમાવીને એવો ફેંક્યો કે બાપડો દૂર જઈને પડ્યો અને પાછો ઊભો જ ન થઈ શક્યો. 'કૃષ્ણ કનૈયા લાલકી જય'ના સાદ પાડતા લોકોએ મને વધાવી લીધો.

થોડી જ મિનિટોમાં, રસ્તાની એક બાજુએ શ્રીજી જનરલ સ્ટોરનું બોર્ડ દેખાયું. રેલવે યાર્ડ એને અડોઅડ હતું. મોટરસાઇકલને સ્ટોરની બહાર છોડીને સૈની અને પ્રિયાએ રેલવેના પાટા પર દોટ મૂકી અને હાંફતાંહાંફતાં સ્ટેશન પર આવી પહોંચ્યાં.

મુસાફરોની ભીડ, સમોસાથી માંડીને પ્લાસ્ટિકનાં રમકડાં સુધીનો સામાન વેચી રહેલા ફેરિયા. ગરમાગરમ ચા કૉફીની ફેરી કરી રહેલા ફેરિયાઓના સાદ... ચારે તરફ કોલાહલ હતો.

સૈનીએ ઝડપથી નિર્ણય કરી લીધો 'આપણે દિલ્હી — સાબલી ઍક્સપ્રેસ પકડવી જોઈએ. જોધપુર મેઇન લાઇન પર નથી. ટ્રેનમાં ફાલના સ્ટેશને ઊતરીને આપણે જોધપુર પહોંચવા કોઈ વાહન શોધી લઈશું. ચાલ, ટિકિટ તો લઈએ. સોળ કલાકની મુસાફરી છે.'

પોરબંદરથી ફાલના જવા માટે ટ્રેનમાં ટિકિટ ઉપલબ્ધ હતી, પણ માત્ર ફર્સ્ટ AC ની. આટલા પૈસા ક્યાંથી કાઢવા? સૈનીનું મોઢું ઊતરી ગયું. પણ પ્રિયાએ પેલા કમાન્ડો પાસેથી મળેલું કવર ખોલ્યું. એમાં હજાર હજારની પચીસ, નવીનક્કોર કડકડતી નોટો હતી.

'કોણ હતો એ?' સૈનીએ ટિકિટ્સ ખરીદી લીધા બાદ પ્રિયાને પૂછ્યું. 'તારા પપ્પાએ એને મોકલ્યો હશે?'

'કોણ જાણે?' પ્રિયા બબડી. એની નજર રેલવે સ્ટેશન પર દરેક દિશામાં પથરાઈ રહેલા ખાખી વર્દીધારી પોલીસફોજ પર હતી. પ્લેટફૉર્મના મુખ્ય પ્રવેશદ્વાર, ટોઇલેટ્સ, સ્ટૉલ્સ બુકિંગ કાઉન્ટર દરેક જગ્યાએ એ લોકો પૂછપરછ, તપાસ કરી રહ્યા હતા. સૈનીએ ટિકિટ ખરીદવામાં જરા સરખુંયે મોડું કર્યું હોત તો ટ્રેન પકડવાનો પ્લાન ધૂળમાં મળી જાત.

જોકે વધુ મોટી મુસીબત હજી ઊભી જ હતી. પોલીસની નજર ચૂકાવીને ટ્રેનમાં કઈ રીતે ચઢવું?

આમતેમ જોઈ રહેલા સૈનીની નજર સ્ટેશનની બિલકુલ સામે આવેલી કપડાંની દુકાન પર પડી — બદરૂદીન અન્સારી ઍન્ડ સન્સ. એના દિમાગમાં બત્તી ઝબૂકી. પ્રિયાને એ ઉતાવળે પગલે દુકાનમાં ખેંચી ગયો. સાંકડી જગ્યામાં ખૂણેખૂણે જાતજાતનાં વસ્ત્રોનો ઢગલો હતો. પણ સૈનીને માત્ર એક આઇટમમાં રસ હતો, શરીરને પગથી માથા સુધી ઢાંકી દે એવો કાળો બુરખો!

બુરખા તો એમણે બે મિનિટમાં પસંદ કરી લીધા, પણ વયોવૃદ્ધ દુકાનદારે એનું પૅકિંગ કરવામાં લાંબો સમય લગાડયો. એના ગ્રાહકોના જીવ તાળવે ચોંટી ગયેલા, પણ જેમતેમ એમણે ધીરજ જાળવી. વેસ્ટર્ન કપડાં પહેરેલા બે યુવાન શહેરીજન, કાળા બુરખા ખરીદે, એ જ નવાઈ ઉપજાવે એવી વાત હતી. એમાં વળી ઉતાવળ કરે તો તો નક્કી દુકાનદારને શંકા જાય. છેવટે દુકાનમાં, યુગો જેટલી લાંબી લાગેલી મિનિટ્સ વિતાવીને, બુરખાનું પૅકેટ લઈને બેઉ જણ બહાર નીકળ્યાં, અને નજીકમાં ગંધાઈ રહેલા ઉકરડા તરફ ગયા. માત્ર આ જ જગ્યાએ પોલીસની હાજરી નહોતી. ત્યાં ફટાફટ બુરખા પહેરીને એમણે ચહેરા ઢાંકી દીધા, અને હિંમત કરીને પાછા સ્ટેશનમાં પ્રવેશ્યા. પ્લેટફોર્મ TC થી માંડીને પોલીસ સુધીમાં કોઈને કલ્પના સુધ્ધાં ન આવી કે બુરખાની અંદર શહેરની કૉલેજનો હિસ્ટરી પ્રોફેસર અને જિન્સ પહેરેલી એની સ્ટુડન્ટ હતાં. કોઈએ આ જોડી પર ધ્યાન ન આપ્યું.

શહેરની હદની બહાર એક નાના રસ્તા પર પોલીસવાન ઊભી રહી એમાંથી માસ્ક પહેરેલો ડ્રાઇવર નીચે ઊતર્યો. રાધિકા સિંઘ અને રાઠોડ હજી વાનના પાછળના ભાગમાં પુરાયેલા હતા. પેલા માણસે લૉક પર નાનું પ્લાસ્ટિક ઍક્સ્પ્લૉઝિવ લગાડયું. એની સાથે ટીકટીક કરતું ટાઇમર હતું. દસમી મિનિટે ધડાકા સાથે લૉક તૂટે, ત્યારે પોલીસ ઑફિસરો મુક્ત થવાના હતા. ચહેરા પરથી માસ્ક કાઢી નાખીને એણે મેઇન રોડ ભણી પગ ઉપાડયા.

થોડી જ વારમાં ત્યાંથી પસાર થઈ રહેલી એક ટ્રકમાં એને લિફ્ટ મળી ગઈ.

‘હું જસપ્રીત સિંઘ, પૂત્તર તારું નામ?’ હસમુખા પંજાબી ડ્રાઇવરે પૂછ્યું.

‘તારક’. યુવાને જવાબ આપ્યો. ‘તારક વકીલ.’

૨૭

ગજરાજ સાથેનું મારું યુદ્ધ ચાલતું હતું, ત્યારે નગરમાં બીજી તરફ મારા મામા કંસ, ધનુષ યજ્ઞની તૈયારીમાં પડ્યા હતા. પરશુરામે આ દૈવી ધનુષ્ય, કંસના પૂર્વજોને ભેટમાં આપેલું. 'મહારાજ, આવતીકાલે યજ્ઞ પૂરો ન થાય ત્યાં સુધી આ ધનુષ્ય તૂટે નહીં, એનું ધ્યાન રાખજો. એવી ભવિષ્યવાણી થઈ છે કે, યજ્ઞની પહેલાં આ ધનુષ્ય ભાંગ્યું તો ધનુષ્યના માલિક, એટલે કે તમારા પર કાળ ઊતરી આવશે.' પંડિતે ફરી એકવાર ચેતવણી ઉચ્ચારી. કંસે એક ઊંચી બેઠક પર ધનુષ્યની સ્થાપના કરી હતી. આસપાસ સશસ્ત્ર સૈનિકોનો પહેરો હતો. અક્રૂરની સાથે હું અને બલરામ ત્યાંથી પસાર થયા. મેં ધનુષ્ય જોવાની ઇચ્છા દર્શાવી. અક્રૂર અમને ત્યાં લઈ ગયા. 'આને ઉપાડી જોઉં?' મેં નમ્રભાવે, ત્યાંના એક પહેરેદારને પૂછ્યું. એ હસવા લાગ્યો. 'છોકરા, આને અહીં લાવવા માટે વીસ માણસને કામે લગાડવા પડેલા. તારામાં એમનાથી વધુ તાકાત હોય તો જા, ઉપાડી લે!'

મેં એક હાથે ધનુષ્ય ઉપાડીને એના બે ટુકડા કરી નાખ્યા. અને પછી નિ:શબ્દ ભાવે, ત્યાં શિવની પ્રતિમાના ચરણમાં ધર્યા. શિવે વિશને આદર આપ્યો હતો, હવે વિશનો વારો હતો, શિવ સામે નમવાનો.

જોધપુરમાં પ્રોફેસર રાજારામ કુરકુડેની લૅબૉરેટરી, કોઈ સાયન્સ ફિક્શન મુવીના સેટ જેવી લાગતી હતી. સંશોધન કાર્ય માટે ખાસ ઊભા કરાયેલાં અનેક મકાનોની વચ્ચે, કુરકુડેની દસ હજાર સ્કવેર ફીટ વિસ્તારમાં ફેલાયેલી વિશાળ લૅબૉરેટરી હતી. મૂળ બાંધકામ કૉંક્રીટમાંથી થયેલું, પણ એની બહાર ગ્લાસ અને મેટલ પેનલ્સનું જે આવરણ હતું, એના પર પડતો અને અંદર સુધી પહોંચતો સૂર્યપ્રકાશ, આખીયે લૅબને ઝળાંહળાં કરી દેતો હતો. અંદર એકથી બીજા છેડે ટેબલો અને વૈજ્ઞાનિક ઉપકરણો હતાં. બહારના સંશોધન સ્થળોએથી આવતી બધીયે રેડિયોઍક્ટિવ ઇન્ફર્મેશનનો સંગ્રહ અને ડેટા પ્રોસેસિંગ અહીં થતા હતા.

અલ્ટ્રામૉડર્ન લૅબૉરેટરી બિલ્ડિંગમાં પ્રવેશનારને જોકે પહેલી નજરે એવી શંકા પડે કે, એ કોઈ પૌરાણિક, ઐતિહાસિક વસ્તુઓનો સંગ્રહ ધરાવતા મ્યુઝિયમમાં તો નથી આવી ગયો ને! પ્રાચીન અને રહસ્યમય લાગે એવાં ચિત્રો, લખાણો, ભગ્ન પ્રતિમાઓ વગેરે અહીં ઠેરઠેર નજરે પડતાં હતાં. પ્રોફેસર કુરકુડે મોટા ગજાના અણુવિજ્ઞાની તો હતા જ, સાથેસાથે ઇતિહાસમાં પણ એમને જબરો રસ હતો. મેસોપોટેમિયા અને સિંધુ ખીણ સંસ્કૃતિનો અભ્યાસ કરીને, એના પર રિસર્ચ પેપર્સ પ્રકાશિત કરનારા ઘણા નિષ્ણાતોની તુલનાએ કદાચ કુરકુડે એ વિષયો પર વધુ જાણતા હતા.

કુરકુડેની લૅબમાં અત્યારે નિયમાનુસાર સાપ્તાહિક મિટિંગ ચાલુ હતી.

જોધપુર પાસે જ્યાં રેડિયેશનની બહુ ઊંચી માત્રા જોવા મળેલી, ત્યાં થોડા સમય પહેલાં એક અંગ્રેજ પુરાતત્ત્વવિદ, ફ્રાન્સીસ ટેઇલર આવી ગયેલા. એમણે નજીકનાં હિન્દુ મંદિરોની દીવાલ પર થયેલાં પ્રાચીન લખાણો અને ચિત્રોની શોધ કરી હતી.

ભાષાશાસ્ત્રીઓએ જૂની લિપિ ઉકેલવાનો પ્રયાસ કર્યો, ત્યારે એવું જાણવા મળ્યું કે આ પ્રાર્થના હતી. બહારથી આવી રહેલા પ્રખર, વિનાશક પ્રકાશથી શહેરને બચાવવા માટે એ સમયનાં લોકોએ ભગવાનને પ્રાર્થના કરેલી.

આ સાંભળીને ઘણાં લોકોએ તત્કાળ ધારણા બાંધી લીધી કે, આ વિસ્તારમાં જે જીવલેણ રેડિયેશન નોંધાવેલું એ પ્રાચીન કાળમાં થયેલાં અણુવિસ્ફોટનું જ પરિણામ હોવું જોઈએ. પરંતુ કુરકુડે વિજ્ઞાનનો જીવ હતા. ઉતાવળે કંઈ પણ ધારી લેવાનું, માની લેવાનું એમના સ્વભાવમાં નહોતું.

'હજારો વર્ષ પહેલાંના એ સમયમાં ખરેખર કોઈ અણુ વિસ્ફોટ થયેલો કે પછી અત્યારે અહીં જોવા મળતા હાઇ રેડિયેશન લેવલની પાછળ બીજું કોઈ કારણ હશે?' કુરકુડેએ એમની રિસર્ચ ટીમના સભ્યો સામે આ સવાલ ફંગોળીને ચર્ચા શરૂ કરી.

'ભારતમાં ઠેરઠેરથી પુરાવા મળ્યા છે કે, પ્રાચીનકાળમાં અહીં અણુયુદ્ધ થયું હતું. IIT થી ન્યૂક્લિયર ફિઝિક્સમાં ડિગ્રી લઈને આવેલો યુવાન બોલ્યો. રિસર્ચ ટીમમાં કુરકુડે પછી બીજા સ્થાને એ હતો.

'જરા, લંબાણથી સમજાવો ને!' કુરકુડેએ કહ્યું.

'સર, ડેવિડ ડેવનપોર્ટ અને એટોર વિન્સેન્ટી નામના બે સંશોધકોએ જ રિસર્ચ પેપર રજૂ કરેલાં એમાંથી એવું તારણ નીકળતું હતું કે મોહેન્જોદડોમાં જે વિનાશ સર્જાયો, એ અણુધડાકાનું પરિણામ હતું.' યુવાન વૈજ્ઞાનિકની વાત સહુ રસભેર સાંભળી રહ્યા.

'હડપ્પા અને મોહેન્જોદડોમાં ખોદકામ કરતી વખતે પુરાતત્ત્વવિદો જ્યારે અંદર સ્ટ્રીટ લેવલ પર પહોંચ્યા ત્યારે એમણે સૂતેલા, બેઠેલા કે કોઈ કામ કરી રહ્યા હોય, એવી અવસ્થામાં લાગતાં અનેક હાડપિંજરો જોયાં. એમાંથી ચુમ્માલીસને જોઈને તો સ્પષ્ટ લાગતું હતું કે, ઘડીના છઠ્ઠા ભાગમાં, એ તમામને, એકસાથે મોત આંબી ગયેલું. કોઈને ભાગદોડ કરવાનો, બચવાનો સમય જ ન મળે, એવી કોઈ ઘટના ત્યારે બની હતી, જેણે આખી સંસ્કૃતિનો નાશ કરી નાંખ્યો.'

'કેવી ઘટના?' સવાલ થયો.

'આવો સામૂહિક વિનાશ, કોઈ અણુધડાકાથી જ થઈ શકે. અને આ માન્યતાને પુષ્ટિ આપતા પુરાવા પણ ત્યાંથી મળી આવ્યા છે. હડપ્પા અને મોહેન્જોદડોમાંથી મળેલા હજારો વર્ષ જૂનાં હાડપિંજરમાં હજીયે ઍટોમિક રેડિયેશનના અંશો છે. જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર અણુબૉમ્બ ઝીંકાયા પછી ત્યાંના મૃતદેહોના હાડકામાં રેડિયેશનનું જે લેવલ નોંધાયેલું, એટલું જ હડપ્પા અને મોહેન્જોદડોના અસ્થિપિંજરોમાં હતું. એક રશિયન વૈજ્ઞાનિકે તો મોહેન્જોદડોમાંથી એવું એક હાડપિંજર શોધી કાઢ્યું, જેમાં રેડિયો ઍક્ટિવ લેવલ 'નૉર્મલ' થી પચાસગણું વધુ ગણાય એટલું હતું. અરે ભાઈ, આપણા પૂર્વજોને અણુશક્તિ વિશે જ્ઞાન હતું, એ વાત સ્વીકારવામાં આપણને શું વાંધો છે? મહાભારતમાં પણ આ વિશે ચોખ્ખે-ચોખ્ખું લખ્યું જ છે ને! રૉબર્ટ ઑપનહેઇમરે જે કહ્યું, એ તો બધાંયે સાંભળ્યું અને વાંચ્યું જ હશે!'

૨૮

> બીજે દિવસે યજ્ઞ ન થયો. કારણ કે જેની પૂજા કરવાની હતી, એ ધનુષ્ય જ હવે નહોતું રહ્યું. મલ્લયુદ્ધના અખાડામાં બેઠેલો કંસ રોષમાં ધૂંઆપૂંઆ હતો. હું ત્યાં પહોંચ્યો તો એણે ત્રાડ પાડીને પૂછ્યું, 'તું બહુ બહાદુર અને તાકાતવર છે તો બોલ, આમાંથી ક્યાં મલ્લ સાથે લડી બતાવીશ?' મેં શાંતિથી જવાબ આપ્યો, 'તમે કહો, એની સાથે હું લડવા તૈયાર છું.' કંસે એના એક વિકરાળ યોદ્ધાને મેદાનમાં ઉતાર્યો. પણ મેં આસાનીથી એને હરાવી દીધો. પછી બીજો આવ્યો, એની પણ મેં એવી જ દશા કરી. ત્રીજો, ચોથો, પાંચમો... એક પછી એક બધાં પહેલવાનોને મેં ધૂળ ચાટતા કરી દીધા. છેવટે મથુરાના બે સહુથી શક્તિશાળી મલ્લ, ચાણુર અને મુષ્ટિક જ બાકી રહ્યા. ચાણુરે મારા પર, અને મુષ્ટિકે બલરામ પર આક્રમણ કર્યું. થોડીવાર એની સાથે રમત કરીને, અંતે મેં ચાણુરને ભોંયભેગો કરી દીધો, અને એના પર મુક્કાનો એવો વરસાદ વરસાવ્યો કે ચાણુરના રામ રમી ગયા. બીજી તરફ બલરામે મુષ્ટિકના બંને હાથ ભાંગી નાખ્યા.

કુરકુડેના હોઠ પર આછું સ્મિત ફરકી ગયું. સામે ઊભેલા યુવાનનો ઉત્સાહ એમને ગમ્યો. પણ એને થોડો વધુ ઉશ્કેરવાના ઇરાદા સાથે એ બોલ્યા 'હા. પણ છેલ્લાં વર્ષોમાં ભારત સરકારે, ન્યુક્લિયર ટેસ્ટિંગ એટલે કે પરમાણુ અખતરા કરવા માટે રાજસ્થાનના રણ પર પસંદગી ઉતારેલી, એ યાદ છે ને? અને રાજસ્થાનમાં ન્યુક્લિયર પાવર પ્લાન્ટ્સ પણ છે. શક્ય છે કે, એ બધાંને કારણે અહીંના વાતાવરણમાં રેડિયેશન વધ્યું હોય. અને હા, યાદ છે ને, નરોરામાં શું થયેલું!'

કુરકુડે સાથે બેઠેલાં બધાંએ માથાં હલાવ્યાં. એમાંથી જ એક જણને જોધપુરની નજીક આવેલા નરોરામાં થયેલાં અનુભવનો ઉલ્લેખ પ્રોફેસરે કર્યો હતો.

એમાં થયેલું એવું કે, નરોરામાં એક પ્રોજેક્ટની વિઝિટ પર ગયેલા યુવાને, પહેલા દિવસે કામકાજની વચ્ચે ચા પીવા પૂરતો નાનો બ્રેક પાડ્યો. એમાં જીવનભર યાદ રહી જાય, એવી ઘટના બની ગઈ. એ કેન્ટીન તરફ ગયો કે તરત એની બૅગમાં રેડિયેશન ઍક્ટિવિટી માપતું ગેઇઝર કાઉન્ટર ખતરાનું સિગ્નલ આપવા લાગ્યું અને કેન્ટિનમાં પ્રવેશતાંની સાથે તો મશીન જાણે ગાંડું થયું. આ શું કોઈ ન્યુક્લિયર પ્લાન્ટમાંથી ગળતર થઈ રહ્યું છે કે શું? યુવાને હક્કાબક્કા થઈ વિચાર્યું.

વધુ તપાસ કરી ત્યારે ખબર પડી કે, કેન્ટિનના રસોડામાં ચૂલાની અંદર જે લાકડાં વપરાતાં હતાં, એમાંથી આ રેડિયોઍક્ટિવ પ્રદૂષણ ફેલાઈ રહ્યું હતું. એ લાકડાં ક્યાંથી આવ્યાં, એની પૂછપરછમાં થથરાવી દે એવું સ્કેન્ડલ બહાર આવ્યું.

એક ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં રિપેરિંગ વર્ક વખતે જે માંચડા બાંધવા પડેલા, એમાં આ લાકડાંનો ઉપયોગ થયેલો. સ્વાભાવિક રીતે જ એના પર ન્યુક્લિયર રેડિયેશનની અસર થયેલી. કામકાજ પતી ગયા બાદ આ લાકડાંને જોખમી ન્યુક્લિયર વેસ્ટ એટલે કે કિરણોત્સર્ગી કચરો ગણીને સલામત જગ્યાએ સંઘરી રાખવાનો આદેશ હતો. પણ એને

બદલે ત્યાં બેઠેલા થોડા લોકોએ પૈસા કમાવા માટે આ લાકડાં એક કોન્ટ્રેક્ટરને વેચી નાખ્યા અને એણે પછી મોતનો એ સામાન કેન્ટિનને સપ્લાય કર્યો.

'પણ બીજી બધી જગ્યાએ પણ આવું જ થયું હશે, એવું કેવી રીતે કહી શકાય? યુવાને દલીલ કરી. 'ઉત્તર ભારતમાં પણ, ભૂતકાળમાં પ્રચંડ ધડાકા થયા હોવાના સંકેત મળ્યા છે. ગંગા અને રાજમહાલ પર્વતોની વચ્ચેના વિસ્તારમાં એક સમયે ભયાનક ગરમી ઉત્પન્ન થઈ હોવાના પુરાવા, પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યા છે. એ સ્થળે ખોદકામ કરતી વખતે જે જૂનાં બાંધકામ મળ્યાં, એમનાં તો પાયા સુધ્ધાં ગરમીથી ઓગળીને એકમેક સાથે ચોંટી ગયા હતા. મોહેન્જોદડો કે સિંધુ ખીણના કોઈ શહેરમાં ક્યારેય મોટો જ્વાળામુખી ફાટ્યો હોવાની સાબિતી મળી નથી. તો પછી આટલી પ્રચંડ ગરમી ઉત્પન્ન થવાનું બીજું ક્યું કારણ હોઈ શકે? જવાબ એક જ છે — અણુવિસ્ફોટ.'

કુરકુડેએ સહમતીભાવે માથું હલાવ્યું. રાજસ્થાનમાં આ સ્થળે રિસર્ચ કરવા આવેલા વૈજ્ઞાનિકોને જમીનમાંથી માટી અને લીલા રંગના કાચના ઝીણા ટુકડા ધરાવતા ખડક મળ્યા હતા. અણુધડાકામાં ઓગળી જતી માટી અને રેતીનું રૂપાંતર તરત જ લીલા કાચ જેવા પદાર્થમાં થઈ જાય છે. આ વાત તો જાણીતી હતી. અમેરિકનોને એમના નેવાડાના રણમાં અણુપરીક્ષણ કર્યા પછી આવું જ જોવા મળેલું.

'અણુબૉમ્બના જનક ગણાતા રોબર્ટ ઑપનહેઇમરને પ્રથમ અણુપરીક્ષણ બાદ કોઈએ પૂછ્યું કે, 'કેવી લાગણી થાય છે?' ત્યારે એણે જવાબ આપેલો કે, કદાચ દુનિયાનો નહીં, પણ આધુનિક યુગનો આ પહેલો ઍટમબૉમ્બ હતો . એ કદાચ એવું કહેવા માંગતા હતા કે હજારો વર્ષ પહેલાંના આપણા પૂર્વજો પાસે આ ટૅક્નૉલૉજી હતી? મહાભારત માં લખેલી વાત સિરિયસલી લેવી જોઈએ કે માત્ર કાલ્પનિક કથા ગણીને એમાં સત્ય શોધવાની માથાકૂટ છોડી દેવી?' કુરકુડે બોલ્યા.

હવે બીજા ટીમમૅમ્બરે હાથ ઊંચો કર્યો. નરોરાની કેન્ટિનમાં એણે જ અજાણપણે રેડિયેશનની હાજરી શોધી કાઢેલી.

'ઓપનહેઇમરે, ૧૯૪૫માં પ્રથમ સફળ અણુપરીક્ષણ પછી 'ગીતા 'ના શબ્દો ટાંક્યા હતા. હું સાક્ષાત મૃત્યુ છું, વિશ્વનો વિનાશ કરનાર! ભગવદ્ ગીતામાં કહ્યું છે, હું વિશ્વનો અંત કરવાનો સમય છું. સૃષ્ટિનો સંહાર કરવાના માર્ગે છું . પણ ગીતા ની આ એક જ લીટીને વળગી રહેવાને બદલે આપણે બીજે પણ જોઈએ. મહાભારતના મૂષળ પર્વમાં એક અતિભયાનક શસ્ત્રે વેરેલા વિનાશનું વર્ણન કંઈક આ રીતે થયું છે:

આટલા પ્રખર તેજથી ઝળહળતું શસ્ત્ર, આ પહેલા કોઈએ જોયું નહોતું. એ જાણે સાક્ષાત્ યમદૂત બનીને આવ્યું અને એના માર્ગમાં આવતી દરેક વસ્તુ રાખ થઈ ગઈ. આખાયે બ્રહ્માંડની શક્તિ એનામાં હતી. એનો વિસ્ફોટ થયો, ત્યારે હજારો સૂર્ય જેવી આગ અને ધૂમ્રશિખા, જમીન પરથી ઊઠી, અને ઉપર જઈને, વિશાળ છત્રની જેમ વાતાવરણમાં ફેલાઈ ગઈ. જે મર્યા એમનાં શરીર ઓળખાય એવા નહોતાં રહ્યાં, બાકીના લોકોના વાળ અને નખ ખરી પડ્યા, દેખીતા કારણ વિના માટીનાં વાસણો ફૂટી ગયાં, પંખીઓ રંગ ગુમાવીને ધોળાધફ થઈ ગયાં. બધીયે ખાદ્યસામગ્રીમાં ઝેર ફેલાઈ ગયું. થોડી જ વારમાં વિનાશની આગ અને પ્રકાશ શમી ગયાં, અને પાછળ માત્ર રાખ રહી.

હવે તમે કહો, આ વર્ણન અણુવિસ્ફોટ નહીં તો બીજી કઈ ઘટનાનું હોઈ શકે? અકાળે વૃદ્ધ થવા લાગેલા યુવાન એન્જિનિયરે પૂછ્યું.

'જૂના સોવિયટ યુનિયનના પ્રોફેસર એ. એ. ગોર્બોવ્સ્કીએ કરેલું સંશોધન પણ ધ્યાનમાં લેવું જોઈએ.' IIT નો સ્કોલર બોલ્યો.

રાજસ્થાનમાં રેડિયોઍક્ટિવિટીની નોંધ લેવાઈ, એના ઘણાં વર્ષ પહેલાં આ રશિયન પુરાતત્ત્વવિદે, કુરુક્ષેત્રના મેદાનમાંથી એક જૂની માનવખોપરી શોધી કાઢેલી. એણે જઈને પોતાની લૅબૉરેટરીમાં કાર્બન ડેટિંગની મદદથી, આ ખોપરી લગભગ પાંચ હજાર વર્ષ જૂની હોવાનું તારણ કાઢ્યું. એટલું જ નહીં આટલા જૂનાં હાડકાં હજીયે આસપાસ રેડિયેશન ફેલાવી રહ્યાં હતાં. એ જાણીને તો સહુ સ્તબ્ધ થઈ ગયેલા. પાંચ હજાર વર્ષ પહેલાં કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવો વચ્ચે યુદ્ધ થયું હતું. આજનું કુરુક્ષેત્ર દિલ્હીથી થોડા માઈલ દૂર ઉત્તરમાં છે.

'મહાભારત માં બ્રહ્માસ્ત્ર તરીકે જેનો ઉલ્લેખ થયો છે, એ હકીકતમાં અણુબૉમ્બ હતો?' સિનિયર એન્જિનિયરે પૂછ્યું.

થોડીવાર વિચાર કરીને કુરકુરે બોલ્યા, 'એનાથી યે વધુ મોટો, મહત્ત્વનો સવાલ તો એ છે કે, મહાભારતનું યુદ્ધ પૂરું થયા બાદ બ્રહ્માસ્ત્રનું અસ્તિત્વ મટી ગયું કે પછી હજીયે એ ક્યાંક છુપાઈ રહ્યું છે?'

૨૯

પોતાના બે સહુથી મોટા, શક્તિશાળી મલ્લનો કારમો પરાજ્ય થયો, એ જોઈને રોષથી ફૂંફાડા મારતો કંસ પોતે મારી સામે અખાડામાં કૂદી પડ્યો. મેં શાંતિથી કહ્યું, 'હું સાક્ષાત વિષ્ણુનો અવતાર છું. તું મારા શરણે આવ, હું તારા બધાં પાપને ક્ષમા કરી દઈશ.' પણ ગુસ્સામાં મતિભ્રષ્ટ થયેલો કંસ કંઈ સાંભળ્યા વિના મારા પર તૂટી પડ્યો. કોઈ બાળકને ઝાલતો હોઉં', એટલી સહેલાઈથી એને પકડીને મેં હવામાં ફંગોળ્યો. નીચે પડેલા કંસના શરીરમાં હતાં, એટલાં બધાં હાડકાં તોડી નાખીને, અંતે મેં એની ગરદન મરડી નાખી. કંસનો જીવ ઊડી ગયો. એના ત્રાસમાંથી મુક્ત થયેલા મથુરાવાસીઓએ મારો અને બલરામનો જયજયકાર કર્યો.

ફર્સ્ટ ક્લાસ AC કુપે કૅબિનમાં માત્ર સૈની અને પ્રિયા હતાં. દરવાજો અંદરથી લોક કરીને એમણે બુરખા ઉતાર્યા. સોળ કલાકની યાત્રા દરમ્યાન બહારના કોઈ સાથે પનારો પાડવો ન પડે, એટલું પાણી, બિસ્કિટ્સ અને ફ્રુટ્સ એમણે ખરીદી લીધેલાં.

'તમે ખરેખર માનો છો કે, અણુવિસ્ફોટ કરી શકે, એટલું જ્ઞાન આપણા પૂર્વજો પાસે હતું?' સફરજન પર દાંત ભરાવતાં પ્રિયાએ પૂછ્યું.

'ઊર્જા અને તત્વો વિશેની એમની સમજણ, આપણાંથી અનેકગણી વધુ હતી.' સૈનીએ જવાબ આપ્યો. 'એક સાદું ઉદાહરણ આપું. ફિઝિક્સ ભણતા દરેક વિદ્યાર્થીએ આ પ્રયોગ કર્યો હશે. આવું કહીને એમણે કાગળ પર એક સ્કેચ દોર્યો.



'પ્રાચીનકાળમાં લોકો જાણતા હતા કે શ્વેત પ્રકાશને, ત્રિપાર્શ્વ કાચમાંથી પસાર કરીને એને સાત રંગમાં છૂટો પાડવાનું શક્ય હતું. એટલું જ નહીં, સાત રંગને ભેગા કરીને આંખ આંજી નાખે એવો શ્વેત પ્રકાશ ઉત્પન્ન કરી શકાય. એવી જાણ પણ એમને હતી.'

'હા, પણ તો શું?' પ્રિયા અધીરી થઈ.

'શાંતિથી સાંભળ. એમનું જ્ઞાન, આ સાદી સમજથી ઘણું ઘણું વધુ હતું. તું જાણે છે કે આપણા ઋષિમુનિઓએ, માનવદેહમાં સાત પવિત્ર ચક્ર હોવાનું કહ્યું છે?'

'હા. હિન્દુ પુરાણોમાં એનો ઉલ્લેખ થયેલો અને પછી વર્ષોથી એ આપણી તાંત્રિક

અને યોગિક પરંપરાનો હિસ્સો છે.' પ્રિયા બોલી. 'ભારતીય યોગીઓ માનતા હતા કે વ્યક્તિનો જે સૂક્ષ્મ દેહ કહેવાય, એમાં શક્તિ કે ઊર્જાના વલય જેવાં સાત ચક્ર હોય છે. વમળની જેમ સતત ફરતા રહેતા આ ચક્ર, શક્તિ ગ્રહણ કરે છે. અને એનું સંચારણ પણ કરે છે.' બોલતાં બોલતાં પ્રિયાએ હાથમાં નેપકીન લીધો અને ઝડપભેર એના પર સ્કેચ દોરીને સૈની સામે ધરી દીધો.



સ્કેચ જોઈને સૈની હસી પડયો. 'અરે, વાહ મને નહોતી ખબર કે, તું આટલું બધું જાણે છે!'

'સ્કૂલની અંદર, મેં વર્ષો સુધી યોગ અને ધ્યાનનો અભ્યાસ કરેલો. પણ એ વિષયમાં મને વધુ ચર્ચા કરવાનું પસંદ નથી,' પ્રિયાએ જવાબ આપ્યો.

થોડીવાર માટે મૌન પથરાઈ ગયું. પછી હળવેથી ગળું ખોંખારીને સૈનીએ કહ્યું, 'અંહ... તું સાત ચક્ર વિશે જાણે છે, એટલે એ પણ જાણતી હોઈશ કે ઉપનિષદ માં, ભારતીય શાસ્ત્રીય સંગીતના સાત સૂરનું વર્ણન થયું છે — સા, રે, ગ, મ, પ, ધ, નિ... પશ્ચિમી સંગીતમાં પણ આવા જ સાત સૂર છે. મારી માન્યતા છે કે દરેક સૂરને આપણી અંદરના એક એક ચક્ર સાથે સીધો સંબંધ છે. સૂર અને ચક્રની ફ્રિક્વન્સીનો સુમેળ થાય, ત્યારે ચક્ર જાગ્રત થાય છે.'

'શક્ય છે, પણ ધ્યાન ધરવા માટે આપણે હંમેશાં 'ઓમ' નો સહારો લઈએ છીએ. સા, રે, ગા, મા નહીં,' પ્રિયા બોલી.

'મારે એ જ કહેવું છે.' સૈનીએ ઉત્સાહભેર સહમત થતાં કહ્યું. 'સાત રંગ મળીને શ્વેત, એટલે કે સૃષ્ટિના પરમતેજનું નિર્માણ કરે છે. એવી જ રીતે સાતેય સૂરનો સંગમ થાય, ત્યારે એમાંથી આદિ ધ્વનિ, ઓમ નો જન્મ થાય છે. ધ્યાન ધરતી વખતે આપણને આ વાતનો ખ્યાલ નથી આવતો પણ હકીકત એ છે કે સાત સૂરમાંથી બનેલા 'ઓમ 'ના ધ્વનિ દ્વારા આપણે સૂક્ષ્મ દેહના સાતેય ચક્રને જાગ્રત કરવાનો પ્રયાસ કરીએ છીએ.'

'પણ આને ન્યુક્લિયર એનર્જી, પરમાણુ ઊર્જા સાથે શું સંબંધ?' પ્રિયા મૂળ વાત પર પાછી ફરી.

'સીધો સંબંધ છે. આધુનિક યુગના વૈજ્ઞાનિકો હવે સહમત છે કે એનર્જી, એટલે કે ઊર્જાના મુખ્ય સાત રૂપ છે - મિકેનિકલ, હીટ, કેમિકલ, રેડિયન્ટ, ઇલેક્ટ્રિકલ, સાઉન્ડ અને ન્યુક્લિયર. મને ખાતરી છે કે પ્રાચીનકાળમાં ઋષિમુનિઓને આનું જ્ઞાન હતું. એ જાણતા હતા કે, આ દરેક ઊર્જાનું સાત તત્ત્વોમાં વિઘટન કરવાનું શક્ય હતું. એ યુગની સહુથી પવિત્ર અને મહત્ત્વની ગણાતી સરસ્વતી નદી પણ સપ્તસિંધુનો એક ભાગ હતો. સપ્તસિંધુ

એટલે સાત નદી. વેદિક જ્ઞાન આપનારા સપ્તર્ષિ, એટલે કે સાત ઋષિ હતા. અને દ્વારકા પણ સપ્તદ્વીપ એટલે કે સાત ટાપુમાંથી બનેલું નગર હતું. જૂનું વેદિક કેલેન્ડર પણ ચંદ્રની સાત કળા પર આધારિત હતું.'

'તમારી વાત સમજાઈ પણ પરમાણુ શક્તિવાળો પ્રશ્ન હજી ઊભો જ છે.' પ્રિયા બોલી.

'પ્રિયા, ધારી લે કે ઋષિઓએ ઊર્જાના વિવિધ સ્ત્રોતને, ભેગા કરીને એક રૂપ આપવાનો રસ્તો શોધી કાઢ્યો. સરસ્વતીના કિનારે, એ લોકો ધ્યાનમાં બેસતા, ત્યારે એ પ્રાચીન પદ્ધતિ દ્વારા વિવિધ શક્તિઓનો સંચય કરતા હતા, એવું શક્ય નથી?' સૈનીની આંખમાં ચમક આવી ગઈ.

પ્રિયા વિચારમાં પડી ગઈ. સૈનીએ બોલવાનું ચાલુ રાખ્યું, 'ઓપેરા સિંગર એના સૂરથી કાચનો ગ્લાસ તોડી શકે, તો પછી પ્રાચીનકાળમાં સૂરોની શક્તિથી, વિશાળ પથ્થરો હલાવીને, ઉપાડીને વિશાળ બાંધકામો થયાં હશે, એવું માની શકાય કે નહીં? અને, એવું થયું હશે, એમ માની લઈએ તો પછી એ પણ સ્વીકારવું જોઈએ કે ધ્વનિના માધ્યમથી જે શક્તિ કે ઊર્જા પેદા થાય, એનાથી મોટા, શક્તિશાળી વિસ્ફોટો કરવાનું પણ શક્ય હતું.'

સૈનીએ પોતાના વાળમાં આંગળીઓ ફેરવીને ઊંડો શ્વાસ લીધો. 'વેદકાળમાં, આપણા પૂર્વજો પાસે જે વિશાળ જ્ઞાનનો ભંડાર હતો એને આપણે વિસારે પાડી બેઠા. એક ઉદાહરણ આપુ. ૧૪મી સદીના ભારતીય વિદ્વાન સાયને, ઋગ્વેદની ઋચાઓનો અભ્યાસ કરેલો. એમણે પોતાના લખાણમાં આવી જ એક ઋચાનો ઉલ્લેખ કરેલો — અર્ધ નિમેષમાં જે ૨૨૦૨ યોજન પાર કરી જાય છે એ સૂર્યને હું સાદર પ્રણામ કરું છું! તારી જાણ ખાતર કહેવાનું કે યોજન એટલે નવ અમેરિકન માઈલ. અને નિમેષ એટલે સેકન્ડનો ૧૬/૭૫ મો ભાગ. પ્રિયા, ગણતરી કરી જો. સાયને ઋગ્વેદના આધારે કહેલું કે સૂર્યપ્રકાશ, એક સેડન્ડના ૧૮૬ હજાર માઈલની ગતિએ પ્રવાસ કરે છે. આજે સ્કૂલમાં, બાળકોને આવું જ શીખવાડાય છે ને?'

'કોઈ વૈજ્ઞાનિક ઉપકરણો, સાધનોની મદદ વિના, આપણા ઋષિમુનિઓ આ બધું જાણતા હતા!' પ્રિયાના અવાજમાં આશ્ચર્ય અને અહોભાવનું મિશ્રણ હતું.

કંસનો વધ કર્યો; કારાગૃહમાં પૂરાયેલાં વસુદેવ અને દેવકીને મુક્ત કરીને એમના આશીર્વાદ મેળવ્યા; કંસે બંદી બનાવેલા એના પિતા ઉગ્રસેનને પણ બંધનમાંથી છોડાવીને, પાછા એમના સ્થાને બેસાડ્યા. હવે મારી ઓળખ યાદવની સાથેસાથે ક્ષત્રિય તરીકે પણ થવા લાગી. સાંદીપનિ ઋષિના આશ્રમમાં અભ્યાસ પૂરો કરીને હું પાછો મથુરા આવ્યો ત્યારે યાદવકુળ પર શાસન કરતા વિધાનમંડળમાં મને સ્થાન અપાયું.

કમનસીબે એ જ દિવસોમાં, જંગલની અંદર શિકાર કરવા ગયેલો પ્રસન્નજિત નામનો યાદવ, અકસ્માતે મૃત્યુ પામ્યો. અને એણે પહેરેલો શ્યામંતક નામનો અતિ કિંમતી મણિ કોઈ ચોરી ગયું. માખણચોર તરીકે નાનપણમાં મને મળેલી કુખ્યાતિ અહીં પાછી નડી. રત્ન ચોરવાનું આળ મારા માથે આવ્યું.

રાજસ્થાનને ગુજરાત સાથે જોડતા નૅશનલ હાઇવે નંબર-૧૫ પર સરદાર જસપ્રીત સિંઘની ટ્રક અને જીભ, બંને લગભગ સરખી ગતિએ દોડી રહ્યાં હતાં. બાજુમાં બેઠેલા યુવાને જોકે હકાર ભણવા સિવાય, આટલો સમય ભાગ્યે જ મોઢું ખોલેલું. એનું ધ્યાન રસ્તા પર હતું. ‘આબુ ક્યારે આવશે?’ પેલા યુવાને — જેનું નામ તારક વકીલ હતું — એણે કાચમાંથી બહાર દેખાતા, સૂકા પ્રદેશ પર નજર નાખતાં વિચાર્યું. આબુ રોડ, ફાલનાની પહેલાં આવતું રેલવે જંકશન હતું. બારીમાંથી આવતી હવા અને ટ્રકની એકધારી ગતિથી હવે એને ઝોકાં આવવાં લાગેલાં. ઊંઘથી ભારે થઈ રહેલી આંખોની સામે કોઈ ફિલ્મની પટ્ટીની જેમ બાળપણનાં દૃશ્યો ફરવા લાગ્યાં.

‘બધાં ઘરકામ પૂરું કરીને લાવ્યાં છે ને? ગણિતના શિક્ષક મિસ્ટર કપૂરે, ક્લાસમાં આવતાંની સાથે પૂછ્યું. કડક શિસ્તપાલન માટેનો એમનો આગ્રહ, વિદ્યાર્થીઓને થથરાવતો હતો.

‘નામ બોલું છું, જવાબ આપજો, વિદ્યાર્થીઓએ ટેબલ પર મૂકેલી ‘હોમવર્ક’ નોટબુક્સ તરફ જોઈને મિસ્ટર કપૂરે કહ્યું.

‘સચીન મિશ્રા?’ પહેલું નામ ઉચ્ચારાયું.

‘યૅસ સર, કર્યું છે.’ જવાબ આવ્યો.

‘ઉસ્માન શેખ?’

‘યૅસ સર’

‘વેંકટ ઐયર?’

‘યૅસ સર’

‘સંપત શર્મા?’

સામે કોઈએ જવાબ ન આપ્યો. ‘સંપત શર્મા?’ કપૂરે જરા મોટેથી કહ્યું.

‘જી, સર’, ક્લાસમાં સહુથી છેલ્લી બેન્ચ પર બેઠેલા છોકરાએ થોથવાતી જીભે કહ્યું.

'હું હાજરી પૂછવા નથી બેઠો. હૉમવર્ક કર્યું છે કે નહીં, એનો જવાબ આપો.'

'સર, કર્યું છે પણ ભૂલથી ઘેર રહી ગયું.' છોકરાએ ડરતાં ડરતાં કહ્યું.

'ગેટ આઉટ' કપૂરે આદેશ આપ્યો. છોકરો નીચી મૂંડીએ ક્લાસની બહાર જઈને ઊભો રહ્યો. પણ એની સજા પૂરી નહોતી થઈ. થોડી જ વારમાં મિસ્ટર કપૂર બહાર આવ્યા. એમના હાથમાં જે અઢાર ઈંચની, બંને છેડે પિત્તળની મઢેલી ફૂટપટ્ટી હતી, એ જોઈને છોકરો થથરી ગયો. શિક્ષકના આદેશ મુજબ એણે ડાબો હાથ લાંબો કર્યો, પણ આંખ અને હોઠ સજ્જડ ભીડી દીધા.

સટાક દઈને હથેળી પર ફૂટપટ્ટી વીંઝાઈ. સંપતના મોઢામાંથી ચિત્કાર નીકળી ગયો.

'આજ પછી તું ક્યારેય હોમવર્ક લાવવાનું નહીં ભૂલે' કપૂરે મારવાનું શરૂ કર્યું અને પછી જીભ અને ફૂટપટ્ટી ક્રૂરતાભેર બાળક પર પીડાનો વરસાદ વરસતા રહ્યા. હથેળી પર છેલ્લો ફટકો, પિત્તળની ધારથી મરાયો. સંપતનો ચહેરો આંસુથી અને હથેળી લોહીથી ખરડાઈ ગયાં. ડૂસકાં ભરતો એ જમીન પર ફસડાઈ પડ્યો.

પણ કપૂરની ક્રૂરતા આજે ચરમસીમાએ હતી. 'ચાલ, ઊભો થા' એમણે ધગધગતા અવાજે આદેશ આપ્યો. સંપત ધ્રૂજતા શરીરે દીવાલ સામે મોઢું રાખીને ઊભો રહ્યો.સટાક દઈને ફૂટરૂલર એના સાથળ પર વાગ્યું.

'બંધ કરો એને મારવાનું' પાછળથી એક અવાજ આવ્યો. ફૂટરૂલર સાથે ઊંચો થવા ગયેલો હાથ રોકાઈ પડ્યો. મને રોકવાની હિંમત કોણે કરી, આવા આશ્ચર્ય સાથે કપૂરે પાછળ ફરીને જોયું. પણ એ કંઈ બોલેકારવે એ પહેલાં તો સામે ઊભેલી સ્ત્રીએ એમના ગાલ પર કચકચાવીને લાફો મારી દીધો.

'આટલા નાના છોકરાને શિસ્તના નામે આવી મારપીટ કરતાં શરમ નથી આવતી? ડરપોક, હિંમત હોય તો કોઈ મોટા સામે લડવા જાવ!' સ્કૂલમાં હજી અઠવાડિયા પહેલાં જ ટ્રેઇની તરીકે જોડાયેલી યુવાન ટીચરે આગઝરતા અવાજે કહ્યું.

કપૂર હેબતાઈ ગયા. વીસ વરસની એમની કારકિર્દીમાં આવો અનુભવ ક્યારેય નહોતો થયો. એમના હાથમાંથી ફૂટરૂલર ઝૂંટવી લેતાં યુવાન ટીચરે ફૂંફાડો માર્યો, 'તમારે કારણે મારી નોકરી જાય, તોયે પરવા નથી. પણ બીજીવાર, આ છોકરાને આંગળીયે અડાડી છે, તો તમારી એવી હાલત કરીશ કે આગલા સાત જનમ યાદ આવી જશે. સમજી ગયા?'

ગભરુ વિદ્યાર્થીની જેમ કપૂરે ગરદન હલાવી. દેખાવે અત્યંત સુંદર યુવતી એની સામે જાણે ચંડિકાનું રૂપ ધારણ કરીને ઊભેલી. પરંતુ સંપતની સામે જોતાંની સાથે એના લાલચોળ ચહેરા પર કોમળતા આવી ગઈ. 'લે, તારો ચહેરો લૂછી નાખ' છોકરાની સામે રૂમાલ લંબાવતાં એ પ્રેમાળ સ્વરે બોલી.

સંપત ચહેરો લૂછીને રૂમાલ પાછો આપવા ગયો પણ ટીચરે એની હથેળી પર હળવેથી દબાવતાં કહ્યું, 'રહેવા દે, એનાથી લોહી ચૂસાઈ જશે. જા, ફર્સ્ટ એઇડ રૂમમાં જઈને પાટાપિંડી કરાવી લે. સ્કૂલ છૂટ્યા પછી મને મેઇન ગેટની બહાર મળજે.'

'થૅંક્યુ મૅડમ.' સંપત આભારવશ અવાજે ગણગણ્યો.

'આજ પછી તું કોઈને, તારા પર અત્યાચાર કરવાનો મોકો નહીં આપે! બધાંય જેને આદર અને ડરની નજરે જુએ, એવો પુરુષ બનવામાં, હું તારી મદદ કરીશ.'

'મૅડમ, તમારું...નામ?'

'નામ ગમે તે હોય, હું એક માના રૂપમાં તારું રક્ષણ કરવા અહીં આવી છું. મને માતાજી કહીને બોલાવજે.'

૩૧

યાદવોનો એક અગ્રણી સત્રજિત, મહાન સૂર્યભક્ત હતો. ખુદ સૂર્યનારાયણે એની સામે પ્રગટ થઈને વરદાન માંગવાનું કહ્યું, ત્યારે સત્રજિતે અમૂલ્ય ગણાય એવો શ્યામંતક મણિ માંગી લીધો. એણે પછી આ મણિ એના ભાઈ પ્રસન્નજિતને આપ્યો. કમભાગ્યે જંગલમાં શિકાર માટે ગયેલા પ્રસન્નજિતનો સામનો એક વિકરાળ સિંહ સાથે થયો. સિંહે પ્રસન્નજિતના પ્રાણ હરી લીધા, પણ પછી મણિ લઈને એ ત્યાંથી જતો હતો, ત્યાં વળી રીંછોના રાજા જાંબવને એના પર હુમલો કર્યો, અને મણિ કબજે કરી લીધો. મથુરાના લોકોએ જોકે માખણચોર કનૈયાને જ મણિચોર ઠરાવી દીધો. માથેથી ચોરીનું આળ ઉતારવા માટે, જંગલમાં રીંછની ગુફા સુધી પહોંચીને મારે જાંબવાન સાથે લડવું પડ્યું. જોકે, લડાઈમાં મારી જીત થઈ અને શ્યામંતક મણિ સાથે હું મથુરા પાછો ફર્યો.

રાધિકા સિંઘ અને રાઠોડ, માંડમાંડ પોલીસવાનમાંથી નીકળ્યાં, ત્યાં સુધીમાં એમના બે કેદી અને અજાણ્યો હુમલાખોર બહુ દૂર નીકળી ગયેલા. ગુસ્સે થવાનો કે કકળાટ કરવામાં સમય બગાડવાનો અર્થ નહોતો. રાધિકાએ સિગારેટ સળગાવીને ઊંડો કશ લીધો, અને CBI ના સ્પેશિયલ ડિરેક્ટર સુનીલ ગર્ગને ફોન કર્યો, 'હેલો, રાધિકા સિંઘ બોલું છું. અહીં નાનો પ્રૉબ્લેમ ઊભો થયો છે, પણ એને પહોંચી વળશું. તમે સાદા વેશમાં તમારી ટીમને ફાલના સ્ટેશન પર મોકલી શકો? મને ખાતરી છે કે, આરોપી અને એની સાથીદાર પોરબંદરથી ટ્રેનમાં ફાલના જવા રવાના થયાં છે ત્યાં ઊતરીને એ જોધપુર પહોંચવા વાહન શોધશે. હું જયપુરમાં મારા ચીફને કહીને, જોધપુરમાં સશસ્ત્ર પોલીસ દળ તૈયાર રાખવાનું કહી દઉં છું. બદમાશો બહુ હોશિયાર છે. ખાખી વર્દી જોતાંની સાથે છટકી જવાનો રસ્તો શોધશે.'

રાધિકાએ બહુ ઓછા શબ્દોમાં ગર્ગને ઝડપભેર પરિસ્થિતિ સમજાવી દીધી. બાજુમાં ઊભાઊભા સાંભળી રહેલા રાઠોડને નવાઈ લાગી કે એની સિનિયરે, આખીયે વાતમાં પેલા અજાણ્યા હુમલાખોરનો ઉલ્લેખ કેમ ન કર્યો! પરંતુ આ મુદ્દે સવાલ કરવાની હિંમત એનામાં નહોતી.

ગર્ગ સાથે વાત પતાવીને રાધિકાએ હવે એના સ્માર્ટ ફોનની GPS સિસ્ટમ ઑન કરી. સ્ક્રીન પર ગુજરાત અને રાજસ્થાનનો નકશો દેખાયો. એક નાનું, ભૂરું ટપકું, પોરબંદરથી રેલમાર્ગે ફાલના તરફ જઈ રહ્યું હતું. પ્રિયાની તપાસ કરવાના બહાને, રાધિકાએ પ્રિયાના કુરતા પર નાનકડી માઇક્રોચીપ લગાડી દીધેલી. એમાંથી ટ્રાન્સમીટ થઈ રહેલું સિગ્નલ રાધિકાને કહેતું હતું કે, ભાગેડુઓ ક્યાંથી ક્યાં પહોંચવાના હતા.

રાધિકા ખુશ હતી કે એનો અંદાજ સાચો પડેલો. સૈની અને પ્રિયા, પોરબંદરથી દિલ્હી - સાબલી ઍક્સપ્રેસ પકડીને, રાજસ્થાન જવા નીકળેલા. અને જોધપુર જવા માટે એમણે ફાલના સ્ટેશને ઊતરવું પડશે, એ વાતમાં કોઈ શક નહોતો. સ્માર્ટફોનની સ્ક્રીન પર દોડી રહેલાં ભૂરા ટપકાની સાથેસાથે એના હૃદયના ધબકારા પણ વધુ ને વધુ તેજ થવા

લાગ્યા.

પરંતુ ભૂરું ટપકું ફાલના પહોંચ્યું અને પછીની થોડી જ સેકન્ડોમાં રાધિકાનો ચહેરો લાલઘૂમ થઈ ગયો. સિગ્નલ કહેતું હતું કે, પ્રિયા અને સૈની, ફાલના સ્ટેશને નહોતા ઊતર્યાં. ટ્રેન એના પ્રવાસીઓની સાથે હવે બીવર અને અજમેરના રસ્તે દિલ્હી જઈ રહી હતી. 'આમ કેમ થયું? એ લોકોએ છેલ્લી ઘડીએ શું કામ પ્લાન બદલી નાખ્યો?' રાધિકાનું દિમાગ ચકરાઈ ગયું.

રાધિકાને ગૂંચવણમાં નાખી દેનારા, આ ઘડીએ ટ્રેનમાં નહીં, પણ ઍરકન્ડિશન્ડ ટાટા સફારી વાનમાં, જોધપુર જવા નીકળી ગયેલા! એ લોકોએ ફાલનાથી પહેલાં આવતા આબુરોડ રેલવે સ્ટેશને ઊતરીને, વાન ભાડે કરવાનું શાણપણ દાખવ્યું હતું. આબુ અને જોધપુર વચ્ચે અંતર તો પૂરા અઢીસો કિલોમીટરનું હતું, પણ રણની વચ્ચેથી પસાર થતા સીધાસટ, ખાલીખમ રસ્તા પર એમની ઝડપી યાત્રામાં કોઈ વિઘ્ન નહોતું નડવાનું. ચાર કલાકની અંદર તો એ વાન એમને જોધપુર પહોંચાડી દેવાની હતી.

અને, રાધિકાએ પ્રિયાનાં કપડાં પર લગાવેલી માઇક્રોચીપ? એ તો અત્યારે દિલ્હી - સાબલી ઍક્સ્પ્રેસના, ફર્સ્ટ AC કમ્પાર્ટમૅન્ટની બારીના એક ખૂણે પડી હતી. રાધિકાના ફોન પર એણે સિગ્નલ આપવાનું ચાલુ રાખેલું.

૩૨

જીવના જોખમે પાછા મેળવેલા શ્યામંતક મણિ પર હવે મારો હક્ક હતો. પરંતુ ઉદારભાવે મેં સત્રજિતને સોંપી દીધો. મારા પર ચોરીનું આળ નાખનારા સત્રજિતની શરમનો પાર ન રહ્યો. પ્રાયશ્ચિત્ત રૂપે એણે એની પુત્રી સત્યભામાનો હાથ મને સોંપ્યો, એટલું જ નહીં, શ્યામંતક મણિ પણ પાછો આપવાની ઈચ્છા દાખવી. મેં સત્યભામાને મારી પત્ની તરીકે સ્વીકારી લીધી, પણ મણિ પાછો ન લીધો.

આ ઘટનાના થોડા સમય બાદ, હું દ્વારકાની બહાર હતો, ત્યારે સત્રજિતના દુશ્મનોએ એને મારી નાખવાનું કાવતરું ઘડ્યું. સતધન્વ નામના યાદવે સત્રજિતની હત્યા કરી, અને શ્યામંતક મણિ ઝૂંટવી લઈને, એની રખેવાળી કરવાની જવાબદારી અક્રૂરને સોંપી. આ એ જ માણસ હતો, જેણે કંસના કુટિલ ઈરાદા વિશે આગોતરી જાણ કરી દઈને, ભૂતકાળમાં મારી અને બલરામની મદદ કરેલી.

સતધન્વને પકડીને, મારીને મેં સત્રજિતની હત્યાનું વેર વાળી લીધું, અને પછી અક્રૂર પાસે ગયો. અક્રૂરે એનો અપરાધ કબૂલો લીધો. બદલામાં, મેં એને શ્યામંતક મણિ એની પાસે રાખવાની રજા આપી. પણ સાથે શરત મૂકી, કે આ કિંમતી જણસ હંમેશ માટે દ્વારકામાં જ રહેવી જોઈએ.

જયપુર, પોરબંદર અને ફાલના એમ ત્રણત્રણ જગ્યાએ પોલીસને થાપ આપ્યા પછીયે સૈનીના મનમાં ખુશીનો કોઈ ભાવ નહોતો. વિના વાંકે એ જે મુસીબતમાં ફસાઈ ગયેલો, એમાંથી ક્યારે છુટકારો મળશે, એની જાણ નહોતી. અને અધૂરામાં પૂરું સાવ નિર્દોષ એવી પ્રિયા પણ એની સાથે ઘસડાઈ હતી.

વાનની પાછલી સીટ પર સૂતેલી પ્રિયા સામે સૈનીએ જોયું. વિખરાયેલા વાળ, આંખ નીચે કાળાં કુંડાળાં, થાકેલો ચહેરો અને તોયે આ ચાલીસીની નજીક પહોંચવા આવેલી સ્ત્રી સુંદર લાગતી હતી. કોઈ સ્વાર્થ વિના એણે સૈનીને સાથ આપેલો. સૈનીએ મનમાં કંઈ ન સમજાય એવી લાગણી અનુભવી. વર્ષો પહેલાં એનું લગ્નજીવન ભાંગી પડ્યું, ત્યારબાદ એણે ક્યારેય, બીજી કોઈ સ્ત્રી પ્રત્યે આવું આકર્ષણ નહોતું અનુભવ્યું. મહાપરાણે, પ્રિયા પરથી નજર ખસેડીને એણે, પોતાના ખોળામાં રાખેલાં નોટપેડ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

હજાર કિલોમીટરનો કઠિન પ્રવાસ કરીને કૃષ્ણ, મથુરાથી છેક દ્વારકા શું કામ ગયા હશે? સૈનીને આ પ્રશ્નનો જવાબ વીજળીના ઝબકારાની જેમ મળી ગયો. મથુરા શહેર, યમુનાના કિનારે હતું, યમુનાના પાણી આગળ જઈને સરસ્વતી નદીમાં ઠલવાતાં હતાં. યમુનાના કાંઠે પ્રવાસ કરતાં કરતાં કૃષ્ણ એ સ્થળે પહોંચ્યા હશે, જ્યાં યમુના અને સરસ્વતીનો સંગમ થતો હતો. અને ત્યાંથી પછી સરસ્વતીના વહેણ સાથે એ કચ્છના રણમાં પહોંચ્યા હોવા જોઈએ જ્યાં નદી જઈને સાગરમાં સમાઈ જતી હતી. ત્યાંથી પછી દ્વારકા ક્યાં દૂર હતું? સરસ્વતી નદીના ઉગમસ્થાને મથુરા અને, બીજે છેડે દ્વારકા નગર હતું. એના કિનારે કિનારે જ કૃષ્ણની યાત્રા થઈ હતી.

સૈનીએ, ટૅક્સીની બારીની બહાર જોયું. અત્યારે સૂકુંભઠ લાગતું રાજસ્થાન એક સમયે સરસ્વતીનાં પાણીથી હર્યુંભર્યું, હરિયાળું હતું, એ કલ્પના પણ કેટલી રોચક હતી! અનિલ વાર્શની સાથે થયેલી વાતચીત એને યાદ આવી ગઈ. સામાન્ય રીતે કોઈ પણ પ્રાચીન અવશેષની વય જાણવા માટે રેડિયોકાર્બન-ડેટિંગ તરીકે ઓળખાતી પદ્ધતિનો સહારો લેવાય છે, પરંતુ પાણીની વાત આવે ત્યારે એ પ્રોસિજર ઝાઝી ઉપયોગી નથી નીવડતી. વાર્શનીની વિનંતીને માન આપીને ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટરના બે વૈજ્ઞાનિકે, રાજસ્થાનના જુદાજુદા વિસ્તારમાં ઊંડા કૂવામાંથી પાણીનાં સેમ્પલ્સ લઈને, લૅબૉરેટરીમાં એનું પરીક્ષણ કર્યું હતું. એમનો રિપોર્ટ કહેતો હતો કે, જમીનમાં બહુ ઊંડે જ જળસરવાણીઓ વહેતી હતી, એમાં છેલ્લા લગભગ ૩૨૦૦ વર્ષથી કોઈ નવી નદીનું પાણી ઉમેરાયું હોય, એવું લાગતું નહોતું - લગભગ આ જ અરસામાં સરસ્વતી પણ સૂકાવા લાગેલી અને એ જ સમયે કૃષ્ણનો જન્મ અને મહાભારત યુદ્ધ થયાં હતાં.

ટૅક્સીએ નૅશનલ હાઇવે નંબર-૬૫ પર વળાંક લીધો. પ્રવાસનો આ છેલ્લો તબક્કો હતો. જોધપુર વધુ દૂર નહોતું. સૈની અને પ્રિયાએ મળીને નિર્ણય લીધેલો કે એમના આગમન વિશે રાજારામ કુરકુડેને આગળથી જાણ ન કરવી. ગભરાટનો માર્યો એ માણસ પોલીસને જાણ કરી દે તો? અચાનક કોઈને ઘેર કે ઑફિસે જઈ ચઢવું એ અસભ્યતાની નિશાની ગણાય, તો યે અત્યારે તો એમાં જ સલામતી હતી.

પ્રિયાએ આંખો ખોલી, ‘પેટમાં કૂકડા બોલે છે, ટૅક્સીને ક્યાંક ઊભી રાખીએ. ડૅડીને એક ફોન પણ કરી લઈએ.’ આળસ મરડતાં એ બોલી.

હાઇવેની એક તરફ ધાબા પાસે ટૅક્સી રોકાઈ. દેખાવે સાવ મામૂલી લાગતા ધાબાના કિચનમાંથી જોકે આલુ પરાઠા, દહીં અને મસાલા ચાનો જે બ્રેકફાસ્ટ પીરસાયો, એણે પ્રવાસીઓને ખુશ કરી દીધા. પ્રિયા પછી એના પિતાને ફોન કરવા ગઈ અને સૈનીએ ધાબાની સાથે જોડાયેલી નાનકડી દુકાનમાંથી ટુથબ્રશ, ટુથપેસ્ટ અને સાબુ ખરીદીને સાફસુથરા થવાનો પ્રયાસ કર્યો.

ત્યાંથી પછી એમને લઈને નીકળેલા ટૅક્સી, અડધો જ કલાકમાં કુરકુડેના રિસર્ચ સેન્ટર પાસે જઈને ઊભી રહી. બંધ ગેટ પર સિક્યુરિટી ગાર્ડ નહોતો. ત્યાં લગાડેલી ઇલેક્ટ્રોનિક પેનલના સ્પીકર પર સૈનીએ પોતાના આગમનની જાણ કરી.

‘તમે અપૉઇન્ટમૅન્ટ લીધી છે?’ સામેથી સવાલ થયો.

‘ના. પણ પ્લીઝ, પ્રોફેસર કુરકુડેને કહો કે, અનિલ વાર્શનીના કહેવાથી હું એમને મળવા આવ્યો છું.’ સૈનીએ કહ્યું.

થોડીવાર બાદ, સ્પીકરમાંથી પાછો અવાજ આવ્યો. ‘ગેટ હમણાં ખૂલશે, ત્યાંથી સીધા રસ્તા પર ડ્રાઇવ કરીને રિસેપ્શન બ્લૉક પર આવો. પ્રોફેસર કુરકુડેના સેક્રેટરી મિસ ગોન્સાલ્વીઝ ત્યાં તમારી રાહ જોતાં હશે.’

33

હું વસુદેવનો પુત્ર હતો. વસુદેવની બહેન કુંતીનાં લગ્ન, હસ્તિનાપુરના રાજા અને પુરુના વંશજ પાંડુ સાથે થયેલાં. દુર્વાસા ઋષિએ કુંતીને વરદાન આપ્યું હતું કે, ગમે તે સમયે, પોતાની ઈચ્છાના દેવ પાસેથી એ પાંચ પુત્ર મેળવી શકશે. નાની વયે, કુંતીએ કુતૂહલવશ એક વરદાનનું પરીક્ષણ કરવા સૂર્યદેવને બોલાવ્યા. તેના ફળસ્વરૂપે કર્ણનો જન્મ થયો. કુંવારી માતા બની ગયેલી કુંતીની શરમનો પાર નહોતો. એણે પુત્રને જન્મ તો આપ્યો, પણ પછી નવજાત શિશુને એક ટોપલામાં રાખીને નદીમાં તરતો મૂકી દીધો. સદ્નસીબે આ બાળક, એક સંતાનવિહોણા રથચાલકના હાથમાં આવ્યું. એના ઘરમાં કર્ણનો ઉછેર થયો.

પાંડુ સાથે લગ્ન થયા બાદ કુંતીએ એના ત્રણ વરદાન દ્વારા ધર્મ, વાયુ અને ઇન્દ્ર આ ત્રણ દેવ પાસેથી અનુક્રમે યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન નામના ત્રણ પુત્રની પ્રાપ્તિ કરી. દુર્વાસા પાસેથી મળેલું છેલ્લું વરદાન એણે પાંડુની બીજી પત્ની માદ્રીને ભેટમાં આપ્યું. અશ્વિનીકુમારો પાસેથી માદ્રીએ નકુળ અને સહદેવ, આ બે જોડિયાં સંતાન મેળવ્યાં. પાંડવ તરીકે ઓળખાતા આ પાંચ ભાઈ મારી ફૈબાના દીકરા હતા.

પાંડુના અવસાન પછી કુંતી, હસ્તિનાપુરના અંધ રાજા અને પાંડુના નાનાભાઈ ધૃતરાષ્ટ્રના મહેલમાં રહેવા ગઈ. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના એક્સો પુત્ર એટલે કે કૌરવોમાં સહુથી મોટો દુર્યોધન હતો.

રાજમહેલમાં, રાજાના વડીલ ભીષ્મ પણ રહેતા હતા. પિતા શાંતનુને ખાતર એમણે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધેલી. શાંતનું સાથે લગ્ન કરતી વખતે મત્સ્યગંધા સત્યવતીએ શરત મૂકેલી કે એના જ સંતાનને રાજગાદી મળશે. શાંતનુની પહેલી પત્નીના પુત્ર ભીષ્મએ જરા સરખોય ખચકાટ દાખવ્યા વિના પોતાનો હક જતો કર્યો.

કમ્પાઉન્ડની અંદર માત્ર લીમડાનાં વૃક્ષો હતાં. રાજસ્થાનની સૂકી, ગરમ હવા બીજા વૃક્ષો કે ફૂલઝાડને માફક નહોતી આવતી. બેઠી દડીની, ગોળમટોળ મિસ ગોન્સાલ્વીઝે રિસેપ્શન બ્લૉકમાં એમનું સ્વાગત કર્યું. ટૅક્સી ડ્રાઇવરને પાર્કિંગ લૉટનો રસ્તો ચીંધીને એણે સૈની અને પ્રિયાને ગળામાં ચેઇનની સાથે પહેરી શકાય એવા બે આઇડૅન્ટિટી કાર્ડ્ઝ આપ્યાં અને પછી એ મહેમાનોને રાજારામ કુરકુડેની ઑફિસ ભણી દોરી ગઈ. સૈનીના મનમાં ફફડાટ હતો. કુરકુડેની ઑફિસમાં પોલીસ એની રાહ જોતી બેઠી હશે તો?

પણ કુરકુડેની ઑફિસમાં એમના સિવાય બીજું કોઈ નહોતું. લગભગ પંચાવન વર્ષના લાગતા કુરકુડેના માથા પર વાળના નામે, બે કાન પાસે માત્ર બે સફેદ ગુચ્છા બચ્યા હતા. ગાંધી સ્ટાઇલનાં ચશ્માં અને વ્હાઇટ લૅબ કોટ પહેરીને બેઠેલા કુરકુડેએ ઊભા થઈને સૈની સાથે હાથ મિલાવ્યો, એમાં ન તો દોસ્તીનો ભાવ હતો, ન તો દુશ્મનીનો! ‘એક ધુની, તરંગી જિનિયસ!’ કુરકુડેને જોતાંની સાથે એના વિશે સૈનીએ ધારણા બાંધી લીધી.

મિસ ગોન્સાલ્વીઝ વિદાય થયાં. રૂમના એક ખૂણે સોફા પર ગોઠવાયા બાદ કુરકુડેએ વાતની શરૂઆત કરી. 'બોલો, મિસ્ટર સૈની.'

'પહેલાં તો અમને અપૉઇન્ટમૅન્ટ વિના મળવા બદલ થૅંક્યુ!' અહીં આવતાં પહેલાં સૈનીએ સાચું બોલવાનું નક્કી કરી લીધેલું. 'આપણા બંનેના મિત્ર અનિલ વાર્શનીની થોડા દિવસ પહેલાં હત્યા થઈ, અને બીજા કોઈ તમારે કાને વાત પહોંચાડે, એ પહેલાં હું જ કહી દઉં કે રાજસ્થાન પોલીસને મારા પર શંકા છે.'

સૈની આટલું બોલીને સહેજ અટક્યો, પણ સામે રાજારામ કુરકુડેએ કોઈ પ્રતિભાવ ન આપ્યો. એમના ચહેરા પરના હાવભાવ પણ યથાવત રહ્યા. સૈનીએ આગળ ચલાવ્યું. 'સાચી વાત એ છે કે, અનિલ વાર્શનીએ સામે ચાલીને મને કાલીબંગનની આર્કિયૉલૉજિકલ સાઇટ પર બોલાવેલો. ત્યાં એણે મને એક પ્રાચીન સીલ આપીને કહેલું કે, બાકીનાં ત્રણ, નિખિલ ભોજરાજ, દેવેન્દ્ર છેદી અને તમારી પાસે છે.'

કુરકુડેએ આખરે માથું હલાવ્યું, 'હા, વાર્શનીએ, ચારમાંથી એક સીલ મને આપેલું. એ હજી મારી પાસે છે.'

'સર, અનિલની હત્યા મેં નથી કરી. એ તો મારો ખાસ દોસ્ત હતો. નાનપણથી અમે સાથે મોટા થયેલાં. એણે જે સીલ સાચવવા માટે મને આપેલું એ મારા ઘરની તલાશી વખતે પોલીસને મળ્યું અને બધાંએ માની લીધું કે, આ સીલ ચોરવા માટે જ મેં અનિલનું ખૂન કર્યું. આ પ્રિયા રત્નાની છે. મારી સ્ટુડન્ટ! અમારે જયપુરથી ભાગવું પડ્યું, પહેલા અમે દ્વારકા ગયાં. પણ ત્યાં ડૉ. નિખિલ ભોજરાજ સાથે મુલાકાત થાય, એ પહેલાં કોઈએ એમને મારી નાખ્યા. અમને ચિંતા હતી કે, હત્યારો હવે તમને નિશાન બનાવશે. એટલે ચેતવણી આપવા માટે અહીં સુધી આવ્યાં છીએ.'

'જોઈ લ્યો. તમારી સામે હું હજી સુધી સાજો નરવો, સલામત બેઠો છું.' કુરકુડે હાથ પહોળા કરીને બોલ્યા. 'અને મિસ્ટર સૈની, હું નથી માનતો કે અનિલ વાર્શનીની હત્યા તમે કરી હોય. હું સાઠનો થવા આવ્યો છું, પણ મારી બુદ્ધિ હજી પૂરેપૂરી નાઠી નથી. મને માણસની પરખ કરતાં આવડે છે. બોલો, તમારી કઈ રીતે મદદ કરું?'

રાહતનો શ્વાસ ખેંચીને સૈનીએ કહ્યું, 'સર, વાર્શનીએ આપેલું સીલ તો હવે મારી પાસે નથી. પણ ડેટા ક્લાઉડ પર એનો ફોટોગ્રાફ છે. તમારી પાસેના સીલ સાથે એની સરખામણી થઈ શકે તો પછી આગળ કઈ રીતે વધવું એની સમજ પડે.'

'એમાં શું મોટી વાત છે? બીજું કંઈ?'

'જી તમારો મોટો ઉપકાર.જો તમે ફોન પર ઇન્સ્પેક્ટર રાધિકા સિંઘ સાથે વાત કરીને એને ગળે આ હકીકત ઉતારી શકો કે, વાર્શનીએ એની પાસેની ચાર મહોર, એના ચાર દોસ્તોને સાચવવા માટે આપી હતી 'મેં કહ્યું, પણ પોલીસ માનતી નથી.' સૈનીએ વિનંતી કરી.

'જરૂર. આપણી મિટિંગ પૂરી થાય, કે તરત હું ફોન કરી દઈશ. ચાલો, હવે સીલ જોઈ લઈએ.' કહીને કુરકુડે ઊભા થયા અને પોતાના ડેસ્ક તરફ ગયા. કોટના ખિસ્સામાંથી નાનકડી ચાવી કાઢીને એમણે ડેસ્કનું એક ડ્રોઅર ખોલ્યું. અંદર પાછી એક ગુપ્ત સેફ હતી. એમાંથી કુરકુડેએ એક બ્રાઉન કવર કાઢયું. અને પછી એની અંદર રાખેલું સીલ હળવેકથી બહાર કાઢીને, ડેસ્ક પર વ્હાઇટ બ્લોટિંગ પેપરની ઉપર મૂક્યું. 'જોઈ લ્યો.' એમણે સૈની અને પ્રિયાને નજીક બોલાવ્યા.



ટેબલ પર પડેલા સીલ સામે સૈની અને પ્રિયા એકીટશે જોઈ રહ્યાં. આ પહેલાં જોયેલી બે મહોરની જ આ પ્રતિકૃતિ હતી. ધ્રૂજતા હાથે ટેબલ પરથી મહોર ઉપાડતાંની સાથે સૈનીના હૃદયના ધબકારા તેજ થઈ ગયા.

રાજકુમારોને યોગ્ય શિક્ષણ આપવાનો સમય આવી ગયો. પાંડવો અને કૌરવોને ધનુર્વિદ્યા શીખવવા માટે ભીષ્મ પિતામહ એમને પ્રખર બાણાવળી દ્રોણાચાર્ય પાસે લઈ ગયા. ત્યાં એમની કડક તાલીમ શરૂ થઈ. અર્જુન એમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી પુરવાર થયો. રાજકુમારોએ બાણવિદ્યામાં કુશળતા પ્રાપ્ત કરી લીધી. અંતે ગુરુદક્ષિણામાં, દ્રોણાચાર્યએ એના દુશ્મન, રાજા દ્રુપદને બંદી બનાવીને પોતાની સામે લાવવાની માગણી કરી.

દ્રુપદને પકડવાનું સહેલું નહોતું. કૌરવો આ કામ કરી ન શક્યા પણ અર્જુનના નેતૃત્વ હેઠળ પાંડવોએ દ્રુપદને પકડીને ગુરુના ચરણમાં નાંખી દીધો. આ પ્રસંગ, કૌરવો અને પાંડવો વચ્ચે ચડસાચડસી અને ઈર્ષાનું બીજ વાવવામાં નિમિત્ત બની ગયો.

આટલો જ મહત્ત્વનો એક બીજો પ્રસંગ પણ એ સમયે બન્યો. શિષ્યોને વિદાય આપતાં પહેલાં, એમની ધનુર્વિદ્યાનું પ્રદર્શન કરવા માટે દ્રોણાચાર્યએ એક સ્પર્ધાનું આયોજન કર્યું. પાંડવો અને કૌરવોમાં અર્જુન શ્રેષ્ઠ બાણાવળી સાબિત થયો, એમાં કોઈને આશ્ચર્ય ન લાગ્યું, પણ આંચકો ત્યારે લાગ્યો, જ્યારે કર્ણ નામના એક સાવ અજાણ્યા યુવાને આવીને, બાણ તાકવામાં પોતે અર્જુનથી ચઢિયાતો હોવાનું પુરવાર કરી દીધું.

રાજકુમારો ઓછપાઈ ગયા. પણ પછી એમને ખબર પડી કે કર્ણ એક મામૂલી રથચાલકનો પુત્ર હતો, ત્યારે પાંડવોએ હોહા કરી મૂકી. એમણે દલીલ કરી કે, કર્ણને ક્ષત્રિયો સાથે સ્પર્ધામાં ઉતરવાનો અધિકાર નહોતો. એ મૂર્ખાઓ નહોતા જાણતા કે, કર્ણ એમનો સગો મોટો ભાઈ હતો.

વિધિની વક્રતા જુઓ કે આ પ્રસંગે દુર્યોધન, કર્ણની વહારે આવ્યો. ‘કર્ણ જન્મથી નહીં પણ એના ગુણોથી ક્ષત્રિય છે. બધાંની હાજરીમાં, આજે હું કર્ણને અંગપ્રદેશનો રાજા જાહેર કરું છું.’ દુર્યોધને કહી દીધું. એ દિવસે કર્ણએ, મૃત્યુપર્યંત, દુર્યોધનને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરી લીધી.

ધારીધારીને સીલનું નિરીક્ષણ કરી લીધા બાદ, એને પાછું ડેસ્ક પર મૂકીને સૈનીએ કુરકુરે સામે જોયું, ‘તમને શું લાગે છે?’

કુરકુરેએ હળવું સ્મિત આપ્યું, ‘હું તો સીધોસાદો ન્યૂક્લિયર ફિઝિસિસ્ટ છું. બુદ્ધિથી જે સમજી શકાય, એવી વસ્તુઓ સાથે મારો પનારો પડે છે. દૈવી તત્વો વિશે સમજવાની, સમજાવવાની શક્તિ મારામાં નથી.’

‘દૈવી એટલે ન સમજાય એવું?’ સૈની બોલ્યો.

‘હાસ્તો. તમે એવું નથી માનતા? પ્રાચીનકાળમાં ઇજિપ્તવાસીઓએ સૂર્યને પૂર્વમાં ઊગતો અને પશ્ચિમમાં આથમતો જોયો. આવું શું કામ થતું હતું એ એમની સમજની બહાર હતું. એટલે એમણે સૂર્યને રા (Ra) એટલે કે સૂર્યદેવનું નામ આપ્યું. એવો દેવ જે એના રથ પર સવાર થઈને આખાયે આકાશમાં ભ્રમણ કરતો હતો. સામાન્ય બુદ્ધિથી

નહોતી સમજાતી, એ ઘટના દૈવી તરીકે પ્રસ્થાપિત થઈ ગઈ. પણ સમય જતાં માણસને સમજાયું કે, આ તો માત્ર ઊર્જા અને શક્તિનો ગોળો હતો. જેની ફરતે બીજા ગ્રહો ચક્કર મારતા હતા. લોકોને આ સમજ આવતાંની સાથે સૂર્ય પોતાના દૈવી સ્થાનેથી ગબડી પડ્યો ઇતિહાસમાં હંમેશાં આવું થતું રહ્યું છે. જે તે સમયે, સમજાય નહીં, એને માણસજાતે દૈવી, દિવ્ય કે ઈશ્વરીય ગણી લીધી.'

'મતલબ, તમારી દુનિયામાં, વિજ્ઞાનની પ્રગતિની સાથે, એક દિવસ ભગવાન પણ એનું દૈવી સ્થાન ગુમાવી દેશે.' સૈની હળવા સૂરે બોલ્યો.

'વાત સાવ અશક્ય નથી. આ વિશ્વ વિશે, આપણી સમજ દિનબદિન વધતી ગઈ છે. ન સમજાય, એવી વસ્તુઓ, ઘટનાઓની સંખ્યા ઘટી રહી છે. દેવ કે દેવી માટે હવે બહુ ઓછી જગ્યા બચી છે.' કુરકુડે સસ્મિત વદને બોલ્યા.

'આ સીલની એક તસવીર પાડી લઉં?' સૈનીએ પૂછ્યું.

'જરૂર.' કુરકુડેએ મંજૂરી આપી દીધી.

'મારી પાસે ફોન નથી, અને પ્રિયાના ફોનમાં કૅમેરા નથી. પ્લીઝ, તમે તમારા ફોન-કૅમેરા પરથી આ સીલનો ફોટો પાડીને મને ઇ-મેલ કરશો?' સૈનીએ કુરકુડેના ડેસ્ક પર મૂકેલા બ્લોટિંગ પેપર પર પોતાનું ઇ-મેલ એડ્રેસ સખ્યું.

કુરકુડેએ ફોટા પાડીને, મહોર પાછી એના સુરક્ષિત સ્થાને મૂકી દીધી.

'સાંભળ્યું છે કે, તમારી ટીમ રાજસ્થાનમાં હજારો વર્ષ પહેલાં થયેલાં અણુધડાકા વિશે સંશોધન કરી રહી છે. અંગત રીતે તમે માનો છો કે, મહાભારતમાં બ્રહ્માસ્ત્ર તરીકે જેનો ઉલ્લેખ થયો છે એ હકીકતમાં એટમ બૉમ્બ હતો?' સૈનીએ પૂછ્યું.

કુરકુડે હસી પડ્યા. 'દરેક જ્ઞાનનો મૂળ સ્ત્રોત સરસ્વતીના કિનારે છે. તો પછી અણુશક્તિ કેમ નહીં? તમે ક્યારેય ઇજિપ્ત ગયા છો?'

'વર્ષો પહેલાં યુનિવર્સિટીએ અમારી ઇજિપ્તની ટ્રીપ સ્પૉન્સર કરેલી.' સૈનીએ કહ્યું.

'પિરામિડ્સ જોયા?'

'હાસ્તો.'

'મસ્તબા ઑફ ઝોસર તરીકે ઓળખાતો સ્ટેપ્ડ્ પિરામિડ જોયો? સહુથી પહેલો એ બન્યો હોવાનું મનાય છે.'

'હા. એકની ઉપર બીજા પથ્થરનાં ચોસલાં મૂક્યાં હોય અને નીચેથી ઉપર જતા ચોસલાની સાઇઝ નાની થતી જાય, એવું એનું બાંધકામ છે. અને ઉપર ટોચની જગ્યાએ, સહુથી નાનું, સપાટ ચોસલું છે.' સૈનીએ યાદ કર્યું.

'હવે હું કહું કે, મસ્તબા ઑફ જોસરનું આબેહૂબ વર્ણન, બૌદ્ધાયન સુલભસૂત્રમાં થયું છે, તો?' કુરકુડેએ પૂછ્યું.

'હેં?' સૈનીની આંખો પહોળી થઈ. પ્રાચીન વેદિક ભૂમિતિની સમજણ આપતા આ ગ્રંથનું અંગ્રેજીમાં થયેલું ભાષાંતર એણે વાંચેલું. પણ એમાં ક્યાંય ઇજિપ્ત કે પિરામિડનો ઉલ્લેખ થયો હોવાનું એને યાદ ન આવ્યું.

'હા. પણ બૌદ્ધાયન સુલભસૂત્રમાં આ પ્રકારના બાંધકામને સ્મશાનચિત્ત એટલે કે અગ્નિસંસ્કાર માટેની જગ્યા કે ચિતા જેવું નામ અપાયું છે. ઈસ્વીસન પૂર્વે ૨૭૦૦માં મસ્તબા ઑફ ઝોસરનું બાંધકામ થયું, એની રચના, બિલકુલ ઊંધા સ્મશાનચિત્ત જેવી છે.' કુરકુડે બોલ્યા.

'સાચે?' સૈનીએ આશ્ચર્ય દાખવ્યું.

'હા. દરેક પ્રકારના બાંધકામમાં જ્યોમેટ્રી એટલે કે ભૂમિતિના જ્ઞાનની જરૂર પડે છે.

અને દુનિયાને આ જ્ઞાનની ભેટ, વેદોમાંથી મળી છે. અત્યારના અંગ્રેજી શબ્દ જ્યોમેટ્રી (geometry) નું મૂળ ગ્રીક ભાષામાં છે અને એનું ઉદ્ભવસ્થાન પાછું સંસ્કૃત શબ્દ જ્યામિતિ છે. સંસ્કૃતમાં જ્યા એટલે વળાંક કે કમાનાકાર અને મિતિ એટલે ચોક્કસ માપ. 'ઇજિપ્શિયન બુક ઑફ ધ ડૅડ 'માંની પ્રાર્થના અને તૈત્રિયસંહિતા માં ઘણું સામ્ય છે. બંનેમાં વ્યક્તિની અંતિમવિધિ વખતે, ચિતા પાસે થતા મંત્રોચ્ચાર છે. પિતૃઓના વિશ્વમાં અમે સુખી સમૃદ્ધ થઈએ! વિચાર કરો, આપણે હજી એવા ભ્રમમાં જીવીએ છીએ કે ભૂમિતિનો સહુથી જાણીતો સિદ્ધાંત આપણને પાયથાગોરસે આપ્યો. પરંતુ હકીકત એ છે કે પાયથાગોરસનાં પાંચસો વર્ષ પહેલાં લખાયેલા બૌદ્ધાયન સુલભસૂત્ર માં

આ કાટકોણનો $a^2 + b^2 = c^2$ વાળો નિયમ સ્પષ્ટપણે સમજાવી દેવાયેલો.

'અર્થાત્ પાયથાગોરસે આ વિશે વેદમાંથી જાણકારી મેળવેલી?' સૈનીએ સામો પ્રશ્ન કર્યો.

'મેં કહ્યું એટલે માની લેવાની જરૂર નથી. ફ્રેન્ચ ફિલૉસૉફર વોલ્ટેરે છાપરે ચઢીને પોકારેલું કે પાયથાગોરસ ભૂમિતિ શીખવા માટે ગંગા પાસે ગયેલો. 'હિસ્ટ્રી ઑફ મેથેમેટિક્સ ના લેખક અબ્રાહમ સેઇનબર્ગ કહે છે કે, દરેક સંસ્કૃતિના પ્રાચીન ગણિત શાસ્ત્રોનું મૂળ સુલભસૂત્ર માં છે. વેદકાળના ઋષિઓએ માત્ર પાયથાગોરસ થિયરમ નહીં, પણ ડેસિમલ સિસ્ટમ અને શૂન્યથી માંડીને અનંતની વાત કરી છે. અત્યારના આપણા મૉડર્ન કમ્પ્યૂટરમાં જ બાઇનરી સિસ્ટમ બહુ કૉમન ગણાય છે એ બનાવવા, વિકસાવવામાં પણ વેદિક ઋચાઓની મદદ લેવાઈ છે.'

'આનો અર્થ એવો કે, વાર્શની પાસેથી આપણને જે મહોરો મળી છે એનું રહસ્ય સમજવા માટે ભારતની બહાર નજર દોડાવવી પડશે? મેસોપોટેમિયા, ઇજિપ્ત કે સુમેરિયા...' સૈની ગૂંચવાયો.

'તમે ઇતિહાસકારો કયા સુમેરિયાની વાતો કરો છો?' કુરકુડેના અવાજમાં આછી નારાજી ભળી. 'વેદોમાં કૈલાસ પર્વતને મેરુ એટલે કે દેવોનું નિવાસસ્થાન કહ્યો છે. સંસ્કૃત ભાષામાં, કોઈપણ વસ્તુ કે સ્થળને પવિત્ર ગણાવવા માટે એના નામની આગળ 'સુ' લગાડવાની સામાન્ય પ્રથા છે. એટલે મેરુનું સુમેરુ થયું. અને સુમેરિયન સંસ્કૃતિનું નામ પણ સુમેરુ પરથી પડચું.'

'તમે માનો છો કે પ્રાચીન સુમેરિયન સંસ્કૃતિના મૂળમાં વેદ હતા અને વેદિક જ્ઞાનની મદદથી એ સંસ્કૃતિનો વિકાસ થયો?' સૈનીએ પૂછ્યું.

'બિલકુલ એમ જ.' કુરકુડેએ ભારપૂર્વક કહ્યું, 'વૈદિક કાળના લોકોએ પશ્ચિમમાં સુમેરિયા તરફ જોવાનું-જવાનું શરૂ કર્યું, ત્યારથી અસુરો અને દેવો વચ્ચે ફાટફૂટ પડવા લાગી.

'ઇન્ટરેસ્ટિંગ!' સૈનીએ માથું હલાવ્યું. 'પ્રાચીન વેદિક સાહિત્યમાં અસૂર શબ્દ, કોઈના પ્રત્યે આદર દર્શાવવા માટે વપરાતો હતો. એનો અર્થ સર્વશક્તિમાન , એવો પણ પાછળથી થયો. સમય જતાં પશ્ચિમ તરફ પ્રયાણ કરનારા લોકો માટે અસુર શબ્દનો ઉપયોગ થવા લાગ્યો. આપણે જાણીએ છીએ કે ઈ.પૂ. ૩૨૦૦ ની આસપાસ સરસ્વતી નદીનાં વહેણ સૂકાવા લાગેલાં. પરિણામ એ આવ્યું કે એના કિનારે વિકસેલી સંસ્કૃતિના બે ફાંટા પડી ગયા. અમુક લોકો પૂર્વમાં ગંગા તરફ, અને બીજાઓ પશ્ચિમમાં સુમેરિયા ભણી ગયા. પશ્ચિમમાં જનારા અસુર અને વેદિક પ્રદેશ રહી ગયેલા લોકોને દેવ તરીકેની ઓળખ મળી. હવામાન બદલાયું, એની સાથે લોકસમૂહનું વિભાજન થઈ ગયું. સાથે રહેનારા, એકમેકના વિરોધી થઈ ગયા.' કુરકુડે બોલ્યા.

'હવે સમજાય છે કે પાછળથી ઝોરોસ્ટ્રિયન લોકો, અસુરો, એટલે કે અહુરા ને સારા માણસો અને દેવોને ખલનાયક તરીકે શું કામ માનવા લાગ્યા! વેદસંસ્કૃતિથી સાવ ઊંધી એમની માન્યતા હતી.' પ્રિયાએ હવે ચર્ચામાં ઝૂકાવ્યું.

'હા.' સૈની બોલ્યા. 'ટાઇગ્રીસ-યુફ્રેટીસ ખીણ સુધી પહોંચનારાએ ચંદ્રપૂજાની પરંપરા જાળવી રાખી. જુડાઈઝમ્ એટલે કે યહૂદી ધર્મના સ્થાપક અબ્રાહમ પણ એ જ પ્રદેશમાંથી આવેલા અને એમનો પરિવાર પણ ચંદ્રભક્ત હતો. આપણે એ ન ભૂલવું જોઈએ કે અબ્રાહમ અને બ્રહ્માની અંગેજી જોડણીમાં માત્રા એક 'A ' અક્ષરની ગોઠવણીનો ફરક છે. અબ્રાહમની પત્ની સારા હતી તો બ્રહ્માની સાથીદાર સરસ્વતી ગણાય છે. આટલા બધાં સામ્યને માત્ર યોગાનુયોગ કઈ રીતે માની લેવાય? પાછળથી એ પ્રદેશની પોતાની ભાષા તરીકે વિકસેલી, અવેસ્તા પણ સંસ્કૃત જેવી હતી. લાંબા સમય પછી ત્યાં ઝોરોસ્ટ્રિયનીઝમ તરીકે ઓળખાતા ધર્મની સ્થાપના થઈ, અને એમના 'ગાથા' તરીકે ઓળખાતા ધર્મગ્રંથોમાં જે શ્લોકો, પંક્તિઓ છે, એ ઋગ્વેદ ની ઋચાઓ સાથે બિલકુલ મળતા આવે છે.'

કુરકુડે માથું હલાવતા બોલ્યા, 'મેં કયાંક વાંચેલું કે જુડાઈક ધર્મમાં ભગવાનને યહવાહ તરીકે સંબોધન થાય છે અને ઋગ્વેદ માં અગ્નિ માટે આ જ નામ પૂરા એક્વીસ વાર વપરાયું છે. યહ્વ, યહ્વાહ, યહવમ, યહવસ્ય ...'

'તો વાર્શનીને જેની શોધ હતી, એ જાણવા માટે, ત્યાં સુધી પહોંચવા માટે મારે કઈ દિશામાં નજર નાખવી જોઈએ?' સૈનીએ પૂછ્યું.

'જોવાનું બહાર નથી, મિસ્ટર સૈની, નજર નાખવી હોય તો ખુદની અંદર નાખો.' કુરકુડે આટલું બોલીને ઊભા થયા. મિટિંગ પૂરી થઈ ગયેલી. મહેમાનોને એ રિસેપ્શન એરિયા ભણી દોરી ગયા. જ્યાં મિસ ગોન્સાલ્વીઝની બેઠક હતી.

હંમેશની જેમ મિસ ગોન્સાલ્વીઝ એના ડેસ્ક પર હાજર હતી. પણ એણે આજે બૉસના આગમનની કોઈ નોંધ ન લીધી અને લે પણ કેવી રીતે? કોઈ ધારદાર હથિયારે ચીરી નાખેલા એના ગળામાંથી લોહીની સાથેસાથે છેલ્લા શ્વાસ પણ બહાર વહી ગયેલા. એનાં કપડાં, ડેસ્ક, ત્યાં પડેલા કાગળો, બધુંયે લોહીમાં તરબોળ હતું.

૩૫

ધૃતરાષ્ટ્રે, મારી ફૈબાના સહુથી મોટા પુત્ર યુધિષ્ઠિરને રાજગાદી આપવાનું નક્કી કરી નાખેલું. પણ પિતાનો આ નિર્ણય સાંભળીને કૌરવો, ખાસ કરીને દુર્યોધનના મનમાં આગ ભભૂકી ઊઠી. એ માનતો હતો કે હસ્તિનાપુરના સિંહાસન પર એનો જ અધિકાર હતો. પાંડવોને મારવા માટે એણે કાવતરું ઘડી કાઢ્યું.

કુંતી અને પાંડવો પ્રત્યે પ્રેમ ઊભરાઈ જતો હોય, એવો દેખાવ કરીને એમના માટે દુર્યોધને સુંદર મહેલ બંધાવ્યો. પણ એના બાંધકામમાં ઝટ સળગી ઊઠે એવા લાખ તરીકે ઓળખાતા પદાર્થનો ઉપયોગ થયેલો. પાંડવો અંદર હતા, ત્યારે દુર્યોધને ત્યાં આગ ચાંપી દીધી. લાક્ષાગૃહ ભડભડ સળગી ઊઠ્યું. દુર્યોધને માની લીધું કે એના દુશ્મનો અંદર જીવતા ભૂંજાઈ ગયા. એ નહોતો જાણતો કે, પાંડવો તો એક ભોંયરા વાટે લાક્ષાગૃહમાંથી સહીસલામત નીકળીને જંગલમાં પહોંચી ગયા હતા.

જંગલમાં વસવાટ દરમ્યાન ભીમનો સામનો હીડંબ નામના એક રાક્ષસ સાથે થયો. બંને વચ્ચે જબરદસ્ત લડાઈ થઈ. ભીમે હીડંબનો વધ કર્યો, પણ એની વીરતા જોઈને હીડંબની બહેન હીડીંબી ભીમના પ્રેમમાં પડી ગઈ. પોતાને પુત્રવધૂ તરીકે સ્વીકારવા માટે એણે કુંતીને મનાવી લીધી.

ભીમ અને હીડીંબીનાં લગ્ન થયાં. એમને ત્યાં ઘટોત્કચ નામનો પુત્ર પણ જન્મ્યો. પરંતુ બહુ જલદી જંગલ છોડવાનો સમય આવી ગયો. પાંડવોએ વિદાયની તૈયારી કરી, ત્યારે બાળ ઘટોત્કચે ભીમ પાસે આવીને કહ્યું, ‘પિતાજી, જ્યારે પણ મદદની જરૂર પડે, ત્યારે માત્ર મને યાદ કરજો. હું તમારી સમક્ષ હાજર થઈ જઈશ.’

વર્ષો પછી પાંડવોને ખરેખર ઘટોત્કચને યાદ કરવાની જરૂર પડી, કુરુક્ષેત્રમાં.

મિસ ગોન્સાલ્વીઝની લોહીથી લથપથ લાશ જોતાંની સાથે પ્રોફેસર કુરકુડેથી ચીસ પડાઈ ગઈ. સૈની અને પ્રિયાની આંખો પણ ફાટી રહી.

‘ઍમ્બ્યુલન્સ બોલાવીએ?’ કુરકુડેએ માંડમાંડ પૂછ્યું.

પ્રિયાએ ગોન્સાલ્વીઝના કાંડે આંગળી મૂકીને ધબકારા માપવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો અને પછી હતાશભાવે માથું ધુણાવ્યું.

‘કોણે આવું કર્યું?’ કુરકુડે બબડ્યા.

‘મારું મન કહે છે કે, જેણે વાર્શની અને ભોજરાજની હત્યા કરી એ અહીં તમને પણ મારવા આવેલો. પણ અમારી હાજરીની જાણ થયા બાદ એણે પ્લાન પડતો મૂક્યો હશે. કમનસીબે મિસ ગોન્સાલ્વીઝ ક્યાંક એના રસ્તામાં આવી ગઈ.’ સૈનીએ ધારણા બાંધી.

‘પોલીસને બોલાવીએ.’ કુરકુડે બોલ્યા.

‘અત્યારે મારી સહુથી મોટી ચિંતા છે, તમને સુરક્ષિત રાખવાની! શક્ય છે કે

હત્યારો હજી રિસર્ચ સેન્ટરમાં જ છુપાઈને મોકાની રાહ જોતો હશે. એ બહુ હોશિયાર છે. અમારી કોઈપણ વાત કે યોજના એનાથી છૂપી નથી રહી. તમારી ટીમમાં એણે પોતાની કોઈ વ્યક્તિ ગોઠવી દીધી હોય, તોયે નવાઈ નહીં.' આટલું કહીને સૈની પળભર અટક્યા અને પછી ઊંડો શ્વાસ લઈને બોલ્યા, 'પ્રોફેસર, જીવતા રહેવું હોય તો તમારે અમારી સાથે આવવું પડશે. બીજો કોઈ રસ્તો અત્યારે નથી.'

'પણ મારી ઑફિસ, મારો સ્ટાફ, મારું કામ... આ બધું છોડીને કેવી રીતે ભાગી છૂટું? આ જ તો મારી જિંદગી છે! કુરકુડેનો અવાજ તરડાઈ ગયો.

'કાયમ માટે એ છોડવાનું નથી કહેતો. બસ, થોડા દિવસોનો સવાલ છે. ત્યાં સુધીમાં આપણને જાણ થઈ જશે કે, આટલી હત્યાઓની પાછળ કોનો હાથ છે.' સૈનીએ પ્રોફેસરને સમજાવવાની કોશિશ કરી.

'ક્યાં જઈશું?' કુરકુડેએ પૂછ્યું.

'ચંદીગઢ. દેવેન્દ્ર છેદી પાસે.' સૈનીએ જવાબ આપ્યો.

કુરકુડેએ વધુ આનાકાની કરી નહીં. આ ઘડીએ એમને સૈની સાથે જવામાં જ ડહાપણ લાગ્યું. રિસેપ્શન બ્લોકના મુખ્ય પ્રવેશદ્વારમાંથી નીકળવાને બદલે એમણે જ પોતાની ઑફિસમાંથી પાર્કિંગ લૉટમાં પહોંચવાનો બીજો નાનો રસ્તો બતાવ્યો. જેથી કોઈ સ્ટાફ મૅમ્બર કે બહારના માણસની નજર એમનાં પર ન પડે. નીકળતાં પહેલાં જોકે સૈનીએ, એમને સેફમાંથી સીલ કાઢી લેવાની સૂચના આપી. કુરકુડેના ગયા બાદ આ સીલ શોધવા માટે હત્યારો આખી ઑફિસ ઉપરતળે કરી નાખશે એ નક્કી હતું.

પંદર મિનિટમાં ત્રણેય જણ પાર્કિંગ લૉટમાં પહોંચી ગયા. ટૅક્સીની આગલી સીટ પર ડ્રાઇવર નિરાંતે સૂતો હતો.

'બીજી લાંબી ટ્રીપ માટે તૈયાર થઈ જા. ચંદીગઢ અહીંથી કેટલું દૂર છે?' ડ્રાઇવરને ઊંઘમાંથી જગાડીને સૈનીએ પૂછ્યું.

'લગભગ સાતસો કિલોમીટર. નસીબ સરખું ચાલે તો બાર કલાકમાં પહોંચી જવાય.' ડ્રાઇવરે આંખો ચોળતાં જવાબ આપ્યો.

'આટલું ડ્રાઇવ કરવાને બદલે આપણે જોધપુરથી દિલ્હીની ફ્લાઇટ પકડી લઈએ તો? ત્યાંથી ચંદીગઢથી ફ્લાઇટ મળી જશે.' કુરકુડેએ સૂચન આપ્યું.

સૈનીએ કુરકુડેના કાન પાસે ગણગણાટ કર્યો, 'ગોન્સાલ્વીઝની લાશ જોઈને રાધિકા સિંઘ માની લેશે કે આ હત્યા કરીને હું તમારું અપહરણ કરી ગયો. દરેક ઍરપૉર્ટ અને રેલવે સ્ટેશન પર પોલીસની નજર હશે. જલદી, કારમાં બેસી જાવ. આપણી પાસે વધુ સમય નથી.

કુરકુડે અને પ્રિયા કારની પાછલી સીટ પર ગોઠવાયાં. 'જલદી ચાલો', ડ્રાઇવરની બાજુમાં બેસતાં સૈનીએ કહ્યું.

'જી સર, પણ ગાડીમાં ડીઝલ ભરાવવા, એક સ્ટોપ કરવું પડશે.' ઇગ્નિશન કી પર હાથ મૂકતાં તારક વકીલ બોલ્યો. કિસ્મત એને સાથ આપી રહ્યું હતું. એના હોઠ પર ફરકી ગયેલું આછું સ્મિત, બીજા કોઈએ જોયું નહીં.

૩૬

ગુરુ દ્રોણાચાર્યના કહેવાથી પાંચાલ નરેશ દ્રુપદને પાંડવોએ એકવાર બંદી બનાવેલો. હવે એ જ દ્રુપદની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર યોજાયો હતો. ગુપ્તવેશે પાંચેય ભાઈઓ ત્યાં પહોંચી ગયા.

મંડપની વચ્ચોવચ ઊભા કરાયેલા સ્તંભની ટોચ પર ધાતુની એક માછલી ચક્રાકારે ઘૂમી રહી હતી. એનું પ્રતિબિંબ, નીચે જમીન પર મૂકાયેલા તેલ ભરેલા પાત્રમાં પડતું હતું. દ્રૌપદીને પરણવા ઉત્સુક વ્યક્તિએ માત્ર આ પ્રતિબિંબ જોઈને, માથું ઊંચક્યા વિના માછલીની આંખમાં પાંચ બાણ મારવાનાં હતાં.

દૂરદૂરથી આવેલા અનેક રાજકુમારોએ મત્સ્યવેધનો પ્રયાસ કર્યો, પણ બધા નિષ્ફળ ગયા. માત્ર અર્જુને આ કઠિન લક્ષ્ય પાર પાડ્યું. જોકે, એની પહેલાં મંડપમાં કર્ણ ઊભો થયો હતો. દુર્યોધને એને મોકલેલો. પરંતુ કર્ણ હજી ધનુષ્ય ઉપાડે, એ પહેલાં દ્રૌપદીએ કહી દીધું, 'હું સૂતપુત્ર સાથે લગ્ન નહીં કરું.' ભરી સભામાં અપમાનિત થઈને કર્ણ બહાર નીકળી ગયો. પણ દ્રૌપદીએ ઉચ્ચારેલા શબ્દો એ જીવનભર નહોતો ભૂલવાનો.

તું ભાગ્યશાળી છે કે, વિષ્ણુયાસ અને સુમતિ જેવાં નામ ધરાવતાં માબાપ તને મળ્યાં છે. ખબર છે, તારી પહેલાં બીજા કોને આવું નસીબ પ્રાપ્ત થયેલું?' માતાજીએ પૂછ્યું

'ના, માતાજી.' નાનકડો સંપત બોલ્યો.

'રામ અને કૃષ્ણનાં નામ તો સાંભળ્યાં છે ને?'

'રામાયણ અને મહાભારત ના વીર?'

'હા. એ બંને જણ, વિષ્ણુના અવતાર હતા. પૃથ્વી પર જ્યારે જ્યારે પાપનો ભાર વધી જાય, ત્યારે ત્યારે વિષ્ણુ અવતાર લે છે. આપણી આ દુનિયામાં ફરી એકવાર દુષ્ટતાનું પલ્લું ભારે થઈ ગયું છે મારા દીકરા. અને વિષ્ણુના પુન:અવતારનો સમય પાકી ગયો છે. આ એમનો દસમો અને છેલ્લો અવતાર હશે, કલ્કિ અવતાર.'

'કલ્કિ અવતાર? કસ્કિનાં માતા પિતાનું નામ વિષ્ણુયાસ અને સુમતિ હશે? સંપતે નિર્દોષભાવે પૂછ્યું.

'હા, ઈશ્વરકૃપાથી હું તને મળી છું. તું કલ્કિ અવતાર છે. અને સંસારમાંથી તું દુષ્ટોનો નાશ કરીશ. પરંતુ એ કરવા માટે તારે પહેલાં તો શરીર, મન અને બુદ્ધિથી મજબૂત થવું પડશે. હું તને એ માટે તૈયાર કરીશ. એક દિવસ તું એટલો શક્તિશાળી હોઈશ કે તને આંગળીયે અડાડવાની કોઈ હિંમત નહીં કરે.'

'મારે શું કરવું પડશે?' સંપતે પૂછ્યું.

'પહેલી વાત તો એ કે, તું કલ્કિ અવતાર છે, આ રહસ્ય આપણા બે વચ્ચે જ રહેવું જોઈએ. તારાં માતપિતાને પણ આની જાણ નથી કરવાની. સમજ્યો?'

'જી માતાજી.'

'બીજી વાત — સ્કૂલમાં તું રોજ હાજરી આપીશ. પણ ત્રણ વાગે ક્લાસીસ પૂરા થયા બાદ તું મને સ્કૂલના ગેટ પાસે મળીશ. નજીકમાં જ મેં એક ઘર ભાડે રાખ્યું છે. ત્યાં તું રોજ મારી સાથે ચાર કલાકનો સમય ગાળીશ. સંસ્કૃત, ધર્મગ્રંથો, વેદિક ગણિતશાસ્ત્ર, માર્શલ આર્ટ્સ, ધ્યાન આ બધું તને શીખવી શકે, એવા શિક્ષકો હું શોધી લાવીશ. તારી આ તાલીમમાં એકેય દિવસનો ખાડો ન પડવો જોઈએ. મંજૂર છે?'

'જી, માતાજી'

'ત્રીજી વાત — સ્કૂલ વર્કમાં કોઈ કચાશ રહેવી ન જોઈએ. ક્લાસમાં પૂરેપૂરું ધ્યાન આપવાનું અને બધાંથી આગળ રહેવાનું. મારી સાથે ચાર ક્લાક રહીશ એમાંથી એક ક્લાક સ્કૂલટીચરે આપેલું હોમવર્ક કરવા માટે છે. તારા માબાપ કે ટીચરને કોઈ જાતની શંકા પડવી ન જોઈએ.'

'જી, માતાજી.'

'ચોથી વાત — સ્કૂલમાં અને ઘરમાં લોકો તને સંપત શર્માના નામે જ બોલાવશે. પણ મારી સાથે, તું તારા અધ્યાત્મિક નામે ઓળખાઈશ.'

'કયું નામ, માતાજી?'

'તારક વકીલ. આ નામનું મહત્ત્વ હું તને યોગ્ય સમયે સમજાવીશ. ચાંદીના આ બ્રેસલેટ પર તારું નવું નામ કોતરાયેલું છે. ગુરુ હોવાને નાતે, હું તને એ ભેટ આપું છું. હંમેશાં પહેરી રાખજે. તને ખાતરી આપું છું કે દુનિયા એક દિવસ તારું નામ સાંભળીને થરથર કાંપશે, તારી સામે માથું ઝૂકાવશે. બોલ, આ વાત સાથે તું સહમત છે?'

'જી માતાજી', સંપત ઉર્ફે તારકે હાથ લંબાવતાં કહ્યું, માતાજીએ એના કાંડે સિલ્વર બ્રેસલેટ પહેરાવી દીધું.

'વેરી ગુડ, હવે પહેલા પાઠ તરીકે તારે વિષ્ણુનાં ૧૦૮ નામ સાંભળીને, બરાબર યાદ રાખી લેવાનાં છે.'

'૧૦૮ નામ શું કામ?' સંપતે પૂછ્યું.

'સારો સવાલ પૂછ્યો. એનો સંબંધ પ્રાચીન વેદિક જ્ઞાન સાથે છે. મારી આ જપમાળામાં કેટલા મણકા છે?'

તારકે ઝડપી ગણતરી કરીને જવાબ આપ્યો, '૧૦૮.'

'આ જપમાળા આકાશમાં સૂર્ય અને ચંદ્રની ભ્રમણકક્ષાનું પ્રતીક છે. યોગીઓએ આ ભ્રમણમાર્ગને સત્તાવીસ સમાન ભાગ એટલે કે નક્ષત્રોમાં વહેંચી દીધો છે. દરેક નક્ષત્રમાં ચાર પાદ કે ચરણ છે. અર્થાત્ સૂર્ય અને ચંદ્ર, રોજ આકાશમાં ૧૦૮ પગલાં ભરે છે. આ ૧૦૮ના અંક વિશે, હજીયે બીજી, વધુ મહત્ત્વની વાત સાંભળવી છે?'

તારકે ઉત્સાહભેર માથું હલાવ્યું.

'સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર, સૂર્યના પરિઘથી બરાબર ૧૦૮ ગણું વધુ છે. ચંદ્રથી પૃથ્વીનું અંતર પણ ચંદ્રના પરિઘથી ૧૦૮ ગણું છે અને તું જાણે છે, પૃથ્વીના પરિઘથી સૂર્યનો પરિઘ ૧૦૮ ગણો મોટો છે? આપણા ઋષિમુનિઓ આ વાત જાણતા હતા. એટલે ૧૦૮નો અંક અત્યંત પવિત્ર ગણાય છે.

'આ અંક ઈશ્વરનું પ્રતીક છે?' તારકે પૂછ્યું.

'હા, ૧૦૮ ના દરેક અંકનો સરવાળો કરીએ તો?' માતાજીએ પૂછ્યું.

'નવ' તારકે તરત જવાબ આપ્યો.

'નવ પણ બહુ ખાસ અંક છે, તારક. એ સંપૂર્ણતાનું પ્રતીક છે. કોઈપણ આંકડા સાથે નવનો ગુણાકાર કરીને જવાબમાં જે સંખ્યા મળશે, એનો સરવાળો પાછો નવ જ

હશે. દાખલા તરીકે ૯ ગુણ્યા ૨?

'૧૮' તારકે જવાબ આપ્યો. અને પછી તરત પોતે જ ગણતરી કરી, ૧ વત્તા ૮ બરાબર ૯!'

'રાઇટ. હવે જરા મોટો આંકડો લે. ૧૫ અને ૯ નો ગુણાકાર કરીએ તો?'

'૧૩૫'

'આ ત્રણ અંકનો સરવાળો?'

'૯' તારકને મજા પડી ગઈ. ૯ નો અંક ખરેખર જાદુઈ હતો.

'એટલે જ ૯ ના અંકમાં ઈશ્વરનું રૂપ હોવાનું કહેવાય છે. નવરાત્રિ ની નવ રાત ઉજવાય છે. નવગ્રહ ની પૂજા થાય છે ઈશ્વરનો ગુણાકાર કોઈ પણ વસ્તુ સાથે કરો તો અંતિમ જવાબમાં ઈશ્વર જ મળશે. અંતે તો માત્ર ઈશ્વર જ છે!

૩૭

દ્રૌપદીના સ્વયંવર વખતે મંડપમાં હું ઉપસ્થિત હતો. દ્રૌપદીનો હાથ મેળવીને અર્જુન એની માતા કુંતી પાસે ગયો, ત્યારે પણ હું હાજર હતો. અર્જુને હળવા સૂરે માને કહ્યું કે, 'હું સ્પર્ધામાં મોટું ઈનામ જીતી આવ્યો છું એનું શું કરું?' વાતથી અજાણ કુંતીએ આદેશ આપ્યો, 'જે પણ હોય તે, પાંચેય ભાઈઓ સરખા ભાગે વહેંચી લેજો.' દ્રૌપદી પાંચ પતિની પત્ની બની.

મારી ઓળખાણ આપવા માટે આ યોગ્ય સમય હતો. કુંતીના પગે પડીને મેં કહ્યું, 'મારું નામ કૃષ્ણ. હું તમારા ભાઈ વસુદેવનો પુત્ર, તમારો ભત્રીજો અને તમારા પુત્રોનો ભાઈ છું. પાંચેય ભાઈ અને છઠ્ઠી દ્રૌપદીનું રક્ષણ કરવાની જવાબદારી હવે મારા શિરે છે.'

'સ્ટોપ' સૈનીએ ડ્રાઇવરને આદેશ આપ્યો.

'કેમ? ચંદીગઢ આ રસ્તે જ આવશે!' તારકે આશ્ચર્યનો દેખાવ કર્યો. હકીકતમાં એ જાણતો હતો કે, થોડે આગળ પોલીસ બંદોબસ્ત જોઈને સૈની ગભરાયેલો. પોલીસ દરેક વાહન રોકીને પૂછતાછ કરી રહી હતી.

'પોલીસ ચેકપોસ્ટ પરથી પસાર થવું ન પડે, એવો કોઈ રસ્તો શોધ.' સૈનીએ ન છૂટકે કહેવું પડ્યું.

'યેસ સર' કહીને તારકે એક નાની ગલીમાં વળાંક લીધો. એ પોતે પણ પોલીસની નજરે ચઢવા નહોતો માંગતો. અત્યારે જેનું સ્ટીયરિંગ વ્હીલ એના હાથમાં હતું એ ટાટા સફારીના મૂળ માલિકની લાશ, આબુના ઝાડીઝાંખરામાં પડી હતી. આબુ રોડ સ્ટેશને ઊતરીને તારકે આ વાહન કબજે કરી લીધેલું. સ્ટેશનમાંથી બહાર નીકળીને જોધપુર માટે ટૅક્સી શોધી રહેલા સૈની અને પ્રિયાને લલચાવવા એણે ભાડા પર વીસ ટકાનું ડિસ્કાઉન્ટ ઑફર કર્યું હતું. શિકાર જાળમાં ફસાઈ ગયો.

'સાહેબ, જોધપુરના રસ્તાથી હું ઝાઝો પરિચિત નથી. કોઈને પૂછવું પડશે.' કહીને તારકે રસ્તાની એક તરફ કાર ઊભી રાખી. અને થોડે દૂર ઊભેલા ટૅક્સી ડ્રાઇવરો સાથે વાત કરવા ગયો.

પાછા ફરીને એણે મંડવાર જતો રસ્તો પકડ્યો. દસ મિનિટમાં પોલીસના હાથમાંથી છટકીને એમની ગાડી નીકળી ગઈ. શહેર પાછળ રહી ગયું. રસ્તાની બંને બાજુ હવે નજર પહોંચે ત્યાં સુધી થર રણની રેતી દેખાતી હતી. ત્રણેય પ્રવાસી ચૂપચાપ બેઠા હતા. ગાડી ચલાવી રહેલા તારકનું મન તેના બાળપણના ભૂતકાળમાં સરી ગયું.

'તારક, આ પુષ્પેન્દ્રજી છે. એ તને શસ્ત્રવિદ્યા શીખવશે.' માતાજી બોલ્યાં.

'શસ્ત્રવિદ્યા એટલે?' તારકે પૂછ્યું.

'આપણાં ભારતીય પુરાણો, ખાસ કરીને રામાયણ અને મહાભારત માં એ સમયે થયેલાં યુદ્ધોનું વિગતવાર વર્ણન છે. છૂટા હાથની મારામારાથી માંડીને ભયાનક શસ્ત્રોથી થયેલાં સંહારની વાતો એમાં છે. કર્ણ અને અર્જુન વચ્ચે થયેલી લડાઈનું વર્ણન કરતા, મહાભારત ના રચયિતાએ લખ્યું છે કે, બંને પક્ષે ધનુષબાણ, તલવાર, વૃક્ષો, મોટી

શિલાઓ અને છેવટે ખુલ્લા હાથનો ઉપયોગ કર્યો હતો. રામાયણ માં એક પ્રસંગે, બે લડવૈયા મુષ્ટિયુદ્ધ કરતાં કરતાં એમના આંગળા, પગ, ગોઠણ, માથાનો પણ કઈ રીતે ઉપયોગ કરતા હતા, એનું વર્ણન છે. આ બધાંને પરિણામે ભારતીય કુસ્તી કે પછી આપણે જેને ઇન્ડિયન માર્શલ આર્ટ્સ કહીએ છીએ એના સોળ સિદ્ધાંત, મૂળ નિયમ પ્રસ્થાપિત થયા. અને તારે એ બધામાં કુશળતા મેળવવાની છે.' પુષ્પેન્દ્રજીએ વિગતવાર સમજણ આપી.

'માતાજીને શસ્ત્રવિદ્યા આવડે છે?' તારકે પૂછ્યું.

'હા. સ્કૂલમાં હું જ એમનો ગુરુ હતો. માતાજી, તારકને એકાદ દાવ દેખાડોને!' પુષ્પેન્દ્રજીએ કહ્યું.

તારક હજી પલક ઝપકાવે, એટલી વારમાં તો માતાજીના કુરતાની ડાબી બાંયમાં સંતાયેલી નાનકડી, ધારદાર ખીલી બહાર નીકળી, ફેંકાઈ અને સનનન કરતી, તારકના માથાથી સહેજ જ ઉપર, દીવાલ પર જઈને ભટકાઈ.

'જોયું, સરખી ટ્રેઇનિંગ મળે તો માણસ શું કરી શકે?' માતાજીએ પૂછ્યું. તારકે ગંભીરભાવે માથું હલાવ્યું.

'આ ચંદન છે. મારા કપાળે તિલક કરીને ચરણસ્પર્શ કર.' પુષ્પેન્દ્રજીએ આજ્ઞા આપી અને પછી એમણે લાલ-પીળા દોરામાંથી બનાવેલી નાડાછડી તારકના કાંડે બાંધી. 'આજથી તું સત્તાવાર મારો શિષ્ય થયો. આપણે રોજ એક કલાક શસ્ત્રવિદ્યાની પ્રૅક્ટિસ કરીશું. થોડાં વર્ષોમાં તું આખલા જેવો મજબૂત, વાઘ જેવો શક્તિશાળી, ચિત્તા જેવો ઝડપી અને શિયાળ જેવો ચાલાક બની જઈશ. ઓમ નમ: શિવાય!'

'ગુરુજી, આપણે દરેક પ્રાર્થનામાં ઓમ શું કામ બોલીએ છીએ?' તારકે પૂછ્યું.

ગુરુજીને બદલે માતાજીએ જવાબ આપ્યો, 'માત્ર આપણે નહીં, દુનિયાભરના લોકો ઓમ બોલે છે. ઇંગ્લિશ ભાષામાં પણ 'ઓમ' છે.'

'ખરેખર?' તારકને નવાઈ લાગી.

'ધ્યાનથી સાંભળ. અંગ્રેજીમાં 'ઓમ્નિસાયન્સ' એટલે અગાધ જ્ઞાન. આ શબ્દની શરૂઆત 'ઓમ'થી થાય છે. એવી જ રીતે 'ઓમ્નિપોટન્ટ' એટલે સર્વવ્યાપી, 'ઓમ્નિવૉરસ' એટલે જે બધું ગ્રહણ કરી શકે કે પચાવી શકે, સારા કે ખરાબ શુકન માટે 'ઓમેન' શબ્દ છે, હરીફો કે દુશ્મનો વચ્ચે સમાધાન કરાવનાર કે અંતિમ ફેંસલો સુણાવનારને 'ઓમ્બડ્સમૅન' કહેવાય છે. દિવ્યતા અને સત્તાનું દર્શન કરાવવા માટે ઓમનો ઉપયોગ બધે થયો છે. ખ્રિસ્તીઓમાં 'આમેન' અને મુસ્લિમોમાં 'અમીન' છે.

માતાજીએ ઉચ્ચારેલા એકેએક શબ્દને તારક કાન વાટે મનમાં ઉતારતો રહ્યો. અહીં મળતું જ્ઞાન અમૂલ્ય હતું.

હળવા આંચકા સાથે તારક, એના ભૂતકાળમાંથી બહાર આવ્યો. એણે રસ્તા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. થોડા કલાક પછી ગાડી ધીમી પાડતાં એ બોલ્યો, 'હજી બહુ લાંબે જવાનું છે. થોડી પેટપૂજા કરી લઈએ.'

રોડસાઇડ રેસ્ટોરાં પર ગાડી ઊભી રાખીને તારક બહાર નીકળ્યો. સૈનીએ એને જમવા માટે પૈસા આપ્યા, એ બદલ કોઈ સામાન્ય ટૅક્સીડ્રાઇવર જેવો જ આભાર પ્રદર્શિત કરીને તારક રેસ્ટોરાંમાં ગયો. સૈનીએ ગાડીમાં જ નાસ્તો મંગાવી લીધો.

'ડ્રાઇવર પાછો આવે એ પહેલાં આપણે નક્કી કરી લઈએ કે ચંદીગઢ પહોંચીને શું કરવું!' સૈનીએ એના સહપ્રવાસીઓ તરફ જોતાં કહ્યું.

'કેમ વળી, જઈને સીધા દેવેન્દ્ર છેદીને મળવાનું. અને જોવાનું કે એમની પાસે પણ

વાર્શનીએ આપેલું સીલ છે કે નહીં!' પ્રિયા બોલી.

'હા, પણ પછી શું? ઇન્સ્પેક્ટર રાધિકા સિંઘ અત્યારે મને ત્રણ હત્યા અને એક અપહરણના ગુના માટે શોધી રહી હશે.' સૈનીએ સેન્ડવીચ ખાતાંખાતાં કહ્યું.

રેસ્ટોરાંથી આવેલા વેઇટરે ટ્રેમાં કૉફીના ત્રણ કપ ધર્યા. પ્રિયાએ એમાંથી એક ઉપાડીને કુરકુડેને આપ્યો. કૉફીનો ઘૂંટ ભરીને કુરકુડે બોલ્યા, 'વાત સીધી છે તમે એક કલાક સુધી મારી ઑફિસમાં હતા. મારી સેક્રેટરી જ તમને અંદર લઈ આવેલી. આપણી મિટિંગ શરૂ થઈ, ત્યાં સુધી એ જીવિત હતી. સ્પષ્ટ છે કે તમારા બેમાંથી કોઈએ એની હત્યા નથી કરી. આ ત્રીજા મર્ડરનો દોષ તમારા માથે આવે તો, તમારી નિર્દોષતાની સાક્ષી હું આપીશ. ચિંતા શું કામ કરો છો?' કૉફી પૂરી કરીને, રેસ્ટરૂમમાં જવા માટે કુરકુડે ગાડીમાંથી બહાર નીકળ્યા.

મેં કલ્પના સુધ્ધાં નહોતી કરી કે, કંસને મારીને, મેં બીજો એક શક્તિશાળી શત્રુ ઊભો કર્યો હતો. મગધનો રાજા જરાસંધ!

જરાસંધ ક્રોધે ભરાયો હતો કારણ કે મેં એના જમાઈ કંસના પ્રાણ લીધેલા. વળી મથુરાના રાજકારણમાં પણ મારું ખાસ્સું વજન પડવા લાગેલું, એ જરાસંધને નહોતું ગમ્યું. એણે મથુરા પર આક્રમણ કર્યું. ગભરાઈ ગયેલા ઉગ્રસેને શરણાગતિની તૈયારી દાખવી, પણ મેં અને બલરામે સામી છાતીએ લડી લેવાનો નિર્ણય લીધો. જરાસંધની વિશાળ સેના સામે અમારા નાનકડા લશ્કરે બરાબર ટક્કર આપી, અને એને હરાવ્યો. પરંતુ પરાજિત થયેલો જરાસંધ વધુ ધૂંધવાયો. એ પછી એણે સત્તર વાર મથુરા પર આક્રમણ કર્યું. મેં અને બલરામે દરેક વખતે એને પાછો હટાવ્યો.

પરંતુ અઢારમી વાર સંજોગો જુદા હતા.

રોડસાઇડ રેસ્ટોરાંની અંદર સમોસાની સાથે ચાની લિજ્જત માણતાં માણતાં તારકે છેલ્લા કેટલાક સમયમાં બની ગયેલી ઘટનાઓને યાદ કરી.

કુરકુડેની રિસર્ચ લૅબૉરેટરીમાં સૈની અને પ્રિયાને છોડ્યા બાદ, ગાડીને પાર્કિંગ લૉટમાં લઈ જવાને બદલે એણે રિસેપ્શન બ્લોકની બહાર જ ઊભી રાખી અને બહારના હૉલમાં એક ખૂણે છુપાઈને ઊભો રહ્યો.

મહેમાનોને પ્રોફેસર કુરકુડેની ઑફિસમાં છોડ્યા બાદ મિસ ગોન્સાલ્વીઝ પાછી બહાર આવીને પોતાની જગ્યાએ ગોઠવાઈ પણ ડેસ્ક ટોપ કમ્પ્યૂટર ઑન કર્યું એ જ ક્ષણે એણે પોતાની ગરદન પર ઠંડીગાર ધાતુનો સ્પર્શ અનુભવ્યો. હેબતાઈ ગયેલી સ્ત્રીએ ચીસ પાડવા માટે મોઢું તો ખોલ્યું, પણ અંદરથી કોઈ અવાજ નીકળે એ પહેલાં તો એના પર હુમલાખોરની હથેળી દબાઈ ગઈ.

‘જીવતા રહેવું હોય તા઼દે ધ્યાનથી મારી વાત સાંભળ. મને ડેટા વેરહાઉસના રેકોર્ડ્સ જોઈએ છે. કમ્પ્યૂટરમાં તારો પાસવર્ડ નાખીને લૉગ ઑન કર. જરા સરખીયે ગરબડ કરી તો ગળું ચીરી નાખીશ.’ તારકે ધમકી આપી.

ભયભીત થઈ ગયેલી ગોન્સાલ્વીઝે આદેશનું પાલન કર્યું. તારકે થોડી રાહત અનુભવી. કામ આટલી સહેલાઈથી થઈ જશે, એવું નહોતું ધાર્યું. પણ ક્ષણિક ગફલત એને ભારે પડી. ગોન્સાલ્વીઝના મોઢા પર દાબી રાખેલો એનો હાથ સહેજ ઢીલો પડ્યો, અને પેલીએ ચીસ પાડી.

તારકના સદ્‌નસીબે રૂમની દીવાલો અને દરવાજા વીંધીને અંદર કુરકુડેની ઑફિસ સુધી, આ ચીસનો અવાજ પહોંચ્યો નહીં. પણ એના ગુસ્સાની આગ ભભૂકી ઊઠી, ‘મારે તને નહોતી મારવી, પણ હવે...’ બબડીને એણે એનો સ્વાન-મોર્ટન અસ્ત્રો ગોન્સાલ્વીઝના ગળા પર ફેરવી દીધો. અને પછી સ્વસ્થતાભેર હથિયાર લૂછીને, રૂમાલમાં વીંટીને પાછું પોતાના ખિસ્સામાં મૂકી દીધું.

ગોન્સાલ્વીઝ મરતાં પહેલાં તારકનું કામ કરતી ગયેલી. તારકે ડેસ્કટૉપમાં પોતાની

USB ફ્લેશ ડ્રાઇવ ભરાવી અને જોઈતી ફાઇલ્સનું ડાઉનલોડિંગ શરૂ કરી દીધું. એનું નસીબ જોર કરતું હતું. ડાઉનલોડિંગ પૂરું થયું, ત્યાં સુધી ગોન્સાલ્વીઝની ઑફિસમાં કોઈ ફરક્યું નહીં. કુરકુડેની રિસર્ચ ટીમે દેશની જુદી જુદી સાઇટ્સ પરથી જે રેડિયેશન રીડિંગ્સ લીધેલા, એનો રેકોર્ડ તારકની ફ્લેશ ડ્રાઇવમાં પહોંચી ગયો.

કામ પતાવીને બહાર નીકળેલો તારક, ગાડીને પાર્કિંગ લૉટમાં લઈ ગયો. સંતોષી જીવને તરત ઊંઘ આવી ગઈ.

રેસ્ટોરામાં બેઠેલા તારકની વિચારધારામાં અચાનક ભંગ પડ્યો. પ્રોફેસર કુરકુડે, બહાર પાર્ક થયેલી ગાડીમાંથી બહાર નીકળીને ટોઇલેટ તરફ જઈ રહ્યા હતા. સૈની અને પ્રિયા, ગાડીની અંદર કોઈ વાતચીતમાં મશગૂલ હતા.

અડધું ખાધેલું સમોસું, પાછું પ્લેટમાં મૂકીને તારક ઊભો થયો. સોનેરી તક સામે ચાલીને એની પાસે આવી હતી.

૩૯

યુદ્ધમાં અમને હરાવવાનું મુશ્કેલ હતું, એ જોઈને જરાસંધે નવી ચાલ વિચારી. એણે મારા જ એક દૂરના ભાઈ શિશુપાલનો સંપર્ક કર્યો. શિશુપાલને હું પહેલેથી નહોતો ગમતો. એણે વળી પડોસના રાજા કાળ યવનને સાધ્યો. કાળ યવનને શિવ પાસેથી વરદાન મળેલું કે, કોઈ દેવ, અસુર કે હથિયાર એને મારી નહીં શકે. જરાસંધે અઢારમી વાર મથુરા ફરતે ઘેરો નાખ્યો, ત્યારે કાળ યવન એની સાથે હતો.

હું સમજી ગયેલો કે આ વખતે રણ-મેદાનમાં એમને પરાજિત કરવાનું લગભગ અશક્ય હતું. સેનાને અંદર જ ઊભી રાખીને કોઈ શસ્ત્ર લીધા વિના હું એકલો મથુરા શહેરના પ્રવેશદ્ધારમાંથી બહાર નીકળ્યો. 'હિંમત હોય તો મારી સાથે હાથોહાથની લડાઈ કર', મેં કાળ યવનને કહ્યું.

કાળ યવને આવાહન સ્વીકારી લીધું પણ જેવો એ નજીક આવ્યો કે મેં બીજી દિશામાં દોટ મૂકી. 'બીકણ, ક્યાં ભાગે છે?' ની બૂમો પાડતો કાળ યવન મારી પાછળ દોડ્યો. એ નહોતો જાણતો કે હું એને મુચકુંદની ગુફા ભણી લઈ જતો હતો.

મુચકુંદને ઈન્દ્રએ વરદાન આપેલું કે એની નિદ્રામાં ખલેલ પાડનાર તત્કાળ બળીને ભસ્મ થઈ જશે.

ગુફામાં ઘસઘસાટ સૂતેલા મુચકુંદ પર મારી શાલ ઓઢાડીને, હું ચૂપચાપ એક તરફ ઊભો રહી ગયો. પાછળ ધસી આવેલા કાળ યવને મારી શાલ જોઈને ધારી લીધું કે, હું જ નીચે પડેલો. એણે જોરથી લાત મારી. ઝબકીને જાગી ગયેલા મુચકુંદે ચહેરા પરથી શાલ હટાવીને આંબો બોલી, અને ઘડીના છઠ્ઠા ભાગમાં કાળ યવન બળીને રાખ થઈ ગયો.

કારમાં બેઠેલા સૈની અને પ્રિયાએ વળી નવા વિષય પર ચર્ચા માંડી હતી.

'કૃષ્ણ ખરેખર હતા, એનો કોઈ પુરાવો આપણી પાસે છે? કે પછી કોઈ મહાન લેખકે કરેલી કલ્પનાને આપણે સ્વીકારી લીધી?' કપમાં બચેલી કૉફીનો છેલ્લો ઘૂંટ ભરીને પ્રિયા બોલી.

સૈનીએ માથામાં હાથ ફેરવ્યો. 'ચાલો, થોડીવાર માટે મહાભારત ને ભૂલી જઈએ. કૃષ્ણનો સહુથી પહેલો ઉલ્લેખ આપણને ચાંડોગ્ય ઉપનિષદ માં મળે છે — અંગિરસના ઘોરે દેવકીપુત્ર કૃષ્ણ સાથે વાત કરી. 'મારી તૃષ્ણા છીપાઈ ગઈ.' એણે કહ્યું અને પછી આજીવન, એ ત્રણ સિદ્ધાંતને વળગી રહ્યો — કૃષ્ણ અક્ષત છે — અવિનાશી; કૃષ્ણ અચ્યુત છે — અનંત; ઈશ્વર પ્રાણસંહિતા છે — જીવનધારા અને એનું સત્ત્વ! પ્રિયા, તું કહે છે કે મહાભારત માત્ર એક વાર્તા છે, પણ તો પછી ઉપનિષદો માં કૃષ્ણનું નામ કેવી રીતે આવ્યું? ઋગ્વેદ માં વેદોના જ્ઞાતા તરીકે અને અથર્વવેદ માં કેશી રાક્ષસને હણનારા તરીકે કૃષ્ણનો ઉલ્લેખ છે. આ બધા મહાન અધ્યાત્મિક ગ્રંથોમાં કોઈ કપોળકલ્પિત વ્યક્તિનું નામ કઈ રીતે આવી શકે?'

'પરંતુ વેદોનો કૃષ્ણ જ્ઞાનીપુરુષ છે, મસ્તીખોર ગોવાળિયો નહીં.' પ્રિયાએ દલીલ કરી. 'એક મહાભારતનો કઠોર, લગભગ નિર્દયી કહેવાય એવો કૃષ્ણ, અને બીજો નિર્દોષ રમતિયાળ ગોપાલક! આ બે પાત્રમાં કેટલો મોટો તફાવત છે! કેવી રીતે એ એક વ્યક્તિ હોઈ શકે?'

'આનો જવાબ પણ સરસ્વતીના કિનારે મળે છે. મહાભારતના સમયે સરસ્વતી વહેતી હતી. આપણને કહેવાયું છે કે, કૃષ્ણના ભાઈ બલરામ યુદ્ધમાં સામેલ થવાનું નકારીને સરસ્વતી કિનારે યાત્રા પર નીકળી ગયેલા અને યુદ્ધના અંત સુધી પાછા નહોતા ફર્યા.' સૈની બોલ્યો. 'સરસ્વતી સુકાઈ ગઈ, પરિણામે એના કાંઠે વિકસેલી મહાન સંસ્કૃતિ પણ છિન્નભિન્ન થઈ ગઈ. લોકોએ પાણીનો નવો સ્ત્રોત શોધવા માટે કાં પૂર્વેમાં ગંગા તરફ, કાં તો પછી પશ્ચિમમાં સિંધુ તરફ સ્થળાંતર કરવું પડ્યું. ઘણાં લોકો એનાથીયે આગળ ટાઇગ્રીસ-યુફ્રેટિસ ખીણ સુધી પહોંચ્યાં. સરસ્વતીનાં પાણી સુકાઈ ગયાં, એને કિનારે ઊગતું ઘાસ ખતમ થઈ ગયું, એને કારણે લાખો ઢોર મરી ગયાં હશે.'

'પણ આને મારા મૂળ સવાલ સાથે શું સંબંધ?' પ્રિયા બોલી.

'સંબંધ સીધો છે. પૂર્વમાં ગયેલા લોકો ગંગા પાસે પહોંચ્યા ત્યારે એમણે ફરીથી પશુધન એકઠું કરવાની જરૂર પડી. એ સંજોગોમાં જની પૂજા કે પ્રાર્થના કરી શકાય, એવા દેવ, ગોવાળિયાના રૂપમાં જ દેખાય ને! કૃષ્ણને એમણે ગોપાલ નું નામ આપ્યું. ગાયોના પાલક! તને કદાચ નવાઈ લાગશે, પણ આ પરંપરા પશ્ચિમમાં પણ જોવા મળે છે. ઈજિપ્તવાસીઓ દેવોને રીઝવવા માટે બીજા બધાં પશુંઓનો બલિ ચઢાવતા હતા, પણ ગાય એમાં અપવાદ હતી. હીસાત નામની પવિત્ર ગાય, એમની દેવી હેથોરનું એક રૂપ ગણાતી હતી.

'અર્થાત્ પશુધન જાળવી રાખવા માટે કૃષ્ણને ગોવાળિયાનું રૂપ અપાયું.' પ્રિયા બોલી.

'માત્ર પશુધન નહીં, આખાયે ખેતીપ્રધાન સમાજ માટે આ જરૂરી હતું. ખેતી માટે સંસ્કૃતમાં કૃષિ શબ્દ વપરાય છે એમાંથી કૃષ્ણ નામ આવ્યું છે. આજે પણ ગાયનું પવિત્ર સ્થાન જળવાઈ રહ્યું છે. હિંદુઓને ત્યાં પૂજા થાય, ત્યારે બ્રાહ્મણ એમનું ગોત્ર પૂછે છે. ગોત્રનો સાચો અર્થ થાય ગાયોનું ધણ કે કતાર! અરે, બૌદ્ધ ધર્મના પ્રણેતા ગૌતમ બુદ્ધના નામને પણ કૃષ્ણની ગાયો સાથે સંબંધ છે.'

'એ વળી કેવી રીતે?' પ્રિયાએ પૂછ્યું.

'ગૌતમ નામ, બે શબ્દમાંથી બન્યું છે. ગૌ અને ઉત્તમ . એટલે કે સર્વોત્તમ ગાય. ગૌ શબ્દ, ગાયોના શ્વેત રંગ માટે પણ વપરાય છે. એટલે ગૌતમની કલ્પના સર્વોચ્ચ શ્વેત તેજ તરીકે પણ થઈ છે. બૌદ્ધોનું પવિત્ર સ્થળ બોધગયા છે. ગયા એટલે ગાય. રામાયણ માં ગયાનો ઉલ્લેખ છે, સીતા અને લક્ષ્મણ સાથે રામે ગયાપુરી જઈને એમના પિતા દશરથના આત્માની શાંતિ માટે તર્પણ કરેલું. ત્યારની ગયાપુરી, એટલે આજનું બોધગયા. હવે સમજાયું કે હિન્દુઓ, બુદ્ધને વિષ્ણુનો નવમો અવતાર શું કામ માને છે?'

પ્રિયા ચૂપ રહી, પણ સૈનીએ હજી બોલવાનું પૂરું નહોતું કર્યું. 'ગોપાલ, ગોપ, ગોવર્ધન, ગોવિંદા, ગોસ્વામી... કૃષ્ણના આ બધાંય નામમાં ગાય છે. અને હવે એક મજાની વાત કહું. તારું છેલ્લું વૅકેશન જ્યાં હતું એ જગ્યાનું નામ પણ કૃષ્ણોની ગાય પરથી પડ્યું છે.'

'ગોવા?' પ્રિયાની આંખો પહોળી થઈ ગઈ. સૈની હસી પડ્યો. 'આપણે જ પ્રદેશને આજે ગોવા તરીકે ઓળખીએ છીએ, એનો ઉલ્લેખ મહાભારતમાં ગોવારાષ્ટ્ર , એટલે કે

ગાયોના દેશ તરીકે થયો છે. ગાય બધે દેખાય છે. પ્રાચીનકાળમાં ગ્રીક પ્રજા જે ભૂમિદેવીની પૂજા કરતી હતી એનું નામ છે ગયા!'

આટલું બોલીને સૈનીનું ધ્યાન અચાનક કારના ડેશબોર્ડ પર ફીટ કરેલી ડિજિટલ ક્લૉક ભણી ગયું. 'પણ આપણા પ્રોફેસર સાહેબ ક્યાં ગયા? રેસ્ટરૂમમાં એને ગયાને અડધો કલાક થઈ ગયો.'

જરાસંધને અઢારમી વાર પરાજિત કર્યા બાદ મેં ધાર્યું હોત તો મથુરામાં જ રહી શક્યો હોત. પણ વારંવાર થતાં યુદ્ધો અને દર વખતે એમાં હોમાઈ જતા હજારો સૈનિકો અને નાગરિકોને જોયા બાદ મેં દૂર જઈને વસવાનો નિર્ણય કરી લીધો. દેવોના સ્થાપત્યવિદ વિશ્વકર્માને બોલાવીને મેં કહ્યું કે, 'સાગરની વચ્ચોવચ મારા માટે એક ભવ્ય નગરનું નિર્માણ કરો.' અને, સાગરદેવ પાસે મેં થોડી ભૂમિની માગણી કરી. સાગરદેવે થોડું પાણી બહાર ફેંકીને એક ટાપુ બનાવી આપ્યો. એના પર વિશ્વકર્માએ યાદવો માટે અતિ સુંદર, ભવ્ય દ્વારાવતી નામનું નગર ખડું કર્યું. એની ચારે તરફ દરિયાનું પાણી હતું. હવે અમારે જરાસંધના આક્રમણથી નહોતું ડરવાનું. આ પ્રસંગ પછી મને નવું નામ મળ્યું. રણછોડ — રણભૂમિ છોડી દેનાર.

તારકે રેસ્ટોરાંની પાછળ, રેસ્ટરૂમમાં જઈને આસપાસ નજર ફેરવી. કોઈ દેખાયું નહીં. એક તરફ ચાર ક્યુબિકલ્સમાંથી બે બંધ હતા. એણે વાંકા વળીને જોયું. જમીનથી લગભગ એક ફૂટ ઊંચા દરવાજામાંથી એક ક્યુબિકલની અંદર ઝાડુ અને બાલદી દેખાયાં. ત્યાં કદાચ સફાઈકામ ચાલુ હતું. બીજા ક્યુબિકલમાં પ્રોફેસરના પગ અને ટ્રાઉઝર્સ દેખાયા. પ્રોફેસર કમોડ પર બેસીને પેટનો ભાર હળવો કરી રહ્યા હતા.

તારકે ખિસ્સામાં હાથ નાખ્યો. એનો વફાદાર અસ્ત્રો, રબરસ્ટેમ્પ અને પેઇન્ટબ્રશ તૈયાર હતાં. એને ખાતરી હતી કે પ્રોફેસર પેલું સીલ સાથે લઈને નીકળેલા. એમને મારીને એ કિંમતી જણસ કબજે કરવાનું આસાન હતું. ક્યુબિકલનો દરવાજો ખખડાવવો કે તોડી નાખવો, એ વિચારવામાં તારક થોડી સેકન્ડ રોકાયો અને આખરી નિર્ણય પર આવે, એ પહેલાં તો રેસ્ટરૂમનો દરવાજો ખુલ્યો, અને સૈની અંદર દાખલ થયો. 'તમે પણ અહીં જ છો? આપણા પ્રોફેસર સાહેબને જોયા?' એણે પૂછ્યું.

'ના સાહેબ, કદાચ ત્યાં છે.' તારકે બંધ ક્યુબિકલ તરફ હાથ કરતાં કહ્યું.

'પ્રોફેસર', સૈનીએ ક્યુબિકલના દરવાજા પર હળવેથી ટકોરા મારતાં કહ્યું.

અંદરથી કોઈ જવાબ ન મળ્યો. સૈનીએ વધુ જોરથી સાદ પાડ્યો, પણ દરવાજાની બીજી તરફનું મૌન અકબંધ રહ્યું.

સૈનીને ફડકો પડ્યો. 'લાગે છે, દરવાજો તોડવો પડશે' એણે કહ્યું, અને પછી તારકની મદદ માંગ્યા વિના એણે દરવાજાને એટલા જોરથી ધક્કો માર્યો કે આંકડી તૂટી ગઈ. અંદર કમોડની બંધ સીટ પર પ્રોફેસર કુરકડે હતા, પણ એમનું શરીર, તૂટેલી ઢીંગલીની જેમ પાછળની તરફ ઢળી પડેલું. સૈનીએ પ્રોફેસરને હચમચાવી નાખ્યા. એમની આંખો બળપૂર્વક ઉઘાડીને જોયું, પણ સામેથી કોઈ પ્રતિભાવ ન મળ્યો. બેબાકળા થઈ ગયેલા સૈનીએ બહાર જઈને પ્રિયાને સાદ પાડ્યો.

દરવાજા પર લગાડેલી 'જેન્ટ્સ' સાઇન અવગણીને પ્રિયા રેસ્ટરૂમમાં દોડી આવી. કુરકુડેના જડબા નીચે બે આંગળી મૂકીને કેરોટીડ પલ્સ ચેક કરતાં એણે સૈનીને કહ્યું, 'જોઈ લો, હું કેવી રીતે નાડી તપાસું છું. ભવિષ્યમાં તમનેય કદાચ આવું કરવાની જરૂર

પડે.'

સૈનીએ માથું હલાવ્યું. અત્યારે એને તો વર્તમાનની ફિકર હતી. 'જીવે છે' પ્રિયાના શબ્દો સાંભળીને એનો શ્વાસ હેઠો બેઠો. પરંતુ ચિંતા દૂર નહોતી થઈ. પણ મરી ગયા હોય, એવું કેમ લાગે છે? હાર્ટઍટેક, સ્ટ્રોક? હવે આપણે શું કરીએ?' સૈનીએ પૂછ્યું.

તારક આગળ આવ્યો. બેહોશ કુરકુડેનું મોઢું ખોલીને એણે સૂંઘ્યું. એને હસવાનું મન થઈ ગયું. ઊંચું જોતાં એ બોલ્યો, 'સાહેબને કોઈએ ઘેનની દવા આપી લાગે છે.' પ્રોફેસર ક્લોરલ હાઇડ્રેટ નામના ડ્રગની અસર હેઠળ હતા, એ માહિતી આપવાનું તારકે ટાળ્યું. 'પણ ફિકર કરવાની જરૂર નથી. આપણે એમને બહાર લઈ જઈને કારમાં બેસાડી દઈએ. થોડીવારમાં હોશ આવી જશે.'

'તમને આ દવા વિશે કેવી રીતે ખબર પડી ગઈ?' સૈનીએ પૂછ્યું.

'સર, મારા પિતાજી ઘોડાના તબેલામાં કામ કરતા હતા. એમની પાસેથી હું થોડુંઘણું શીખેલો.'

'ભાઈ, તમારો મોટો ઉપકાર. તમે ન હોત તો કોણ જાણે હું શું કરત?' સૈનીએ આભારવશ અવાજે કહ્યું. 'ચાલો, હવે એમને બહાર લઈ જઈએ.'

પ્રોફેસર બેહોશ હતા. એમને બહાર લઈ જવા માટે અધીરા થયેલાં સૈની અને પ્રિયાને ખ્યાલ ન આવ્યો કે, કુરકુડેના ખિસ્સામાંથી એમના ડ્રાઇવરે ક્યારે નાનકડું બ્રાઉન કવર સેરવી લીધું. વાર્શનીએ કુરકુડેને સાચવવા માટે આપેલી પ્રાચીન મહોર હવે તારક વકીલના કબજામાં હતી.

૪૧

સત્યભામા પછી મેં રૂક્ષ્મણી સાથે લગ્ન કર્યાં. એ વિદર્ભના શાસક રૂક્મિની બહેન હતી. રૂક્ષ્મણીના વિવાહ આમ તો મારા દૂરના ભાઈ, અને ચેદીના રાજા શિશુપાલ સાથે નક્કી થયા હતા. પણ હું વચ્ચે આવ્યો અને રૂક્ષ્મણીનું હરણ કરીને એની સાથે પરણી ગયો, અને શિશુપાલ સાથે મારે કાયમની શત્રુતા બંધાઈ ગઈ. પાછળથી એણે જરાસંધને સાથ આપ્યો.

એ પછી મેં કૌશલ, મદ્ર, અવંતી, કૈકેય એવા અનેક પ્રદેશોની રાજકુમારીઓ સાથે લગ્ન કર્યાં. મારા મહેલમાં ૧૬,૧૦૮ રાણીઓનો વાસ હતો. જોકે આ બધા સંબંધો, વાસ્તવિકતામાં રાજકીય જોડાણો હતાં. જેની કન્યા મારી પત્ની બને, એ પ્રદેશનો રાજા મારો મિત્ર બની જતો. યાદવ હોવાને નાતે હું રાજા નહોતો અને ક્યારેય બનવાનો પણ નહોતો. પરંતુ મારે મારી સત્તા અને શક્તિ વધારવા હતા.

મથુરા છોડ્યા પછી તો મિત્રો અને ટેકેદારોની જરૂર વધુ પડવાની હતી. એમાં પાંડવો પણ આવી જાય. હું મારા ફૈબા કુંતીને મળવા ગયો. મને જોઈને એ ખુશ થયાં, અને થોડું આશ્ચર્ય પણ પામ્યાં.

મેં એમને કહ્યું, 'હવે તમે સુખરૂપ હસ્તિનાપુર પાછા ફરી શકો છો. અત્યંત શક્તિશાળી દ્રુપદની પુત્રી, તમારી પુત્રવધૂ છે. કૌરવો તમને નડવાની હિંમત નહીં કરે.'

મારી સલાહ માનીને પાંડવો હસ્તિનાપુર પાછા આવ્યા. ધૃતરાષ્ટ્રના સાવકા ભાઈ વિદુરને મેં કહ્યું કે, હવે હસ્તિનાપુરમાં શાંતિ જાળવવી હોય તો રાજ્યને બે સરખા ભાગમાં વહેંચી નાખ્યા સિવાય છૂટકો નથી. તમારા ભાઈને સમજાવો.

સહુના ગળે વાત ઊતરી ગઈ. વિદુરની સલાહ પ્રમાણે ભરી સભામાં ધૃતરાષ્ટ્રે પાંડવોને નવું રાજ્ય સ્થાપવા માટે ખાંડવપ્રસ્થ નામના પ્રદેશની ભેટ આપી.

'આપણે રોહતક, પાણીપત અને અંબાલાના રોડ પર શું કામ પોલીસ ચેકપોસ્ટ નથી ગોઠવી દેતા? ચંદીગઢ પહોંચવા માટે એમણે આ જ રસ્તે પસાર થવું પડશે.' રાઠોડે પૂછ્યું.

રાધિકા સિંઘે માથું ધુણાવ્યું. 'ના, આપણે જોખમ નથી લેવું. પ્રોફેસર કુરકુડે એમની સાથે છે. પેલા લોકો ગભરાઈને એમને કંઈ કરી નાખે તો?'

'એટલે આપણે એમને આરામથી ચંદીગઢ પહોંચવા દઈએ?'

'હા, પણ આ વખતે આપણે એમની પહેલાં પહોંચી જઈશું. સૈની અને પ્રિયા ચંદીગઢમાં દેવેન્દ્ર છેદીની ઑફિસમાં પગ મૂકે ત્યારે આપણે એમની રાહ જોતાં ત્યાં બેઠાં હોઈશું.'

'અચ્છા કુરકુડેની સેક્રેટરી વિશે મેં મેડિકલ ઍકઝામિનર સાથે વાત કરી.' રાઠોડ

બોલ્યો.

'શું કહ્યું એમણે?'

'એના ગળા પર બહુ સફાઈપૂર્વક, કાપો મૂકાયેલો. ઍકઝામિનરના કહેવા પ્રમાણે આ કામ ધારદાર અસ્ત્રાથી થયેલું. મેં એમને વાર્શની અને ભોજરાજની હત્યામાં વપરાયેલા બંને અસ્ત્રાની તસવીરો મોકલી. સામેથી જવાબ મળ્યો કે, કુરકુડેની સેક્રેટરીની હત્યા આવા જ હથિયારથી થઈ હોય, એની પૂરેપૂરી શક્યતા છે.'

'પણ સેક્રેટરીને મારવાની શું જરૂર હતી?' રાધિકાએ પૂછ્યું, 'અત્યાર સુધીના ઘટનાક્રમમાં આ હત્યા ફીટ નથી થતી. એના પગમાં અસ્ત્રો નહોતો, કપાળ પર કોઈ ચિહ્ન કે દીવાલ પર મંત્ર નહોતા. છેલ્લી ઘડીએ કોઈ દેખીતા કારણ વિના થયેલી આ હિંસા છે. ગોન્સાલ્વીઝને મારવા માટે પહેલેથી પ્લાનિંગ નહોતું થયું.'

થોડો વિચાર કર્યા બાદ રાધિકાએ પૂછ્યું, 'તમે કુરકુડેની લૅબમાં ઇન્ફર્મેશન ટૅકનૉલૉજી ડિપાર્ટમૅન્ટમાં પૂછતાછ કરી?'

'કયા વિષયમાં?' રાઠોડને ફડકો પડ્યો કે, એ શું ભૂલી ગયેલો.

'સેક્રેટરીની હત્યા થઈ, ત્યારે એનું કમ્પ્યૂટર ચાલુ હતું. એ સમયે કોઈએ એના પરથી ઇન્ફર્મેશન ઍક્સેસ કરેલી? અને, કરી હોય તો કયા પ્રકારની?' રાધિકા બોલી.

પાંડવોએ નવા નગરની જગ્યા મેળવવા માટે ખાંડવપ્રસ્થનું આખુંયે જંગલ બાળવું પડ્યું. એમાં ભસ્મ થઈ ગયેલા જીવોનો બલિ મેળવીને અગ્નિદેવ પ્રસન્ન થયા. એમણે મને સુદર્શન ચક્ર અને અર્જુનને ગાંડીવ ધનુષ્ય ભેટમાં આપ્યા. ખાંડવવનની આગમાં, બચી ગયેલા એકમાત્ર મય દાનવે એના પ્રાણના બદલામાં પાંડવો માટે નવું ભવ્ય નગર બાંધી દેવાનું વચન આપ્યું. મય દાનવે નિર્માણ કરેલું ઇન્દ્રપ્રસ્થ, પાંડવોના રાજ્યનું પાટનગર બન્યું. એની જાહોજલાલી અને રાજા યુધિષ્ઠિરના ધર્મિષ્ઠ શાસનની ખ્યાતિ દૂરદૂર સુધી પહોંચી ગઈ.

પાંડવોના અંગત જીવનમાં વિઘ્નો ખડાં ન થાય, એટલે મેં એમને ગુહસ્થીના અમુક નિયમો પાળવાની સલાહ આપી. એ અનુસાર દરેક ભાઈને, દ્રૌપદી સાથે એક વર્ષનો સહવાસ માણવાનો હક્ક મળ્યો. પરંતુ દ્રૌપદીથી દૂર રહેવાના સમયે, બીજા ચાર ભાઈઓને બીજાં લગ્ન કરવાની છૂટ હતી, જેથી કોઈ સંસારસુખથી વધુ સમય વંચિત ન રહે.

‘પણ મેં તો આખે રસ્તે પાણી સિવાય બીજી કોઈ ચીજ મોઢામાં નહોતી નાખી. હા, અહીં આવીને એક કપ કૉફી પીધી. રેસ્ટોરાંના સ્ટાફમાંથી કોઈએ મને મારવાનું કાવતરું ઘડ્યું હશે? પણ એને કેવી રીતે ખબર પડી કે આપણે અહીં સ્ટોપ કરશું?’ ધીમે ધીમે ભાનમાં આવેલા કુરકુડેની મૂંઝવણનો પાર નહોતો.

‘કદાચ હત્યારો આપણો પીછો કરતો અહીં સુધી પહોંચી ગયો હશે. સ્ટાફની નજર ચૂકવીને એણે તમારી કૉફીમાં ઝેર નાખી દીધું હોય એ શક્ય છે. તમને બેહોશ કર્યા બાદ, સહેલાઈથી એ પોતાનું ધાર્યું કરી શકત.’ સૈનીએ તર્ક રજૂ કર્યો. ‘પણ જે હોય તે, હવે આપણે બમણી ઝડપે ચંદીગઢ પહોંચવું જોઈએ. દુશ્મન બહુ ચાલાક છે અને એવું લાગે છે કે વાર્શનીએ આપણને આપેલી મહોરો પાછળનું આધ્યાત્મિક રહસ્ય, વૈજ્ઞાનિક કારણ આ વ્યક્તિ જાણે છે.’

વાતચીત સાંભળી રહેલા તારકના હોઠ મલકી ગયા. આ લોકોને શું ખબર કે માતાજી કેટલું જાણે છે! ‘સર, આપણે હવે નીકળીએ?’ એણે નમ્રતાપૂર્વક પૂછ્યું.

થોડી જ વારમાં ગાડી પૂરપાટ, ચંદીગઢની દિશામાં ઊપડી. રસ્તો સીધો હતો. તારકનું મન પાછું ભૂતકાળમાં સરી પડ્યું, જ્યાં માતાજીના હાથ નીચે એની તાલીમ ચાલી રહી હતી.

‘સદીઓથી આપણા દેશ પર વિદેશીઓ આક્રમણ કરતા આવ્યા છે. ગ્રીક, હૂણ, મોંગોલ, આરબ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, અંગ્રેજ... આ બધા આવ્યા અને આપણી સંપત્તિ લૂંટીને જતા રહ્યા. આપણને થયેલાં અન્યાયોનો જવાબ હવે તારે આપવાનો છે.’ માતાજીએ એકવાર સ્કૂલ છૂટ્યા બાદ કહ્યું.

‘પણ કેવી રીતે? હું તો નાનો બાળક છું.’ તારક બોલ્યો.

‘પણ એક દિવસ તું મોટો થઈ જઈશ. તારી અંદરનો કલ્કિ પૂરેપૂરો જાગ્રત થશે. તું

જાણી જઈશ કે તું જ વિષ્ણુનો અંતિમ અવતાર છે. હું એ ક્ષણની રાહ જોઉં છું.'

'મારું કાર્ય, ઉદ્દેશ્ય શું હશે?'

'તારે વિશ્વ સમક્ષ પુરવાર કરવાનું છે કે માનવસંસ્કૃતિનું બીજ આ ભૂમિ પર વવાયું હતું. ભૂલેલાને સાચો માર્ગ બતાવવાનો છે. દુષ્ટ અંગ્રેજોએ ભારતમાં આવીને આર્યોના આક્રમણવાળું જૂઠાણું ચલાવ્યું. પણ વેદ, પુરાણ, ઇતિહાસ માં ક્યાંય આર્યોના આક્રમણ કે સ્થળાંતરની વાત નથી થઈ. પશ્ચિમના કથિત વિદ્વાનો એ માનવા તૈયાર જ નહોતા કે યુરોપની બહાર, એમનાથી યે વધુ વિકસિત, ચઢિયાતી સંસ્કૃતિનું અસ્તિત્વ હતું. અબ્રાહમ અને મોઝીસે ભગવાનની વાત કરી એ પહેલાથી!' માતાજીના અવાજમાં આવેશ આવી ગયો.

'પણ સ્કૂલમાં અમારા ઇતિહાસના ટીચરે તો કહ્યું કે, ઈ.પૂર્વે ૧૫૦૦માં ભારત પર આર્યો ચઢી આવેલા.' તારકે યાદ કર્યું.

'આ માત્ર ખ્રિસ્તી માન્યતા છે. વિજ્ઞાનનો એને કોઈ આધાર નથી. ખ્રિસ્તીઓ માને છે કે, સૃષ્ટિનું સર્જન ઈ.સ. પૂર્વે ૪૦૦૪માં ૨૩મી ઑક્ટોબરની સવારે નવ વાગ્યે થયું હતું. એ તારીખને કેન્દ્રમાં રાખીને એમણે કહી દીધું કે, વિશ્વમાં પ્રલય આવ્યો, એનાથી બચવા નોઆહે મોટી હોડી બનાવી, એ ઘટના ઈ.સ. પૂર્વ ૨૪૪૮માં બની હતી. એના પરથી એવી ધારણા બંધાઈ ગઈ કે, એનાં લગભગ હજાર વર્ષ પછી આર્યોનું આગમન થયું હશે. અને આપણા માથે આ માન્યતા ઠોકી દેવાઈ.'

'તમારા કહેવાનો અર્થ એ કે પશ્ચિમના પંડિતોને ઐતિહાસિક સંશોધનમાં નહીં, પણ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવામાં રસ હતો?' તારકે પૂછ્યું.

'હા. ૧૭૬૨માં ઇટાલિયન સ્કૉલર પી. જ્યોર્જીએ લખ્યું કે, લુચ્ચા લોકોએ ક્રાઇસ્ટનું નામ કૃષ્ણ કરીને એમનાં બધાં પરાક્રમો, કાર્યો એના નામે ચઢાવી દીધાં છે . વેબર, લોરીન્સર વગેરે બીજા વિદ્વાનોના કહેવા પ્રમાણે ઈશ્વરના પુન:અવતારની વેદિક માન્યતા, હકીકતમાં ખ્રિસ્તી ધર્મમાંથી ઉદ્ભવેલી, એટલું જ નહીં, ભગવદ્ગીતાની પ્રેરણા બાઇબલ, ન્યૂટેસ્ટામૅન્ટમાંથી જ મળેલી.'

'એ લોકોએ એવું કહ્યું કે આપણે બાઇબલમાંથી ઉઠાંતરી કરી છે?' તારકને આઘાત લાગ્યો.

'હા. પણ પછી મેગાસ્થીનસે, જિસસ ક્રાઇસ્ટના જન્મના ૩૦૦ વર્ષ પહેલાં લખેલા પુસ્તક 'ઈન્ડિકા ' વિશે ચર્ચા શરૂ થઈ. આપણે ત્યાં મૌર્ય શાસન દરમ્યાન ગ્રીસથી એલચી તરીકે આવેલા મેગાસ્થીનસે કૃષ્ણના અસ્તિત્વ વિશે લખ્યું છે. એણે મથુરાને કૃષ્ણભક્તિના કેન્દ્ર તરીકે વર્ણવેલું. પશ્ચિમના કથિત પંડિતોએ પીછેહઠ કરવી પડી. પહેલીવાર ભારતીય પુરાણો, ગ્રંથો, સાહિત્યનાં પાનાં ઉથલાવીને અભ્યાસ શરૂ થયો કે, મેગાસ્થીનસે જે લખ્યું, એ પુરવાર થાય છે કે નહીં, અને ત્યારે અનેક સત્યો પ્રગટ થયાં. ઈ.પૂર્વે બીજી સદીમાં વ્યાકરણશાસ્ત્રી પતંજલિએ કૃષ્ણના હાથે કંસવધ થયાનું લખેલું. ઈ.પૂર્વે ચોથી સદીમાં કૌટિલ્ય લિખિત અર્થશાસ્ત્રમાં અનેકવાર કૃષ્ણનો ઉલ્લેખ થયો છે. ઈ.પૂર્વે પાંચમી સદીમાં, સંસ્કૃતના સહુથી મોટા વ્યાકરણ પંડિત પાણિનીએ વિષ્ણુપૂજા અને ભક્તિ વિશે લખેલું. આ બધાંએ પુરવાર કરી દીધું કે, ખ્રિસ્તી ધર્મનો ઉદય થયો એના સેંકડો વર્ષ પહેલાં કૃષ્ણ અને કૃષ્ણભક્તિનું અસ્તિત્વ હતું. વિદેશીઓએ હકીકત સ્વીકારવી પડી, પણ એમને ગમ્યું નહીં. એટલે પછી એવી વાત વહેતી મૂકાઈ કે, ભારતનું પ્રાચીન સાહિત્ય, મૂળ ભારતના લોકોએ નહોતું લખ્યું. આ મહાન ગ્રંથો, પુરાણોનું સર્જન મધ્ય યુરોપમાંથી અહીં આવેલા આર્યજાતિના લોકોએ કરેલું.'

તારકે જોરથી માથું હલાવીને માતાજીની વાતને ટેકો આપ્યો.

માતાજીએ વાત આગળ વધારી. 'આપણે બધાં સભ્ય સંસ્કૃતિના પારણા તરીકે મેસોપોટેમિયાનું નામ ઝૂલાવ્યા કરીએ છીએ, પણ વાત સાવ વાહિયાત છે. સંસ્કૃતિનું જન્મસ્થાન હતું ભારત! સરસ્વતીનાં પાણી સૂકાયાં, એટલે આપણા લોકો, એમની સંસ્કૃતિ લઈને ત્યાં ગયા. વિશ્વભરના મુસ્લિમોનું સહુથી પવિત્ર સ્થાન, મક્કાનું કાબા છે. પણ એ વિસારે પાડી દેવાયું છે કે, ઇસ્લામનો ઉદય થયો, એ પહેલાં કાબા એક મંદિર હતું. વર્ષના દરેક દિવસના પ્રતીક તરીકે કાબામાં ૩૬૦ મૂર્તિ હતી. એમાં મુખ્ય દેવ હુબલ હતા, એ બિલકુલ શિવ જેવા છે. શિવની જેમ હુબલના શિરે ચંદ્ર બિરાજે છે. અને શિવની જટામાંથી ગંગા વહે છે એમ હુબલમાંથી ઝમઝમનું પવિત્ર પાણી નીકળે છે. કાબામાં મૂર્તિપૂજકો દ્વારા થતી અનેક વિધિઓ આજે પણ મુસ્લિમોએ જાળવી રાખી છે. હિન્દુઓ અગ્નિની પ્રદક્ષિણા કરે, એમ મુસ્લિમો કાબાની ફરતે સાત પરિક્રમા કરે છે. જૈન મુનિઓની જેમ એ લોકો પણ ત્યાં સફેદ વસ્ત્રો પહેરે છે. હુબલના ચંદ્ર અને તારાનું ચિહ્ન એમણે ઇસ્લામના પ્રતીક તરીકે અપનાવી લીધું.'

'પણ માતાજી, આ બધાંનો અર્થ તો એ જ થયો ને કે, આપણે સહુ એકમેકથી જોડાયેલાં છીએ.' તારક નિર્દોષભાવે બોલ્યો.

'હા. પણ હું તને એ સમજાવવાનો પ્રયાસ કરી રહી છું કે, ઇસ્લામની અનેક પરંપરાઓ મૂર્તિપૂજકોની માન્યતામાંથી આવી છે, અને એવી પૂરેપૂરી શક્યતા છે કે આ મૂર્તિપૂજાનાં મૂળ વેદોમાં છે. મુસ્લિમો બહુ પાછળથી એવું માનતા થયા કે હુબલની ત્રણ દેવી અલ-લત , ઉઝા અને મનતે એક સમયે દ્વારકાથી થોડે દૂર આવેલા સોમનાથ મંદિરમાં આશ્રય લીધેલો. મુસ્લિમોનાં જે ધાડેધાડાં સોમનાથ મંદિર પર ચઢી આવેલાં, એની પાછળનું મુખ્ય કારણ આ હતું.' માતાજીએ આછા રોષ સાથે કહ્યું, 'એટલે જ કહું છું કે તું મન લગાવીને મહેનત કર. ઇતિહાસમાં આપણને થયેલા અન્યાયોનો હિસાબ તારે સરભર કરવાનો છે.'

'હું સખત મહેનત કરીશ. એક દિવસ તમે મારા માટે ગૌરવ લેશો.' તારકે કહ્યું. એને માતાજીના શબ્દોમાં વિશ્વાસ હતો, એમણે ઉપાડેલા કાર્યમાં શ્રદ્ધા હતી. મનોમન એણે પ્રતિજ્ઞા લીધી કે, માતાજીને રાજી રાખવા માટે એ પોતાનાથી બનતું બધું કરી છૂટશે.

૪૩

મારી બહેન સુભદ્રા, અર્જુનના પ્રેમમાં હતી. પરંતુ મોટાભાઈ બલરામે એના વિવાહ દુર્યોધન સાથે ગોઠવી દીધેલા. મેં એવી યોજના ઘડી, જેમાં છૂપા વેશે દ્વારકા આવીને અર્જુન, સુભદ્રાનું હરણ કરી જાય. એવું જ થયું, પણ બલરામ ભારે ક્રોધે ભરાયા. એ તો અર્જુનની પાછળ જવા નીકળતા હતા. માંડમાંડ મેં એમને સમજાવ્યા કે સુભદ્રા એની ઇચ્છાથી અર્જુન સાથે ગયેલી. કચવાતા જીવે બલરામે પરિસ્થિતિ સ્વીકારવી પડી. ભવિષ્યમાં અર્જુનથી સુભદ્રાને એક પુત્ર થશે. ઇતિહાસમાં એ અભિમન્યુના નામે અમર થઈ જશે.

સોમેટિક સેલ ન્યુક્લિયર ટ્રાન્સફર (SCNT) ના ક્ષેત્રમાં દેવેન્દ્ર છેદીનું નામ માનપૂર્વક લેવાતું હતું. સ્કોટીશ વૈજ્ઞાનિકોએ જ્યાં વિશ્વની સહુપ્રથમ ક્લોનિંગ ટૅક્નિક દ્વારા 'ડોલી ' નામની ઘેટીને જન્મ આપેલો, એ રોઝલીન ઇન્સ્ટિટ્યૂટમાં દેવેન્દ્ર છેદીએ કામ કરેલું. પણ પછી ચંદીગઢ સ્થિત ઇમ્યુનો મોલેક્યુલર લાઇફ સાયન્સ લિમિટેડે એમને અત્યાધુનિક સગવડો અને તોતિંગ રિસર્ચ ગ્રાન્ટ ઑફર કરીને ભારત પાછા આવવા માટે મનાવી લીધા.

'સર, તમારી મદદની જરૂર છે'છેદીની ઑફિસમાં આવેલી રાધિકા સિંઘે નમ્રતાપૂર્વક કહ્યું, રાઠોડ એની સાથે હતો. 'તમારા મિત્ર અનિલ વાર્શનીએ તમને જે પ્રાચીન સીલ સાચવવા માટે આપેલું એ યાદ છે ને?'

'એ વિષય પર વાત કરવાની સત્તા મને નથી.' છેદીએ કહી દીધું. વાર્શનીએ એને આ વાત ખાનગી રાખવાના સોગન નહોતા આપ્યા, પણ પ્રકૃતિએ તોફાની અને બળવાખોર છેદીને હંમેશાં, કોઈપણ પ્રકારની સત્તા ધરાવતા લોકોને ચીઢવવામાં મજા આવતી. પોલીસ ઑફિસરોને અકળાવવાની તક એ કેવી રીતે જતી કરે?

'વાંધો નહીં.' રાધિકાએ તરત કહ્યું. 'પણ અહીં અમારા આગમનનું કારણ તમને જણાવી દઉં. તમારા સ્કૂલફ્રેન્ડ રવિમોહન સૈનીએ અનિલ વાર્શની અને ડૉક્ટર નિખિલ ભોજરાજની હત્યા કરી છે. એટલું જ નહીં, પ્રોફેસર રાજારામ કુરકુડેનું પણ એણે અપહરણ કર્યું છે અને એ પહેલાં એણે કુરકુડેની સેક્રેટરીનું પણ ખૂન કરી નાખેલું. સૈની હવે તમને મળવા આવી રહ્યો છે.'

છેદીના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ ગયું. બાળપણમાં સૈની થોડોઘણો તોફાની હતો, પણ હત્યારો? 'હું શું કરી શકું?' એણે નરમ અવાજે કહ્યું.

'તમારે વધુ તકલીફ નથી લેવાની. બસ, સૈની અહીં આવે, ત્યાં સુધી અમે તમારી ઑફિસમાં રહીશું. સાદા વેશમાં અમારા માણસો આખા કૅમ્પસમાં ફરતા રહેશે. આવતા પહેલાં સૈની ફોન કરે તો એની સાથે નૉર્મલ ટોનમાં વાત કરજો. એને કોઈ શંકા ન પડવી જોઈએ. પણ અમને જાણ કરી દેજો.' રાધિકાએ ટૂંકમાં સૂચના આપી દીધી.

છેદીએ માથું હલાવ્યું, 'સમજી ગયો. પણ સામે મારી એક શરત છે.'

'શું?'

'અમે અહીં બધુ મહત્ત્વનું રિસર્ચ વર્ક કરી રહ્યા છીએ. પ્રાઇવેટ વર્ક એરિયામાં

અજાણ્યા માણસોની અવરજવર મને નહીં પરવડે. તમારા માણસોની હિલચાલ, કૅમ્પસના અમુક ખુલ્લા એરિયા પૂરતી મર્યાદિત રહેશે, એની ખાતરી તમારે મને આપવી પડશે.’

૪૪

> યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છા થઈ. આ યજ્ઞ પછી બીજા રાજાઓ એને, એમની હરોળના કે વધુ ઊંચા સ્વતંત્ર રાજવી તરીકે સ્વીકાર કરે, એવી ગણતરી હતી. મેં પાંડવોને કહ્યું કે યજ્ઞ કરતાં પહેલાં જો એ મગધના બળવાન રાજા જરાસંધને હરાવી દે તો પછી બીજો કોઈ રાજવી, યુધિષ્ઠિરની સત્તા સામે પડકાર ફેંકવાની હિંમત નહીં કરે.
> જરાસંધ સામે લડવા માટે મેં ભીમને તૈયાર કર્યો અને એને મારવાની રીત પણ બતાવી. જરાસંધને હણવા માટે એના શરીરના ઊભાં બે ફાડિયાં કરવા જરૂરી હતાં. કુસ્તીના મેદાનમાં ભીમે આવું જ કર્યું. જરાસંધ મરાયો. સર્વોચ્ચ સત્તાસ્થાને, યુધિષ્ઠિરને સ્થાન મળ્યું અને મારા માર્ગમાં આવ્યા કરતું સહુથી મોટું વિઘ્ન દૂર થઈ ગયું.

રાધિકાએ છેદીની રિસર્ચ લૅબૉરેટરીમાં દાખલ થઈને આસપાસ નજર ફેરવી. જેનાં નામ પણ સામાન્ય માણસે સાંભળ્યાં ન હોય એવા અલ્ટ્રામૉડર્ન વૈજ્ઞાનિક ઉપકરણો અહીં હતાં.

'તમે અહીં શું કરો છો, એ પૂછી શકું?' એણે ધીમેથી પૂછ્યું.

'ભૂતકાળના રહસ્ય શોધવા માટે અમે મૉડર્ન સાયન્સની મદદ લઈએ છીએ.' છેદીએ ટૂંકો જવાબ આપ્યો.

'સર, તમે થોડી ઓછી રહસ્યમય ભાષામાં સમજાવી શકો? રાધિકા બોલી.

છેદી હસી પડ્યા. 'મને સહુથી વધુ રસ છે, પ્રાચીન DNA ને પુનર્જીવિત કરવામાં.'

'પણ એ કઈ રીતે શક્ય છે? પ્રાચીન DNA મેળવાય ક્યાંથી?' રાધિકાએ પૂછ્યું.

'ઇન્સ્પેક્ટર, તમારી ભૂલ થાય છે. પ્રાચીન સંસ્કૃતિના લોકો, સ્ટેમ સેલ્સ વિશે આપણાથી વધુ જાણતા હતા. હિન્દુઓમાં એક સમયે, નવજાત શિશુની નાળમાંથી નાનકડો ટુકડો કાપીને, તાંબાની હવાચુસ્ત ડબ્બીમાં સાચવી રાખવાની પ્રથા હતી. તાવીજ રક્ષા તરીકે ઓળખાતી આ ડબ્બી કે માદળિયું, બાળક મોટું થઈ જાય ત્યાં સુધી એની કમરે બાંધી રખાતી. નાળનો બાકીનો હિસ્સો માટીના ઘડામાં મૂકીને, જમીનમાં ઊંડે દાટી દેવાતો. વૈજ્ઞાનિકો હવે માનતા થયા છે કે, નવજાત બાળકની નાળમાં રહેલા સ્ટેમ સેલ્સને ક્રાયોફ્રીઝિંગની મદદથી સાચવી રાખવા જોઈએ.'

'તમે માનો છો કે તાવીજ-રક્ષાનું માત્ર ધાર્મિક નહીં, વૈજ્ઞાનિક મહત્ત્વ હતું?' રાધિકાએ પૂછ્યું.

'માનો યા ન માનો. પૂર્વજો પાસે ઔષધિ અને સર્જરી વિશે પુષ્કળ જ્ઞાન હતું. વેદોમાં જેનો શસ્ત્રકર્મ તરીકે ઉલ્લેખ થયો છે. એનું વિગતવાર વર્ણન પહેલીવાર સુશ્રુત સંહિતા માં થયેલું. ભાંગેલા નાકને પ્લાસ્ટિક સર્જરી દ્વારા કઈ રીતે નવું રૂપ આપવું, એની સુશ્રુતે બતાવી છે. ચરકે લખેલી ચરકસંહિતા માં ફિઝિયોલૉજીથી માંડીને જેનેટિક્સ સુધીનાં તમામ પાસાં આવરી લેવાયાં છે. બાળકની જાતિ ક્યા પરિબળોને આધારે નક્કી થાય છે એની જાણ પણ ચરકને હતી. તો પછી એમને જેનેટિક ક્લોનિંગ વિશે પણ

જાણકારી હશે, એવું માનવામાં શું વાંધો છે?'

'ક્લોનિંગ? એનો ઉલ્લેખ તો કોઈ પુરાણોમાં હોવાનું નથી સાંભળ્યું.' રાધિકા બોલી.

'ધ્યાનપૂર્વક વિચાર કરી જુઓ. રામે રાવણ સાથે યુદ્ધ કર્યું, ત્યારે એ દસ માથા ધરાવતા એક રાક્ષસ સાથે લડતા હતા કે પછી રાવણ અને જેનેટિક ક્લોનિંગ દ્વારા એનામાંથી પેદા થયેલા, અસલ એના જેવા બીજા નવ રાવણ મેદાનમાં ઊતરી આવેલા?'

રાધિકા વિચારમાં પડી ગઈ. છેદીની વાત સાવ નાખી દેવા જેવી નહોતી.

'દુર્ગાએ હણેલા રાક્ષસોની વાર્તાઓ તો તમે સાંભળી જ હશે.' છેદી બોલ્યા.

'થોડી ઘણી', રાધિકાએ કહ્યું.

'માર્કન્ડેય પુરાણ માં દેવી મહાત્મ્ય ના આઠમા પ્રકરણમાં, રકતબીજ નામના દાનવની વાત છે. એને કોઈ મારી નહોતું શકતું. કારણ કે એના લોહીનું એક ટીપું પણ જમીન પર પડે, તો એમાંથી એના જેવો બીજો રક્તબીજ તરત પેદા થઈ જતો હતો. છેવટે દુર્ગાએ રક્તબીજના શરીરમાંથી જરા સરખુંય રક્ત ભૂમિને ન અડે એ રીતે એને માર્યો. આ પણ એક વૈજ્ઞાનિક વાત નથી?'

રાધિકાનું દિમાગ માહિતીના આ ધોધ નીચે ચકરાવા લાગ્યું હતું.

'પુરાણો કહે છે કે બ્રહ્માનો જન્મ વિષ્ણુની નાભિમાંથી થયો. આ માત્ર કલ્પના છે કે, પછી એ યુગના લોકો બાળકની નાળમાં રહેલા સ્ટેમ સેલ્સનું મહત્ત્વ જાણતા હતા?'

રાધિકાના જવાબની રાહ જોયા વિના છેદીએ આગળ ચલાવ્યું, 'કૃષ્ણના મોટાભાઈ બલરામ, દેવકીના ગર્ભમાંથી રોહિણીના ગર્ભમાં ગયા હોવાનું કહેવાય છે. આને તમે ઇન વિટ્રો ફર્ટીલાઇઝેશન કે ટેસ્ટટ્યૂબ બેબી ટૅક્નિક કહી શકો?'

રાધિકા નહોતી જાણતી કે છેદીએ લખેલા રિસર્ચ પેપરમાં વિષ્ણુ પુરાણ નો રેફરન્સ લેવાયેલો. એમના કહેવા પ્રમાણે બ્રહ્માના રૂપમાં હરિએ સૃષ્ટિનું સર્જન કરેલું. કહેવાય છે કે, બ્રહ્માંડનું મૂળ દ્રવ્ય કે પદાર્થ, નજરે ન ચઢે એટલું સૂક્ષ્મ હતું. પણ એની અંદર રૂપ બદલવાની, બીજા પદાર્થ સાથે જોડાવાની, નરી આંખે દેખી શકાય એવું સ્વરૂપ ધારણ કરવાની શક્તિ હતી. છેદીની દલીલ હતી કે, કોઈપણ જીવિત પ્રાણીના બોનમેરો અને જન્મજાત નાળના લોહીમાં પ્લુરીપોટેન્શિયલ સ્ટેમ સેલ્સ હોય છે. આ સૂક્ષ્મ કણોમાં એવી શક્તિ છે કે, એ માનવદેહના કોઈપણ અંગનું રૂપ ધારણ કરી શકે. વિષ્ણુ પુરાણ માં 'આકાશ 'નો ઉલ્લેખ કરનારે વાસ્તવિકતામાં, બ્રહ્માંડના પ્લુરિપોટેન્શિયલ સ્ટેમ સેલ્સની જ વાત કરી હતી.

૪૫

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં, દેશના ખૂણેખૂણેથી મહેમાનો પધાર્યા હતા. દુર્યોધન અને શિશુપાલ પણ એમાં હતા. ઇન્દ્રપ્રસ્થની જાહોજલાલી આંખોને આંજી નાખે એવી હતી. કવિઓ એની તુલના, ઇન્દ્રની અલકાપુરી સાથે કરવા લાગેલા. દુર્યોધનની ઇર્ષ્યાનો પાર નહોતો. એમાં વળી ફરતાં ફરતાં એક જગ્યાએ પાણીમાં એનો પગ લપસી ગયો.

આ દૃશ્ય જોઈ દ્રૌપદીએ મોટે અવાજે ટોણો માર્યો, 'આંધળાનો દીકરો આંધળો જ હોય.'

સાંભળીને દુર્યોધનના રૂંવેરૂંવે આગ લાગી ગઈ. એણે ત્યારે જ સોગન ખાધા કે એક દિવસ ભરી સભામાં એ આ જ રીતે દ્રૌપદીની માનહાનિ કરશે. વગર વિચાર્યે ઉચ્ચારેલા શબ્દો, બોલનારને જ પાછળથી નડે છે. એનું આનાથી મોટું બીજું કયું ઉદાહરણ હોઈ શકે?

કર્નાલ અને અંબાલાની વચ્ચે આવતું કુરુક્ષેત્ર, ગાડીએ વટાવી દીધું. આ એ જ જગ્યા હતી જ્યાં પાંડવો અને કૌરવો વચ્ચે ઐતિહાસિક મહાભારત યુદ્ધ લડાયેલું. પરંતુ પછી સૈનીએ ડ્રાઇવરને થાણેસર તરફ વળવાનું કહ્યું. ગામથી પાંચેક કિલોમીટર દૂર, એક વિશાળ વડવૃક્ષ પાસે એણે ગાડી થોભાવી અને નીચે ઊતર્યો.

વડની આસપાસ લાકડાની સાદી વાડ હતી. બાજુમાં આરસપહાણનો રથ હતો, જેમાં કૃષ્ણ, અર્જુનને ગીતાજ્ઞાન આપી રહ્યા હતા. સૈનીએ ધીમે પગલે વડની ફરતે ચાલવાનું શરૂ કર્યું.

'આ શું છે?' સૈનીની પાછળ આવેલા કુરકુડેએ થોડી અધીરાઈ સાથે પૂછ્યું.

'પ્રોફેસર, આ જ્યોતિસાર વૃક્ષ છે. હજારો વર્ષ જૂના આ વટવૃક્ષ નીચે કૃષ્ણએ અર્જુનને ભગવદ્ ગીતા સંભળાવી હતી. એની ડાળીઓએ કુરુક્ષેત્રમાં થયેલું યુદ્ધ નજરોનજર નિહાળેલું. કાશ, વૃક્ષો પણ બોલી શકતાં હોત તો આપણને દરેક સવાલના જવાબ મળી જાત. જ્યોતિ એટલે પ્રકાશ અને સાર એટલે સત્ત્વ, વાત કે વસ્તુની સંપૂર્ણ સમજ!'

'થોડાં વર્ષ પહેલાં અહીંના કોઈ માણસે, મહાભારત કાળના માનવઅસ્થિ શોધી કાઢવાનો દાવો કરેલો ને?' કુરકુડેએ પૂછ્યું.

'હા, એનું નામ રામપ્રસાદ બીરબલ! જોકે એની વાત સાચી કે ખોટી, એની ચર્ચા નકામી છે. કારણ કે સિંધુ સંસ્કૃતિથીયે જૂના ઘણા અવશેષો, આ પહેલાં કુરુક્ષેત્રમાંથી મળી આવ્યા છે. યુઆન મેકી નામના અંગ્રેજ આર્કિયૉલૉજિસ્ટે યમલા અર્જુન વૃક્ષોને ઉખાડી રહેલા કૃષ્ણનું માટીચિત્ર ક્યાં શોધી કાઢેલું? — મોહેન્જો-દડોમાં ફરી એકવાર સાબિત થઈ ગયું કે, સિંધુ-સરસ્વતી સંસ્કૃતિએ જ આપણને વેદ, પુરાણ, ઉપનિષદ અને મહાકાવ્યો આપ્યા છે.'

'પણ એમાં ક્યાં શક છે?' કુરકુડે બોલ્યા.

'વિદેશી ઇતિહાસકારોએ શંકા ઊભી કરવાના તમામ પ્રયાસ કરી જોયા. સરસ્વતી

સંસ્કૃતિના હિસ્સા જેવાં અનેક પ્રાચીન સ્થળોએથી મળેલા અવશેષોને એક વર્ગમાં મૂકીને એને સિંધુ ખીણ સંસ્કૃતિનું નામ આપી દેવાયું, અને કહેવાયું કે ત્યાં કોઈ મહાન સાહિત્યનું સર્જન નહોતું થયું. વેદોની રચના ક્યાં થઈ, એ પ્રશ્નને નિરુત્તર રખાયો. વેદોમાં અનેક જગ્યાએ સરસ્વતીના કિનારે ઋષિઓ દ્વારા થતી વિધિઓનો ઉલ્લેખ છે અને સૂકાઈ ગયેલી નદીના કિનારે પ્રાચીન યજ્ઞવેદીઓ, ધ્યાનસ્થ માણસોની પ્રતિમાઓ વગેરે મળી આવ્યાં છે. સ્વસ્તિકનું ચિહ્ન તો ત્યાં ઠેરઠેર જોવા મળેલું. આ બધું જોયા પછી તો માનવું પડે ને કે, સરસ્વતીના કાંઠે વિકસેલી સંસ્કૃતિમાં જ વેદો નો જન્મ થયેલો?'

'મહાભારત વખતે સરસ્વતી વહેતી હતી?' કુરકુડેએ પૂછ્યું.

'મહાભારતના સમયે સરસ્વતી હતી, પણ એનાં પાણી સુકાવા લાગેલાં. સમયની સાથે સરસ્વતીના બદલાતા રૂપની કલ્પના કરવી હોય તો વેદોનું વાચન કરવું જોઈએ. હિમયુગનો અંત થયો, ત્યારે હિમાલયમાંથી પ્રચંડ હિમશિલાઓ ઓગળવા લાગી અને સરસ્વતી પૂરજોરથી વહેતી થઈ ગઈ. પણ બરફ ઓગળી ગયો નદીમાં પાણી ઓછાં થયાં. પરંતુ બીજી તરફ, દરિયાનાં પાણીની સપાટી ઊંચે આવી. એને પરિણામે દ્વારકા ડૂબી ગયું હશે. સરસ્વતી અને દ્વારકાનો અંત, લગભગ સરખા સમયગાળામાં થયો હશે.'

સૈની આટલું બોલીને ગાડી તરફ આગળ વધ્યો, પણ કુરકુડેના અવાજે એના પગ અટકાવી દીધા.

'સીલ! મારું સીલ કોઈ લઈ ગયું!' હાંફળા ફાંફળા થઈને શર્ટ, પેન્ટના ખિસ્સા ફંફોળી રહેલા કુરકુડે ચીસ પાડી ઊઠ્યા.

૪૬

રાજસૂય યજ્ઞ વખતે બ્રાહ્મણોએ જ્યારે યુધિષ્ઠિરને, મુખ્ય અને માનનીય અતિથિ તરીકે કોઈની પસંદગી કરવાનું કહ્યું, ત્યારે એમણે મારું નામ આપ્યું, કારણ કે પાંડવો એમની પ્રગતિનો યશ મને આપતા હતા. પરંતુ ત્યાં હાજર રહેલા શિશુપાલથી આ સહન ન થયું. એની પત્ની બનવા જઈ રહેલી રૂક્ષ્મણીને હું ઉપાડી ગયેલો. એનો ઘાવ હજી રૂઝાયો નહોતો. ઇન્દ્રપ્રસ્થના ભર્યા દરબારમાં એણે મને અપશબ્દો સુણાવવાનું શરૂ કર્યું .

શિશુપાલ મારો દૂરનો ભાઈ થતો હતો. એના મુખેથી મારા માટે નીકળતી એક્સો ગાળ હું મૂંગે મોઢે સહન કરી લઈશ, એવું વચન મેં એની માતાને આપ્યું હતું. શિશુપાલ એકસો ગાળ બોલી ગયો, ત્યારે મેં એને ચૂપ થઈ જવાની ચેતવણી આપી પણ એણે કાને ધરી નહીં. એક્સો એકમી ગાળ સાંભળતાની સાથે મેં સુદર્શન ચક્ર છૂટું મૂક્યું, અને શિશુપાલનું માથું, ધડથી અલગ કરી નાખ્યું.

આ ઘટનાથી રોષે ભરાયેલા થોડા રાજાઓ યજ્ઞમંડપમાંથી બહાર નીકળી ગયા. શિશુપાલના મૃત્યુનો બદલો લેવા માટે એમણે દ્વારકા પર આક્રમણ કર્યું. ઉતાવળે, મારે પણ ઇન્દ્રપ્રસ્થ છોડીને દ્વારકાને બચાવવા દોડવું પડ્યું.

ગાડીમાં બેઠેલા ત્રણેય પ્રવાસીનો મૂડ ખરાબ થઈ ગયેલો. ખોવાયેલા કે ચોરાયેલા સીલની તપાસ કરવા માટે ડ્રાઇવરે પેલી રેસ્ટોરામાં પાછા જવાનું સૂચન કર્યું, પણ સૈનીએ ના પાડી. પોલીસ એમનો પીછો કરી રહી હતી, એ ભય સહુથી મોટો હતો.

સૈનીની હતાશાનો પાર નહોતો. વાર્શનીએ એને આપેલું સીલ પોલીસના કબજામાં હતું. વાર્શનીએ જે સીલ ડૉ. નિખિલ ભારદ્વાજને પાછું મોકલવાની વાત કરી, એનો પત્તો નહોતો. કદાચ હત્યારાના હાથમાં એ આવી ગયેલું અને પ્રોફેસર કુરકુડેના ખિસ્સામાંથી ત્રીજા સીલની તફડંચી થઈ ગયેલી. હવે દેવેન્દ્ર છેદીને મળીને, એમની પાસે રહેલું સીલ જોઈને શું ફાયદો? પણ ચાલો, ફોટોગ્રાફ્સથી ચલાવી લઈશું, સૈનીએ જાતને આશ્વાસન આપવાની કોશિશ કરી.

'છેદી આપણને પોલીસના હાથમાં નહીં સોંપી દે ને?' પ્રિયાએ શંકા વ્યક્ત કરી.

'ના, રે.' સૈનીએ દૃઢતાપૂર્વક જવાબ આપીને, કુરકુડેના ફોન પરથી છેદીની ઑફિસનો નંબર જોડ્યો.

'રોજર, સાલા બદમાશ, તું ક્યાં છે, કેમ છે?' ફોનના બીજે છેડેથી છેદીનો ઉત્સાહભર્યો અવાજ આવ્યો, અને સૈનીની રહીસહી શંકા અને ચિંતા ગાયબ થઈ ગયાં. છેદીએ એને સ્કૂલમાં પાડેલા નામથી સંબોધેલો. બાળપણની દોસ્તી હજી તૂટી નહોતી.

'તારા શહેરમાં જ છું. મળીને ઘણી બધી વાતો કરવી છે, ડમ્પી!'

'આવી જા અડધો કલાકમાં! મારી ઑફિસ ચંદીગઢ કૉર્પોરેટ પ્લાઝાના છઠ્ઠે માળે છે. મળી જશે ને?'

'એક વાત પૂછી લઉં. આપણા દોસ્ત વાર્શનીએ તને સાચવવા માટે એક ચીજ

આપેલી, એ તારી પાસે છે ને?'

'હા' કહીને છેદીએ મિત્રને એની ઑફિસે આવવાનો રસ્તો સમજાવ્યો.

છેદીની સામે બેઠેલી રાધિકા અને રાઠોડે, સ્પીકરફોન પર થયેલી વાતચીતનો શબ્દેશબ્દ સાંભળ્યો. અને સંવાદ પૂરો થતાંની સાથે એ પોતાના માણસોને જરૂરી સૂચનાઓ આપવામાં વ્યસ્ત થઈ ગયા.

કારમાં બેઠેલા સૈનીએ, એના ખોળામાં પડેલા નોટપૅડમાં ચારેય સીલ અને એ ક્યાં હતાં કે કોની પાસે હોઈ શકે, એના વિશે નોંધ ટપકાવવાનું શરૂ કર્યું.

વાર્શની: એની પાસે ચાર સીલ હતા, જે એણે ચાર મિત્રોને મોકલવાનું નક્કી કરેલું. ત્રણ તો પહોંચી ગયા, પણ ભોજરાજને મળ્યું નહીં. વાર્શનીની હત્યા થઈ. એના કપાળ પર ચક્રની નિશાની હતી.

ભોજરાજ: એમના હાથમાં સીલ પહોંચ્યું જ નહીં. હત્યા થઈ. એમના કપાળ પર કમળનું નિશાન હતું.

કુરકુડે: એમને એક સીલ મળ્યું, પણ મુસાફરી દરમ્યાન ખોવાઈ કે ચોરાઈ ગયું.

સૈની: વાર્શનીએ હાથોહાથ એને એક સીલ આપ્યું પણ ઘરની તલાશી વખતે પોલીસે કબજે કરી લીધું.

છેદી: કહે છે કે વાર્શનીએ મોકલેલું સીલ એની પાસે છે.

લખાણ પર ફરી રહેલી સૈનીની નજર અચાનક અટકી ગઈ. પળભરમાં એના ચહેરા પરથી રંગ ઊતરી ગયો. કાગળ પર લખેલાં નામ એણે ફરીથી વાંચ્યાં. દિમાગ એની સાથે કોઈ રમત તો નહોતું રમી રહ્યું ને? ના, ના, જે હતું એ નજર સામે હતું.

વાર્શની — ભોજરાજ — કુરકુડે — સૈની — છેદી.

કૃષ્ણ યાદવ હતા. પણ યાદવ સમાજમાં અઢાર ઉપજાતિ હતી. મહાભારતના યુદ્ધ વખતે કોઈ પાંડવોના પક્ષે રહેલા, તો કોઈ કૌરવોના.

દ્વારકાની રચના કરવામાં જે યાદવકુળોએ કૃષ્ણની મદદ કરેલી એ હતા, વૃષ્ણી, ભોજ, કુકુર, શૈણ્ય અને ચેદી. ધ્રૂજતા હાથે સૈનીએ નોટપૅડ લખ્યું...

વાર્શની — વૃષ્ણી

ભોજરાજ — ભોજ

કુરકુડે — કુકુર

સૈની — શૈણ્ય

છેદી — ચેદી

૪૭

ઇર્ષ્યામાં બળતો દુર્યોધન હસ્તિનાપુર પાછો ફર્યો. વેર વાળવાનો સમય પાકી ગયેલો. થોડા દિવસ બાદ શકુની મામાની સલાહ લઈને એણે યુધિષ્ઠિરને જુગાર રમવા માટે આમંત્રણ આપ્યું. જુગારના શોખીન યુધિષ્ઠિર હોંશેહોંશે આવ્યા. એ નહોતા જાણતા કે શકુની રમતનાં પાસાં ધાર્યા મુજબ પલટાવવાની શક્તિ ધરાવતો હતો.
યુધિષ્ઠિર એક પછી એક બાજી હારતા ગયા. પરિવારજનોએ એમને રમત પડતી મૂકવાની આજીજી કરી. પણ હાર્યો જુગારી બમણું રમે. અંતે એ બધું ખોઈ બેઠા પહેલાં એમના રથ, પછી આભૂષણો, મહેલની દાસીઓ, હાથી, ઘોડા, દૂધાળાં ઢોર, રાજ્ય, પોતાના ભાઈઓ, ખુદની જાત અને છેવટે પત્ની દ્રૌપદી, બધુંયે દુર્યોધને જીતી લીધું.

‘શું થયું?’ સૈનીના ફિક્કા પડી ગયેલા ચહેરા સામે જોઈને પ્રિયાએ પૂછ્યું.

સૈનીએ કાર થોભાવવાનું કહ્યું. અને પછી ડ્રાઇવર ન સાંભળે, એ રીતે વાત કરવા માટે પ્રિયા અને કુરકુડેની સાથે એ નીચે ઊતર્યો. ત્રણેય જણ રસ્તાની એક તરફ જઈને ઊભાં રહ્યાં.

‘મને હમણાં ખ્યાલ આવ્યો કે જે પાંચ જણના હાથમાંથી આ સીલ પસાર થયાં. એ બધાનાં નામ, પ્રાચીન યાદવકુળો સાથે મળતાં આવે છે.’ સૈનીએ એનું નોટપૅડ બતાવતાં કહ્યું.

‘સમજી નહીં.’ પ્રિયા બોલી.

‘કૃષ્ણના દાદા શૂરસેન હતા, અને એમના વંશજોમાંથી ઘણાં લોકો શૈણ્ય તરીકે ઓળખાયા. પેઢીઓ પછી પંજાબમાં જઈને સ્થાયી થયેલાં એ લોકો સૈની તરીકે ઓળખાવા લાગ્યા. મારી અટક સૈની છે.’

‘અને બીજાઓ?’

‘યદુના વંશજ સત્વતના દીકરાએ જે વંશની સ્થાપના કરી એનું નામ વૃષ્ણી હતું. આગળ જતાં એ લોકો પહેલાં બનારસમાં સ્થાયી થયા. પછી જુદી જુદી જગ્યાએ જઈને જુદી જુદી અટક સાથે ઓળખાતા થયા. વાર્શનાઈ, વૃષ્ણી, વ્રીષ્ણી, વાર્ષણે કે મારા મિત્રની જેમ વાર્શની .’

‘અને ભોજરાજ?’

‘ભોજ નો અર્થ થાય, પુષ્કળ કે સમૃદ્ધ. મહાભોજના વારસદારોએ ભોપાલથી થોડે દૂર ભોજપુરમાં ભોજેશ્વર મંદિર બનાવ્યું છે. એમણે પછી જે જે પ્રદેશમાં ગયા, ત્યાંની ભાષા પ્રમાણે પોતપોતાની અટક રાખી. ભોજ, ભોજરાજ , ભોજવાની.’

‘અને મારી અટક?’ કુરકુડેએ પૂછ્યું.

‘કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કુકુર નામની યાદવજાતિનો ઉલ્લેખ છે. ભાગવત પુરાણ કહે છે કે દ્વારકાની આસપાસના વિસ્તારમાં કુકુર યાદવો રહેતા હતા. કંસના પિતા ઉગ્રસેન પણ કુકુર હતા. નવા યુગમાં કુકુર પરથી કુકુરા, કુરકુરે, કુરકુડે જેવી અટકો આવી.

‘અને છેદી?’

‘યદુકુળના વિદર્ભનો પૌત્ર ચીડી હતો. એના વારસદારો અત્યારે છત્તીસગઢ તરીકે ઓળખાતા પ્રદેશમાં રાજ કરતા હતા. એમણે એમની અટક ચેદી કે છેદી તરીકે જાળવી રાખી છે.’

‘વાર્શનીએ તમારા પાંચ જણની પસંદગી કરી, એની પાછળ શું કારણ હોઈ શકે?’ પ્રિયાએ પૂછ્યું.

‘ખબર નથી, પણ કારણ વિના એ કંઈ નહોતો કરતો.’ સૈની બોલ્યો.

‘છેદી સાથે આ વાતની ચર્ચા કરી જુઓ ને! જેનેટિક્સના અભ્યાસીને આ વાતમાં જરૂર રસ પડશે.’ કુરકુડે બોલ્યા.

રવિને વાર્શનીએ ઉચ્ચારેલા શબ્દો યાદ આવી ગયા. ‘રવિ, તું મારા ભાઈ જેવો છે અને આ હું માત્ર ક્ષણિક લાગણીના આવેશમાં તણાઈ જઈને નથી કહેતો, એ તને એક દિવસ સમજાશે. હું તને અને તારા જેનેટિક બંધારણને જાણું છું દોસ્ત!’

૪૮

દુર્યોધને એક દ્વારપાળ સાથે દ્રૌપદીને સંદેશ મોકલ્યો કે યુધિષ્ઠિર એને જુગારમાં હારી ગયેલા, અને હવે એણે દરબારમાં હાજર થવાનું હતું. એ સમયે રજસ્વલા દ્રૌપદી એક જ વસ્ત્ર પહેરીને અંત:પુરમાં બેઠી હતી. એણે કહ્યું કે, 'મારા પતિને જઈને પૂછો કે, જુગારમાં એમણે પહેલાં દાવમાં કોને મૂકેલી, એમની જાત કે એમની પત્ની? ધર્મરાજા જો પોતાની જાતને પહેલાં હારી ગયા હોય, તો પછી મને દાવમાં મૂકવાનો એમને કોઈ અધિકાર નહોતો.'

દરબારમાં કોઈની પાસે આ પ્રશ્નનો જવાબ નહોતો. ચીડાયેલા દુર્યોધને એના ભાઈ દુ:શાસનને આદેશ આપ્યો કે, દ્રૌપદીના વાળ ખેંચીને અહીં હાજર કર, અને બધાંની સામે એને નગ્ન કર. દુશાસન દ્રૌપદીને લઈ તો આવ્યો, પણ એણે જ્યારે ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચવાનું શરૂ કર્યું, ત્યારે દ્રૌપદીએ મદદ માટે મને સાદ પાડ્યો અને પછી તો દુ:શાસન દ્રૌપદીની સાડી ખેંચતો ગયો, પણ એનો છેડો જ ન આવ્યો. હાથ થાકી ગયા, ત્યારે એણે ચીરહરણનો પ્રયાસ પડતો મૂકવો પડ્યો.

દ્રૌપદીએ એ ક્ષણે પોતાના લાંબા વાળ છૂટા મૂકીને પ્રતિજ્ઞા લીધી કે, દુર્યોધનના લોહીથી ધોયા બાદ જ એ વાળ બાંધશે. ભીમે વધુ ભયાનક બે પ્રતિજ્ઞા કરી. એક દિવસ એ દુશાસનનું લોહી પીશે અને દુર્યોધને પોતાના જે સાથળ પર દ્રૌપદીને બેસવાનું નિર્લજ્જ આમંત્રણ આપેલું, એને એ ભાંગી નાખશે.

'તમે કારમાં જ બેસી રહો. અને કલાકમાં પાછા ન આવીએ તો સમજી લેજો કે પોલીસે અમને પકડી લીધા. પછી તમે અંદર આવજો.' પ્રિયાએ કુરકુડેને કહ્યું.

સૈનીની છઠ્ઠી ઇન્દ્રિય કહેતી હતી કે છેદીના ઑફિસ કૉમ્પ્લેક્સમાં આંટા મારી રહેલા લોકોમાંથી અડધોઅડધ, સાદા વેશમાં પોલીસમૅન હતા. એ બધાની નજર ચુકાવીને એમણે છેદીની ઑફિસમાં પહોંચવાનું હતું.

વિશાળ કમ્પાઉન્ડના એક છેડે રેડિયસ ફેસિલિટીઝ મૅનેજમૅન્ટનું બોર્ડ ધરાવતી ઑફિસ હતી. આખાયે કૉમ્પ્લેક્સની સાફસફાઈથી માંડીને સિક્યુરિટી સુધીની જવાબદારી, કદાચ ત્યાં બેસતા લોકોને માથે હતી. એ ઑફિસના પાછલા દરવાજે અત્યારે એક મોટી ટ્રક ઊભી હતી.

સૈનીએ તારક સામે જોઈને કહ્યું, 'અત્યાર સુધીમાં તમે સમજી જ ગયા હશો કે હું પોલીસથી બચવા ભાગી રહ્યો છું. પણ સાચું કહું છું મેં કોઈ ગુનો નથી કર્યો. તમે મારી મદદ કરશો?'

'જરૂર સર. હું અપરાધીઓને દૂરથી પારખી લઉં છું. તમે એવા નથી. બોલો, શું કરું?' તારકે સસ્મિત વદને પૂછ્યું.

'પેલી ટ્રકમાં સફાઈ કામદારો માટેનો સરસામાન છે. તમે ડ્રાઇવરને દસેક મિનિટ

કોઈક રીતે વાતોમાં રોકી રાખો. અમે પાછળથી યુનિફોર્મ કાઢી લઈશું.' આટલું કહીને સૈની પ્રિયાની સાથે ટ્રકની પાછળ ગયો.

આગળ ઊભેલા ટ્રકડ્રાઇવર પાસે જઈને તારક શું બોલ્યો એ તો સૈનીને સંભળાયું નહીં, પણ પેલાના ચહેરા પર ધસી આવેલો ગુસ્સો દૂરથી પણ કળાયો. અને થોડીવારમાં તો બોલાચાલી પરથી બેઉ બથ્થંબથી પર આવી ગયા. બે ડ્રાઇવરને લડતા જોવા માટે, એમની આસપાસ લોકો જમા થઈ ગયા. ટ્રકમાંથી ક્લીનિંગ-સ્ટાફનો યુનિફોર્મ, કૅપ, ડસ્ટર, સ્પ્રે વગેરે કાઢી રહેલાં સૈની અને પ્રિયા તરફ કોઈનું ધ્યાન ન ગયું. મકાનની પાછળના ભાગમાં દોડી જઈને એમણે કપડાં બદલી નાખ્યાં.

એ પછી બિલ્ડિંગમાં એમને પ્રવેશતાં કોઈએ રોક્યાં નહીં. પણ એમને ઉપર લઈ જતી લિફ્ટના દરવાજા ચોથે માળે ખુલ્યા, અને અંદર પ્રવેશેલી વ્યક્તિને જોઈને સૈનીનાં મોતિયાં મરી ગયાં. એના સદ્નસીબે રાઠોડ, સેલફોન પર રાધિકા સિંઘ સાથે વાતો કરવામાં વ્યસ્ત હતો. 'હા, ત્રણેય માળ પર આપણા ડઝનથી વધુ માણસો છે. નીચે મેઇન લૉબીમાં પણ બંદોબસ્ત રાખ્યો છે. એ લોકો છટકી નહીં શકે.' પાંચમે માળે રાઠોડ લિફ્ટમાંથી બહાર નીકળ્યો, ત્યારે સૈનીનો શ્વાસ સહેજ હેઠો બેઠો.

છઠ્ઠે માળે, લિફ્ટમાંથી સફાઈનો સામાન લઈને બેઉ જણ બહાર નીકળ્યાં, અને સીધા 'ઇમ્યુનો મોલેક્યુલર લાઇફ સાયન્સીસ લિમિટેડ'ની ઑફિસમાં જઈને નજર સામે જે લાકડું, કાચ કે લેમીનેટ દેખાયાં, એને ઘસીઘસીને સાફ કરવા મંડી પડ્યાં. બહારની ઑફિસમાં બેઠેલી રિસેપ્શનિસ્ટે એમની હાજરીની કોઈ નોંધ ન લીધી. વિઝિટર્સ એરિયામાં, સાદા વેશમાં બેઠેલા બે જણ પોલીસમૅન હતા, એમાં કોઈ શક નહોતો. પ્રિયાએ એમના તરફ જવાનું કે જોવાનું ટાળ્યું, પણ દીવાલોને લૂછતાં લૂછતાં એણે ધીમે પગલે અંદરની ઍક્ઝિક્યુટિવ ઑફિસો તરફ ગતિ કરી.

૪૯

> રાજા ધૃતરાષ્ટ્રને ખ્યાલ આવી ગયો કે દ્રૌપદી કોઈ શાપવાણી ઉચ્ચારી દે, એ પહેલાં, વચમાં પડવામાં ડહાપણ હતું. એમણે કૌરવોને સમજાવીને, યુધિષ્ઠિરને એનું રાજ્ય અને ગુમાવેલી બધીયે સંપત્તિ પાછી અપાવી. પરંતુ આટલું થયા પછીયે યુધિષ્ઠિરમાં સમજ ન આવી. થોડા સમય બાદ દુર્યોધન તરફથી બીજીવાર દ્યુત રમવાનું નિમંત્રણ મળ્યું તો એમણે સ્વીકારી લીધું અને ફરી એકવાર પોતાનું રાજપાટ અને તમામ સંપત્તિ ગુમાવી બેઠા. આ વખતે હારની સજાના રૂપે પાંડવો અને દ્રૌપદીને તેર વર્ષના દેશનિકાલની સજા મળી. આમાં બાર વર્ષ એમણે જંગલમાં અને તેરમું વર્ષ ગુપ્તવેશે ગાળવાનું હતું.
>
> કુંતીને હસ્તિનાપુરમાં વિદુર પાસે મૂકીને પાંડવો દ્રૌપદી સાથે વનમાં ગયા. મને આમાંની કંઈ ખબર નહોતી. હું તો દ્વારકા પર ધસી આવતી શત્રુસેનાઓને ખાળવામાં વ્યસ્ત હતો.

થોડીવાર મફતના તમાશાની મજા માણનારાઓને છેવટે લાગ્યું કે, વચ્ચે નહીં પડીએ તો લડનારામાંથી એક જણને હૉસ્પિટલ ભેગો કરવો પડશે. એમણે ટ્રકડ્રાઇવર અને તારકને છૂટા પાડ્યા.

જખમી થયેલો ટ્રકડ્રાઇવર ગાળાગાળી કરતો રહ્યો અને તારક સિફતભેર ત્યાંથી સરકીને પાર્કિંગ એરિયામાં પહોંચી ગયો. ત્યાં એણે એક ખૂણે પાર્ક કરેલી કારની પાછલી સીટ પર કુરકુડે, કોઈ ફેરિયા પાસેથી ખરીદેલું છાપું વાંચતા બેઠા હતા. તારકે ડ્રાઇવિંગ સીટ પર ગોઠવાઈને ગાડી સ્ટાર્ટ કરી.

'એય, ક્યાં ચાલ્યો? આપણે કલાક સુધી રાહ જોવાની છે.' કુરકુડે ભડક્યા.

'હા સર. પણ એમણે મને પેલા ટ્રકડ્રાઇવરનું ધ્યાન બીજી દિશામાં દોરવાનું કહ્યું, એમાં મામલો જરા વધુ બીચકી ગયો. ઘણાં લોકો ભેગાં થઈ ગયાં છે. આપણે થોડીવાર માટે બહાર એક આંટો મારીને આવીએ.'

તારકની વાત કુરકુડેના ગળે ઊતરી ગઈ. થોડીવારમાં ગાડી ચંદીગઢના વિશાળ, લેક પાસે પહોંચી ગઈ. શહેરીજનોમાં મોર્નિંગ — ઇવનિંગ વૉક કે પિકનિક માટે આ ફેવરિટ સ્થળ હતું. તળાવમાં વૉટર સ્પોર્ટ્સની સગવડ હતી.

તારકને જોકે, બાજુમાં આવેલા લેક રિઝર્વ્ડ ફૉરેસ્ટમાં રસ હતો. ઊંચાં વૃક્ષોથી ભરાયેલો આ વિસ્તાર નાનકડા જંગલ જેવો જ હતો. આ સમયે અહીં ઝાઝા લોકો નહોતા. એણે એક તરફ ગાડી પાર્ક કરી. પ્રોફેસરને પણ પગ છૂટો કરવા માટે આ શાંત રળિયામણી જગ્યા ગમી ગઈ. તારકે એની કમરે ભરાવેલા બેલ્ટપૅક તરફ એમનું ધ્યાન ન ગયું.

પંદરેક મિનિટ બાદ તારક એનું કામ પતાવીને ફૉરેસ્ટ એરિયામાંથી બહાર નીકળ્યો. અંદર એક પીપળાના ઝાડ નીચે પ્રોફેસર કુરકુડેની લાશ પડી હતી. પગમાં ખૂંચેલો અસ્ત્રો, પાછળ વૃક્ષના થડ પર લોહીથી લખાયેલો શ્લોક... બધુંયે વાર્શની અને ભોજરાજની

હત્યાના સ્થળે જોવા મળેલું એવું જ હતું. માત્ર એક ફરક હતો. કુરકુડેના કપાળ પર આ વખતે હત્યારાએ શંખની છાપ મારી હતી.



તારકે કારમાં બેસીને એન્જિન સ્ટાર્ટ કર્યું. મહિનાઓ પહેલાં માતાજી સાથે થયેલો સંવાદ ફરીથી એને યાદ આવી ગયો.

'માતાજી, તમારો દરેક આદેશ મારા આંખ માથા પર, પરંતુ મને સમજાવશો કે આ બધાંને મારી નાખવા પાછળ શું કારણ છે? એ લોકો તો સીધાસાદા વૈજ્ઞાનિકો અને સંશોધકો છે!' તારકે પૂછ્યું.

'પણ એ લોકો શેતાનનું કામ કરી રહ્યા છે.' માતાજીએ કડક અવાજે કહ્યું, 'વિષ્ણુના દસમા અવતારનું મહત્ત્વ સમજવાને બદલે એ બધાં અત્યારે આઠમા અવતારની પીંજણ લઈને બેઠા છે.'

'પણ એટલા માટે એમને મારી નાખવાનાં?'

'કૃષ્ણ એમની પાછળ જે રહસ્ય મૂકી ગયેલા એને શોધવા માટે આ લોકો મથે છે. મહાભારત ઉપરઉપરથી વાંચીને એમણે માની લીધું કે, પ્રાચીન રહસ્ય એટલે બ્રહ્માસ્ત્ર. ભગવદ્‌ગીતામાં કૃષ્ણે અર્જુનને જે કહ્યું એના તરફ એનું ધ્યાન જ નથી ગયું.'

'ભગવદ્‌ગીતાના ક્યા અધ્યાય કે શ્લોકની વાત તમે કરો છો, માતાજી?'

'યાદ છે, જ્યાં કૃષ્ણ અર્જુનને કહે છે કે, મારો જન્મ નથી, આરંભ, મધ્ય કે અંત નથી. હું એ બીજ છું, જેમાંથી દરેક જીવનું નિર્માણ થાય છે. મારો સૂક્ષ્મ અનુભવાતીત દેહ ક્યારેય કોહવાતો કે નાશ પામતો નથી...?'

'હં, તો?'

'મૂર્ખાઓ આ વાંચીને સમજે છે કે કૃષ્ણ એમના દૈવી રૂપની અને અવિનાશી આભાની વાત કરે છે. હા, કૃષ્ણએ બીજે ઠેકાણે એવું કહ્યું છે કે આત્માનો નાશ નથી થતો પરંતુ અહીં તો એમણે પોતાના વિશે કહ્યું છે.'

'મતલબ?'

'મતલબ કે કૃષ્ણ જીવિત છે. કૃષ્ણ જો જન્મ અને મૃત્યુથી પર હોય, અનુભવાતીત, અવિનાશી હોય, દરેક જીવનો પ્રાણસ્રોત હોય તો એ કઈ રીતે મરી શકે? કૃષ્ણ હજી આજે પણ આપણી વચ્ચે જીવે છે.' માતાજીના અવાજમાં આવેશ આવી ગયો.

યુદ્ધમાં જીત મેળવીને હું હસ્તિનાપુર પાછો આવ્યો, ત્યારે મને આખીયે વાતની જાણ થઈ. પણ હું શું કરી શકું? હવે ઘણું મોડું થઈ ગયેલું. છેવટે મેં પાંડવો અને દ્રૌપદીને નગરની બહાર થોડે દૂરના વિસ્તારમાં શોધી કાઢ્યાં.
ભીમનું કહેવું હતું કે કૌરવો સાથે યુદ્ધ કરીને, પાંડવોએ એમનું ખોયેલું રાજ્ય પાછું મેળવી લેવું જોઈએ. પરંતુ મેં યાદ દેવડાવ્યું કે, યુધિષ્ઠિરને જુગારમાં બધું મૂકી દેવાની સંમતિ ચારેય ભાઈઓએ આપી હતી. જે થયું, એ માટે બધાં સરખે ભાગે જવાબદાર હતાં. શરત પ્રમાણે હવે તેર વર્ષ વનમાં રહ્યા વિના છૂટકો નહોતો. એ જ એમનો ધર્મ હતો.
‘યુધિષ્ઠિરે મને દાવમાં મૂકી, એમાં મારો વાંક હતો?’ દ્રૌપદીએ મને પૂછ્યું.
‘ના, પણ આ પહેલાં તેં કર્ણ અને દુર્યોધનનું અપમાન કરેલું, એનું આ પરિણામ છે. પણ ધીરજ રાખ દ્રૌપદી ભરીસભામાં તારી દુર્દશા જોતા ચૂપચાપ બેસી રહેલા લોકો એની ભારે કિંમત ચૂકવશે. પરંતુ એ પહેલાં તમારે આ તેર વર્ષનો સમય વિતાવી દેવો પડશે.’ મેં જવાબ આપ્યો.
પાંડવોના વનવાસ દરમ્યાન સુભદ્રા, એનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીનાં સંતાનો, મારી સાથે દ્વારકામાં રહ્યાં.

પેસેજના સહુથી છેવાડે છેદીની ઑફિસ હતી. એમની સેક્રેટરી બાજુની કૅબિનમાં બેસતી હતી. છેદીની ઑફિસની બહાર રિસેપ્શન એરિયામાં વિઝિટર્સ માટે સોફા અને ખુરશીઓ હતાં, પણ ત્યાં અત્યારે કોઈ નહોતું. પ્રિયાએ ત્યાં સાફસફાઈ શરૂ કરી. ઑફિસનું ડોરહેન્ડલ લૂછવાના બહાને સૈનીએ ફેરવ્યું અને દરવાજો ખૂલી ગયો.

‘મારી ઑફિસ સવારે જ સાફ થઈ ગયેલી.’ છેદીએ બેધ્યાનપણે કહ્યું.

‘ડમ્પી, હું છું.’ સૈનીએ પ્રિયા સાથે અંદર પ્રવેશીને કહ્યું.

‘રોજર?’ છેદીએ ઊભા થઈને પ્રેમથી દોસ્ત સાથે હાથ મિલાવ્યા. જોનારને ખબર પણ ન પડે એ રીતે કાગળનો એક ટુકડો છેદી પાસેથી સૈનીના હાથમાં પહોંચી ગયો. એમાં શું લખેલું એ તરત વાંચી લેવાની લાલચ ખાળીને સૈનીએ છેદી સાથે પ્રિયાની ઓળખ કરાવી.

‘કોઈ ફિકર વિના, તારે જે કહેવું હોય તે કહી દે. પોલીસવાળાને મેં મારી પર્સનલ ઑફિસમાંથી બહાર રાખ્યા છે. કોઈને આપણી વાતચીત સંભળાવાની નથી.’ છેદીએ કહ્યું.

સેક્રેટરીની ઑફિસમાં બેઠેલી રાધિકા સિંઘના ચહેરા પર સ્મિત આવી ગયું. છેદી ઘણી વાર એમની ઑફિસમાં થતી મિટિંગનું ઑડિયો-વીડિયો રેકોર્ડિંગ કરવાની સૂચના એમની સેક્રેટરીને આપતા. એ માટે વપરાતા કૅમેરા માઇક્રોફોન આજે પોલીસની મદદે આવેલા. સૈની અને પ્રિયા છેદીની ઑફિસમાં દાખલ થયાં, ત્યારથી રાધિકા એમને જોઈ અને સાંભળી રહી હતી.

‘તારે પાસે ચોથું સીલ છે?’ સૈનીએ પૂછ્યું.

જવાબમાં માથું હલાવીને છેદીએ એના ટેબલનું ડ્રોઅર ખોલ્યું, અને એમાંથી એક કવર કાઢીને સૈનીની સામે મૂક્યું.

કવરમાંથી સીલ કાઢીને હાથમાં લેવાની સાથે સૈનીના શરીરમાં ઝણઝણાટી ફરી વળી. વાર્શનીએ એને અને કુરકુડેને આપેલું, એવું જ આ સીલ હતું. ચારેય સીલ, એક સેટનો ભાગ હતો, એમાં હવે કોઈ શંકા નહોતી રહી.




'સીલ પર દેખાતા આ ત્રણ પ્રાણીનું શું મહત્ત્વ છે?' છેદીએ પૂછ્યું.

'આખલો, એક શિંગડાવાળું પ્રાણી એટલે એકશૃંગી પ્રાણી અને બકરી આ ત્રણેય પ્રાણી, વિષ્ણુના પ્રતીક ગણાય છે.' સૈનીએ કહ્યું.

'આ ચારેય સીલને ભેગા કરીએ તો?' છેદીએ સૂચન કર્યું.

'કરી જોઈએ. વાર્શનીએ મને ચારેય સીલના ફોટોગ્રાફ્સ, ઇ-મેલ પર મોકલેલા. તારા કમ્પ્યૂટર પર મારું મેલ બૉક્સ ખોલીને એ ફોટોગ્રાફ્સના પ્રિન્ટ-આઉટ કાઢી આપને!'

પ્રિન્ટઆઉટ નીકળતાં વાર ન લાગી. ચારેય સીલની તસવીર કાપીને, સૈનીએ ટેબલ પર એમને ચોરસ આકારમાં ગોઠવી. પહેલી નજરે બિલકુલ સરખા લાગતા ચારેય સીલમાં, પ્રાણીઓના ચહેરા સમાન હતા, પણ એમની પૉઝિશનમાં સહેજસાજ ફરક હતો, એ હવે સમજાયું. સૈનીએ કોઈ પઝલના ટુકડા ગોઠવતો હોય, એમ ચારેય ફોટોગ્રાફ્સને જુદી જુદી પૉઝિશનમાં ગોઠવી જોયા.



થોડીવાર બાદ એના ચહેરા પર સ્મિત આવી ગયું. 'મને દેખાયું, એ તમને દેખાય

છે?' એણે છેદી અને પ્રિયાને પૂછ્યું.

ટેબલ પર ચોરસ આકારમાં ગોઠવાયેલા ચારેય ફોટોગ્રાફ્સને નજીકથી જોતાંની સાથે પ્રિયા અને છેદીની આંખો પહોળી થઈ ગઈ. નજર સામે સ્વસ્તિકનું ચિહ્ન હતું.

૫૧

દુર્યોધન, દુઃશાસન, શકુનિમામા અને કર્ણની ચંડાળ ચોકડીએ જંગલની અંદર પાંડવોનો ઘડોલાડવો કરી નાખવાની યોજના ઘડી કાઢી, પણ વિદુરને જાણ થઈ ગઈ. એણે ધૃતરાષ્ટ્ર પાસે જઈને એમના પુત્રોને રોકવા માટે વિનંતી કરી. પરંતુ ધૃતરાષ્ટ્રે આંખ આડા કાન કર્યા. હતાશા અને રોષના માર્યા વિદુરે જંગલમાં જઈને પાંડવો સાથે રહેવાનો નિર્ણય કર્યો.
છેવટે ધૃતરાષ્ટ્રને એમના કર્યા પર પસ્તાવો થયો. વિદુરને પાછા બોલાવ્યા અને કૌરવોને કડક આદેશ આપ્યો કે પાંડવોથી દૂર રહેવું.
કૌરવો ઓછા નહોતા. પાંડવોને મારી ન શકાય પણ હેરાન તો કરી શકાય, એવું કહીને એમણે બીજી યોજના વિચારી. રાજ્યમાં પશુઓની સંખ્યા ગણવાના બહાને એમણે જંગલમાં પાંડવોથી થોડે દૂર છાવણી નાખી. ત્યાં રોજેરોજ રંધાતા સ્વાદિષ્ટ ભોજનની સોડમ પાંડવોના નાકે પહોંચાડીને એમને ટટળાવે, એવો એમનો ઇરાદો હતો.
પરંતુ દુર્યોધનની બાજી ઊંધી પડી. જંગલમાં વસતા ગાંધર્વો એમને પકડીને લઈ ગયા. પાંડવોએ પોતાની ફરજ સમજીને ચંડાળચોકડીને ગાંધર્વોના હાથમાંથી મુક્ત કરાવી. પેલા લોકોની શરમનો પાર ન રહ્યો.

'**સ્વસ્તિક** દેખાય છે. પણ એનું શું?' છેદીએ પૂછ્યું.

'**સુ** એટલે **પવિત્ર** અને **અસ્તિ** એટલે **અસ્તિત્વ** કે **જીવન** . આ બે શબ્દ ભેગા કરીને **સ્વસ્તિક** નામનો એક શબ્દ બન્યો છે. વેદિક સંસ્કૃતિનું કદાચ એ સહુથી પ્રાચીન ચિહ્‌ન છે. હિન્દુઓ આજે પણ એને પવિત્ર માને છે. પણ એક પ્રશ્ન મને ઘણા સમયથી સતાવે છે કે, સ્વસ્તિક માત્ર એક પવિત્ર ચિહ્‌ન છે કે પછી પ્રાચીન કાળમાં એની પાછળ બીજો કોઈ હેતુ કે અર્થ પણ હતો? દાખલા તરીકે ગણિતના સમીકરણમાં 'X ' અને કોઈ જગ્યા બતાવવા માટે વપરાતો 'X ', આ બંને વચ્ચે કોઈ સામ્ય નથી.' સૈની બોલ્યો.

'મતલબ, સ્વસ્તિકનો ઉપયોગ કોઈ ચોક્કસ સ્થળ બતાવવા માટે થતો હશે?' છેદીએ પૂછ્યું.

'ખબર નથી.' કહીને આગળ બોલતાં પહેલાં સૈનીએ નોટપૅડ પર, આધુનિક સ્વસ્તિક દોર્યો.




અત્યારના સ્વસ્તિકની રેખાઓ સીધી છે. એના આઠેય હાથ સમાન છે. પણ પ્રાચીન કાળમાં, મૂળ સ્વસ્તિક સહેજ વળાંકોવાળો હતો. આમ કહીને સૈનીએ બીજું ચિત્ર

દોર્યું.



‘તમે શું કહેવા માંગો છો?’ પ્રિયાએ પૂછ્યું.

સીધો જવાબ આપવાને બદલે સૈનીએ કહ્યું, ‘ગણિતશાસ્ત્રી કન્ડી અને રોલેટે, સ્વસ્તિકના વળાંકોનો ગણિતની નજરે અભ્યાસ કરીને તારણ કાઢેલું કે, એ કાર્ટેશિયન ઇક્વેશન $y^4 — x^4 = xy$, ના ક્વાર્ટિક પ્લેન કર્વનો નિર્દેશ કરે છે. તમારે એ કર્વ, કે વળાંક જોવો છે?’ પૂછીને જવાબની રાહ જોયા વિના સૈનીએ ઝડપભેર કાગળ પર કન્ડી અને રૉલેટનો સ્વસ્તિક કર્વ દોરી દાઢ્યો અને પછી પૂછ્યું, ‘આ જોઈને કંઈ યાદ આવે છે?’



સામેથી જવાબ ન મળ્યો. ‘તમને આનું મહત્ત્વ સમજાયું નહીં? સૈનીનો અવાજ ઊંચો થઈ ગયો. ‘ઊંચાણ પર એક બિંદુમાંથી ચાર નદી વહેતી હોવાનું અહીં દેખાય છે. સ્વસ્તિકને પવિત્રનો દરજ્જો તો પાછળથી મળ્યો. વેદકાળના ઋષિઓ માટે એ એક પવિત્ર સ્થાનનું પ્રતીક હતું. હવે એટલું તો કહો કે, કયા એક પર્વત પરથી ચાર નદી વહે છે?’

‘મેરુ, એટલે કે આજનો કૈલાસ પર્વત!’ પ્રિયાએ તરત જવાબ આપ્યો. ‘સિંધુ, સતલજ, બ્રહ્મપુત્રા અને કર્નાલી, આ ચારેય નદીનું ઉગમસ્થાન ત્યાં છે.’

૫૨

જંગલમાં એક દિવસ ગુફાની અંદર એકલી બેઠેલી દ્રૌપદીએ જયદ્રથને જોયો. જયદ્રથ, કૌરવોની એકની એક બહેન દુશલાનો પતિ હતો.
દ્રૌપદીએ વ્યવહારુ ગૃહિણીની જેમ બનેવીને આવકાર આપ્યો. એની સામે પાણી અને ફળ ધર્યાં, પણ જયદ્રથના આગમન પાછળ જુદો જ હેતુ હતો. એની માન્યતા પ્રમાણે ચારથી વધુ પતિ ધરાવતી સ્ત્રી ચારિત્ર્યહીન ગણાય, અને એને ઉપાડી જવામાં કોઈ પાપ નહોતું.
જયદ્રથે દ્રૌપદીને પકડીને એના રથમાં નાખી, પણ દ્રૌપદીની ચીસો સાંભળી ગયેલા ઋષિઓએ દૂર ગયેલા ભીમ અને અર્જુનને ખબર પહોંચાડ્યા. બંને ભાઈ તાબડતોબ જયદ્રથની પાછળ દોડ્યા. અર્જુને બાણ મારીને રથનાં પૈડાં તોડી નાખ્યાં. ભીમે આ પાપીને મારવાની તૈયારી કરી. પરંતુ યુધિષ્ઠિરે એને વાર્યો અને કહ્યું કે, જયદ્રથના મૃત્યુથી, કૌરવો-પાંડવોની એકની એક બહેન વિધવા થઈ જશે. જયદ્રથને જીવતદાન મળ્યું.

'બાજુ...માં...સાંભળે.' છેદીએ આપેલી ચિઠ્ઠીના અક્ષરો પરસેવાથી રોળાઈ ગયેલા. સૈનીએ વાંચવાની કોશિશ કરી પણ સમજાયું નહીં.

'કૈલાસ પર્વત તો શિવનું આસન ગણાય છે. એમાં કૃષ્ણ ક્યાંથી આવ્યા?' છેદીએ પૂછ્યું.

' **શિવાય વિષ્ણુ રૂપાય..** વાળો શ્લોક સાંભળ્યો છે? એમાં કહ્યું છે કે, શિવ વિષ્ણુનું અને વિષ્ણુ શિવનું રૂપ છે. બેઉ, એકબીજાના હૃદયમાં વસે છે. વેદકાળમાં મનાતું હતું કે, મેરુ પર્વત, સૃષ્ટિના કેન્દ્રમાં હતો. પિરામિડ જેવી એની ચાર બાજુ કિંમતી રત્નોથી જડાયેલી. બાવીસ હજાર ફીટ ઊંચો, મેરુ વિશ્વમંડળના હૃદયસમો હતો, અને કમળ જેવી છ પર્વતમાળાના મધ્યમાં એ બિરાજમાન હતો. એની ચાર બાજુથી નીકળતી ચાર નદીઓએ વિશ્વને ચાર હિસ્સામાં વહેંચી નાંખેલું. આ વિશાળ પવિત્ર પર્વતને માત્ર શિવ, વિષ્ણુ કે હિન્દુત્વ સાથે સંબંધ નથી.'

'તો?' છેદીએ પૂછ્યું.

'બાઇબલમાં, બુક ઑફ જેનેસીસ ની અંદર ઇડન નામના સ્વર્ગીય ઉપવન, ગાર્ડન ઑફ ઇડનનું વર્ણન છે. સૃષ્ટિનો પ્રારંભ અહીંથી થયો હોવાનું એ કહે છે. એમાં લખ્યું છે કે, બગીચાને પાણી આપવા માટે ઇડનમાંથી એક નદી વહેતી હતી, અને આગળ જતાં એના ચાર ફાંટા પડતા હતા . દોસ્તો, કૈલાસ એ જ આ ઇડન હોવું જોઈએ.' સૈનીના અવાજમાં આવેશ આવી ગયો.' આજે પણ દુનિયાના ચાર મોટા ધર્મ, બોન, બૌદ્ધ, હિન્દુ અને જૈનમાં કૈલાસ અતિ પવિત્ર પર્વત ગણાય છે. દુનિયાની અનેક મહાન, જાણીતી વાર્તાઓનું ઉદ્‌ગમસ્થાન ભારતમાં છે. તમે એટલાન્ટિસ વિશે સાંભળ્યું છે?'

'હા, એવું કહેવાય છે કે ઈસ્વી. પૂર્વે ૩૬૦ ની આસપાસ એટલાન્ટિસ નામનું ભવ્ય શહેર, દરિયાના પાણીમાં ડૂબી ગયેલું. પ્લેટોએ એના લખાણમાં પહેલવહેલીવાર એનો ઉલ્લેખ કરેલો.' પ્રિયા બોલી.

'પ્લેટોના કહેવા પ્રમાણે એટલાન્ટિસ ક્યાં હતું?'

'મને યાદ છે ત્યાં સુધી હેરાક્લિસના સ્તંભોની પેલે પાર એટલાન્ટિસ હોવાનું પ્લેટોએ લખેલું.'

'હં. પ્લેટો ગ્રીક ફિલસૂફ હતો એટલે સ્વાભાવિક રીતે જ લોકોએ માની લીધું કે એણે ગ્રીક પ્રજાના સર્વોચ્ચ દેવ ઝીયુસના પુત્ર હેરાક્લીસની વાત કરેલી. આગળ જતાં રોમનોએ એને પોતાના હીરો, હરક્યુલિસ તરીકે અપનાવી લીધો.' સૈની બોલ્યો.

સહેજ અટકીને એણે આગળ ચલાવ્યું. 'પણ ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં ગ્રીક એલચી તરીકે ગયેલા મેગાસ્થીનસે જે લખ્યું એ આપણે ભૂલી જઈએ છીએ. એણે કૃષ્ણનો ઉલ્લેખ, મીથોરામાં રહેતા હેરાક્લીસ તરીકે કર્યો છે. પ્લેટો અને મેગાસ્થીનસ, એક જ સમયે હતા. એટલે શક્ય છે કે, પ્લેટોએ પૌરાણિક ગ્રીક માત્ર હેરાક્લિસ નહીં, પણ ભારતના કૃષ્ણની વાત એમના લખાણમાં કરેલી.'

'એટલાન્ટિસ, એ હકીકતમાં દ્વારકાની કહાણી છે?' છેદીએ પૂછ્યું.

'વિચારી જુઓ.' સૈનીએ કહ્યું, 'લોકો માને છે કે, જિબ્રાલ્ટરની સામુદ્રધૂનીના પ્રવેશ પાસે, બંને તરફ જે ઊંચી શિલાઓ છે એને ગ્રીક લોકો હેરાક્લિસના સ્તંભ તરીકે ઓળખતા હશે. પરંતુ શક્ય છે કે, કૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભજીએ દ્વારકામાં જે મંદિર બનાવ્યું, એમાં સાઠ સ્તંભ હતા. એ પ્લેટોએ એની વાત કરી હતી. અત્યારનું દ્વારકાધીશનું મંદિર, અકબરના શાસન દરમ્યાન બંધાયેલું. પણ પ્રાચીનકાળમાં એ જ સ્થળે વજ્રનાભજીએ બનાવેલું મંદિર ઊભું હતું. મેગાસ્થીનસે એ જોયું હશે.'

'કોઈ પુરાવો છે?' છેદીએ પૂછ્યું.

'પ્લેટોએ લખ્યું છે કે એટલાન્ટિસ સંઘરાજ્ય હતું. ત્યાં અનેક રાજાઓ અને એમના રજવાડાં હતાં, જે બીજા ટાપુઓ પર પણ શાસન કરતા હતા. યાદવોની દ્વારકામાં પણ આવી જ રાજ્યપદ્ધતિ હતી. અઢારેય યાદવકુળનું પોતપોતાનું બંધારણ હતું, અને બધાં પર એક રાજ્યપાલ હતા. પ્લેટોએ એક દિવસ એટલાન્ટિસ સમુદ્રમાં ગરક થઈ ગયાનું લખ્યું છે. મહાભારતમાં દ્વારકાનો અંત પણ આ જ રીતે આવ્યો હોવાનું કહ્યું છે. બંને વચ્ચે કેટલું બધું સામ્ય છે!'

બાજુમાં, સેક્રેટરીની ઑફિસમાં બેઠાં બેઠાં રાધિકા સિંઘે સૈનીનો શબ્દેશબ્દ સાંભળ્યો. એનો એક હાથ હરિમાળાનો જપ કરતો રહ્યો.

અર્જુને, જંગલમાં એક જગ્યાએ શિવલિંગની સ્થાપના કરીને કઠોર તપસ્યા આરંભી. અચાનક એક જંગલી સુવ્વર એની તરફ ધસી આવ્યું. અર્જુને ન છૂટકે તપસ્યામાં ભંગ પાડીને શરસંધાન કર્યું અને સુવ્વરને પાડી દીધું. પરંતુ ઊભો થઈને એ ત્યાં ગયો તો મૃત પ્રાણીના શરીરમાં બે બાણ દેખાયાં. ત્યાં આવીને ઊભેલા શિકારીએ દાવો કર્યો કે હિંસક પ્રાણી અર્જુનના નહીં પણ એના બાણથી મરાયું હતું.
બંને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થયું, જેમાં પેલા મામૂલી લાગતા શિકારીએ અર્જુનનો પરાભવ કર્યો. હતાશ થયેલાં અર્જુને મન મક્કમ કરીને, ફરીથી શિવની સાધનામાં મન પરોવવાનો પ્રયાસ કર્યો, અને ત્યારે એને ભાન થયું કે ખુદ શિવ, પેલા શિકારીના રૂપમાં પ્રગટ થયા હતા.
અર્જુન ઈશ્વરના પગે પડી ગયો. પ્રસન્ન થયેલા શિવે એને પશુપત નામના દૈવી શસ્ત્રની ભેટ આપી.

‘યુગોથી, દુનિયાના ખૂણે ખૂણે પ્રલય, દરિયામાં આવેલા પૂરની વાતો થઈ આવી છે. અને, એમાં નવાઈ નથી કારણ કે હિમયુગના અંત સમયે નદીઓ અને સાગરમાં ભયાનક પૂર આવ્યાં જ હશે.’ છેદી બોલ્યા.

‘હા. પણ એમાં સહુથી જાણીતી કહાણી, બાઇબલના નોઆહની છે. એણે મોટું જહાજ બનાવીને, પોતાની સાથે થોડાં પ્રાણીઓને લીધાં અને પ્રલયમાંથી બચી ગયો. માની લો કે, ખરેખર આવું થયું હોય. પણ બાઇબલમાં નોઆહના આર્ક, એટલે કે હોડીનું વર્ણન થયું છે, એ સાચું માનીએ તો જહાજ, ત્રણ માળ જેટલું ઊંચું હોવું જોઈએ અને એના તૂતકની સાઇઝ, છત્રીસ ટેનિસકોર્ટ્સ જેટલી હશે. હવે કહો કે, એ સમયે દુનિયાના ક્યા શીપયાર્ડમાં આવા જંગી જહાજ બાંધવાની સગવડ હતી?’ સૈનીએ પૂછ્યું.

‘લોથલ’ પ્રિયાએ તરત જવાબ આપ્યો. ‘દુનિયાના સહુથી જૂના અને મોટા બંદર તરીકે લોથલને સર્વસ્વીકૃતિ મળી છે.’

‘કે પછી ધોળાવીરા’ સૈની બોલ્યો. ‘લોથલ અને ધોળાવીરા, બંને સ્થળ દ્વારકાથી નજીક છે.’ એણે યાદ દેવડાવ્યું.

‘પણ, આ બધાંને સ્વસ્તિક સાથે શું સંબંધ?’ પ્રિયા મૂળ મુદ્દા પર પાછી ફરી.

‘હું કહું?’ છેદી બોલ્યા.

‘હા’

‘કૃષ્ણ કાલ્પનિક નહીં, પરંતુ જીવતુંજાગતું ઐતિહાસિક પાત્ર હતું, એમ માનીએ તો પછી એ પણ સ્વીકારવું પડે કે મારી ને તમારી જેમ એ પણ લોહી, માંસ, હાડકામાંથી બન્યા હતા.’

‘હં.’

‘પરંતુ ભગવદ્‌ગીતામાં તો કૃષ્ણએ અર્જુનને એમ કહ્યું છે કે, ‘હું શાશ્વત, સનાતન, અવિનાશી છું.’

'ડમ્પી, તું શું કહેવા માંગે છે?' સૈનીએ પૂછ્યું.

'મને લાગે છે કે, કૃષ્ણના ડાબા પગની પાનીમાં પારધીએ બાણ માર્યાનો જે પ્રસંગ છે, એ કદાચ એમની હત્યાનો નહોતો, એ યુગમાં વ્યક્તિના શરીરમાંથી DNA કાઢવા માટે આવી ટૅક્નિક વપરાતી હશે. અને DNA લાંબો સમય સાચવી રાખવું હોય તો એ ક્યારેય ઓગળે નહીં એવા બરફની નીચે રાખવું પડે. દાખલા તરીકે કૈલાસ પર્વતમાં, કોઈ જગ્યાએ.'

બાજુના રૂમમાં, ટી.વી. સ્ક્રીનને એકીટશે તાકી રહેલી રાધિકાની આંખો ઝીણી થઈ. માળા ગણી રહેલા એના આંગળા જોરથી ભીંસાયા. વાતમાં વિક્ષેપ પાડવાનો સમય થઈ ગયેલો.

૫૪

શિવ પાસેથી પશુપત મેળવીને અર્જુને હિમાલય ચઢવાનું શરૂ કર્યું. રસ્તામાં એણે એક દેદીપ્યમાન રથ જોયો. તેના સારથિએ કહ્યું કે અર્જુનના પિતા ઇન્દ્રને, અસુરો સામે લડવા માટે પુત્રની મદદની જરૂર પડી હતી. એમણે અર્જુનને લાવવા માટે રથ મોકલેલો.

અર્જુન અને ઇન્દ્રએ મળીને અસુરોનો પરાજ્ય કર્યો. પિતાના કહેવાથી અર્જુન થોડો સમય સ્વર્ગમાં રોકાઈ ગયો. એક દિવસ ઉર્વશી નામની અપ્સરાએ આવીને અર્જુન પાસે પ્રેમની માગણી કરી. અર્જુન જાણતો હતો કે ઉર્વશી, એના એક પૂર્વજની પત્ની રહી ચૂકેલી. હાથ જોડીને એણે કહ્યું, 'તમે મારી માતાના સ્થાને છો.'

પ્રેમના અનાદરથી ક્રોધે ભરાયેલી ઉર્વશીએ અર્જુનને નપુંસકતાનો શ્રાપ આપ્યો. અર્જુને પિતાની મદદ માંગી. છેવટે ઇન્દ્રએ શાપનિવારણનો રસ્તો કાઢ્યો. એમણે કહ્યું કે અર્જુને માત્ર એક વર્ષ પૂરતું એનું પુરુષાતન ગુમાવવું પડશે, અને એ પણ એની ઇચ્છા હોય, એ સમયે.

છેવટે સૈનીને, છેદીએ આપેલી ચિઠ્ઠીનું લખાણ ઉકેલવામાં સફળતા મળી. સાવધાન બાજુની રૂમમાં પોલીસ આપણી વાત સાંભળે છે.

આંચકા સાથે એ ખુરશી પરથી ઊભો થવા ગયો પણ ત્યાં તો ઑફિસનું બારણું ખુલ્યું અને રાધિકા સિંઘ અંદર ધસી આવી. એની પાછળ આવેલા રાઠોડે, એકેય સેકન્ડનો વિલંબ કર્યા વિના સૈની અને પ્રિયાને હાથકડી પહેરાવી દીધી.

'સૉરી', છેદીના અવાજમાં ભારોભાર સંકોચ હતો. સૈનીએ જોકે એના પ્રત્યે કોઈ નારાજી ન અનુભવી. છેદીની જગ્યાએ એ પોતે હોત તો, એણે પણ પોલીસને સહકાર આપવો પડત.

'પાછા મળી ગયા ને!' રાધિકાએ કટાક્ષમાં હસીને કહ્યું. પણ બીજી જ પળે, એનું હાસ્ય સુકાઈ ગયું. પાછળ આવીને ઊભેલા માણસે એના ગળા પર અસ્ત્રો મૂકીને કહ્યું, 'ગન નીચે ફેંકી દો, નહીં તો ગળું ચીરી નાખીશ.'

'ઓકે ઓકે', રાઠોડે એના હોલ્સ્ટરમાંથી ગન કાઢીને, હળવેથી જમીન પર મૂકી દીધી. હેબતાઈ ગયેલી રાધિકાએ પણ થોડા ખચકાટ પછી હાથમાં પકડેલી ગન નીચે સરી જવા દીધી.

સૈનીના આશ્ચર્યની સીમા નહોતી. એનો ડ્રાઇવર આ શું કરી રહ્યો હતો?

'એની હાથકડી ખોલી નાખ', તારકે પ્રિયા તરફ ઇશારો કરીને રાઠોડને આદેશ આપ્યો. રાધિકાના ગળા પર અસ્ત્રાની ધાર થોડી દબાઈ. ત્યાં લોહીનો ટશિયો ફૂટી આવ્યો. રાઠોડે જલદીથી પ્રિયા પાસે જઈને એની હાથકડી ખોલી નાખી.

પ્રિયા ખુરશી પરથી ઊભી થઈ અને એણે જમીન પર પડેલી રાઠોડની ગન ઉપાડી લીધી, અને પછી નાળચું, રાઠોડની સામે તાકીને બોલી જરાયે હલ્યોચાલ્યો છે તો ફૂંકી મારીશ, સમજ્યો?'

રાઠોડ માત્ર માથું હલાવી શક્યો. સેક્રેટરીના રૂમમાં ટી.વી. પર આ તમાશો જોઈ પોલીસ ઑફિસરો વિમાસણમાં હતા. જરા સરખીયે ચૂક થાય તો રાધિકા અને રાઠોડ માર્યા જવાનાં હતાં.

રાઠોડ સામે ગન તાકી રાખીને પ્રિયા ટેબલ પાસે ગઈ. ત્યાં પડેલું સીલ ઉપાડીને એણે પોતાના ખિસ્સામાં મૂક્યું.

સૈનીમાં હવે બોલવાનો હોશ આવ્યો, 'પ્રિયા આ શું કરે છે? આપણે ક્રિમિનલ્સ નથી.'

'શટ અપ', પ્રિયા એટલા જોરથી બોલી કે સૈનીના આગળના શબ્દો એના ગળામાં જ અટવાઈને રહી ગયા.

'પ્રોફેસર રવિમોહન સૈની, તમારા કકળાટ અને લેકચરબાજીથી હું ગળે આવી ગઈ છું. હું હવે તમારી ડાહીડમરી, નાજુકનમણી સ્ટુડન્ટ નથી. તમે પોલીસ સાથે લોકઅપમાં જાવ. ત્યાં જ તમારી સલામતી છે.' પ્રિયાના ચહેરા પર નરમાશ અને નમણાશની જગ્યાએ, આ પહેલાં સૈનીએ ક્યારેય નહોતી જોઈ એવી કઠોરતા હતી. સૈનીએ કંઈ બોલવા માટે મોઢું ખોલ્યું, પણ અંદરથી અવાજ ન નીકળ્યો.

'ચારેય સીલ હવે મારી પાસે છે. લોકેશન એનાલિસીસ કરી આપવા માટે આભાર પ્રોફેસર'. એટલું કહીને પ્રિયા તારક પાસે ગઈ. 'બેટા, એના ગળેથી અસ્ત્રો હટાવી લે. હવે હું એને સંભાળી લઈશ.' એણે કહ્યું.

'જી માતાજી'. રાધિકાને છોડીને, બે ડગલાં પાછળ ભરતાં તારક બોલ્યો.

પ્રિયાએ રાધિકાને લમણે ગન મૂકીને કહ્યું, 'તું મારો પાસપોર્ટ છે. બહાર ઊભેલી કાર સુધી તું મારી સાથે આવીશ. તારા કોઈપણ માણસે દોઢ દહાપણ કર્યું તો આ ગનમાંથી નીકળેલી ગોળી તારા ભેજાના કુરચેકુરચા કરી નાખશે.' રાધિકાએ હકારમાં ગરદન સહેજ હલાવી.

'અચ્છા, તો અમને રજા આપો.' પ્રિયાએ રૂમમાં હાજર લોકોને મશ્કરીના સૂરે કહ્યું, અને તારકને સૂચના આપી. 'મારી પાછળ રહેજે. કોઈ પીઠ પાછળ ઘા ન કરી જાય.'

'માતાજી, તમારો આદેશ આંખ માથા પર' તારકે કહ્યું. પાર્કિંગ લૉટ તરફ જતાં જતાં ફરી એકવાર ભૂતકાળનાં દૃશ્યો એની આંખ સામે ફરી ગયાં.

૫૫

અર્જુન સ્વર્ગમાં એના પિતા સાથે હતો. એ સમય દરમ્યાન બાકીના ચાર ભાઈઓ અને દ્રૌપદી દેશભરમાં ફર્યા, એમણે પવિત્ર નદીઓમાં સ્નાન કર્યું પ્રાચીન મંદિરોનાં દર્શન કર્યાં, ઋષિઓ સાથે ધ્યાનમાં અને વિદ્વાનો સાથે જ્ઞાનચર્ચામાં સમય ગાળ્યો. વનવાસનાં વર્ષોએ એમને નવુંનવું શીખવાની સાથે આત્મચિંતનની પણ તક આપી હતી.

યાત્રાને અંતે ભીમે એના પુત્ર ઘટોત્કચને બોલાવ્યો. રાક્ષસમિત્રો સાથે આવેલો ઘટોત્કચ પાંડવોને હિમાલયની ટોચે લઈ ગયો, જ્યાં અર્જુન એમની રાહ જોતો હતો. આનંદઉલ્લાસથી સહુ મળ્યા. અર્જુને પછી એના ભાઈઓને પોતે મેળવેલાં દિવ્ય શસ્ત્રો વિશે કહ્યું. પણ એ બતાવવા માટે, એણે શસ્ત્રો પરથી આવરણ દૂર કર્યું કે બીજી જ પળે ધરતી અને આકાશ હલબલી ઊઠ્યાં. અર્જુનને તત્કાળ ભાન થયું કે, વિધિની કૃપાથી એને મળેલાં આ શક્તિશાળી શસ્ત્રો સાથે રમત કરવા જેવી નહોતી.

'માતાજી, ધૃષ્ટતા લાગે તો માફ કરજો. પણ તમારામાં આટલી બધી શક્તિ કેવી રીતે આવી?' એક દિવસ ટ્રેઈનિંગના અંતે હિંમત ભેગી કરીને તારકે પૂછી નાખ્યું.

સતત પાંચ વર્ષની નિયમિત, કડક તાલીમનું પરિણામ હવે તારકના શરીર, દિમાગ અને મન પર દેખાતું હતું. માતાજી ઉર્ફે પ્રિયાએ એના વહાલા વિદ્યાર્થીના ગાલ પર મમતાભર્યો સ્પર્શ કરીને સ્મિત આપ્યું. 'મારા અંગત જીવન વિશે પૂછનાર બીજો કોઈ એની જિંદગીથી હાથ ધોઈ બેસત. પણ બેટા, તારી વાત જુદી છે. તારા સવાલનો જવાબ હું આપીશ.' આવું કહીને પ્રિયાએ તારકની સામે એનો ભૂતકાળ ખુલ્લો મૂકી દીધો.

'કૅન્સરની બીમારીએ સાવ નાની વયે મારી માતાને છીનવી લીધી. મારા પિતા સંજય રત્નાની હજી એમની વકીલાત જમાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. વહેલી સવારથી મોડી રાત સુધી નાના નાના કેસો પાછળ દોડાદોડી કર્યા કરતા સંજય રત્નાની પર હવે નમાયી, નાની દીકરીને સંભાળવાની જવાબદારી આવી પડી. એ વખતે અમે મુંબઈની એક ચાલીની અંદર નાના ઘરમાં રહેતાં હતાં. ડૅડી પાસે એટલા પૈસા નહોતા કે મને હોસ્ટેલમાં મૂકી શકે કે આખો દિવસ મારી સાચવણ માટે આયાની ગોઠવણ કરી શકે.

'એ દિવસોમાં, પડોસમાં રહેતા સરલા આન્ટી અમારી મદદે આવ્યાં. સવારે મને જમાડે, સ્કૂલે મૂકવા જાય, પાછી આવું ત્યારે સ્કૂલમાંથી મળેલું હોમવર્ક કરાવવામાં મદદ કરે, અને રાતે એમના જ ઘરમાં સૂવાડી પણ દે. ઑફિસેથી મોડી રાતે પાછા ફરતાં ડૅડી મને તેડીને ઘેર લઈ જાય.

'સરલા આન્ટી અમારા માટે તારણહાર જેવાં હતાં. અને એ પોતે મહાન કૃષ્ણભક્ત હતાં. રોજ સવારે મુગ્ધભાવે હું એમની પ્રાર્થનાઓ સાંભળતી અને પૂજાને અંતે મળતા પ્રસાદની વાટ જોતી. સરલા આન્ટી મારી મા જેવાં હતાં. હું નહોતી જાણતી કે એ પોતે મા બનવાની શક્તિ ગુમાવી બેઠેલાં.

'સરલા આન્ટીને એનાં ગરીબ માબાપે એક દારૂડિયા સાથે પરણાવી દીધેલાં.

લગ્નની પહેલી જ રાતે એ માણસે એટલી નિર્દયતાભેર મારઝૂડ કરી કે, આન્ટીનું ગર્ભાશય હંમેશ માટે કામ કરતું બંધ થઈ ગયું. એ પોલીસ સ્ટેશને ગયાં, પણ ત્યાં બેઠેલા સુનીલ ગર્ગ નામના ઑફિસરે ફરિયાદ નોંધવાને બદલે લેક્ચર આપ્યું કે લગ્નજીવનમાં તો આવું બન્યા કરે. સહન કરતાં શીખી લેવું જોઈએ.

'સરલા આન્ટીનું જીવન છિન્નભિન્ન થઈ ગયેલું. પછી હું એમના જીવનમાં આવી, અને એમને જાણે જીવવા માટે એક નાનું કારણ મળ્યું. ભાંગેલા હૃદયમાં હતો, એટલો બધો પ્રેમ એમણે મારા પર ઢોળી દીધો. પણ પછી એક કાળો દિવસ ઊગ્યો.' આટલું બોલીને પ્રિયા અટકી. ગ્લાસ ઉપાડીને એણે પાણીનો ઘૂંટ ભર્યો. આગળના શબ્દો બોલવાનું એના માટે વધુ કઠિન, પીડાદાયક હતું. પણ હવે એ વાત અધૂરી નહોતી મૂકવાની.

'એક સાંજે મારા પિતા ઑફિસમાં હતા, અને સરલા આન્ટી એમના રસોડામાં મારા માટે જમવાનું બનાવી રહ્યાં હતાં, ત્યાં એમનો પતિ, શરાબના નશામાં લથડિયાં ખાતો ઘેર આવી પહોંચ્યો. નશામાં એ સારાનરસાનું ભાન સાવ જ ભૂલાવી બેઠેલો. બહારના રૂમમાં મને એકલી જોઈને એનામાં રહેલો રાક્ષસ જાગ્યો. આડુંઅવળું જોયા વિના એ મારા પર તૂટી પડ્યો. મારી ચીસાચીસ સાંભળીને સરલા આન્ટી રસોડામાંથી બહાર દોડી આવ્યાં. એણે પેલા માણસથી મને છોડાવવાની કોશિશ કરી. હવસમાં આંધળા થઈ ગયેલા પુરુષના માથા પર હવે ક્રોધ સવાર થઈ બેઠો. એણે મને છોડીને સરલા આન્ટીનું ગળું પકડી લીધું. જમીન પરથી હું ઊભી તો થઈ ગઈ, પણ મેં જોયું કે એ રાક્ષસ હવે આન્ટીનો જીવ લીધા વિના નહીં જંપે. હું દોડીને રસોડામાં ગઈ. થોડીવાર પહેલાં જે છરીથી આન્ટી શાક સમારી રહ્યાં હતાં, એ લઈને હું બહાર આવી અને પેલા માણસની પાછળ જઈને, પૂરા જોશથી એના પીઠમાં મારી દીધી. હું નહોતી જાણતી કે ધારદાર છરીએ એનું ફેફસું વીંધી નાખેલું. ચીસની સાથે એના મોઢામાંથી લોહી નીકળી પડ્યું અને એ જમીન પર ઢગલો થઈ ગયો.'

ભૂતકાળને યાદ કરતાં, પ્રિયાની આંખમાંથી આંસુ ખરી પડ્યું. એ લૂછીને એણે આગળ ચલાવ્યું. પછી જે થયું, એ એક મા જ કરી શકે. સરલા આન્ટી મને ભેટી પડ્યાં અને પછી મારા હાથમાંથી છરી લઈને, એના પરથી એમણે મારા ફિંગરપ્રિન્ટ્સ લૂછી નાખ્યા. લોહીથી ખરડાઈ ગયેલું મારું ફ્રોક કાઢીને, સ્ટીલની કચરાપેટીમાં નાખીને બાળી નાખ્યું. મને ઘસીઘસીને નવડાવીને, નવાં કપડાં પહેરાવીને એમણે પાછી મારે ઘેર મોકલી દીધી. અને કડક સૂચના આપી કે, આન્ટીના ઘરમાં જે થયું, એના વિશે કોઈને કંઈ નહોતું કહેવાનું. કોઈ પૂછે તો મારે એટલો જ જવાબ આપવાનો હતો કે એ સાંજે હું સરલા આન્ટીના ઘરમાં નહોતી.

'સગી મા જેવી આન્ટીને છોડતાં મારો જીવ નહોતો ચાલતો, પણ એ મારી કોઈ દલીલ સાંભળવા તૈયાર નહોતાં. મને ઘરની બહાર મોકલતાં પહેલાં એમણે કહેલા શબ્દો હજીયે યાદ છે — પ્રિયા, આ નઠારી દુનિયામાં તું અને કૃષ્ણ, આ બે જ મારા જીવનના આધાર હતા. તું હંમેશાં કૃષ્ણને તારા હૃદયમાં રાખજે. વચન આપ કે, તું કૃષ્ણની ભક્તિ ક્યારેય નહીં છોડે.

'મોડી રાતે મારા પિતા ઑફિસેથી પાછા આવીને, રોજની જેમ મને લેવા માટે સરલા આન્ટીને ઘેર ગયા. ત્યાં બે લાશ પડી હતી. એકની પીઠમાં અને બીજાના પેટમાં છરીના ઘા હતા. મારા ગયા બાદ આન્ટીએ આત્મહત્યા કરી લીધેલી.

ડૅડીએ પોલીસને ફોન કર્યો. સબઇન્સ્પેક્ટર સુનીલ ગર્ગે આવીને તપાસ કરી.

હજારો સવાલ પૂછીને મારા પિતાને હેરાન કરી મૂક્યા. ગર્ગને જાણે ખાતરી થઈ ગયેલી કે, હું જ અપરાધી હતી.

'મોડી રાતે મેં મારા પિતાની સામે હૈયું ઠાલવી દીધું. એમણે વિચારી લીધું કે મને બચાવવા માટે શું કરવું. મારી કબૂલાતે, અમારા બંનેની જિંદગીને નવો જ વળાંક આપી દીધો.'

૫૬

જંગલમાં એક સાંજે, પવનની લહેરખીની સાથે અદ્ભુત સુગંધ ધરાવતાં થોડાં ફૂલ દ્રૌપદીના ખોળામાં આવીને પડ્યાં. દ્રૌપદીએ ભીમને કહ્યું કે, 'આવા વધુ ફૂલ મને લાવી આપો.'

ભીમને બીજીવાર કહેવાની જરૂર નહોતી. એ તો આ અજાણ્યા ફૂલોની શોધમાં નીકળી પડ્યો. પત્નીને રાજી કરવાની ધૂનમાં ભીમે એના માર્ગમાં આવતાં બધાં વૃક્ષો અને પ્રાણીઓનો કચ્ચરઘાણ વાળી લીધો. પણ પછી એનો ભેટો, રસ્તો રોકીને સૂતેલા એક વાનર સાથે થયો.

ભીમે એને હટવાનું કહ્યું તો વાનરે જવાબ આપ્યો, 'હું એટલો વૃદ્ધ અને અશક્ત છું કે, સહેજ પણ હલનચલન નહીં કરી શકું. તું મારું પૂંછડું એક તરફ ખસેડીને આગળ જા.'

એમાં શું મોટી વાત છે, એવું વિચારીને ભીમે વાનરનું પૂંછડું હટાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ શરીરમાં હતું એટલું બધું બળ વાપર્યા પછીયે ભીમ, એ વૃદ્ધ વાનરના પૂંછડાને તસુભાર પણ હલાવી ન શક્યો.

છેવટે ભીમને ભાન થયું કે સામે કોઈ મામૂલી વાંદરો નહીં, પણ અમર હનુમાન હતા. બંનેના પિતા વાયુદેવ હોવાને નાતે ભીમ અને હનુમાન, ભાઈઓ થતા હતા. બળવાન ભીમને નમ્રતાનો પાઠ શીખવવા માટે મેં જ હનુમાનને વિનંતી કરેલી.

અહમ્‌નો ત્યાગ કરીને ભીમ હનુમાનના પગે પડી ગયો. હનુમાને એને પ્રેમથી આશિષ આપ્યા. દ્રૌપદીને જોઈતાં હતાં, એ ફૂલોની શોધમાં ભીમ આગળ વધ્યો.

'પછી તમારા ડૅડીએ શું કર્યું?' તારકે પૂછ્યું. હવે પ્રિયાના બંને હાથ એના હાથમાં હતા. જે સ્ત્રી જરૂરતના સમયે તારક માટે આધારસ્તંભ બનીને ઊભી રહેલી, એને ગમે તે ભોગે ટેકો આપવા માટે તારક તૈયાર હતો. પ્રિયાએ વાત આગળ ચલાવી.

'મારી કબૂલાત સાંભળીને પહેલાં તો મારા પિતાજી રડી પડ્યા. આખીયે ઘટના માટે એ પોતાની જાતને દોષી માનતા હતા. કામકાજના બોજ હેઠળ એમણે મને પૂરો સમય આપ્યો નહીં, એટલે જ આ બધું બની ગયું એવું એમને લાગતું હતું. ડૅડીએ તત્કાળ નિર્ણય કરી લીધો કે, ભવિષ્યમાં એમની દીકરીએ ક્યારેય આવા સંજોગોમાં મૂકાવું નહીં પડે. બીજે જ દિવસે એ સર ખાન પાસે ગયા. અને એમના વતી એક ક્રિમિનલ કેસ લડવાનો કરાર કરી લીધો.'

'સર ખાન, કોણ?' તારકે પૂછ્યું.

'સર ખાન કોઈ અંગ્રેજ નબીરો નહીં, પણ ભારતની એક મોટી ક્રિમિનલ ગૅંગનો સર્વેસર્વા હતો. મામૂલી પૉકેટમાર તરીકે કારકિર્દીની શરૂ કરનારો ખાન, અપરાધની દુનિયામાં આગળ વધતો વધતો એ સ્થાને પહોંચ્યો, જ્યાં લોકો એ કુખ્યાત ગૅંગલીડર દાદા રહીમના જમણા હાથ તરીકે ઓળખતા થઈ ગયા. અંધારી આલમમાં એણે પોતે જ

પોતાનું મહત્ત્વ સ્થાપિત કરવા માટે સર ખાનનું નામ અપનાવી લીધું. એની મહત્ત્વાકાંક્ષાઓને સીમા નહોતી. આગળ જતાં દાદા રહીમ સાથે છેડો ફાડીને એણે પોતાની ગૅંગ બનાવી. ખોટા ધંધાની સાથે સાથે કાનૂની ગણાય એવા હોટેલ, રીયલ એસ્ટેટ, મુવી પ્રોડક્શન જેવા બિઝનેસ પણ એણે ચાલુ કરી દીધા. સર ખાનનું સામ્રાજ્ય દિનબદિન વિસ્તરતું ગયું, પણ બીજી તરફ દાદા રહીમ સાથેની એની દુશ્મની પણ વધતી ગઈ. બંને જણ તક મળે ત્યારે એકમેકને કાયદાના પંજામાં સપડાવી દેવાની કોશિશ કરતા હતા.'

પ્રિયા અહીં પાણી પીવા અટકી. થોડીવાર બાદ એણે વાતનો તંતુ સાંધ્યો. 'કોર્ટમાં ક્રિમિનલ કેસીસ લડનાર હોશિયાર વકીલ તરીકે મારા પિતા ધીમેધીમે જાણીતા થવા લાગેલા. સર ખાને પોતાના વતી અદાલતમાં લડવા માટે ડૅડીને એકવાર કહેવડાવ્યું. એમણે સાફ ના પાડી દીધી. માફિયા બૉસના વકીલ તરીકે કારકિર્દી જમાવવામાં એમને કોઈ રસ નહોતો. પરંતુ, એ રાતે જે બની ગયું, એ પછી ડૅડીએ નિર્ણય કરી લીધો કે પુત્રીની સલામતી અને સુરક્ષા, એમના સિદ્ધાંતોથી અનેકગણી વધુ મહત્ત્વની હતી. ગર્ગ જેવા પોલીસ ઑફિસરથી છુટકારો અપાવી શકે, એવા માણસની એમને જરૂર હતી. ડૅડીએ સર ખાન વતી બધાય ક્રિમિનલ કેસીસ લડવાની હા પાડી દીધી અને પછી તો એમની ખ્યાતિ અને અમારી સમૃદ્ધિ દિનબદિન વધતી ગઈ. મોટું ઘર, નોકરચાકર, મોંઘીદાટ પ્રાઇવેટ ગર્લ્સ સ્કૂલમાં મારું ઍડમિશન...'

પ્રિયાએ તારક સામે પ્રેમાળ નજર નાખીને કહ્યું, 'સ્કૂલમાં મને યોગાસન શીખવનારા એવા ટીચર મળ્યા, જેણે પોતે હિન્દુ રાષ્ટ્ર સેવિકા સમિતિમાં ફિઝિકલ ફીટનેસ, યોગાભ્યાસ, ધ્યાન વગેરેની ટ્રેઇનિંગ લીધી હતી. એમણે મારા પર ખાસ ધ્યાન આપ્યું. અને મારા માટે એ અધ્યાત્મિક માર્ગદર્શક બની ગયા. એમના હાથ નીચે મેં યોગ, ધ્યાન અને માર્શલ આર્ટ્સ ઉપરાંત સંસ્કૃત અને હિન્દુ પુરાણોનો અભ્યાસ પણ કર્યો. અને હા, હું સરલા આન્ટીના છેલ્લા શબ્દો નહોતી ભૂલી. મારી કૃષ્ણભક્તિમાં કોઈ વિક્ષેપ નહોતો પડ્યો. રોજ હું એની પૂજા કરતી હતી. મારી એ ટીચરની મદદથી દરેક રીતે તૈયાર થઈને મેં દંઢ નિર્ણય કર્યો કે, હિન્દુત્વનું ગૌરવ અને વેદિક જીવનશૈલીને જાળવવાના પ્રયાસમાં હું ક્યારેય પાછી પાની નહીં કરું'

'તો પછી, તમે ઇતિહાસના ટીચર કેવી રીતે બની ગયાં?' તારકે પૂછ્યું.

'સ્કૂલમાંથી નીકળ્યા બાદ મેં ઇતિહાસ ભણવાનું નક્કી કર્યું, જેથી આપણા ભવ્ય વારસા વિશે વધુ જાણકારી મેળવી શકું. પિતાજી થોડા નિરાશ થયા. એમની ઇચ્છા હતી કે હું એમની જેમ વકીલ બનું પણ મને કાયદા કરતાં ઇતિહાસમાં વધુ રસ હતો. લંડનમાં હું MA કરતી હતી, ત્યારે એવા ડૉક્યુમૅન્ટ્સ વાંચવા મળ્યા, જેનાથી મારું લોહી ઉકળી ગયું. યુરોપિયન ઇતિહાસકારોએ કાવાદાવા સાથે એવું પુરવાર કરવાની કોશિશ કરેલી કે જિસસ ક્રાઇસ્ટની જીવનગાથાનો આધાર લઈને હિન્દુઓએ કૃષ્ણ નામનું એક કાલ્પનિક પાત્ર ઘડી કાઢેલું.'

'કેવી રીતે?'

'૧૮૮૨ની સાલમાં, મથુરાની પશ્ચિમે, સાતેક માઈલ દૂર મોરા ગામમાં એક કૂવા પાસે અતિ પ્રાચીન શિલાલેખ મળી આવેલો. એનાં લગભગ વીસ વર્ષ બાદ ડૉ. જે. પી. વૉજિસ નામનો સંશોધક, એ શિલાને મથુરા મ્યુઝિયમમાં લઈ ગયો. ત્યાં જઈને એણે એ શિલા અને એના પર કોતરાયેલા શબ્દોના ભાષાંતર સાથે એવી છેડછાડ કરવાની કોશિશ કરી, જેનાથી હિન્દુત્વનું નામ બદનામ થાય. આ પ્રસંગ વિશે વાંચીને મને ભાન થયું કે ઇતિહાસ લખનારાઓ પર એમના રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક પૂર્વગ્રહોની મોટી

અસર હોય છે.'

ઘણીવાર ઉચ્ચસ્થાને બેઠેલાઓ, ઇતિહાસને મારીમચડીને આપણી સામે રજૂ કરે છે. મેં આની સામે લડવા માટે મારા શિક્ષકની મદદ લેવાનું નક્કી કર્યું. કૃષ્ણ કોઈ કાલ્પનિક પાત્ર નહીં, પણ ઐતિહાસિક મહામાનવ હતા, એ મારે લોકોને શીખવવાનું હતું.'

'અને, એટલે તમે શિક્ષક બની ગયા?'

'ભારત આવ્યા પછી મારી સહુથી મોટી ઇચ્છા હતી, બાળકાને સાચો ઇતિહાસ ભણાવું. એમને આપણા ભવ્ય રાષ્ટ્રીય વારસા માટે ગૌરવ લેતા કરું. સ્કૂલમાં મિસ્ટર કપૂરને લાફો મારનારી બીજી કોઈ શિક્ષક હોત તો મૅનેજમૅન્ટે એને પાણીચું પકડાવી દીધું હોત. પણ હું મોટા, જાણીતા વકીલની દીકરી છું. વિદ્યાર્થીને મારઝૂડ કરવાના ગુના બદલ ડૅડી, સ્કૂલ પર કેસ ઠોકી દેત. એટલે પછી મારી નોકરી ચાલુ રહી. અને, આપણો સાથ તૂટ્યો નહીં.'

'મારે પણ ઇતિહાસ ભણવાનો છે?' તારકે પૂછ્યું,

'ના. તારે વકીલ બનવાનું છે. તને લીગલ ટ્રેઇનિંગ આપવા માટેની યોગ્ય વ્યકિત પણ મેં શોધી કાઢી છે. પરંતુ યાદ રાખજે કે જીવનમાં તારું પહેલું ધ્યેય છે, વિષ્ણુની સર્વોપરિતા સાબિત કરવાનું. બીજું બધું એની પછી આવશે.'

'તમે પણ આ કારણસર હવે Ph.D . કરી રહ્યાં છો?' તારકે બીજો સવાલ પૂછ્યો.

પ્રિયાના ચહેરા પર સ્મિત આવી ગયું. 'તારક, હું માત્ર ડિગ્રી મેળવવા માટે નથી ભણતી. જાણીજોઈને મેં મારા ગાઈડ તરીકે પ્રોફેસર રવિમોહન સૈનીને પસંદ કર્યા છે. મારા કરતાંયે એમને કૃષ્ણ વિશે વધુ જ્ઞાન છે. મારે જ્યાં પહોંચવું છે, એ સ્થળ પર મને સૈની જ લઈ જશે.'

૫૭

દેશનિકાલ થયા પછીનું તેરમું વર્ષ આવી ગયું. પાંડવોએ આખું વર્ષ ગુપ્તવેશે રહેવાનું હતું. મત્સ્યપ્રદેશના રાજા વિરાટને ત્યાં જઈને, છયે જણ કામકાજમાં જોડાયા.

યુધિષ્ઠિરે કંક નામના બ્રાહ્મણનો અને ભીમે બલ્લવ તરીકે રસોઈયાનો વેશ ધારણ કર્યો. અર્જુને પોતાનું પુરુષાતન ગુમાવવા માટે આ વર્ષ પસંદ કર્યું. બુહન્નલા નામની નર્તકી તરીકે એણે રાજમહેલમાં નૃત્યકલા શીખવવાનું કામ લીધું. નકુળ, દમગ્રંથિ અને સહદેવ, તંતીપાલના નામે અશ્વશાળામાં કામે લાગી ગયા. અને દ્રૌપદી રાણીવાસમાં સેવિકા તરીકે જોડાઈ. સામાન્ય પણ મહેનતુ નોકર તરીકે, આ છયે જણે રાજા વિરાટ અને એમની રાણી સુદેષ્ણાનાં મન જીતી લીધેલાં. જોકે, રાજારાણીને હંમેશાં એવું લાગતું કે, આ નવા લોકો બીજા સેવકગણથી જુદા પડતા હતા.

સમય ઝડપથી પસાર થવા લાગ્યો. પણ પછી રાણીના ભાઈ કીચકે દ્રૌપદી પર નજર બગાડી.

પાર્કિંગ લૉટમાં પહોંચેલા લોકોએ એમની ટૅક્સી તરફ જવાની જરૂર ન પડી. એક હટ્ટોકટ્ટો, દેખાવે જ બદમાશ લાગતો માણસ, મિલિટરી ગ્રીન કલરની જીપમાં મારતે ઘોડે ત્યાં આવી પહોંચ્યો. 'પ્રણામ, માતાજી.' એણે બૂમ પાડી.

પ્રિયાએ માથું હલાવ્યું. સર ખાને સમયસર મદદ પહોંચાડી હતી. 'ચાલ, જીપમાં બેસી જા', એણે રાધિકાને આદેશ આપ્યો.

'પણ હવે મારી શું જરૂર છે?' રાધિકાએ વિરોધ દાખવ્યો. જવાબમાં પ્રિયાએ એના માથામાં રિવોલ્વરનો કુંદો ફટકારતાં કહ્યું, 'કહું છું, એટલું કર. વધુ ચૂંચાં કરી તો ઉડાવી દઈશ.' માથા પર લાગેલા ફટકાએ રાધિકાને બેહોશ કરી નાખી. પ્રિયા અને તારકે એને ઊંચકીને જીપમાં નાખી અને ડ્રાઈવરને આદેશ આપ્યો. 'જલદી!'

'સર ખાને તમને પંચકુલા લઈ જવાનું કહ્યું છે. ચંડીમંદિર હેલિપેડ પર હેલિકોપ્ટર તમારી રાહ જોતું ઊભું છે.' ડ્રાઈવરે પેડલ પર પગ દબાવતાં કહ્યું.

બિલ્ડિંગમાંથી દોડતા બહાર આવેલા રાઠોડે જીપની દિશામાં ત્રણચાર ગોળી છોડી, પણ એક પણ ગોળી નિશાન પર લાગી નહીં, કચવાતા જીવે રાઠોડે CBI સ્પેશિયલ ડિરેક્ટર સુનીલ ગર્ગને ફોન જોડવો પડ્યો.

'રાઠોડ, હું આખા દેશમાં સૂચના મોકલી દઉં છું: તમે એ લોકોનો પીછો કરવામાં સમય બગાડવાને બદલે સૈનીને પકડીને બેસાડો. અને એની પાસેથી વધુમાં વધુ ઇન્ફર્મેશન મેળવવાની કોશિશ કરો. એની પાસેથી જાણવા મળશે કે પ્રિયા કઈ દિશામાં ગઈ છે. ઑફિસમાં મિત્રની સાથે બેસીને ચા પીતાંપીતાં ગર્ગે ફોન પર રાઠોડને સૂચનાઓ આપી.

'યેસ સર' કહીને રાઠોડે વાત પૂરી કરી. CBI સ્પેશિયલ ડિરેક્ટર ગર્ગે એમના મિત્ર, સર ખાન તરફ જોઈને સ્મિત કર્યું. 'બધું આપણા પ્લાન મુજબ જઈ રહ્યું છે. બોલો, હવે શું કરવું છે?'

૫૮

દ્રૌપદીના મોહમાં અંધ થઈ ગયેલા કીચકે, એની બહેન સુદેષ્ણાને જેમતેમ કરીને મનાવી લીધી. રાણીએ દ્રૌપદીને કીચકના શયનખંડમાં સુરાપાત્ર લઈને જવાનો આદેશ આપ્યો.

મૂંઝાયેલી દ્રૌપદીએ ભીમને વાત કરી. ધૂંધવાયેલા ભીમે, જઈને કીચકને મારીમારીને મોતને ઘાટ ઉતારી દીધો. કોઈ કંઈ બોલ્યું નહીં પણ સુદેષ્ણાને શંકા હતી કે સૈરન્ધ્રી ઉર્ફે દ્રૌપદી જ કીચકના મૃત્યુ માટે જવાબદાર હતી. એણે પોતાના ભાઈઓને વાત કરી. એ લોકોએ મળીને દ્રૌપદીને પકડી અને કીચકની સાથે ચિતા પર બાળી દેવાની તૈયારી કરી.

ખબર પડતાંની સાથે વાયુવેગે ત્યાં આવી પહોંચેલા ભીમે સુદેષ્ણાના બધાય ભાઈઓને મારી નાખ્યા. કોઈએ એને જોયો નહીં. દ્રૌપદીએ વાર્તા ઘડી કાઢી કે એ ગાંધર્વ હતી અને એનો ભાઈ હંમેશાં એની રક્ષા કરવા માટે પ્રગટ થતો હતો.

સુદેષ્ણાએ દ્રૌપદીને કાઢી મૂકવાની ઇચ્છા દાખવી. પણ ગાંધર્વો ગુસ્સે થશે, એવા ડરે રાજા વિરાટે દ્રૌપદીને એમને ત્યાં રહેવાની પરવાનગી આપી.

સૈનીને હજી આઘાતમાંથી કળ નહોતી વળી. જેના પર એણે સહુથી વધુ વિશ્વાસ મૂકેલો એ પ્રિયાનું આવું વરવું સ્વરૂપ જોવા મળશે, એવી કલ્પના સુધ્ધાં કોણ કરી શકે?

પરંતુ ધીમેધીમે, પાછલા દિવસોમાં બની ગયેલી ઘટનાઓનો વિચાર કર્યો, તો તાળો મળવા લાગ્યો. જોધપુરથી નીકળ્યા બાદ રસ્તામાં નાસ્તો-પાણી કરવા રોકાયા, ત્યારે ભલે ત્રણેય જણ ગાડીમાં બેસી રહ્યાં હોય, પણ કુરકુડેને કૉફી આપતી વખતે પ્રિયાએ જ એમાં ઘેનની દવા ભેળવી દીધેલી. અને પછી બેહોશ પ્રોફેસરને બહાર લાવતી વખતે, એમના ખિસ્સામાંથી સીલવાળું કવર સેરવી લેવાની તક તારકે ઝડપી લીધેલી. સૈનીની દરેક હિલચાલ વિશે તારક જાણી જતો હતો, કારણ કે પ્રિયા સતત એના સંપર્કમાં હતી.

કૉલેજના ક્લાસરૂમમાં રાધિકા, એની ધરપકડ કરવા આવી, ત્યારે પ્રિયા તરત મદદે આવેલી. તત્કાળ એણે એના પિતાને બોલાવી લીધા, એટલું જ નહીં પોલીસના હાથમાંથી ભાગી છૂટવાનો આઇડિયા પણ એણે જ સૈનીને આપેલો. હકીકતમાં એ સૈનીની ફરતે પોલીસની શંકાનો ભરડો વધુ ને વધુ સખત કરતી ગયેલી. દરેક હત્યામાં પ્રિયા અને સંજય રત્નાનીએ એક યા બીજી રીતે સૈનીને સાંકળી લેવાની પેરવી કરેલી. હવે સૈનીને યાદ આવ્યું કે ભાગદોડ કરતી વખતે અનેકવાર પ્રિયા એના પિતા સાથે ફોન પર વાત કરવા માટે સૈનીથી દૂર સરકી જતી હતી. દર વખતે એ સંજય રત્નાની અને તારકને સૈનીના પ્લાન વિશે જાણ કરી દેતી હશે.

પ્રિયા પર શંકા પડે, એવા અનેક પ્રસંગો બનેલા, પણ સૈનીએ ક્યારેય એ તરફ ધ્યાન આપ્યું નહીં. એને એની વિદ્યાર્થિનીમાં પૂરેપૂરો ભરોસો હતો. છેદીની ઑફિસમાં જતી વખતે કુરકુડેને, કારની અંદર બેસાડી રાખવાનું સૂચન પ્રિયાએ જ આપેલું. ત્યારે સૈની નહોતો જાણતો કે એ સાક્ષાત યમદેવ જેવા તારકના હાથમાં કુરકુડેને સોંપી રહ્યો હતો.

'હવે ચારેય સીલ મારી પાસે છે...' છેદીની ઑફિસમાં આ બોલતી પ્રિયાનો ચહેરો, સૈનીની નજર સામે તરવરી ગયો. 'હું કેટલો મૂરખ છું' એણે પોતાની જાતને ધમકાવી નાખી. પણ તરત દિમાગમાં ઝબકારો થયો. પ્રિયાએ ચારેય સીલ એની પાસે હોવાનો દાવો કર્યો હતો. એનો અર્થ એ કે, સૈનીના ઘરમાંથી પોલીસે જે સીલ કબજે કરેલું, એ કોઈક રીતે કબજે કરીને રત્નાનીએ પોતાની દીકરીના હાથમાં પહોંચાડી દીધું હતું.

૫૯

કીચક અને એના ભાઈઓ જે રીતે મરાયેલા, એ વિશે સાંભળીને દુર્યોધનને શંકા પડી કે, આ કામ ભીમનું જ હોવું જોઈએ. અજ્ઞાતવાસ પૂરો થાય, એ પહેલાં પકડાઈ જાય તો પાંડવોએ ફરીથી બાર વર્ષ જંગલમાં જવું' પડે, એવી શરત હતી. દુર્યોધને મત્સ્યદેશ પર આક્રમણ કરીને પાંડવોને ખુલ્લા પાડી દેવાનું કાવતરું ઘડી કાઢ્યું.

એ સમયે મત્સ્યના રાજા વિરાટ બહારગામ ગયેલા. રાજ્યના રક્ષણની જવાબદારી એમના પુત્ર ઉત્તરને શિરે આવી પડી. નાની વયનો ઉત્તર તો યુદ્ધના નામથી પણ ડરતો હતો. પરંતુ બૃહન્નલા ઉર્ફે અર્જુન એને હિંમત બંધાવીને રણમેદાનમાં લઈ ગયો. ત્યાં અર્જુને આસાનીથી કૌરવસેનાનો પરાભવ કર્યો.

જોકે પરાજયથી દુ:ખી થવાને બદલે દુર્યોધને ઉત્સાહમાં આવીને જાહેર કર્યું કે અજ્ઞાતવાસ પૂરો થાય, એ પહેલાં એણે પાંડવોને શોધી કાઢેલા, અને શરત પ્રમાણે હવે પાંચેય ભાઈઓને પાછા જંગલમાં જવું પડશે.

પરંતુ પિતામહ ભીષ્મએ એને વારીને કહ્યું, 'સૂર્ય અને ચંદ્રની કલાને આધારે વર્ષની ગણતરી, બે જુદીજુદી રીતે થાય છે. મારી નજરે, પાંડવોનો અજ્ઞાતવાસ પાંચ મહિના પહેલાં જ પૂરો થઈ ગયેલો.' આ સાંભળીને દુર્યોધને બહુ તીવ્ર વિરોધ નોંધાવ્યો.

ચંડીમંદિર હેલિપેડની દિશામાં પૂરપાટ જઈ રહેલી જીપની અંદર તારકે વાત આરંભી. 'માતાજી, આપણે હેલિકોપ્ટરમાં ક્યાં જવાનું છે?'

'લખનૌ. ત્યાંથી એક પ્રાઇવેટ ઍરક્રાફ્ટ આપણને ઇન્ડો-નેપાળ બોર્ડર પર નેપાલગંજ લઈ જશે.'

'કેમ?'

'કારણ કે ત્યાંથી આપણે નેપાલ-તિબેટની સરહદે, સીમીકોટ પહોંચવાનું છે. સીમીકોટથી આપણી કૈલાસયાત્રા શરૂ થશે.'

બેભાન અવસ્થામાં એમના પગ પાસે પડેલી રાધિકાની હાજરી અવગણીને પ્રિયા અને તારક વાત કરતાં રહ્યાં. આ એમની બહુ મોટી ભૂલ હતી. રાધિકા સિંઘ હંમેશાં સજાગ અને સચેત રહેતી હતી. એણે બંધ આંખે બધી વાતચીત સાંભળી. થોડીવારમાં જીપ, હેલિપેડ પર પહોંચી ગઈ.

ચંડીમંદિર હેલિપેડ પર રોબિન્સન R 44 હેલિકોપ્ટર ઊભું હતું; પણ એમાં માત્ર ચાર પ્રવાસીને સમાવવાની જગ્યા હતી. 'માતાજી હું પાઇલટ છું, અને અહીં બેઠેલો આ માણસ તમારો ગાઈડ છે. કૈલાસમાં નિયતસ્થળે પહોંચવા માટે એ તમારી સહાય કરશે. તમે અને તારક વકીલ મળીને આપણે ચાર જણ થયા. આ પાંચમી પેસેન્જરને લઈ જવાનું શક્ય નથી.' પાઇલટે બેહોશ રાધિકા તરફ જોઈને કહ્યું.

તારકે પ્રિયા સામે જોયું. પ્રિયાએ જીપ ડ્રાઇવરની સામે જોઈને ઠંડે કલેજે હુકમ

છોડ્યો, 'જઈને આને સુખ્ના લેકમાં નાખી દો. કુરકુડેની સાથેસાથે રાધિકા સિંઘની ડેડ બૉડી મેળવીને પોલીસ ભલે ખુશ થતી!'

પોતાના રાજ્યનું રક્ષણ કરવા બદલ પાંડવોનો આભાર માનીને રાજા વિરાટે, એમની દીકરી ઉત્તરીનો હાથ, અર્જુનના પુત્ર અભિમન્યુને સોંપ્યો. એ પછી દુર્યોધન સાથે વાત કરવા પાંડવોએ એક બ્રાહ્મણને હસ્તિનાપુર મોકલ્યો. એણે જઈને કહ્યું કે પાંડવોને એમનું રાજ્ય પાછું સોંપો.

દુર્યોધને એના પિતાના રથના સારથિ સંજય સાથે પાંડવોને સામો સંદેશો મોકલ્યો કે સૂર્યકલા પરથી તિથિ નક્કી થયેલી અને એના પરથી સાબિત થઈ જતું હતું કે પાંડવો, તેર વર્ષ પૂરાં થતાંની પહેલાં જ ઉઘાડા પડી ગયેલા. રાજ્યમાં હિસ્સો માંગવાનો એમને કોઈ અધિકાર નથી.

સંખ્યાબંધ વિદ્વાનો અને ઋષિમુનિઓએ ધૃતરાષ્ટ્ર પાસે જઈને કહ્યું કે દુર્યોધનને નહીં સમજાવો તો ભારે અનર્થ થશે. પરંતુ ધૃતરાષ્ટ્રે મૌન સાધ્યું. છેવટે મેં વચ્ચે પડવાનો નિર્ણય લીધો.

ઇમ્યુનો કૉન્ફરન્સ રૂમની અંદર રાઠોડ, એની સામે બેઠેલા સૈની પાસેથી શક્ય એટલી માહિતી ભેગી કરવાની કોશિશમાં હતો. પણ એનું દિમાગ ફરીફરીને રાધિકા સિંઘની દિશામાં દોડી જતું હશે. એ ક્યાં હશે? કેવી હાલતમાં હશે?

'ચારેચાર સીલ મળી જાય, ત્યાં સુધી બહુ સિફતભેર પ્રિયાએ પોતાની સાચી ઓળખ છુપાવી રાખી. ચોથું સીલ હાથમાં આવ્યા પછીયે એની પાછળનું રહસ્ય હું ઉકેલી શકું ત્યાં સુધી એણે રાહ જોઈ. હવે એ માની બેઠી છે કે કૃષ્ણનું રહસ્ય કૈલાસ પર્વતમાં ક્યાંક છુપાયું છે. પરંતુ કોયડાના ઉકેલની છેલ્લી ચાવી મારી પાસે છે, એ હકીકત પ્રિયા નથી જાણતી કે પછી ભૂલી ગઈ.' સૈનીના શબ્દોએ રાઠોડને ટટ્ટાર કરી દીધા!

'કઈ ચાવી?' છેદીએ પૂછ્યું.

સૈનીએ રાઠોડ તરફ ફરીને કહ્યું. 'મને જેલમાં નાખતાં પહેલાં ડ્યૂટી સાર્જન્ટે નિયમાનુસાર મારી શરીર પરની ને ખિસ્સામાંની બધી વસ્તુઓ કાઢીને એક બૅગમાં મૂકી હતી. એમાં વાર્શનીએ લખેલી એક ચિઠ્ઠી પણ હતી. તમારી પાસે અત્યારે છે?'

રાઠોડે માથું હલાવ્યું. અને ખિસ્સામાંથી કાગળ કાઢીને સૈનીના હાથમાં મૂક્યો. સૈનીએ છેદીને આપતાં કહ્યું: 'કેટલીયેવાર વાંચ્યું. પણ સમજાતું નથી. પ્રોજેક્ટરની મદદથી એને મોટી સ્ક્રીન પર જોઈએ. કદાચ આપણાંમાંથી કોઈને આ ઉખાણાનો ઉકેલ મળે.'

થોડીવાર બાદ સામે વ્હાઇટ સ્ક્રીન પર દેખાતા શબ્દો વાંચવામાં, એનો અર્થ શોધવામાં ત્રણેય જણ મશગૂલ થઈ ગયા.

D ' etale r ' aknahs! Edise-Breta-Weulb DNA. Rats anispiter. Axis Red Nerrus ajar! Sitih saliak roh salak. XNI dialer, dial, devil, Pitta pott Felnox. Strap lamina on stats. Peek slipup desserts. Tub trams. A kit saw slarem. Un warder!

મિનિટો વીતી ગઈ પણ કોઈને લખાણ સમજાયું નહીં. 'કેસ ઉકેલાઈ ગયો?'

દરવાજો ખોલીને, અંદર પ્રવેશતાં રાધિકા સિંઘે મોટે અવાજે પૂછ્યું.

રાઠોડના માથા પરથી જાણે ટૅન્શનનો હિમાલય હટી ગયો. 'સૉરી, તમને એ લોકો લઈ ગયા અને હું કંઈ કરી ન શક્યો.' એણે ઊભા થતાં કહ્યું. 'આખા ચંદીગઢમાં અત્યારે તમારી શોધ ચાલી રહી છે.'

'ઈટ્સ ઑલરાઈટ, હું અત્યારે સાજીનરવી તમારી સામે ઊભી છું ને!' રાધિકાની આંખો ચમકી ઊઠી.

રાધિકાને પારખવામાં પ્રિયા અને તારકે જે ગફલત કરી એનું પુનરાવર્તન જીપના ડ્રાઈવરે કરેલું. સુબ્ના લેક પાસે જઈને એણે જીપ ઊભી રાખી અને બેભાન રાધિકાને તળાવમાં ફેંકતાં પહેલાં તેના હાથપગ બાંધવા માટે એણે જીપમાં દોરડાની શોધ આરંભી. દોરડું મળે એ પહેલાં દોરડાથી અનેકગણા મજબૂત બે હાથ એના પર ત્રાટક્યા. ક્યારનીયે બેહોશીનો દેખાવ કરીને પડેલી રાધિકાને, હવે મોકો મળેલો. બદમાશ શરીરે તગડો હતો, પણ હાથોહાથની મારામારીમાં રાધિકાની સામે એની કોઈ વિસાત નહોતી. થોડી જ મિનિટોમાં લડાઈ પતી ગઈ. ડ્રાઈવરને એના જ દોરડાથી મુશ્કેટાટ બાંધીને, એના સેલફોનથી રાધિકાએ રાઠોડનો સંપર્ક સાધવાની કોશિશ કરી. ફોન લાગ્યો નહીં. પણ એટલી વારમાં ત્યાંથી પસાર થતી પોલીસવાને રાધિકાને જોઈ લીધી. એ લોકોએ લેક રિઝર્વ્ડ ફોરેસ્ટમાં કુરકુડેની લાશ શોધી કાઢેલી. છેદીની ઑફિસમાં પાછા ફરતાં પહેલાં રાધિકાએ હત્યાસ્થળે જઈને પોતાની રીતે તપાસ કરી લીધી.

'મિસ્ટર સૈની, વૅરી સૉરી, તમને અપરાધી ગણીને અમે બહુ મોટી ભૂલ કરી બેઠા.' રાધિકાએ નિખાલસતાભેર પોતાની ભૂલ કબૂલીને માફી માંગી.

'તમે તો તમારી જવાબદારી નિભાવતા હતા. ઇન્સ્પેક્ટર! ભૂલ તો હું પણ કરી બેઠો, દુશ્મનને ઓળખવામાં!' સૈની બોલ્યો. કોઈને કયા મોઢે કહી શકવાનો હતો કે, છેલ્લા થોડા દિવસોથી એ પ્રિયાના પ્રેમમાં પડવા લાગેલો?

'હવે શું કરશું?' રાઠોડે પૂછ્યું.

'ચાર જણની હત્યા કરનારાને ગમે તેમ કરીને પકડી લઈશું. અત્યારે તો જોકે મને એટલી જ ખબર છે કે, બદમાશો કૈલાસ પર્વત જવા માટે નીકળ્યાં છે.' રાધિકા બોલી.

'મૂર્ખ,' સૈની બબડ્યો.

'શું?' રાધિકા ભડકી ગઈ. પણ પછી એને તરત ખ્યાલ આવ્યો કે સૈનીની નજર પાછળ સ્ક્રીન પર હતી.

'હું ખરેખર મૂરખ છું. દીવા જેવું સ્પષ્ટ છે તોયે મને દેખાયું નહીં.' સૈની હવે મોટે અવાજે બોલ્યો.

'વાર્શનીની કોડલેંગ્વેજ ઉકેલાઈ ગઈ?' છેદીએ ઉત્કંઠાભેર પૂછ્યું.

'સાવ સહેલું છે. આખીયે ચિઠ્ઠીને ઊંધેથી વાંચી જુઓ. વચ્ચેના પૂર્ણવિરામ, અલ્પવિરામ વગેરે પર ધ્યાન નહીં આપતા અને દરેક લીટી જમણેથી ડાબે વાંચજો.'

થોડી વારમાં વાર્શનીએ, સૈનીને લખેલો સંદેશ, બધાંની નજર સમક્ષ હતો.

Redraw numeral swastika, smart but stressed pupils! Keep stats, no animal parts, X on left-top at tip. Lived, laid, relaid in X. Kalash or Kailash it is? Raja surrender. Six are tips in a star. And blue water beside. Shankar elated.

'ચાલો, મૅસેજ તો વાંચી લીધો. પણ એનો અર્થ કોઈને સમજાય છે?' રાધિકા

બોલી.

'હા. મને બરાબર સમજાય છે.' સૈનીનો ચહેરો હસુહસુ થઈ ગયો.

૬૧

હસ્તિનાપુર પહોંચીને મેં મારો ઉતારો વિદુરને ઘેર રાખ્યો. બીજે દિવસે હું અંધ ધૃતરાષ્ટ્ર અને એના પુત્રોને મળવા ગયો. દુર્યોધન ગર્વભેર બોલ્યો, 'મેં ઇન્દ્રપ્રસ્થનું શાસન બહુ સારી રીતે કર્યું છે. પાંડવોએ પાછા આવવાની જરૂર નથી.'

મેં કહ્યું કે દુર્યોધને રાજ્યનું સંચાલન સારી રીતે કર્યું કે નહીં; એની ચર્ચા અસ્થાને હતી. આપેલું વચન પાળવું પડે. તેર વર્ષ પછી પાંડવોને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય પાછું આપવાનું જ હતું. પાડવોએ એમનું વચન પાળ્યું. હવે વચનપાલનનો વારો કૌરવોનો હતો. દુર્યોધને સ્પષ્ટ નકાર ભણી દીધો. મેં સમાધાન માટે પ્રયાસ કર્યો. કહ્યું કે, વધુ નહીં તો માત્ર પાંચ ગામ આપી દો. સુખશાંતિ જાળવવા માટે પાંડવો આટલું યે સ્વીકારી લેશે. પણ દુર્યોધન ટસનો મસ ન થયો. પાંડવોને હું સોયની અણી જેટલી ભૂમિ પણ નહીં આપું, એણે ગર્જના કરી.

'તો પછી કુરુક્ષેત્રમાં યુદ્ધ માટે તૈયાર થઈ જજો. વચનભંગ કરીને તમે અધર્મનું આચરણ કર્યું છે.' મેં કહ્યું.

રોષે ભરાયેલા કમઅક્કલ દુર્યોધને મને બંદી બનાવવાનો આદેશ આપ્યો. પણ મેં વિશાળરૂપ ધારણ કરીને સહુને ભયભીત કરી દીધા. યુદ્ધ હવે તો અનિવાર્ય હતું.

'કોયડાનો જવાબ વેદિક ગણિતમાં છે.' સૈની બોલ્યો. 'ભારતના પ્રાચીન ગણિતજ્ઞોએ જાદુઈ ગણાતા ચતુષ્કોણની શોધ કરેલી.' આવું કહીને સૈનીએ કાગળ પર ચિત્ર દોરીને બધાંને બતાવ્યું.

				15	
	8	1	6	15	
	3	5	7	15	
	4	9	2	15	
	15	15	15	15	


આમાં ઊભી કે આડી, કોઈપણ લીટીમાં લખેલા અંકોનો સરવાળો ૧૫ થાય છે. ચતુષ્કોણની વચ્ચોવચ રહેલો અંક, એની ફરતેના આઠ અંકથી ઘેરાયો છે. બીજા શબ્દોમાં

કહીએ તો આ ચતુષ્કોણ આઠ દિશા ધરાવતા બ્રહ્માંડનું પ્રતીક છે. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ માનતા હતા કે શૂન્ય કંઈ નથી. આરંભ એકથી થાય છે અને આઠમાં બધું સમાઈ જાય છે. ૧૮, ૧૦૮, ૧૦૦૮... આઠનો અંક સર્વોચ્ચ છે. એટલે જ કૃષ્ણ, દેવકીનું આઠમું સંતાન હતા. વિષ્ણુનો એ આઠમો અવતાર હતા. એમનો જન્મ રોહિણી નક્ષત્રમાં આઠમે દિવસે થયેલો.

રૂમમાં હાજર બધાં ધ્યાનથી સાંભળી રહ્યા. 'જાદુઈ ચતુષ્કોણની બીજી એક ખૂબી એ છે કે, એમાંથી માત્ર જેનો સરવાળો પચીસ થાય, એવા નાના ચતુષ્કોણને ગોઠવો તો એમાંથી સ્વસ્તિકનો આકાર મળશે.' આવું કહીને સૈનીએ કાગળ પર બીજું ચિત્ર દોર્યું.

	25					
	8		1		6	25
	3		5		7	
25	4		9		2	
					25	

'સ્વસ્તિક કે ચતુષ્કોણના મધ્યમાં પાંચનો અંક છે. પાંચ સમાન બાજુ ધરાવતા આકારને આપણે પંચકોણ કે પેન્ટાગોન કહીએ છીએ. અને મોટું જાદુ હવે જુઓ. પેન્ટાગોનનો દરેક અંદરનો ખૂણો ૧૦૮ ડિગ્રીનો છે.' કહીને સૈનીએ વધુ એક આકાર દોર્યો.



અને વાત આગળ ચલાવી. જાદુઈ ચતુષ્કોણના કેન્દ્રમાં પાંચ છે. મહાભારતના કેન્દ્રમાં પાંચ પાંડવ હતા. દ્રૌપદી અને એની પહેલાં યયાતિને પાંચ સંતાન હંતા. ભીષ્મના રથ પર જે ધ્વજ હતો. એમાં પાંચ તારા હતા. કૃષ્ણએ દુર્યોધન પાસે પાંડવો માટે પાંચ ગામની માગણી કરેલી. હિન્દુ પૂજાવિધિમાં પંચામૃત હોય છે. અમેરિકાએ પણ કદાચ એટલે જ એમના મોસ્ટ ઇમ્પૉર્ટન્ટ વૉર હેડક્વોર્ટરનું નામ પૅન્ટાગોન રાખ્યું હશે.' સૈની લુચ્ચું હસ્યો.

'અને યાદવોના જે પાંચ ઉત્તરાધિકારી હતા, વાર્શની, ભોજરાજ, કુરકુડે, સૈની અને છેદી. એમાંથી ત્રણ મરી ગયા છે.' છેદીએ ગણગણાટ કર્યો.

એને અવગણીને રાધિકાએ પૂછ્યું, 'પણ આ બધાને વાર્શનીની નોંધ સાથે શું

સંબંધ?'

'વાર્શની એક ચોક્કસ અંક તરફ આપણું ધ્યાન દોરવા માંગે છે. ચાર સીલ ભેગાં કરીને આપણને સ્વસ્તિકનો આકાર મળ્યો. બરાબર?'

'હા.'

'હવે વાર્શનીનું લખાણ ફરીથી વાંચીએ. 'Redraw numeral swastika ...' અર્થાત સ્વસ્તિકને ધર્મિક નહીં, પણ ગણિતશાસ્ત્રની નજરે જુઓ. પ્રાણીઓન ચિત્ર નહીં પણ માત્ર ગણિતના અંક પર ધ્યાન આપો. ' X on top-left tip at , એટલે કે સ્વસ્તિકની ઉપરના, ડાબા છેડે, છેલ્લા X ની જગ્યાએ આઠ છે. Lived laid, relaid in X X ની જગ્યાએ આઠ ધારી લઈએ તો, વાર્શની શું કહેવા માંગે છે?'

'વિષ્ણુના અવતાર?' છેદી બોલ્યા. 'કૃષ્ણ, વિષ્ણુનો આઠમો અવતાર હતા.'

'સાચું. પણ વિષ્ણુના કુલ દસ અવતાર મનાય છે. અને દસમો અવતાર હજી જન્મ્યો નથી. ના, વાર્શની કોઈ ચોક્કસ સ્થળની વાત કરે છે. અને મને અત્યારે એક જ જગ્યાનું નામ સૂઝે છે, સોમનાથ!' સૈની બોલ્યો.

હસ્તિનાપુર છોડતાં પહેલાં હું કર્ણને મળવા ગયો. મેં એને સમજાવવાનો પ્રયાસ કર્યો. 'તેં એવા માણસને સાથ આપ્યો છે, જેને પોતાના વચનની કિંમત નથી. કર્ણ, તેં હંમેશાં ધર્મનું આચરણ કર્યું છે. તું દુર્યોધનને શું કામ છોડી નથી દેતો? તારા વિના યુદ્ધ કરવાનો વિચાર એ પડતો મૂકી દેશે.'
આદરપૂર્વક મારી વાત સાંભળીને કર્ણએ કહ્યું કે, 'આખી દુનિયાએ મને તરછોડ્યો, ત્યારે માત્ર દુર્યોધન મારી પડખે ઊભો રહ્યો હતો. હવે આપત્તિકાળમાં હું કઈ રીતે દુર્યોધનનો દ્રોહ કરી શકું?'
યુદ્ધ ટાળવાના છેલ્લા પ્રયાસ તરીકે મેં કર્ણ સામે સત્ય જાહેર કર્યું.'તું પાંડવ છે. સહુથી મોટો ભાઈ હોવાને નાતે પાંડવોની રાજગાદી અને દ્રૌપદી પર પહેલો હક તારો રહેશે.'
કર્ણ જાણતો હતો કે મેં એને સાચું કહેલું. પરંતુ એ મક્કમ રહ્યો. 'એકવાર આપેલું વચન ફોક ન થાય. જીવનના છેલ્લા શ્વાસ સુધી મેં દુર્યોધનને વફાદાર રહેવાનું વચન આપ્યું છે. એના પાલન માટે હવે સગા ભાઈઓ સાથે યુદ્ધ કરવું પડે, તોયે મને મંજૂર છે.'

'હું માનતી હતી કે સ્વસ્તિક, કૈલાસ પર્વત તરફ આંગળી ચીંધે છે. હવે સોમનાથ એમાં ક્યાં વચ્ચે આવ્યું?' રાધિકાએ પૂછ્યું.

'સોમનાથ મંદિર આઠ વાર બંધાયું અને નાશ પામ્યું. કૃષ્ણના સમયમાં સોમનાથ, પ્રભાસ પાટણ તરીકે ઓળખાતું હતું. અને આ સ્થળે જ એમણે અંતિમ શ્વાસ લીધા હોવાનું કહેવાય છે. એવી માન્યતા છે કે સોમનાથનું પહેલું મંદિર ખુદ સોમ, એટલે કે ચંદ્રએ સુવર્ણમાંથી બનાવેલું. એ પછી રાવણે ચાંદીથી અને ત્રીજીવાર કૃષ્ણએ ચંદનના લાકડામાંથી મંદિરનું નિર્માણ કર્યું. આ જોકે દંતકથાઓ છે, એના કોઈ પુરાવા નથી. પણ સત્તાવાર ઇતિહાસ જોઈએ તો અત્યારના સોમનાથની જગ્યાએ અણહિલવાડના રાજા ભીમદેવે, પ્રથમ સોમનાથ મંદિર પથ્થરમાંથી બનાવડાવેલું. એ પછી સાતમી સદીમાં યાદવકુળના વલ્લભ શાસકોએ એનું પુનર્નિર્માણ કર્યું. પણ વર્ષ ૭૨૫માં સિંધના આરબ સૂબા જુનૈદે સેના મોકલીને મંદિર તોડી પડાંવ્યું. નવમી સદીમાં પ્રતિહાર નરેશ, નાગભટ બીજાએ લાલ પથ્થરમાંથી સોમનાથનું નવું મંદિર બંધાવ્યું, પણ અફઘાનિસ્તાનથી થર રણ પસાર કરીને આવેલા મહમ્મદ ગઝનીએ ૧૦૨૪ની સાલમાં એના પર આક્રમણ કરીને અંદરનો ખજાનો લૂંટી લીધો અને શિવલિંગ પણ ભાંગી નાખ્યું. એ પછી માલવના ભોજ અને અણહિલવાડના ભીમદેવે ચોથીવાર એ સ્થળે મંદિર બંધાવ્યું.'

'એ કોણે તોડી પાડ્યું?' છેદીએ પૂછ્યું.

'કોઈએ નહીં. પણ લાકડામાંથી બનેલા મંદિર પર સમય અને હવામાનની અસર તો થાય ને! પછી પાલીના રાજા કુમારપાળે ત્યાં પથ્થરનું, પાંચમું મંદિર બનાવ્યું. કમનસીબે ઈ.સ. ૧૨૯૬માં અફઘાનના તુર્કી સુલતાન અલાઉદ્દીન ખીલજીએ સોમનાથ પર હુમલો કર્યો. એવું કહેવાય છે કે એ યુદ્ધમાં પરાજિત થઈને ગુજરાતના રાજા કરણે ભાગવું પડ્યું.

અને પાછળ રહી ગયેલા પચાસ હજાર લોકોને 'કાફર' ગણીને મૃત્યુદંડ અપાયો. દિલ્હીનો સુલતાન અહીંથી વીસ હજાર લોકોને ગુલામ તરીકે લઈ ગયો. એ પછી ૧૪મી સદીમાં સૌરાષ્ટ્રના ચુડાસમા વંશના રાજા મહિપાલ દેવે છઠ્ઠીવાર સોમનાથ મંદિર બંધાવ્યું. અને, લગભગ પંદર વર્ષ પછી એના પુત્ર ખેંગારે, અંદર શિવલિંગની સ્થાપના કરી.'

'એનું શું થયું?' રાઠોડે પૂછ્યું.

'૧૩૭૫માં ગુજરાતના સુલતાન મુઝફ્ફર શાહ પહેલાએ, અને પછી ૧૪૫૧માં મહમ્મદ બૅગડાએ સોમનાથ પર ત્રાટકીને લૂંટ ચલાવી. અંતિમ ફટકો ૧૭૦૧માં પડ્યો. મુગલ બાદશાહ ઔરંગઝેબે મંદિરની જગ્યાએ મસ્જિદ બંધાવી. એના એંસી વર્ષ પછી પૂનાના પેશ્વા, નાગપુરના રાજા ભોંસલે, કોલ્હાપુરના છત્રપતિ ભોંસલે, ઈન્દોરનાં રાણી અહલ્યાબાઈ હોલકર અને ગ્વાલિયરના પાટીલબુવા શિંદેએ ભેગાં મળીને સાતમી વાર સોમનાથ મંદિર બંધાવ્યું.'

'અને આઠમું?' રાધિકાએ પૂછ્યું.

'એ પછી ૧૬૦ વર્ષ વીતી ગયાં. સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે, મૂળ સ્થાન પર સોમનાથ મંદિરના નવનિર્માણનો સંકલ્પ કર્યો. મસ્જિદ બાજુમાં ખસેડાઈ. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉક્ટર રાજેન્દ્રપ્રસાદના હાથે ૧૧ મે, ૧૯૫૧ના દિવસે અહીં પ્રાણપ્રતિષ્ઠા થઈ. અત્યારે જે છે, એ આઠમીવાર બંધાયેલું સોમનાથ મંદિર છે. વાર્શની કદાચ એ કહેવા માંગતા હતા કે, આપણે સોમનાથ મંદિરે જઈને શોધ કરવાની છે.' સૈની બોલ્યો.

'હું કંઈ કહું?' છેદીએ ખચકાતા અવાજે પૂછ્યું.

'બોલોને!'

'કૈલાસ પર્વત, માનસરોવરની ઉપર છે. ગયા વર્ષે હું ત્યાં ગયેલો. એક જમાનામાં ત્યાં સરોવરની ફરતે આઠ મઠ હતા. તિબેટ પર હુમલો કરતી વેળાએ ચીની સેનાએ આમાંથી મોટાભાગના બાંધકામ તોડી પાડ્યાં. પરંતુ હવે એનું પુનઃનિર્માણ શરૂ થયું છે. વાર્શનીએ એના લખાણમાં કૈલાસ પર્વત પરના આ આઠ મઠનો ઉલ્લેખ કર્યો હોય, એવુંયે શક્ય છે ને?'

'ડમ્પી, તારી વાત વિચારવા જેવી છે કાં સોમનાથ, કાં કૈલાસ પર્વત!' સૈની થોડું વિચારીને બોલ્યો. 'હકીકતમાં વાર્શનીએ પણ આ બે જગ્યાનો ઉલ્લેખ કર્યો છે. કળશ કે કૈલાશ? એની નોંધમાં લખ્યું છે.'

'કૈલાસ તો સમજ્યા, પણ કળશ એટલે શું?' છેદીએ પૂછ્યું.

'કોઈપણ શિવમંદિરની જેમ સોમનાથ મંદિરની ટોચે ધાતુનો કળશ છે. વાર્શનીને અને હવે આપણને જે રહસ્યની શોધ છે, એ કાં સોમનાથમાં અને કાં કૈલાસ પર્વત પર જ છે.' સૈનીએ દૃઢતાપૂર્વક કહ્યું.



'પણ વાર્શનીએ, એના લખાણમાં ' Raja surrender ' , એટલે કે રાજાએ શરણાગતિ સ્વીકારી, એવું લખ્યું છે. એનો અર્થ શું થાય?' રાધિકાએ પૂછ્યું.

'કદાચ એ સોમનાથ મંદિર પર થયેલાં સહુથી ભયાનક આક્રમણ અને મહમ્મદ ગઝનીની વાત કરે છે.' સૈનીએ જવાબ આપ્યો.

કર્ણ ભલે દુર્યોધનને સંપૂર્ણપણે વફાદાર હોય, પરંતુ કૌરવોની છાવણીમાં ઘણીવાર એણે માનહાનિ સહેવી પડતી. કારણ કે એનો જન્મ નીચા કુળમાં થયો હોવાનું મનાતું હતું. કર્ણએ જ્યારે યુદ્ધમાં દુર્યોધનનો વિજય થશે એવી ખાતરી આપી, ત્યારે ભીષ્મએ એની મશ્કરી કરતાં કહ્યું, 'તમે ચાર જણ પાંડવોની પાછળ ગયા, ત્યારે ગાંધર્વોના હાથમાંથી તું દુર્યોધનને નહોતો છોડાવી શક્યો. એ કામ પાંડવોએ કરેલું. અને વિરાટના રાજ્ય પર આક્રમણ કર્યું, ત્યારે અર્જુને તમને કેટલી સહેલાઈથી ધૂળ ચાટતા કરી મૂકેલા, એ ભૂલી ગયો?'

રોષે ભરાયેલા કર્ણએ ભીષ્મને સુણાવ્યું, 'તમે જીવનમાં કોઈ સિદ્ધિ નથી મેળવી. અરે લગ્ન કરીને એક સ્ત્રીને પણ ઘરમાં લઈ આવવાની હિંમત તમારામાં નથી. તમારા નેતૃત્વ હેઠળ હું ક્યારેય નહીં લડું.' ભીષ્મએ કહ્યું કે, 'બહુ સારું, તારા જેવી વ્યક્તિ મારી સેનામાં ન હોય, એમ જ હું તો ઇચ્છું.' આ બધી વાતો મારા કાને પહોંચી. મેં આશ્વાસન લીધું કે કૌરવપક્ષે પડેલી આ બધી ફાટફૂટથી છેવટે પાંડવોને ફાયદો થશે.

'ઝકરિયા બિન મુહમ્મદ બિન મહમુદ નામના પર્શિયન પ્રવાસીએ લખ્યું છે કે સોમનાથના ચરણે દસ હજાર ગામની ભેટ ચઢાવાયેલી, રોજ એક હજાર બ્રાહ્મણો અહીં જે શિવલિંગની પૂજા કરતા હતા, એ ઉપર કે નીચેના, કોઈપણ આધાર કે સાંકળ વિના હવામાં તરતું હતું. રોજ સવારે ગંગા નદીના લાવેલા પાણીથી મંદિર ધોવાતું હતું. પાંચસો સુંદરીઓ અહીં નૃત્ય કરતી હતી. મંદિરના ખજાનામાં વીસ હજાર દિનારથી વધુ મૂલ્યની ચીજવસ્તુઓ હતી. ઈ.સ. ૧૦૨૫માં સુલતાન યામીન-ઉદ દૌલા મહમુદે સોમનાથ પર આક્રમણ કરીને શિવલિંગ ભાગી નાખ્યું અને એના ટુકડા પોતાની સાથે ગઝની લઈ ગયો. ત્યાં નવી બંધાઈ રહેલી જામિયા મસ્જિદના પગથિયામાં એણે શિવલિંગના ટુકડા જડાવ્યા, જેથી લોકોના પગ એના પર પડે. સોમનાથ બચાવવા માટે જે રજપૂતોએ યુદ્ધ કર્યું, એમાં નેવું વર્ષના રાજા બ્રહ્મદેવ પણ હતા, પરંતુ છેવટે એમણે પરાજ્ય સ્વીકારવો પડ્યો.' સૈનીએ વાર્શનીની ચિઠ્ઠીમાં લખેલા વાક્ય ' Raja Surrenders ' નો અર્થ સમજાવ્યો.'

'સૉરી, પરંતુ આ વાક્ય કૈલાસ પર્વતને પણ લાગુ પડે છે.' છેદીએ હળવેથી કહ્યું.

યુદ્ધની ઘોષણા થતાંની સાથે દેશદેશાવરથી રાજાઓ એમની સેનાની સાથે કુરુક્ષેત્રમાં આવવા લાગ્યા. કોઈ પાંડવોના પક્ષે હતા, તો કોઈ કૌરવોના. અને કોઈ વળી મદ્રના રાજવી શલ્યની જેમ ભૂલથી, અણગમતા પક્ષને ટેકો આપી બેઠેલા.
એમાં થયું એવું કે, પાંડવોના મામા થતા શલ્ય, એમને સહાય કરવાના હેતુ સાથે કુરુક્ષેત્ર આવ્યા. રસ્તામાં એમના માણસો અને પ્રાણીઓ માટે રહેવાનો, ખાવાપીવાનો જે બંદોબસ્ત થયેલો, એ જોઈને શલ્ય પ્રસન્ન થઈ ગયા. પણ છેલ્લે ખબર પડી કે, આ બધી સગવડ તો એમના માટે કૌરવોએ કરેલી. જેનું આતિથ્ય માણ્યું હોય, એના શત્રુઓને હવે કઈ રીતે ટેકો આપી શકાય? ધર્મસંકટમાં પડી ગયેલો શલ્ય મારી પાસે દોડી આવ્યો. મેં એને શાંત પાડતાં કહ્યું, 'જાતને દોષ આપવાનો અર્થ નથી. તમતમારે કૌરવ વતી લડજો. પણ યુદ્ધમાં એક તબક્કે એ લોકો તમને કર્ણનો રથ હંકારવાની જવાબદારી સોંપશે. એ વખતે તમે સતત અર્જુનના વખાણ કરીને કર્ણનું મનોબળ તોડી નાખજો. અમને મોટી સહાય થશે.'

'કૈલાસપર્વત, અત્યારે તિબેટ તરીકે ઓળખાતા પ્રદેશમાં છે. ચીને જ્યારે તિબેટ કબજે કર્યું, ત્યારે ત્યાં શાસન કરતા દલાઈ લામાએ ભાગીને, ભારતમાં આશરો લીધો. આ પણ રાજાએ શરણાગતિ સ્વીકારી એમ કહી શકાય ને!' છેદીએ પોતાની થિયરી રજૂ કરી.


'હં, હવે વાર્શનીએ લખેલું બીજું વાક્ય જોઈએ. Six are tips in a star , અર્થાત તારાના છ ખૂણા છે.' રાઠોડને હવે મજા આવવા લાગેલી.

સૈની પાસે આનો ખુલાસો તૈયાર હતો. 'સોમનાથના મૂળ દરવાજા પર છ ખૂણાના તારાનું ચિહ્ન હતું. ગઝની આખેઆખો દરવાજો અહીંથી ઉપાડી ગયો. એના મૃત્યુ પછી આ દરવાજો એના મકબરાનો એક હિસ્સો બન્યો.



'આ તારો કોઈ ખાસ વસ્તુનું પ્રતીક છે?' રાઠોડે પૂછ્યું.

'સીધો, અને ઊંધો ત્રિકોણ, શિવ અને શક્તિનાં પ્રતીક છે. એમનો સંયોગ ફળદ્રુપતા સૂચવે છે. વેદિક પ્રજા સ્થળાંતર કરતી વખતે, એમની સાથે આ ચિહ્ન સુમેરિયા લઈ ગઈ. ત્યાં જુડાઈઝમ એટલે કે યહૂદી ધર્મના સ્થાપક અબ્રાહમનો જન્મ થયો. પાછળથી એણે આ તારાને 'સ્ટાર ઑફ ડેવિડ'ના નામે પોતાના ધર્મના પ્રતીક તરીકે અપનાવ્યો.' સૈનીએ જવાબ આપ્યો.



'પરંતુ આ છ ખૂણાનો તારો કૈલાસ પર્વત પણ સૂચવે છે. કૈલાસ, કમળની પાંદડી જેવી છ પર્વતમાળાથી ઘેરાયેલું છે. આ પર્વતમાળાઓ પાર્વતી અને કૈલાસ શિવના પ્રજનન અંગેનાં પ્રતીક ગણાય છે.' સૈનીએ ઉમેર્યું.

'અને હવે, છેલ્લી બે લીટી' રાધિકાએ સ્ક્રીન તરફ જોતાં કહ્યું, ' And blue water beside ' અને ' Shankar elated '!

સોમનાથ દરિયાકિનારે છે. અને કૈલાસ પર્વત પાસે બે તળાવ છે માનસરોવર અને રક્ષાસ્તલ. શંકર તો બંને જગ્યાએ છે. ખબર નથી પડતી કે વાર્શની સોમનાથની વાત કરે છે કે કૈલાસની.' સૈની બોલ્યો.

'તો આપણે ક્યાં જવું જોઈએ?' રાધિકાએ મુદ્દાનો સવાલ પૂછ્યો.

'મને લાગે છે આપણે બે ટુકડી પાડીને બંને સ્થળ પર પહોંચવું જોઈએ.' સૈનીએ સૂચન કર્યું.

મેં યુધિષ્ઠિરને સલાહ આપી કે જે પણ વ્યક્તિને દુર્યોધનનું આચરણ અધર્મી લાગતું હોય, એમને યુદ્ધમાં પાંડવોના પક્ષમાં જોડાવાનું ખુલ્લું આમંત્રણ છે, એવી ઘોષણા કરવી જોઈએ.
કૌરવબંધુઓમાં વિકર્ણ અને યુયુત્સુ, આ બે જણ દુર્યોધન સાથે સહમત નહોતા. ભરી સભામાં દ્રૌપદીનું ચીરહરણ થયું, ત્યારે એમણે શરમથી માથાં ઝૂકાવી દીધેલાં. યુદ્ધમાં યુયુત્સુએ પાંડવોના પક્ષે રહેવાનો નિર્ણય કર્યો. દુર્યોધનનો વિરોધી હોવા છતાં ભાઈના નાતે વિકર્ણ, કૌરવો સાથે જ રહ્યો. મહાભારતના યુદ્ધમાં ભીમે અંતે બધાંય કૌરવોને મારી નાખ્યા, પણ વિકર્ણને મારવાનું સહુથી વધુ કઠિન પુરવાર થયું.
મારા યાદવોમાં પણ તડાં પડી ગયાં. કૃતવર્માના નેતૃત્વ હેઠળની સેના, કૌરવોને પક્ષે લડવા ગઈ. પણ સાત્યકિ પાંડવોની સાથે રહ્યો. માત્ર એક યાદવની સ્થિતિ છેલ્લી ઘડી સુધી અનિશ્ચિત રહી અને એ હતો હું! પાંડવ અને કૌરવ, બંને પક્ષ મારો સાથ માંગતા હતા, પણ બેઉ પક્ષે કારણો જુદાં હતાં.

સર ખાનની લાગવગ દેશની બહાર સુધી પહોંચતી હતી. પ્રિયા અને તારક આરામથી સરહદ ઓળંગીને નેપાલગંજ પહોંચી ગયાં. અહીંથી એક નાનું ઍરક્રાફ્ટ એમને સીમીકોટ લઈ ગયું. ત્યાંથી બીજા હેલિકૉપ્ટરમાં એ લોકો ચીન-નેપાળની બોર્ડર પર આવેલા હિલ્સા પહોંચ્યાં. અહીં એક મિલિટરીમૅન એમની સાથે જોડાયો. કાફલાને એ ફ્રેન્ડશિપ બ્રીજ ઓળંગીને બોર્ડર ચેકપોસ્ટ પર લઈ ગયો. ત્યાંથી બુરાંગ જવા માટે લૅન્ડ ક્રુઝર તૈયાર હતી.

ઊંચાણ પર પહોંચ્યા બાદ ઊલટી કે ચક્કર આવવાની ફરિયાદ ન થાય, એટલે ગાઇડે પ્રિયા અને તારકને જરૂરી દવા આપી દીધી. સતત પ્રવાસ કરીને થાકેલી પ્રિયાએ, બુરાંગમાં રાતવાસો કરવા માટેનું ગાઇડનું સૂચન સ્વીકારી લીધું.

બીજી સવારે સીધો સપાટ ચાઇનીઝ હાઇવે એમને બુરાંગથી દારચેન ભણી દોરી ગયો. આગળની મુસાફરી ઘોડા પર કરવાની હતી. પરંતુ એમના કમનસીબે, સમાચાર આવ્યા કે ધર્માલા નજીક પુષ્કળ હિમવર્ષા થયેલી અને રસ્તો બંધ થઈ ગયેલો. કચવાતા મને એ દારચેન પાછાં આવ્યાં. હવામાન સુધરે એની રાહ જોવા સિવાય, અહીં બીજું કંઈ કામ નહોતું. પથારીમાં પડ્યાપડ્યા પ્રિયાને એ દિવસ યાદ આવી ગયો, જ્યારે સર ખાન સાથે પહેલીવાર એની મુલાકાત થયેલી.

'સર ખાન તને મળવા માંગે છે' એક સવારે બ્રૅકફાસ્ટ ટેબલ પર સંજય રત્નાનીએ ઉચ્ચારેલા આ શબ્દો સાંભળીને પ્રિયાને આશ્ચર્યનો ધક્કો લાગેલો. વર્ષો સુધી પિતાએ એને આ માણસથી અને કામકાજથી દૂર રાખવાનું પસંદ કરેલું.

'એમને તારી સાથે કોઈ મહત્ત્વની ચર્ચા કરવી છે.' આટલું જ કહીને રત્નાની, પ્રિયાને બાન્દ્રાના પાલીહિલ વિસ્તારમાં આવેલા ખાનના વૈભવી નિવાસસ્થાને લઈ ગયા.

ટાલિયા માથા પર હેટ, કાંડે મોંઘીદાટ ઇમ્પોર્ટેડ રિસ્ટવૉચ, સફેદ શર્ટના ખિસ્સામાં હીરાજડિત પેન, મોઢામાં ધુમાડા કાઢી રહેલી સિગાર... સર ખાનનો દેખાવ ખરેખર કોઈ મોટા માફિયા ડૉનને શોભે એવો હતો. મહેલ જેવા ઘરમાં પ્રિયાને આવકારીને એણે વાત માંડી.

'તારા પિતાજી જાણે છે કે હું પ્રાચીન કલાકૃતિઓના વેપાર સાથે સંકળાયેલો છું. તાજેતરમાં મેં કિંમતી રત્નોથી જડેલું એક લોઢાનું પતરું ખરીદ્યું છે. કહેવાય છે કે મહમ્મદ ગઝનીએ સોમનાથ મંદિરનો નાશ કર્યો, એ પહેલાં આ પતરું, મંદિરના એક થાંભલા પર જડાયેલું હતું.

'લોખંડનો થાંભલો?' પ્રિયાએ આશ્ચર્યથી પૂછ્યું.

'મને પણ એ જ સવાલ થાય છે. બધાં જાણે છે કે સોમનાથનું મંદિર અત્યંત સમૃદ્ધ હતું. એમાંનું શિવલિંગ હવામાં તરતું હતું, એ કોઈ ચમત્કાર નહીં, પણ એન્જિનિયરીંગની કમાલ હતી. લિંગની ઉપરની છતમાં મૅગ્નેટિક ગુણ ધરાવતી ધાતુનો ઉપયોગ થયેલો. જે શિવલિંગને જમીનથી અદ્ધર અને છતથી નીચે રાખવાનું કામ કરતી હતી. મંદિરના થાંભલા સાગના લાકડામાંથી બનેલા અને એના પર લોખંડનું પ્લેટિંગ થયેલું. એના પર રત્નો જડાયેલા એનો જ આ એક ટુકડો છે.' ખાને પ્રિયાના હાથમાં એ પ્રાચીન જણસ મૂકતાં કહ્યું, 'પણ હવે પ્રશ્ન એ છે કે, જે મંદિરમાં ઘંટ અને સાંકળો પણ સોનાનાં હતાં, જેના પર કિંમતી માણેક જડાયેલા એ થાંભલા સોનાને બદલે લોખંડના શું કામ?'

પ્રિયા પાસે જવાબ નહોતો. અને ખાનને એની વાતમાં કોઈ વિક્ષેપ પાડે એ આમેય પસંદ નહોતું. એણે આગળ ચલાવ્યું, 'જૂનાં લખાણો કહે છે કે, સોમનાથ મંદિરમાં છપ્પન સુવર્ણસ્તંભ હતા. અને જુદા જુદા શિવપૂજક રાજાઓએ એના પર હીરા, માણેક જેવા કિંમતી રત્નોનું જડતર કરાવેલું. પણ પછી ગજનીના આક્રમણનું વર્ણન વાંચીએ તો એમાં લખ્યું છે કે, મંદિરમાં છપ્પન લોહસ્તંભ હતા, તો પેલા સોનાના થાંભલા ક્યાં ગયા?'

પ્રિયા ખચકાઈને બોલી, 'કદાચ નવમી અને અગિયારમી સદીની વચ્ચે કોઈ રાજાએ સોનાના થાંભલા કાઢીને ત્યાં લોઢાથી બાંધકામ કરાવ્યું હશે.'

'એ શક્ય નથી. સોમનાથ એ સમયગાળામાં સમૃદ્ધિ અને જાહોજલાલીની ટોચે હતું. કોઈ શું કામ એનું સોનું કાઢીને લોખંડ ભરે? અરે, સોમનાથની શ્રીમંતાઈ વિશે સાંભળીને તો ગઝનીએ એના પર આક્રમણ કરેલું.'

'તો બીજું શું કારણ હોઈ શકે?' પ્રિયા ગૂંચવાઈને બોલી.

'તેં 'ન્યુક્લિયર ટ્રાન્સમ્યુટેશન' વિશે સાંભળ્યું છે?' સર ખાને પૂછ્યું.

અર્જુન અને દુર્યોધન, બેઉ જણ એક જ સમયે, મને પોતાના પક્ષે ખેંચવા માટે દ્વારકામાં આવી પહોંચ્યા. દુર્યોધન આવ્યો ત્યારે હું સૂતો હતો. એણે મારા માથા પાસે આસન ગ્રહણ કર્યું એના પછી આવેલો અર્જુન મારા પગ પાસે બેઠો .

ઊંઘમાંથી જાગ્યો, ત્યારે મારી નજર પહેલા અર્જુન પર પડી. 'બોલ શું જોઈએ છે?' મેં એને પૂછ્યું. દુર્યોધન અકળાયો, પણ મેં એને કહી દીધું કે, જેના પર મારી પહેલી નજર પડી, એને પહેલી માગણી કરવાનો હક હતો.

'હું કે મારુ સૈન્ય, બેમાંથી તને શું જોઈએ છે?' મેં અર્જુનને પૂછ્યું.

'અર્જુને સહેજ પણ ખચકાયા વિના કહી દીધું, 'કૃષ્ણ, મને તો માત્ર તમારી જરૂર છે.' અર્જુનને મારા સૈનિકો નહીં, પણ મારી ચતુરાઈ અને વ્યૂહરચના પર વિશ્વાસ હતો.

મારું સૈન્ય મેળવીને દુર્યોધન પણ રાજી થયો. પાંડવોના સાતની સામે કૌરવો પાસે હવે અગિયાર સેનાનું બળ હતું.

'ન્યૂક્લિયર શું?' પ્રિયાએ પૂછ્યું.

'ન્યૂક્લિયર ટ્રાન્સમ્યુટેશન. ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટરમાંથી મેં આ માહિતી મેળવી છે. વાંચી જો.' સર ખાને પ્રિયાના હાથમાં એક પ્રિન્ટઆઉટ પકડાવતાં કહ્યું.

'પ્રિયાએ એના પિતાની હાજરીને ધ્યાનમાં લઈને મોટે સાદે વાંચ્યું. 'ન્યુક્લિયર ટ્રાન્સમ્યુટેશન એટલે એક કેમિકલ પદાર્થનું બીજા પદાર્થમાં રૂપાંતર થવું. આ બે કારણસર થઈ શકે. કાં તો સમયની સાથે મૂળ પદાર્થના રેડિયોઍક્ટિવ ગુણધર્મો નાશ પામતા જાય અને છેવટે એ સાવ નવા પદાર્થનું રૂપ ધારણ કરે. અથવા તો ન્યુક્લિયર રિઍક્શનના પરિણામે અત્યંત ઝડપથી આવો ફેરફાર થઈ જાય.'

પ્રિયાએ સહેજ અટકીને આગળ વાંચ્યું.

'વૈજ્ઞાનિક રીતે પુરવાર થઈ ગયું છે કે ન્યૂટ્રોન બૉમ્બાર્ડમૅન્ટની મદદથી લોખંડને સોનું બનાવવાનું શક્ય છે. જોકે બીજી તરફ ન્યૂટ્રોન કેપ્ચર કે બીટા વિઘટન દ્વારા સોનાનું રૂપાંતર લોઢામાં કરવાનું વધુ સહેલું છે. આમાંથી કંઈ પણ કરવા માટે પદાર્થને બહુ લાંબા સમય સુધી ન્યુક્લિયર રિઍક્ટર એટલે કે અણુભઠ્ઠીમાં રાખવો જરૂરી છે.'

વાચન પૂરું કરીને પ્રિયાએ આશ્ચર્યથી સર ખાન સામે જોયું. 'તમે કહેવા માંગો છો કે, કોઈ ન્યુક્લિયર રિઍકશનના પરિણામે સોમનાથના થાંભલા સોનામાંથી લોઢાના થઈ ગયેલા?'

'હું નહીં, ઇતિહાસનું પાનેપાનું આવું કહે છે.' સર ખાને હાથ હલાવ્યો. 'તું જાણે છે, સોમનાથનું નિર્માણ એવા સ્થાન પર થયું છે, જયાંથી સીધા રેખાંશમાં ઍન્ટાર્કિટ્કા એટલે કે દક્ષિણ ધ્રુવ તરફ જાવ, તો વચ્ચે જમીનનો નાનો સરખો ટુકડોયે નથી આવતો. માઇલો સુધી વચ્ચે માત્ર દરિયો છે. પાણી સામે સોમનાથનું રક્ષણ કરતી દીવાલના બાણાસ્તંભ પર આ વિશે સંસ્કૃતમાં લખાણ છે. આની પાછળ મને એક જ કારણ દેખાય

છે કે, શિવલિંગમાંથી નીકળતું પાણી અણુપ્રદૂષિત હોવું જોઈએ.'

મોઢું વકાસીને બેઠેલી પ્રિયાની સામે આછું હસીને સર ખાને આગળ ચલાવ્યું, 'સહુ જાણે છે કે પાવર પ્લાન્ટ કે ન્યુક્લિયર પ્લાન્ટ, એમનું પોતાનું મેગ્નેટિક ફિલ્ડ એટલે કે ચુંબકીય વિસ્તાર ઊભો કરે છે. સોમનાથના મંદિરમાં અધ્ધર તરી રહેલું શિવલિંગ જોઈને ગઝનીના માણસો માની બેઠા કે છત પરનું ચુંબક એને પોતાની તરફ ખેંચી રહ્યું હતું. પણ હકીકતમાં એ મેગ્નેટિક છત, શિવલિંગને નીચે રાખવા માટે બની હતી. શિવલિંગ દ્વારા જે એનું પોતાનું મેગ્નેટિક ફિલ્ડ બની ગયેલું, એની વિરુદ્ધનો ધ્રુવ ઊભો કરવા એ છત બંધાઈ હતી.'

'પણ એ જમાનામાં ન્યુક્લિયર પાવર વિશે કોણ જાણતું હતું?' પ્રિયાએ પૂછ્યું.

'કેમ વળી, આપણા યોગીઓને જમીન પરથી અદ્ધર થઈને હવામાં તરતા રહેવાની સિદ્ધિ પ્રાપ્ત નહોતી? અઠંગ યોગાભ્યાસ કરીને એ લોકો પોતાના શરીરની અંદરના ઇલેક્ટ્રિક કરન્ટને જુદી દિશામાં વાળી શકતા હતા, અને એના પરિણામે જે મેગ્નેટિક ફિલ્ડ સર્જાતું હતું, તેની મદદથી એ લોકો હવામાં અદ્ધર રહી શકતા હતા. ઇજિપ્તના પિરામિડ બાંધતી વખતે, ભારેખમ શિલાઓ ઉપાડવા માટે પણ ઍકૉસ્ટિક અને ઇલેક્ટ્રોમેગ્નેટિઝમના કૉમ્બિનેશન જેવી ટૅક્નિકનો ઉપયોગ થયેલો.' સર ખાને કહ્યું.

'હં. હવામાં તોળાઈ રહેલા લોકો માત્ર કલ્પના કે ચમત્કાર નહીં, પણ એક વૈજ્ઞાનિક ઘટના જવા હતા.' પ્રિયાએ કબૂલ્યું.

'અંગ્રેજીમાં ફિલૉલૉફર્સ સ્ટૉન, અને આપણી ભાષામાં જેને પારસમણિ કહીએ છીએ, એના સ્પર્શથી મામૂલી ધાતુ સોનામાં પલટાઈ જતી હતી, એવી દંતકથા તો આપણે બધાંએ સાંભળી છે. એને અડનાર અમર થઈ જાય એવું કહેવાતું હતું. ગઝનીએ સોમનાથનું શિવલિંગ તોડીને કદાચ એવા પારસમણિનો નાશ કર્યો, એવું નથી લાગતું?'

શક્ય છે, પણ તમે આ બધું મને શું કામ કહો છો?' પ્રિયાએ પૂછ્યું.

'કારણ કે એક અતિ પ્રાચીન, અદ્‌ભુત ગણાય એવા રહસ્ય પરથી મારે પડદો ઉઠાવવો છે. અને એ માટે મને જરૂર છે, તારા જેવી ઇતિહાસની જાણકાર વ્યક્તિની!' સર ખાને છેવટે આ મિટિંગ પાછળનો હેતુ જાહેર કર્યો.

૬૭

પછી દુર્યોધન મારા મોટાભાઈ બલરામ પાસે ગયો. એમને પહેલેથી દુર્યોધન માટે કૂણી લાગણી હતી. બલરામે તો અમારી બહેન સુભદ્રાને એની સાથે પરણાવવાનું પણ નક્કી કરી નાખેલું. પરંતુ અર્જુન વચ્ચે આવીને સુભદ્રાને ઉપાડી ગયો.

'આપણો સામાજિક સંબંધ બંધાતા બંધાતા ભલે રહી ગયો, પણ બલરામ, હવે યુદ્ધમાં તો તમે અમારા પક્ષે રહો.' દુર્યોધને વિનંતી કરી.

એ જ સમયે ત્યાં પહોંચેલા ભીમે કહ્યું, 'ગુરુજી, તમે મને ગદા ચલાવતાં શીખવાડ્યું છે. અને તમે જાણો છો કે કૃષ્ણ હંમેશાં ધર્મનો પક્ષ લે છે. તમે અમને સાથ આપો.'

બલરામ થોડો વિચાર કરીને બોલ્યા, 'ભૂમિના એક ટુકડા માટે ભાઈઓ વચ્ચે આટલી કડવાશ અને રોષ? યુદ્ધનો વિચાર છોડીને એકબીજાને ગળે મળો અને બાકીનું જીવન હળીમળીને આનંદથી માણો.'

પરંતુ સામે પક્ષ, કોઈને ગળે આ વાત ઊતરી નહીં અંતે બલરામે નિર્ણય કર્યો કે, યુદ્ધમાં એ કોઈના પક્ષે નહીં રહે અને સરસ્વતી કાંઠે યાત્રા કરવા નીકળી જશે. જતાં પહેલાં એમણે પાંડવ-કૌરવોને એટલું જ કહ્યું કે, 'યુદ્ધના નીતિનિયમોનું પાલન કરજો.'

નિર્ણય લેવાઈ ગયો. એકમાં રાધિકા અને સૈની, બીજીમાં રાઠોડ અને છેદી. એવી બે ટીમ બની. પહેલી ટીમ પ્રિયા અને તારકની પાછળ કૈલાસ જશે અને બીજી ટીમે સોમનાથ જઈને શોધવાનું હતું કે વાર્શનીના ચારેય સીલ, એ સ્થાન ભણી અંગુલિનિર્દેશ કરતા હતા કે નહીં. ચાર સીલ માટે હવે એ લોકો 'ક્રિષ્ના કી' જેવો શબ્દ વાપરતા થઈ ગયેલા.

લખનૌથી નીકળેલા રાધિકા અને સૈની, બુરાંગ પહોંચ્યા, ત્યાં શેરપા દોરજી એમની રાહ જોતો હતો. એ દિવસે સગડાવા પૂર્ણિમા હતી જે દિવસે બુદ્ધનો જન્મ, કેવળજ્ઞાન અને મહાનિર્વાણ, આ ત્રણ મહત્ત્વની ઘટના બની હોવાનું તિબેટવાસીઓ માને છે. સેંકડો બૌદ્ધ તિબેટીઓ, કૈલાસની ત્રણ દિવસની પરિક્રમા પર નીકળી પડેલા. આ માનવમેદનીમાંથી પ્રિયા અને તારકને શોધવાનાં હતાં.

પહેલે દિવસે એ શોધમાં નિષ્ફળતા મળી. બીજે દિવસે એમણે નંદી પરિક્રમા તરીકે ઓળખાતા થોડા કઠિન માર્ગ પર ચાલવાનું ઠરાવ્યું. ત્યાં એમને કડકડતી ઠંડીમાં પણ શરીરે રાખ ચોળીને સાવ ઓછાં વસ્ત્રો ધારણ કરીને ચલમ ફૂંકી રહેલો સાધુ મળ્યો. 'હર હર મહાદેવ, હું જાણું છું કે તમે શેની શોધમાં નીકળ્યા છો. પણ યાદ રાખજો, પથ્થર કરતાં એને ધારણ કરનારાનું મહત્ત્વ વધુ છે.' આટલું કહીને એ ઝાડીઝાંખરામાં ગુમ થઈ ગયો. સૈની અને રાધિકા હક્કાંબક્કાં થઈને એની પાછળ તાકી રહ્યાં.

પછીના દિવસે અત્યંત સાંકડા રસ્તા પર ચાલતાં ચાલતાં રાધિકા અને સૈનીનો શ્વાસ ફૂલી ગયો. પાતળી હવા અને કપરાં ચઢાણ, એમના રોજિંદા શહેરી જીવનથી સાવ

જુદા હતા. સીલુંગ ગોમ્પાથી અષ્ટપાદ પર્વત પહોંચતાં એમને લગભગ કલાક થયો. અહીં અટકવાને બદલે એ સીલુંગ અને કૈલાસગંગા નદીના સંગમ ભણી આગળ વધ્યા. ત્યાંથી નીચે ઊતરીને ત્રણ જણનો કાફલો લિંગસિંજન પર પહોંચ્યો. અહીંની જમીન પર દેખાતી, અશ્વના પગની નિશાનીને તિબેટીઓ બહુ પવિત્ર માને છે.

દક્ષિણ કૈલાસની તળેટી સુધી પહોંચતામાં બરફ પડવાનો શરૂ થઈ ગયો. પણ હવે રોકાવાનું પાલવે તેમ નહોતું. હાંફતાં હાંફતાં એ આગળ વધતાં ગયાં એક તરફ નંદી પર્વત અને બીજી તરફ રાવણ લિંગ પર્વત અને સામે દર્શન થતાં હતાં કૈલાસનાં!

આઠ કલાક સતત ચાલીને શ્વાસ ચઢી ગયેલો, પણ યાત્રાનો સહુથી કઠિન માર્ગ તો હવે શરૂ થતો હતો. સપ્તર્ષિ ગુફા સુધીનું અડધો કિલોમીટરનું અંતર કાપવા માટે એમણે સીધા કે ઢોળાવવાળા રસ્તા પર ચાલવાનું નહોતું, દોરડાં પકડીને હવે સીધા સપાટ દીવાલ જેવા પર્વત પર ચઢવાની મહેનત કરવાની હતી.

૬૮

કુંરુક્ષેત્રમાં સેનાઓ, સામસામે આવીને ઊભી રહી ગઈ. પરંતુ અચાનક યુધિષ્ઠિરે એનું કવચ ઉતારીને, શસ્ત્રો હેઠાં મૂકીને કૌરવો તરફ ચાલવાનું શરૂ કર્યું. બંને પક્ષના યોદ્ધા મૂંઝાઈ ગયા. ઘણાંએ તો એવું પણ ધારી લીધું કે યુદ્ધ શરૂ થતાં પહેલાં યુધિષ્ઠિરે શરણાગતિ સ્વીકારી લીધી. પરંતુ બેબાકળા થઈ ગયેલા અર્જુનને મેં સમજાવ્યો કે યુધિષ્ઠિર, વડીલોના આશીર્વાદ લેવા માટે જઈ રહ્યા છે.

યુધિષ્ઠિરે જઈને પહેલાં ભીષ્મના ચરણસ્પર્શ કર્યા. 'પિતામહ, યુદ્ધનો આરંભ કરવાની આજ્ઞા આપો. અમારા પૂજનીય અને અજેય ગણાતા વડીલોની સામે શસ્ત્રો ઉપાડવાની હિંમત અમે કરી છે. તમારા આશીર્વાદ માંગવા આવ્યો છું. ભીષ્મની આંખો ભીની થઈ ગઈ. 'વિજયી થાવ', એમણે યુધિષ્ઠિરને આશિષ આપ્યા.

પછી યુધિષ્ઠિરે એના બંને ગુરુ દ્રોણ અને કૃપાચાર્ય તથા મામા શલ્ય પાસે જઈને એમના આશીર્વાદ મેળવ્યા અને પાછા ફર્યા. યુદ્ધ હવે શરૂ થવામાં હતું.

તળેટીથી એંસી મીટર ઊંચે આવેલી સપ્તર્ષિ ગુફામાં પહોંચીને સૈની અને રાધિકા બેસી પડ્યાં. પીઠે ભરાવેલો સામાન નીચે ઉતારીને એમણે આસપાસ નજર ફેરવી. કૈલાસ પર્વતની જમણી બાજુ પર આ ગુફા જાણે ઝરૂખા જેવી હતી. તિબેટીઓએ એમાં નાના નાના સ્તુપો અને પ્રતિમાઓ બનાવ્યાં હતાં. એમને મૂકીને શેરપા દોરજી નીચે મૂકેલો સામાન લેવા માટે પાછો ગયો.

બૌદ્ધ, હિન્દુ, જૈન અને બોન યાત્રાળુઓએ દેવોને ચઢાવેલી વિવિધ ભેટથી ગુફા ભરાઈ ગયેલી. રાધિકાએ દીવાલ પાસે જઈને સંસ્કૃતમાં અંકિત થયેલો એક શ્લોક વાંચ્યો. ઇલાહ સરસ્વતી મહી... તિસરો દેવિર્મયો ભ્યુવ: વર્હિ: સિધાન્તસ્ત્રિધ: 'આનો શું અર્થ થાય?' એણે પૂછ્યું.

'આ ઋગ્વેદની પંક્તિ છે. આનંદદાયિની ત્રણ દેવી ઈલાહ, સરસ્વતી અને મહીને, શાંતિથી ઘાસના આસન પર બેઠક ગ્રહણ કરવાની વિનંતી એમાં થઈ છે.' સૈનીએ જવાબ આપ્યો.

'ઈલાહનું નામ આ પહેલાં ક્યારેય નથી સાંભળ્યું.' રાધિકા બોલી.

'દુર્ગાનું એ એક નામ છે.'

'ઈલાહ, અલ્લાહ જેવું નથી લાગતું?'

'તમારી ધારણા ખોટી નથી. ઇસ્લામનો ઉદય થયો એ પહેલાંથી અલ્લાહ શબ્દનું અસ્તિત્વ છે.'

'એવું કોણે કહ્યું?'

'ઇતિહાસ જુઓ. મોહમ્મદ પયગંબરના પિતાનું નામ 'અબ્દ-અલ્લાહ' હતું. આજે એમાંથી અબદુલ્લા થઈ ગયું છે. એનો અર્થ થાય 'અલ્લાહનો સેવક.'

‘‘રાધિકાને વાતમાં રસ પડ્યો. એક સમયે જેને હત્યારો માનીને પકડવા માટે એણે દોડાદોડ કરી મૂકેલી એ સૈની તરફ હવે એ માનભરી દૃષ્ટિએ જોવા લાગી હતી. દુશ્મનો વચ્ચે મિત્રતા બંધાવા લાગેલી.

સૈનીએ આગળ ચલાવ્યું. ‘પર્શિયા-સિરિયામાંથી હિબ્રૂ અને અરમાઈક જેવી ભાષાઓનો જન્મ થયો, એમાં પણ એલાહા, એલોહીમ જેવા શબ્દો છે. હવે મૂળ પ્રશ્ન એ છે કે, અરેબિક અલ-ઈલાહ એટલે કે અલ્લાહ અને એલાહા, એલોહીમ એ બધાં શબ્દો ક્યાંથી આવ્યા? ઋગ્વેદ નો સમયગાળો અને વેદિક પ્રજાનું પશ્ચિમમાં થયેલું સ્થળાંતર, આ બંને પરથી તો એવું લાગે છે કે એ બધા શબ્દોનું મૂળ, એ વખતે પૂજાતી દેવી ઈલાહમાં છે. વર્ષોથી એવી એક ખોટી માન્યતા પ્રચલિત છે કે વેદિક ફિલસૂફી અનેક દેવીદેવતાઓમાં માને છે. વાસ્તવિકતામાં ઋગ્વેદ એક જગ્યાએ કહે છે, એકમ સત્ય, વિપ્ર બહુદા વિધાન્તે . અર્થાત્ સત્ય એક છે. ઈશ્વર એક છે, સંતો એને જુદા જુદા નામે બોલાવે છે.’

અચાનક થયેલાં જોરદાર ધડાકાએ શાંત વાતાવરણ ખળભળાવી નાંખ્યું. સૈની અને રાધિકાની પહેલાં પ્રિયા અને તારક અહીં આવી પહોંચેલાં. સપ્તર્ષિ ગુફા સુધી પહોંચવા માટે દોરજીએ બાંધેલા દોરડા એમણે નીચેથી કાઢી લીધા. ‘એય, શું કરો છો?’ શેરપાએ પાડેલી બૂમના જવાબમાં તારકે પાછળ ફરીને ગોળીબાર કર્યો. શેરપાને મારવામાં એને કોઈ રસ નહોતો, પણ એ જાણતો હતો કે, બરફની તોતિંગ શિલાઓની વચ્ચે થયેલા ધડાકાનું શું પરિણામ આવી શકે.

ઉપર ગુફામાં બેઠેલા સૈની અને રાધિકાએ એમના પગ નીચે જમીન ધ્રૂજતી અનુભવી. અને બીજી જ ક્ષણે હિમપ્રપાતની ધણધણાટી સંભળાઈ. કૈલાસમાં ઉપરથી તોતિંગ પથ્થર અને ધૂળ નીચે પડવા લાગ્યાં. બેઉ જણ એકમેકને ભેટીને કુદરતનો પ્રકોપ જોઈ રહ્યાં. જોતજોતામાં ગુફામાં પ્રવેશવાનો એકમાત્ર રસ્તો બરફ અને પથ્થરથી ઢંકાઈ ગયો.

‘રાધિકા, તમે ઠીક છો ને?’ થોડીવાર બાદ સૈનીએ પૂછ્યું. રાધિકા તરફથી જવાબ ન મળ્યો. સૈનીએ એને હલબલાવી તો, રાધિકાનું શરીર એક તરફ ઢળી પડ્યું.

‘રાધિકા...’ સૈનીનો અવાજ તરડાઈ ગયો. એણે રાધિકાના માથા પર હાથ ફેરવ્યો. ત્યાં નાનું ઢીમચું ઊપસી આવેલું. ઉપરથી પડેલો કોઈ પથ્થર એના માથા પર વાગ્યો હતો. હેબતાઈ ગયેલા સૈનીએ પ્રિયાને જોઈને મેળવેલું જ્ઞાન કામે લગાડ્યું. રાધિકાના કાંડે અને પછી એના જડબાની નીચે આંગળી મૂકીને ધબકારા સાંભળવાની કોશિશ કરી. પણ રાધિકાના શરીરમાં ક્યાંય ચેતનાનો સંચાર નહોતો. સૈની આઘાતથી મૂઢ થઈ ગયો.

રાધિકા એને મૂકીને કાયમ માટે જતી રહેલી. અને એ પોતે પણ બરફથી ઢંકાયેલી, આ અંધારી કબરમાં ક્યાં સુધી જીવિત રહેવાનો હતો?

૬૯

રણભૂમિ પર સામેસામે ઊભેલા સેનાનીઓએ યુદ્ધનાં દરેક નીતિનિયમોનું પાલન કરવાના શપથ લીધા. જોકે યુદ્ધ પૂરું થતાં સુધીમા બધાયે આદર્શ અને નિયમો ભુલાઈ જવાના હતા.

પાંડવોની સામે ઊભેલી વિશાળ, શક્તિશાળી કૌરવસેનામાં મુખ્ય યોદ્ધાઓના ધ્વજ લહેરાઈ રહ્યા હતા. ભીષ્મ, દ્રોણ, દુર્યોધન, કૃપાચાર્ય, જયદ્રથ, અશ્વત્થામા...

યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું કે, 'આપણું સૈન્ય નાનું છે. સોયની અણી જેવી વ્યૂહરચના કરીને આપણે લડવું જોઈએ.' પરંતુ અર્જુનમાં કોઈ પ્રતિભાવ આપવાનું બળ નહોતું રહ્યું. ભયથી એનું અંગેઅંગ શિથિલ થઈ ગયેલું.

અજમેરની મેયો કૉલેજમાં ઇતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે રાધિકા સિંઘે હજી એની કારકિર્દી શરૂ કરી હતી. BSF ના ડેપ્યૂટી કમાન્ડન્ટ તરીકે શ્રીનગરમાં ફરજ બજાવતો એનો પતિ હરિસિંઘ, થોડા દિવસોની છુટ્ટી મેળવીને ઘેર આવેલો. જૈશ-એ-મોહમ્મદ નામના આતંકવાદી સંગઠનના એક મહત્ત્વના મૅમ્બર રફીક બાબાને મારવામાં એની ટીમે સફળતા મેળવેલી એના ઇનામરૂપે આ રજા મળી હતી.

પતિ-પત્ની આનંદમાં હતાં. એમને ખબર નહોતી કે ખુન્નસે ભરાયેલા આતંકવાદીઓ એમના લીડરની હત્યાનો બદલો લેવા માટે હરિસિંઘની પાછળ અજમેર આવી પહોંચશે.

એક સાંજે એમણે હરિસિંઘને એના ઘરના આંગણામાં જ ગોળી મારી દીધી. એ ઘડી સુધી સામાન્ય ગૃહિણી અને ટીચર તરીકે જીવેલી રાધિકામાં પતિની લોહી નીંગળતી કાયા જોઈને, કોણ જાણે ક્યાંથી અપરંપાર શક્તિ આવી ગઈ. સવારે બગીચામાં કામ કરીને ગયેલા માળીની વજનદાર કાતર ત્યાં જ પડી હતી. એ લઈને રાધિકા હુમલાખોરોની પાછળ દોડી. એક જણ છટકી ગયો, પણ બીજો, રાધિકાએ કરેલો ઘા ચૂકવી ન શક્યો. જખમી થઈને પડ્યો અને ત્યાં સુધીમાં ભેગાં થઈ ગયેલા લોકોએ એને પકડીને પોલીસને હવાલે કરી દીધો.

પણ પછી પતિની ચિતા પર રાધિકાની તમામ શક્તિ અને જીવનનો રસ બળીને જાણે રાખ થઈ ગયાં. એ કોશેટામાં ભરાઈ ગઈ. એકલી અટૂલી, ઘરની બારી પાસે જાણે એ બહારગામ ગયેલા પતિની રાહ જોતી બેસી રહેતી.

અનેક સપ્તાહ આમ ને આમ વીતી ગયાં, અને પછી એક દિવસ એના ઘરની નજીકના ગ્રાઉન્ડમાં ઋષિકેશથી ભગવદ્ગીતા પર પ્રવચન કરવા આવેલા વિદ્વાનના શબ્દો, રાધિકાને કાને પહોંચ્યા. 'આત્માને જન્મ નથી, મૃત્યુ નથી. શરીરની સાથે એનો નાશ નથી થતો...' એકચિત્તે સાંભળી રહેલી રાધિકાને એના સહુથી મોટા પ્રશ્નનો ઉત્તર મળી ગયો. લઘરવઘર દશામાં એ પ્રવચનસ્થળે દોડી અને ગુરુમહારાજના ચરણોમાં ઢળી પડી.

ઋષિકેશથી આવેલા એ સંતે ૧૦૮ પારાની માળા, રાધિકાને આપીને કહ્યું, 'મનને ઉદ્વેગ સતાવે, ત્યારે આ માળા પર તારા પતિના નામનો જપ કરજે. એનાથી તન-મનમાં

અખૂટ શક્તિનો સંચાર થતો લાગશે.'

એ દિવસથી રાધિકાએ હરિનામનો જાપ શરૂ કરી દીધો. ત્યારે એ જોકે નહોતી જાણતી કે એ આધ્યાત્મિક પુરુષે રાધિકાના પતિનું નામ સાંભળીને આ જપ કરવાનું કહેલું. હરિ એટલે કૃષ્ણ!

'રાધિકા, આંખો ખોલ' સપ્તર્ષિ ગુફામાં સૈની એની દુશ્મનમાંથી મિત્ર બની ગયેલી સ્ત્રીને મોતની નિદ્રામાંથી જગાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એને ક્યાંક સાંભળેલું યાદ આવ્યું કે ભયાનક ઠંડીમાં થીજી ગયેલા લોકોના હૃદયના ધબકારા ક્યારેક બંધ થઈ જાય, પછીયે એ ભાનમાં આવ્યા હોય, એવા કિસ્સા બન્યા હતા. રાધિકાને ઊંચકીને એ ગુફાની વધુ અંદર લઈ ગયો. ત્યાં સૂકી જમીન પર એને સૂવાડીને ટૉવેલથી એનો ચહેરો, વાળ લૂછતાં લૂછતાં સૈનીએ ભગવાનને પ્રાર્થના કરી. જિંદગીમાં આ પહેલાં, ક્યારેય એણે આટલી ઉત્કટતાથી ઈશ્વરને યાદ નહોતા કર્યા.

રાધિકાના થેલામાંથી પાણી શોધતી વેળા, સિગારેટનું લાઇટર હાથ લાગ્યું. સૈનીએ આસપાસથી સળગાવી શકાય એવાં લાકડાં કે ટુકડાની શોધ આદરી, પણ પછી તરત ભાન થયું કે આમાં કેટલી મૂર્ખાઈ હતી. ચારેબાજુથી બંધ જગ્યામાં આગ પ્રગટાવો તો હવામાં રહ્યોસહ્યો પ્રાણવાયુ પણ શોષાઈ જાય. માણસ ગૂંગળાઈને મૃત્યુ પામે. ભગવાનનું નામ લઈને એ આંખો મીંચી ગયો.

થોડીવાર બાદ, આછો અવાજ સાંભળીને એણે આંખો ખોલી. લાકડાની જેમ પડેલું રાધિકાનું શરીર હવે ધ્રૂજવા લાગેલું, અને કંઈ અસ્પષ્ટ બડબડાટ કરી રહી હતી. સૈનીએ ઝટ દઈને થેલામાંથી ગરમ પાણીનું થર્મોસ કાઢ્યું. અને કપ ભરીને રાધિકાને મોઢે માંડ્યો. પાણી પી રહેલી રાધિકાને જોઈને એના જીવમાં જીવ આવ્યો. થર્મોસ અને કપ, બાજુએ મૂકીને એણે રાધિકાને છાતીસરસી ચાંપી દીધી. રાધિકાના ઠરી ગયેલા શરીરને ઉષ્મા આપવા સિવાય, બીજો કોઈ વિચાર અત્યારે એના મનમાં નહોતો.

૭૦

અર્જુને એની સામે ભીષ્મએ ગોઠવેલી વિશાળ સૈન્યરચના જોઈ. એણે મને રણભૂમિની વચ્ચોવચ રથ હંકારી જવાનું કહ્યું, જ્યાંથી એ બંને પક્ષના યોદ્ધાઓને બરાબર જોઈ શકે.
મેં કૌરવ અને પાંડવસેનાની બરાબર મધ્યમાં રથ લઈ જઈને ઊભો રાખ્યો. અર્જુને ચારે તરફ નજર ફેરવી. એના પિતામહ, માતામહ, કાકા, મામા, ગુરુદેવો ભાઈઓ, પુત્રો, મિત્રો અને તમામ સગાંવહાલાં રણભૂમિ પર હતાં. એની આંખે અંધારાં આવી ગયાં. હાથમાંથી ગાંડીવ ધનુષ્ય સરી પડ્યું, અને એ રથમાં ઢગલો થઈ ગયો. 'મારા સ્નેહીજનોનું લોહી રેડીને મેળવેલા રાજપાટનું હું શું કરીશ?' દીન સ્વરે એણે પૂછ્યું, 'મારા ભાઈઓ સામે લડવાને બદલે, હું એમના હાથે મરવાનું વધુ પસંદ કરીશ. મારે યુદ્ધ નથી કરવુ.' અર્જુને કહી દીધું.

હરિ, હરિ, હરિ, હરિ... ઋષિકેશવાસી ગુરુનો અવાજ રાધિકાના કાનમાં ગુંજી રહ્યો હતો. ધીમે ધીમે અવાજ મોટો થતો ગયો. અર્ધબેહોશ હાલતમાં લવારા કરી રહેલી રાધિકાને જે અવાજ સંભળાઈ રહ્યો હતો, એ હકીકતમાં હેલિકૉપ્ટરના એન્જિનનો હતો. શેરપા દોરજી, લાંબું અંતર દોડીને મદદ માટે માણસો લઈ આવેલો. બચાવ ટુકડીએ ભારે જહેમત ઉઠાવીને સપ્તર્ષિ ગુફામાંથી સૈની અને રાધિકાને બચાવી લીધાં. હેલિકૉપ્ટર હવે એમને લઈને, દારચેનના ફર્સ્ટ એઇડ સેન્ટર તરફ જઈ રહ્યું હતું.

હેલિકૉપ્ટરની બારીમાંથી સૈનીએ નીચે દેખાતી પર્વતમાળા તરફ જોયું. છ પર્વત, માનસરોવર અને એની વચ્ચે ઊભેલા કૈલાસપર્વતની રચના, અહીંથી ખરેખર છ ખૂણાના તારા જેવી લાગતી હતી. આ જોઈને એને હિન્દુઓમાં શક્તિનું પ્રતીક ગણાતું શ્રીયંત્ર યાદ આવી ગયું.



સ્ત્રીની યોનિ જેવી લાગતી ખીણની વચ્ચોવચ, પુરુષના લિંગની જેમ ઊભેલા કૈલાસને જોઈને સૈનીએ વિચાર્યું, ષષ્ટકોણીય તારો હોય કે શ્રીયંત્ર, બંને નવસર્જનનાં પ્રતીક

હતાં. શિવ અને શક્તિનો સંગમ! આ પણ કેવી વિચિત્ર લાગે એવી વાત હતી કે સંહારના દેવ ગણાતા શિવનું પ્રતીક સર્જનના રૂપમાં છે. શિવ અને વિશ, ખરેખર એક સિક્કાની બે બાજુ હતા.

૭૧

'તું ખરેખર કર્તવ્યની વાત કરે છે કે પછી, તારામાં રહેલો ભય આ બોલી રહ્યો છે?' મેં અર્જુનને પૂછ્યું.
મારા કટાક્ષસભર પ્રશ્નને અવગણીને અર્જુન બોલ્યો. 'ભીષ્મ અને દ્રોણ પર હું કેવી રીતે શરસંધાન કરું? નાનપણથી જે મારા માટે વંદનીય રહ્યા છે, એમની સામે આવો ભયાનક અપરાધ હું કેવી રીતે આચરી શકું?' હળવું સ્મિત કરીને મેં એના ખભે હાથ મૂક્યો, 'અર્જુન, સાચો જ્ઞાની શોક કરતો નથી, જીવિત માટે નહીં, અને મૃત માટે પણ નહીં. જેમ વસ્ત્રો બદલાય છે, એ રીતે આત્મા એનું શરીર બદલે છે. આત્મા તારાં બાણોથી નહીં વીંધાય, અગ્નિથી નહીં બળે, પાણીથી નહીં ભીંજાય કે વાયુથી નહીં સૂકાય. એ સનાતન, સર્વવ્યાપી છે. આત્મા જન્મતો નથી, મરતો નથી. એનો વિનાશ શક્ય નથી. એ જાણ્યા પછી, તું કેવી રીતે એને મારી શકીશ?'

સર ખાનની બૂલેટપ્રૂફ રૉલ્સ-રૉયસમાં એ સંજય રત્નાની સાથે બેઠો હતો. માફિયા ડૉનનો ઠાઠમાઠ અને ઝાકઝમાળનો શોખ, એની ગાડીમાં પણ પ્રતિબિંબિત થતો હતો. કંપનીના ઓરિજિનલ વુડ પેનલિંગ પર અહીં સોનું મઢ્યું હતું.

પરંતુ સેલફોન પર મળેલા સંદેશે સર ખાનના ચહેરા પરની ચમક ઉતારીને ત્યાં રોષની રતાશ રેલાવી દીધી. રાધિકા સિંઘને મારવા ગયેલો એનો માણસ નિષ્ફળતાને વર્યો હતો. ગાળાગાળી કરીને ખાને લાઇન કાપી નાખી અને પછી રત્નાની તરફ ફરીને પૂછ્યું, 'પ્રિયાએ તમારી સાથે વાત કરી?'

'કૈલાસ જવા નીકળી, ત્યારે બસ, એકવાર એણે ફોન કરેલો. પણ તમને જે જોઈએ છે, એ ત્યાં મળી ગયું હોત તો એણે ફરીથી આપણો સંપર્ક કર્યો જ હોત.' રત્નાનીએ જવાબ આપ્યો.


'રાઇટ. પણ મારું મન કહે છે કે આપણી શોધ કૈલાસમાં જ પૂરી થશે.'

'આવું ખાતરીપૂર્વક કઈ રીતે કહી શકાય?'

જવાબમાં સર ખાને એણે અત્યાર સુધી ભેગી કરેલી માહિતીનો ધોધ વરસાવી દીધો. 'કૈલાસ માટે ઘણીવાર Axis of Mundi, એટલે કે બ્રહ્માંડના કેન્દ્ર જેવું વિશેષણ વપરાય છે. તે ઉપરાંત વિશ્વનાભિ, વિશ્વસ્તંભ, કાંગ તિસે, કાંગ રિન્પોન્ચે, મેરુ, સુમેરુ, નવ મજલાનો પર્વત, સ્વસ્તિક પર્વત, અષ્ટપાદ પર્વત, આવાં કેટલાંયે નામ જેને મળ્યાં હોય એ સ્થળનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ?'

'પણ એનું કારણ શું?'

'કૈલાસનું મહત્ત્વ માત્ર એની ઊંચાઈ કે ધાર્મિક માન્યતાઓને કારણે નથી. એમ તો ૬૭૧૪ મીટરની ઊંચાઈ ધરાવતા કૈલાસથીયે ઊંચાં, ઘણાં પર્વતશિખરો હિમાલયમાં છે. કૈલાસની ખાસિયત છે, એનો આકાર. આ પર્વતની ચાર સપાટ બાજુ છે અને એ ચાર દિશામાં છે. ઘણા લોકો માને છે કે આ કુદરતી પર્વત નહીં, પણ માનવસર્જિત પિરામિડ છે.' કહીને ખાને, એક ચિત્ર રત્નાનીને બતાવ્યું.



કૈલાસને ફરતા માનસરોવરમાંથી સિંધું, બ્રહ્મપુત્રા, સતલજ અને કર્નાલી જેવી ચાર નદી નીકળે છે. મીઠા પાણીના આ જળાશયનો આકાર ગોળ, સૂરજ જેવો છે. અને નીચેની તરફ જે રક્ષાસ્તલ નામનું ખારા પાણીનું સરોવર છે એ બીજાકાર ચંદ્ર જેવું છે. અર્થાત્ આ બંને સરોવર સૂર્ય અને ચંદ્રની શક્તિનાં પ્રતીક છે. શક્ય છે કે આ પવિત્ર સ્થળે, માણસોએ પિરામિડ ઊભો કરવાનું વિચાર્યું હોય.' ખાન બોલ્યો.

'પણ આવો પિરામિડ કોણે બાંધ્યો હશે?'

'બૌદ્ધો તિબેટીઓ માટે આ ડેમચોગ અને હિન્દુઓ માટે શિવનું સ્થાનક છે. જૈનો માને છે કે તીર્થંકર ઋષભદેવને કેવળજ્ઞાન અહીં લાધેલું. તિબેટના બોનધર્મીઓ એને નવ મજલાના પર્વત તરીકે પૂજે છે. આમાંથી કોઈપણ ધર્મ કે સંપ્રદાયના લોકોએ કૈલાસ બંધાવ્યો હોય એ શક્ય છે.'


સર ખાને કારની બહાર જોતાં આગળ ચલાવ્યું, 'સદીઓથી મારા જેવા અનેક લોકો આ પર્વત ભણી આકર્ષાતા રહ્યા છે. ક્યારેક અંધારા-અજવાળાની રમતમાં, કૈલાસની જમણી બાજુ પર સ્વસ્તિકનું ચિહ્ન દેખાય છે. આ પર્વત અને એની આસપાસના સ્વર્ગ જેવા વિસ્તારને શંભાલા અને રશિયનો તરફથી શાંગ્રિ-લા જેવાં નામ પણ મળ્યાં છે.

'રશિયાને વળી કૈલાસ સાથે શું લાગેવળગે?' રત્નાનીને આશ્ચર્ય થયું.

'રશિયાના ઝાર નિકોલાઈ રોમાનૉવ અને તેરમા દલાઈ લામાના ગુરુ વચ્ચે સારો પરિચય હતો. એના પરિણામે રશિયાના સેંટ પીટર્સબર્ગમાં પહેલું બૌદ્ધમંદિર બંધાયેલું. નિકોલસ રોરિક નામના આર્ટિસ્ટે આ મંદિર માટે જે ચિત્રો બનાવેલાં, એમાંનું 'ધ પાથ ટુ કૈલાસ' તો આજે પણ કલાપ્રેમીઓમાં જાણીતું છે. આ બધું સાંભળ્યા પછી મેં જાતને પૂછવાનું શરૂ કર્યું કે રશિયનોને કૈલાસમાં આટલો રસ પડ્યો, એની પાછળ માત્ર અધ્યાત્મ હતો કે પછી અહીં છુપાયેલી શક્તિની ખોજ?'

'શક્તિ? એટલે કે કોઈ હથિયાર?'

'બની શકે.' સર ખાને જવાબ આપ્યો.'બીજું વિશ્વયુંદ્ધ શરૂ થયું, એ પહેલાં જર્મન નેતાઓ પણ અહીં બૌદ્ધ લામાઓને મળવા આવી ગયેલા. હીમલર જેવા લોકો માનતા હતા કે આર્યજાતિનો જન્મ અહીં થયેલો. અને દુનિયા પર શાસન કરવા માટેની શક્તિ અને શસ્ત્ર કૈલાસમાં જ ક્યાંક હતાં.' આટલું કહીને ખાને રત્નાનીને બીજો સ્કેચ બતાવ્યો.



'રશિયનોએ લાંબું, ઊંડું સંશોધન કરીને તારણ કાઢ્યું કે, અનેક નાના પિરામિડોના કેન્દ્રમાં માણસે કૈલાસનું સર્જન કરેલું. અને હવે તો હું પણ માનવા લાગ્યો છું કે, કૈલાસની ઊંચાઈ, પહોળાઈ, ખૂણાઓનું જે ચોક્કસ માપ છે, એ માત્ર વૈદિક ગણિતશાસ્ત્રના આધારે થયેલાં બાંધકામમાં જ જોવા મળે. દાખલા તરીકે એની જમણી બાજુનો બહિષ્કોણ બરાબર ૧૦૮ ડિગ્રીનો છે. કુદરતમાં આવું સર્જન શક્ય નથી. અને આવું ભવ્ય નિર્માણ કરવા પાછળ કોઈ મોટું કારણ હોવું જોઈએ.' સર ખાને કહ્યું.

૭૨

અર્જુનને હજીયે મૂઢ અવસ્થામાં બેસી રહેલો જોઈને મેં જરા જુદી રીતે વાત કરી. 'આત્માના અમરત્વ વિશે તું ન સમજી શકે તો ભલે, પરંતુ એટલું તો સમજ કે તું ક્ષત્રિય છે, અને ક્ષત્રિયનો ધર્મ છે યુદ્ધ! કોઈપણ ક્ષત્રિય માટે આ સહુથી મોટો અવસર છે. વિજય થયો તો રાજપાટ મળશે અને લડતાંલડતાં મૃત્યુ થયું તો સ્વર્ગની પ્રાપ્તિ થશે કારણ કે તારું કર્તવ્ય પૂરું કરવા માટે તેં પ્રાણની આહુતિ આપી હોવાનું ગણાશે. રણમેદાનમાં પીઠ ફેરવનારને ભવિષ્યની પેઢી કાયમ કહેશે. વિજય અને પરાજ્યને સમાન દૃષ્ટિથી જોતાં શીખી લે. ફળની ચિંતા કર્યા વિના કર્મ કરનાર સાચો યોગી છે.' મને આશા હતી કે યુદ્ધના આરંભમાં જ ભાંગી પડેલા યોદ્ધા પર મારા શબ્દોની થોડી અસર તો થશે.

પ્રિયા અને તારક, દારચેન સ્થિત બેઝકૅમ્પમાં પાછાં ફર્યાં હતાં.

'માતાજી, ચીની સત્તાવાળા આપણને કોઈપણ હિસાબે કૈલાસના શિખર સુધી ચઢવાની પરવાનગી નહીં આપે. ધાર્મિક કારણોસર પણ કૈલાસ આરોહણ પર પ્રતિબંધ છે. મિલોરપા નામનો બૌદ્ધ સાધુ, અગિયારમી સદીમાં કૈલાસની ટોચે પહોંચેલો. એના પહેલાં કે પછી, બીજા કોઈએ આ હિંમત નથી કરી. લોકોને માત્ર સપ્તર્ષિ ગુફા સુધી જવાની મંજૂરી મળે છે.' તારકે કહ્યું.

'સૈની અને રાધિકા આવ્યાં એ પહેલાં મેં સપ્તર્ષિનો ખૂણેખૂણો તપાસી લીધેલો. એ ગુફામાં કોઈ મહત્ત્વની વસ્તુ નથી. જે છે એ શિખર પર હોવું જોઈએ. કોઈની નજરે પડ્યા વિના આપણે ત્યાં સુધી જવું જોઈએ.' પ્રિયાએ પોતાનો ઇરાદો પ્રગટ કર્યો.

'આપણને શેરપા અને બીજાં સાધન, સામાનની જરૂર પડશે અને ચીની પોલીસના હાથમાં ઝડપાઈ ગયા તો ખલ્લાસ! વળી કૈલાસ કોઈ કુદરતી પર્વત નહીં, પણ માનવસર્જિત પિરામિડ છે, એ વાત માનીએ તો એનું રહસ્ય શિખર પર નહીં, પિરામિડની અંદર હોવું જોઈએ.' તારકે કહ્યું.

સાંભળીને પ્રિયાએ ગરદન હલાવી. એને ઘણા મહિના પહેલાં સર ખાન સાથે થયેલી વાતચીત યાદ આવી ગઈ. એ દિવસોમાં એક રિસર્ચ ટીમે દ્વારકાના દરિયામાંથી પ્રાચીન નગરના અવશેષો શોધી કાઢ્યાના સમાચાર આવ્યા હતા.

પરંતુ સર ખાનને એમાં ઝાઝો રસ નહોતો. 'કૃષ્ણએ એની કોઈ અતિ કિમતી ચીજ આ દુનિયામાં છુપાવીને રાખવી હોય તો એ કઈ જગ્યાને પસંદ કરે?' એણે પ્રિયાને પૂછ્યું.

'પાંચ હજાર વર્ષ પહેલાં થઈ ગયેલા ભગવાનના મનમાં શું હતું, એ હું કેવી રીતે ધારી શકુ?' પ્રિયાએ કહ્યું.

સર ખાને, છેવટે એના મનમાં ઘણા સમયથી ઘોળાઈ રહેલો પ્લાન ખુલ્લો કર્યો હતો. 'કૃષ્ણ વિશે સંશોધન કરી રહેલા લોકોમાં અત્યારે સહુથી મોટું નામ છે, પ્રોફેસર રવિ મોહન સૈની! મેં એના વિશે પૂરી તપાસ કરાવી છે. આ વિષયમાં રિસર્ચ કરી રહેલા બીજા લગભગ બધા વૈજ્ઞાનિકો અને પુરાતત્ત્વવિદો સાથે એ સંપર્કમાં રહે છે. તેં હિસ્ટરીમાં

માસ્ટર્સ ડિગ્રી મેળવી છે. સૈનીના હાથ નીચે તું Ph.D . કરવાની અરજી કરે અને જો હા પાડી દે તો આપણને ઘણીબધી અંદરની માહિતી મળ્યા કરે.'

પ્રિયાએ થોડું વિચારીને કહ્યું, 'લંડનથી પાછા આવીને મેં તો બાળકોને ઇતિહાસ ભણાવવાનું નક્કી કરેલું.'

'એ તો તારે કરવાનું જ છે. તને સ્કૂલમાં ટીચર તરીકે કામ મળી જશે. અને એમાંથી એક છોકરો તારો ખાસ વિદ્યાર્થી હશે.' સર ખાન બોલ્યો.

'કોણ?'

'સંપત શર્મા.'

'પણ એ જ શું કામ?'

'મેં મારા ખર્ચે ભવિષ્યના કલ્કિ અવતાર વિશે ખાસ્સી રિસર્ચ કરાવી છે.' સર ખાને જવાબ આપ્યો. 'અને છેવટે નિર્ણય લીધો કે, કલિયુગના અંતે, વિષ્ણુનો એ દસમો અવતાર ધરતી પર જનમ લે, ત્યાં સુધી મારે રાહ નથી જોવી. હું પોતે એક કલ્કિ અવતારનું સર્જન કરીશ.'

પ્રિયા મોઢું વકાસીને સાંભળી રહી.

'અને, સંપત નામનો છોકરો, કલ્કિના રોલમાં બરાબર ફીટ થાય છે. મેં એનું બેકગ્રાઉન્ડ ચૅક કરાવ્યું છે. કૃષ્ણનાં રહસ્ય સુધી પહોંચવાના માર્ગમાં જે પણ વિઘ્નો આવે, એ દૂર કરવામાં સંપત આપણી મદદ કરશે. માતાજી, એને તમે વિદ્યાર્થી તરીકે સ્વીકારવા અને આ કાર્યમાં જોડાવા માટે તૈયાર છો?' સર ખાને ગંભીરતાપૂર્વક પૂછ્યું.

૭૩

‘યોગી બનવા માટે વ્યક્તિએ એની સઘળી ઇચ્છાઓનો ત્યાગ કરવો પડે. સુખ ને દુ:ખ એના માટે સમાન હોય છે. એને કોઈ વળગણ નથી હોતું. રોષ, ભય, આકાંક્ષા, ઇર્ષા અને તૃષ્ણાથી એ પર છે. પરંતુ આ કક્ષાએ પહોંચવાનું સરળ નથી, કારણ કે મનુષ્યનું મન અતિ ચંચળ છે. પરંતુ તું બીજું બધું ભૂલીને મારામાં ધ્યાન કેન્દ્રિત કર.’ મેં અર્જુનને કહ્યું.

મૂંઝાયેલા અર્જુને મને પૂછ્યું, ‘જીવનનો ધ્યેય જો મુક્તિ, મોક્ષ હોય તો શું કામ મને આ યુદ્ધ લડવાનું કહો છો?’

મારે એને સમજાવવું પડ્યું કે મુક્તિ મેળવવાના બે માર્ગ છે, જ્ઞાન અને કર્મ. અર્જુને મોક્ષ મેળવવા માટે કર્મના માર્ગે ચાલવાનું હતું. એણે એનું કર્તવ્ય નિભાવવાનું હતું.

રાઠોડના એક મિત્ર મિસ્ટર દેસાઈની પત્ની અમિતા, ગૂજરાત વિદ્યાપીઠમાં આર્કિટૅકચર ભણાવતી હતી. છેદી અને રાઠોડ, સોમનાથ પહોંચ્યા ત્યારે એમને મંદિર બતાવવાની અને બાંધકામની ઝીણામાં ઝીણી ખૂબીઓ સમજાવવાની જવાબદારી અમિતાએ હોંશેહોંશે ઉપાડી લીધી.

‘સોમનાથ મંદિર કેટલીવાર બન્યું અને તૂટ્યું, એ તો તમે જાણતા જ હશો. એટલે હું એના વિશે એટલું જ કહીશ કે ૧૭૦૬માં એનો ધ્વંસ થયા બાદ, પુનર્નિમાણનું કાર્ય છેક ૧૯૫૧માં શરૂ થયું.’

‘જૂના અને નવા મંદિરના બાંધકામમાં કોઈ સામ્ય છે?’ છેદીએ પૂછ્યું.

‘બંને લગભગ સરખાં જ છે.’ અમિતાએ આવું કહીને ૧૮૬૯માં ભગ્ન સોમનાથ મંદિરનો કોઈએ બનાવેલો સ્કેચ બતાવ્યો.



રાઠોડ અને છેદી જોઈ રહ્યા. ‘અને હવે આ જુઓ.’ અમિતાએ એના આલબમમાં અત્યારના સોમનાથનું ચિત્ર બતાવ્યું.



'અંદરનું શિવલિંગ ઓરિજિનલ છે કે નવું?' રાઠોડે પૂછ્યું.

'સ્વયંભૂ મનાતું, મૂળ શિવલિંગ તો ૧૦૨૬ની સાલમાં નાશ પામ્યું. એ પછી પણ જેટલા હુમલા થયા, એમાં શિવલિંગ ભાંગતા રહ્યા. અત્યારનું લિંગ સ્વયંભૂ નથી, પણ ૧૯૪૦માં આર્કિયૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાએ આ સ્થળે ખોદકામ કર્યું, ત્યારે પ્રાચીન લિંગ જેના પર પ્રસ્થાપિત થયેલું એ જૂનો પથ્થર મળી આવ્યો. અત્યારનું નવું શિવલિંગ એના પર બેસાડાયું છે. બાર જ્યોતિર્લિંગમાં એ સહુથી મોટું અને મહત્ત્વનું ગણાય છે.' અમિતાએ જવાબ આપ્યો. 'અને હા, મહમ્મુદ ગઝની સોમનાથ મંદિરમાંથી સુખડના બનેલા દરવાજા ઉપાડી ગયેલો એને અંગ્રેજો ૧૮૪૨માં અફઘાનિસ્તાનથી પાછા લઈ આવ્યા.'

'પારધીએ કૃષ્ણને આ જ સ્થળે તીર મારેલું?' રાઠોડે પૂછ્યું.

'ના, સોમનાથથી વેરાવળ જતાં ભાલકા તીર્થ નામની જગ્યા આવે છે. ત્યાં કૃષ્ણના પગમાં પારધીએ બાણ માર્યાનું મનાય છે. એ મંદિરની પાસે બળદેવની ગુફા તરીકે ઓળખાતી જગ્યા પણ છે. કહે છે કે, એ સ્થળે બલરામ માનવશરીર છોડીને એમના મૂળ શેષનાગ રૂપમાં લીન થઈ ગયેલા. સોમનાથ મંદિર, કૃષ્ણથી સેંકડો વર્ષ જૂનું છે. અને હવે આપણે જાણીએ છીએ કે, કૃષ્ણએ પોતે એમના જીવનકાળ દરમ્યાન પ્રાચીન સોમનાથ મંદિરનું પુનર્નિર્માણ કરાવેલું. અમિતાએ કહ્યું.

વાતો કરતાં કરતાં, ત્રણેય જણ મંદિરની ફરતે ચાલી રહ્યા હતા, ત્યાં અચાનક એમનો ભેટો પૂજારી જેવા લાગતા બ્રાહ્મણ સાથે થયો. મુંડન કરેલા માથા પર શિખા, ખભે જનોઈ, ગળામાં માળા, કપાળે તિલક ધરાવતો બ્રાહ્મણ હરે કૃષ્ણના જાપ જપતો ચાલી રહ્યો હતો. ત્રણેય જણે આદરપૂર્વક હાથ જોડ્યા.

સસ્મિત વદને આશીર્વાદ આપીને બ્રાહ્મણે કહ્યું, 'હું જાણું છું કે તમે શું શોધો છો. પણ યાદ રાખજો. પથ્થર કરતાં, એને ધારણ કરનાર ફિલસૂફ વધુ મહત્ત્વનો છે.'

૭૪

એ ક્ષણે મેં અર્જુનને મારા વિશે સત્ય જણાવવાનો નિર્ણય લીધો. 'મતિહીન મનુષ્યો, મને માનવસ્વરૂપમાં ઓળખી નથી શકતા. મેં આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. ધ્યાન, કર્મકાંડ અને પ્રાર્થના મારા માટે થાય છે. પ્રત્યેક જીવાત્મામાં મારો વાસ છે. હું જ આરંભ, મધ્ય અને અંત છું.' આવું કહીને હું વિરાટ, વિશ્વરૂપે પ્રગટ થયો. અર્જુનને હવે મારું દૈવી સ્વરૂપ ઓળખાયું. એ બોલ્યો, 'હવે મારા મનમાં કોઈ સંદેહ નથી રહ્યો. હું યુદ્ધ લડીશ, કારણ કે એ મારું કર્તવ્ય છે.'

'મને મારવાનું સહેલું નથી. ખોટા સિક્કાની જેમ ફરી ફરીને પાછી આવીશ. પણ હવે આ હૉસ્પિટલમાંથી બહાર નીકળીએ. અહીં તો હું સાજી થવાને બદલે ઓર માંદી પડી જઈશ.'

રાધિકા સિંઘના શબ્દો સાંભળીને સૈનીના ચહેરા પર સ્મિત આવી ગયું. ઈન્સ્પેક્ટર રાધિકા સિંઘ એના મૂળ રૂપમાં પાછી ફરી રહી હતી.

સૈની પોતે પણ હૉસ્પિટલમાં કંટાળી ગયેલો. અડધી મૂકવી પડેલી શોધને આગળ વધારવા માટે એ બેચેન હતો.

'તારક અને પ્રિયાના કોઈ ખબર?' રાધિકાએ પૂછ્યું.

સૈનીએ નકારમાં માથું ધુણાવ્યું. સવારે ફોન પર છેદીએ પણ આ જ પ્રશ્ન પૂછેલો. સપ્તર્ષિ ગુફામાં બનેલી ઘટના વિશે સાંભળીને એ હચમચી ગયેલો. 'હવે વધુ લાશો જોવાની મારામાં હિંમત નથી.' એણે કહ્યું.

છેદીના ભયને હસી કાઢીને સૈનીએ પૂછ્યું 'ત્યાંના શું ખબર?'

'ખાસ કંઈ જાણવા નથી મળ્યું.' છેદીએ એને અમિતા અને બીજાઓ પાસેથી જે માહિતી મળેલી એ ટૂંકમાં જણાવી દીધી.

'ડમ્પી, તેં ગઝનીના મકબરામાં લગાવેલા દરવાજાની વાત કરી...' સૈની બોલ્યો.

'અંગ્રેજો અફઘાનિસ્તાનથી ભારત પાછા લઈ આવ્યા, એ દરવાજા?'

'હા. જે પાછળથી અસલી નહીં, પણ મૂળ પ્રવેશદ્વારની નકલ સાબિત થયા. અત્યારે એ ક્યાં છે? ક્રિષ્ના કીનું રહસ્ય કદાચ આ દરવાજા સાથે સંકળાયેલું છે.'

'એ દરવાજા તો અફઘાનિસ્તાનથી લાવીને આગ્રાના કિલ્લામાં, સ્ટોરેજ રૂમમાં મૂકી દેવાયા અને હજીયે ત્યાં જ છે.' છેદીએ જવાબ આપ્યો.

'એ દરવાજાનું ચિત્ર તેં જોયું?'

'હા. એના પર છ ખૂણાવાળો તારો છે.'

'દોસ્ત એ સ્ટાર નહીં, પણ શિવ અને શક્તિના મિલનનું પ્રતીક છે.'

'તો શું કરીએ?' છેદીએ પૂછ્યું.

'તમે આગ્રા જાવ. આપણે ત્યાં મળશું. એ દરવાજા નજરોનજર જોવા પડશે.'

'તમે તિબેટથી આગ્રા પહોંચો, ત્યાં સુધી અમે શું કરીએ?'

'તાજમહાલ જોઈ આવો. ચાંદની રાતે એ બહુ રોમેન્ટિક લાગે છે, એવું સાંભળ્યું

છે.’ સૈનીએ જવાબ આપ્યો.

૭૫

યુદ્ધની આગલી સાંજે મહર્ષિ વ્યાસ, ધૃતરાષ્ટ્રને મળવા ગયા. ત્યાં જઈને એમણે કહ્યું, 'આવનારા દિવસો બહુ ભયાનક હશે. આકાશમાં મેં અશુભના સંકેત જોયા છે. તમારા બધા પુત્રો અને એમના પક્ષમાં રહેલા રાજાઓ મરી જશે. વિધિના લેખ મિથ્યા નહીં થાય, એટલે શોક કરીને કંઈ વળવાનું નથી. પણ તમે કહો તો હું થોડા સમય માટે તમને દેખતા કરી શકું જેથી કરીને તમે યુદ્ધ નિહાળી શકો.'

વ્યાસની સ્પષ્ટ વાણી સાંભળીને ધૃતરાષ્ટ્ર હેબતાઈ ગયા. કુળનો વિનાશ જોવાને બદલે એમણે અંધ રહેવાનું વધુ પસંદ કર્યું. પણ એમના રથચાલક સંજયને વેદવ્યાસે દિવ્યદૃષ્ટિનું વરદાન આપ્યું. સંજયે મહેલમાં ખેઠાખેઠા કુરુક્ષેત્રની અંદર અને બહાર થતી ઘટનાઓ નિહાળી અને ધૃતરાષ્ટ્રને રજેરજ માહિતી આપી.

'આપણે આગ્રા શું કામ જઈએ છે?' રાધિકાએ પૂછ્યું.

'શિવશક્તિનું ચિહ્ન ધરાવતા ભારેખમ દરવાજાને છેક અફઘાનિસ્તાન સુધી ઉપાડી જવા પાછળ, મહમ્મદ ગઝનીનો કોઈ ચોક્કસ હેતુ હોવો જોઈએ. આપણે જઈને જોઈએ તો ખરા.' સૈનીએ જવાબ આપ્યો.

'પરંતુ કૃષ્ણના જીવન સાથે સંકળાયેલાં બીજાં સ્થળો પણ છે. મથુરા, ગોકુળ, વૃંદાવન... ત્યાં પણ ક્યાંક કૃષ્ણનું રહસ્ય મળી શકે.' રાધિકા બોલી.

સૈનીએ માથું ધુણાવ્યું. 'સાચું કહું તો કૃષ્ણની બાળલીલાની વાતો મને તો મોટે ભાગે કપોળકલ્પિત લાગે છે. એ બધું પાછળથી ઉમેરાયું છે. હું માનું છું કે મોટા થઈને મહાન રાજપુરુષ અને દૂરદ્રષ્ટા પુરવાર થયેલા કૃષ્ણએ એના બાળપણના દિવસો, સાંદીપનિ ઋષિના આશ્રમની અંદર, ગંભીરતાથી ભણવામાં જ ગાળ્યા હશે. મથુરા, ગોકુળ અને વૃંદાવનમાં મને કંઈ ઐતિહાસિક લાગતું નથી. હા, યાત્રાળુઓ, સહેલાણીઓને આકર્ષવા માટે એ સારી જગ્યાઓ છે.'

'એટલે, કૃષ્ણના જીવનમાંથી આ સ્થળોની સાવ બાદબાકી કરી નાખવાની?' રાધિકાએ આઘાતથી પૂછ્યું.

'આવા પ્રશ્નોનો કોઈ સ્પષ્ટ જવાબ નથી.' સૈની બોલ્યો. 'એક દાખલો આપું. મથુરામાં કૃષ્ણ-જન્મસ્થાન હોવાનો દાવો કરતા બે મંદિર છે. એવી જ રીતે મથુરાથી પંદર કિલોમીટરના અંતરે આવેલા ગોકુલ અને મહવન, આ બંને સ્થળ, મૂળ પ્રાચીન ગોકુળ હોવાનો દાવો કરે છે. એકમેકથી લગભગ બે કિલોમીટરના અંતરે આવેલાં બંને ગામમાં નંદ-યશોદા ભવન અને પુતના મંદિર છે, કોની વાત માનવી?'

'અર્થાત્, વૃંદાવનમાં પણ શોધ કરવાનો અર્થ નથી.' રાધિકાએ ધારી લીધું.

'વાસ્તવિકતા એ છે કે, આ બધા વિસ્તારોમાં કૃષ્ણભક્તિનાં મૂળ એટલાં ઊંડાં છે કે, ઇતિહાસ અને દંતકથાને જુદા પાડવાનું લગભગ અશક્ય છે. આપણાં ચિત્રોમાં, સંગીતમાં, કૃષ્ણની કથા કહેતી વખતે રાધાકૃષ્ણના પ્રેમનો ઉલ્લેખ અચૂક થયો છે. પણ

શ્રીમદ્ ભાગવતમાં કોઈ ઠેકાણે રાધાનું નામ નથી. કૃષ્ણ થઈ ગયા, એ પછી લગભગ ચાર હજાર વર્ષ બાદ, એટલે કે બારમી સદીમાં કવિ જયદેવે એમના જાણીતા કાવ્ય 'ગીત ગોવિંદ'માં પહેલી વાર રાધાના નામનો ઉલ્લેખ કર્યો, સૈની બોલ્યો. 'એટલે હવે આગ્રા જઈને સોમનાથના દરવાજા જોવામાં મને વધુ રસ પડે છે.'

રાધિકાના ફોને રણકવાનું શરૂ કર્યું.

૭૬

યુદ્ધના પહેલા દિવસે કૌરવોનું પલ્લું ભારે રહ્યું. બીજો દિવસ માંડવોના પક્ષમાં ગયો. ત્રીજે દિવસે ભીષ્મે નક્કી કરી લીધું કે કૌરવોએ જીતવું હોય તો અર્જુનને રણમેદાનમાંથી બહાર કાઢવો પડશે.

ભીષ્મની બાણવર્ષા સામે પાંડવસેનાના સહુથી બળિયા યોદ્ધા, અર્જુન, ભીમ, અભિમન્યુ વગેરે વામણા પુરવાર થયા. જોકે મને ખ્યાલ આવી ગયો કે અર્જુન મોકળે મને નહોતો લડતો. ભીષ્મને ઈજા ન થાય, એટલે એ જાણી જોઈને નબળા ઘા કરતો હતો. છેવટે મેં પરિસ્થિતિનો દોર હાથમાં લીધો. અર્જુનને કહ્યું કે, તું ભીષ્મને નહીં મારી શકે, એ કામ મારે જ કરવું પડશે.'

નારાયણસ્વરૂપ ધારણ કરીને હું રથમાંથી ઊતર્યો, અને ભીષ્મની સામે ધસી ગયો. મારું તેજસ્વી રૂપ જોતાંની સાથે ભીષ્મે એમનાં શસ્ત્રો હેઠાં મૂકી દીધાં અને માથું નમાવીને બોલ્યા, 'આનાથી મોટું સદ્ભાગ્ય કોને મળવાનું? તમારા સુદર્શન ચક્રથી હણાઈને મને મોક્ષની પ્રાપ્તિ થશે.'

વાસ્તવિકતામાં, લડાઈ કરવાની મારી કોઈ ઈચ્છા નહોતી. મેં તો માત્ર અર્જુનને ઉશ્કેરવા માટે આવું નાટક કરેલું. અને એ હેતુ પાર પડ્યો. પાછળ દોડી આવેલા અર્જુને, મને યુદ્ધ દરમ્યાન શસ્ત્ર નહીં ઉપાડવાની મારી પાસે પ્રતિજ્ઞા લેવડાવી અને વચન આપ્યું કે એ પૂરા જોશથી લડશે.

'રવિ મોહન સૈની સાથે વાત કરી શકું?' સામેથી આવેલો અવાજ રાધિકાને પરિચિત લાગ્યો, પણ ઝટ યાદ ન આવ્યું, કે આ પહેલાં આ અવાજ ક્યાં સાંભળેલો. 'હા', કહીને એણે સૈનીના હાથમાં ફોન આવ્યો.

'મિસ્ટર સૈની, ઘણા દિવસોથી હું તમારો સંપર્ક સાધવાની કોશિશ કરતો હતો. મારું નામ રાજેન્દ્ર રાવળ. હું દિલ્હીથી બોલું છું. સાઉથ દિલ્હી સેફ્ટી વૉલ્ટ્સ લિમિટેડનો હું મૅનેજર છું.'

'બોલો, મિસ્ટર રાવળ.' સૈનીએ સહેજ બેધ્યાનપણે કહ્યું.

'VSKBC હેરિટેજ લિમિટેડ નામની કંપનીએ અમારે ત્યાં એક સેફ ડિપોઝિટ બૉક્સ ભાડે રાખ્યું છે. ક્લાયન્ટ તરીકે એમાં અનિલ વાર્શનીની સહી છે. પણ થોડા દિવસ પહેલાં મેં એમના દુ:ખદ અવસાન વિશે સાંભળ્યું.'

સૈનીની બેપરવાહી ગાયબ થઈ ગઈ. વાર્શનીની છેલ્લી મુલાકાતમાં કહેલા શબ્દો એને યાદ આવી ગયા. વાર્શનીએ કહેલું કે, ચાર પ્રાચીન મહોરોનો સેટ જે સિરામિક પ્લેટમાં રહેતો હતો એની નીલામી થયેલી અને મોટી કિંમતે આ ખરીદી લેવા માટે એણે પોતાની કંપનીના માસિકોને સમજાવી લીધેલા. VSKBC એ નીલામમાં મોટી બોસી લગાવીને ખરીદેલી એ પ્લેટ, એક સેફ ડિપોઝિટ બૉક્સમાં હતી. વાર્શનીએ એમ પણ કહેલું કે, એને કંઈ થઈ ગયું તો રવિમોહન સૈનીનો સંપર્ક કરવાની સૂચના એણે વૉલ્ટ મૅનેજમૅન્ટને આપી રાખેલી.

'દિલ્હીની ન્યૂ ફ્રેન્ડ્સ કૉલોનીમાં અમારી બ્રાન્ચ છે. સપ્તાહના સાતેય દિવસ અમારી ઑફિસ સવારના દસથી રાતના આઠ સુધી ખુલ્લી રહે છે, તમે ગમે ત્યારે આવી શકો છો. પણ સાથે ઓળખનો પુરાવો લેતા આવજો.'

'હા, કાલે જ હું દિલ્હી આવી જઈશ.' સૈનીએ કહ્યું.

'તમારી રાહ જોઈએ છીએ.' કહીને CBI સ્પેશિયલ ડિરેક્ટર સુનીલ ગર્ગે ફોન મૂક્યો. આખીયે વાતચીત દરમ્યાન સામે ખુરશી પર મૂર્તિની જેમ સ્થિર બેસી રહેલો, વૉલ્ટનો મૅનેજર રાજેન્દ્ર રાવળ એને જોઈ રહ્યો.

૭૭

રણભૂમિમાં નવમો દિવસ ઊગ્યો. ત્યાં સુધીમાં મને સમજાઈ ગયેલું કે ભીષ્મ હશે ત્યાં સુધી પાંડવોનો વિજય શક્ય નથી. અંતિમ દાવ તરીકે મેં શિખંડીનો સહારો લેવાનું નક્કી કર્યું. પૂર્વ જન્મમાં શિખંડીનો જન્મ અંબા તરીકે થયો હતો. એની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ ભીષ્મએ નકારી કાઢ્યો, એ વાત મનમાં રાખીને અંબાએ ઘોર તપસ્યા કરી. અને છેવટે વરદાન મેળવ્યું કે બીજા જન્મમાં એ ભીષ્મના મૃત્યુનું નિમિત્ત બનશે. પુનર્જન્મ માટે ઉતાવળી થયેલી અંબાએ તરત પ્રાણનો ત્યાગ કર્યો .

અંબાનો નવો જન્મ, દ્રુપદ રાજાની પુત્રી તરીકે થયો. પરંતુ ભીષ્મના ડરે દ્રુપદે એની પુત્રીને જંગલમાં મોકલી દીધી. વનવાસ દરમ્યાન એનો ભેટો એક ગાંધર્વ સાથે થયો, જે આ કન્યાને પોતાનું પુરુષરૂપ આપીને, બદલામાં ખુદ સ્ત્રી બનવા તૈયાર થઈ ગયો. દ્રુપદની દીકરી શિખંડી નામના પુરુષ તરીકે જંગલમાંથી બહાર આવી અને રાજાની સેનામાં જોડાઈ, જ્યાં પોતાની વીરતાના બળે, એ ઝડપભેર, ઉચ્ચ સ્થાને પહોંચી ગઈ.

યુદ્ધમાં શિખંડી અમારા પક્ષે હતો. હું જાણતો હતો કે ભીષ્મની નજરે શિખંડી હજીયે સ્ત્રી જ હતો. અને એ ક્યારેય સ્ત્રી પર હાથ નહીં ઉગામે. યુદ્ધના દસમા દિવસે શિખંડીને આગળ રાખીને પાંડવોએ લડવાનું શરૂ કર્યું. મેં ધાર્યું હતું, એમ ભીષ્મએ હથિયાર હેઠાં નાખી દીધાં અને શિખંડીની પાછળ રહેલા અર્જુને એમને બાણોથી વીંધી નાખ્યા.

જામનગરથી ફ્લાઇટ પકડીને દિલ્હી પહોંચેલા રાઠોડ અને છેદીએ કુતુબ હૉટેલમાં ઉતારો કર્યો અને સાંજે ડિનર માટે કુતુબમિનાર પાસે આવેલી રેસ્ટોરામાં ગયા.

'દિલ્હીના પહેલા સુલતાન કુત્બ-ઉદ-દીન ઐબકે ૧૩મી સદીમાં આ મિનાર બંધાવેલો. એ પોતે જોકે મહમ્મદ ઘોરીનો ગુલામ હતો. ઘોરીના પૂર્વજોએ સોમનાથ લૂંટનારા મહમુદ ગઝનીના ગઝનાવિદ સામ્રાજ્યને ધ્વસ્ત કરેલું. સોમનાથની કહાણી અહીં દિલ્હીમાં પૂરી થઈ.' છેદી બોલ્યો.

દરેક વિષય પર છેદીનાં ભાષણ સાંભળી-સાંભળીને રાઠોડની ધીરજનો અંત આવી ગયેલો. વ્હીસ્કીનો ગ્લાસ પૂરો કરીને એ ટેબલ પરથી ઊભો થઈ ગયો, 'મને ભૂખ નથી. તમ તમારે નિરાંતે જમો. હું બહાર ખુલ્લી હવામાં ફરવા જાઉં છું. કાલે સવારે સાત વાગે હૉટેલની લૉબીમાં મળશું.' આવું કહીને, છેદીને કંઈ બોલવાનો મોકો આપ્યા વિના રાઠોડ રેસ્ટોરામાંથી બહાર નીકળી ગયો.

રસ્તા પર ચાલતાં ચાલતાં એણે આસપાસ જોયું. આ વિસ્તારની લગભગ દરેક ઈમારત અને બાંધકામ, પ્રાચીન ઇતિહાસની ઝાંખી કરાવતાં હતાં. દિલ્હીના છેલ્લા હિન્દુ રાજા પૃથ્વીરાજ ચૌહાણને હરાવ્યા બાદ મુહમ્મદ ઘોરીએ પોતાના વિજયના પ્રતીક તરીકે ૧૧૯૨માં ૨૩૮ ફીટ ઊંચો કુતુબમિનાર ઊભો કરાવ્યો હતો. ત્યાં પહોંચીને રાઠોડે પોતાના ખિસ્સામાંથી એક ફેક્સ મૅસેજ કાઢ્યો. કુરકુડેની રિસર્ચ લૅબના IT ડિપાર્ટમૅન્ટે, પ્રોફેસરની

મૃત સેક્રેટરીનું કમ્પ્યૂટર ચેક કરીને જોઈતી માહિતી મેળવી લીધેલી.

સેક્રેટરીના ટર્મિનલ પરથી હત્યારાએ ભારતભરમાં થયેલાં રેડિયોઍક્ટિવિટી લેવલના રીડિંગ્સ ડાઉનલોડ કરેલા. આ રીડિંગ્સ કઈ જગ્યાએ બહુ હાઈ હતા, એનો નકશો, લૅબવાળાએ રાઠોડને મોકલ્યો હતો.



રાઠોડે ફેક્સ મૅસેજ પર ફરી એકવાર નજર ફેરવી. પણ હજીયે એને કંઈ સમજાયું નહીં. એણે કાગળની ગડી વાળીને ખિસ્સામાં મૂકી, અને ફૂટપાથના સ્ટૉલ પરથી ખરીદેલો કાઠી રોલ ખાતાં ખાતાં એ આગળ વધ્યો. સામે દિલ્હીનો પ્રખ્યાત લોહસ્તંભ હતો. સોળસો વર્ષ પહેલાં ચંદ્રગુપ્ત વિકમાદિત્યે બંધાવેલા આ છ ટનના લોઢાના મિનારને હજી સુધી કાટ કેમ નહોતો લાગ્યો, એ નિષ્ણાતો માટે આશ્ચર્યનો વિષય હતો.

પરંતુ એ સ્તંભ નીચે, વધુ મોટું આશ્ચર્ય, રાઠોડની રાહ જોતું હતું. લોહસ્તંભને ફરતી સ્ટીલની વાડ હતી. પણ એની અંદર છેદીની નિષ્પ્રાણ કાયા પડી હતી. સ્તંભને અઢેલીને, પગ લાંબો કરીને બેઠા હોય, એવા લાગતા છેદીના શરીરમાં જીવ નહોતો રહ્યો. એના ડાબા પગમાં ધારદાર નાનો અસ્ત્રો ખૂંપી ગયો હતો. એમાંથી નીકળેલા લોહીનું ખાબોચિયું ભરાઈ ગયેલું. અને, કદાચ એમાં જ પેઇન્ટ બ્રશ બોળીને હત્યારાએ પાછળ સ્તંભ પર સંસ્કૃત શ્લોક લખ્યો હતો. 'મ્લેરછનિવાહા નિધાને કલયસિ કરવલમ્ ધુમકેતુમ્ ઈવ કિમ અપિ કરવલમ્ કેશવ ધૃતા-કલ્કિ-શરીર, જય જગદીશ હરે' મૃતક છેદીના કપાળ પર ગદાનું ચિહ્ન હતું.



હાંફળાફાંફળા થઈને રાઠોડે, ફોન પર દિલ્હી પોલીસના નંબર ફેરવવાનું શરૂ કર્યું. થોડે દૂરથી તમાશો જોઈ રહેલા તારકે એના iPhone પરથી પ્રિયાનો નંબર જોડ્યો.

૭૮

આખરે ભીષ્મ પડ્યા. અર્જુને એમના માટે ભૂમિ પર બાણશૈયા બનાવી આપી, જેના પર સૂઈને, ભીષ્મ પોતાના મૃત્યુનો દિવસ નક્કી કરી શકે. એમને ઈચ્છામૃત્યુનું વરદાન હતું. ભીષ્મની તૃષ્ણા છીપાવવા માટે અર્જુને જમીનમાં બાણ મારીને, પાણીની સરવાણી પ્રગટાવી.

યુદ્ધમાં હવે કર્ણ જોડાયો. અને કૌરવ સેનાની આગેવાની દ્રોણાચાર્યએ લીધી. દ્રોણાચાર્યનું વલણ ભીષ્મના જેવું, કૂણું નહોતું. ઓછામાં ઓછા એક પાંડવને પાડી દેવા માટે એ આતુર હતા. યુદ્ધે હવે વધુ ભીષણ રૂપ ધારણ કર્યું.

‘છેદી મરી ગયો. તમારી સૂચના પ્રમાણે, ચારેય જણને સ્વધામ પહોંચાડી દેવાયા.’ મુંબઈમાં સર ખાનના ઘરમાં બેઠેલી પ્રિયાએ કહ્યું.

‘લક્ષ્ય સુધી પહોંચવાનો આપણો રસ્તો સાફ થઈ ગયો.’ સર ખાને કહ્યું.

‘તમે કહ્યું, એ બધું મેં કર્યું. કારણ કે એમ કરીને, કૃષ્ણ સુધી પહોંચવાની મેં આશા રાખેલી. પણ હજીયે મને એ નથી સમજાતું કે, તમને કઈ વસ્તુની શોધ છે? બ્રહ્માસ્ત્રની કે કૃષ્ણએ પાછળ છોડેલા DNA ની?’ પ્રિયાએ આખરે પૂછી નાખ્યું.

‘મને લાગે છે કે, સાચું કહેવાનો સમય હવે આવી ગયો છે.’ સર ખાને કહ્યું.

‘પ્લીઝ’, પ્રિયા આતુરભાવે બોલી.

‘હું એક પથ્થરની શોધ કરી રહ્યો છું. પશ્ચિમમાં એને ફિલૉસૉફર્સ સ્ટૉન કહે છે, પણ હિન્દુ સાહિત્યમાં એનો ઉલ્લેખ શ્યામંતક તરીકે થયો છે.

‘શ્યામંતક? પણ એ તો માત્ર દંતકથા છે.’ પ્રિયા બોલી.

‘ના, ખરેખર એનું અસ્તિત્વ છે. વિષ્ણુ પુરાણ માં લખ્યું છે કે, સૂર્ય પાસે શ્યામંતક નામનો આ મણિ હતો અને પ્રતિદિન આઠ ભાર , એટલે કે અત્યારના ૧૭૦ પાઉન્ડ જેટલું સોનું બનાવવાની શક્તિ એનામાં હતી.’

‘એ ક્યાં ગયો?’ સંજય રત્નાનીએ પૂછ્યું.

‘સૂર્યએ એના ભકત યાદવ સત્રજિતને ભેટમાં આપ્યો. સત્રજિતે એના ભાઈ પ્રસન્નજિતને આપ્યો. વનમાં શિકાર કરવા ગયેલા પ્રસન્નજિત પર ત્રાટકીને એક સિંહ આ મણિ લઈ જતો હતો, પણ એને મારીને જાંબવાન નામની રીંછે આ કિંમતી પથ્થર કબજે કરી લીધો. એ પછી કૃષ્ણના હાથે મરાયો અને છેવટે કૃષ્ણએ આ મણિ સાચવવાની જવાબદાર અક્રૂરને સોંપીને કહ્યું કે, શ્યામંતક હંમેશાં દ્વારકામાં જ રહેવો જોઈએ.’ સર ખાને કહ્યું.

‘એ ખરેખર દ્વારકામાં રહ્યો?’ રત્નાનીએ પૂછ્યું.

‘કૃષ્ણ નિર્વાણ પામ્યા, અને દ્વારકા ડૂબી ગઈ, એ પછી શ્યામંતકનું શું થયું, એ વિશે પુરાણો અને મહાભારત મૌન છે. પણ આપણે જાણીએ છીએ કે દ્વારકાનો વિનાશ થયો ત્યારે કૃષ્ણ અને યાદવો, પ્રભાસ પાટણ એટલે કે અત્યારના સોમનાથમાં હતા. પારધીએ ભૂલથી કૃષ્ણને બાણ મારી દીધું, એ પછી શક્ય છે કે શ્યામંતકને સુરક્ષિતરૂપે સોમનાથમાં

મૂકી દેવાયો હોય અને મંદિરથી વધુ સુરક્ષિત સ્થાન, એ સમયે બીજું કયું હોઈ શકે?' સર ખાને કલ્પના કરી.

'પણ શ્યામંતક ખરેખર ચમત્કારિક હશે? પ્રિયાએ પૂછ્યું.

'ગઝની સોમનાથ પર ત્રાટકીને, એમાંથી હાથ લાગ્યું એ બધું લઈ ગયો. મંદિરમાંથી એને લગભગ સાડા છ ટન સોનું મળ્યું હોવાનું નોંધાયું છે. હવે મંદિરમાં આટલું બધું સોનું ક્યાંથી આવ્યું?' સર ખાને પૂછ્યું.

પ્રિયા પાસે જવાબ નહોતો. સર ખાને વાત આગળ ચલાવી. 'એવીયે શક્યતા છે કે, શ્યામંતક કોઈ ચમત્કારિક મણિ નહીં, પરંતુ ન્યુક્લિયર ટ્રાન્સમ્યુટેશનની શક્તિ ધરાવતો કોઈ પદાર્થ કે તત્વ હોય. એને શિવલિંગમાં સંતાડીને મૂકાયો હતો, અને એણે પોતાનું મેગ્નેટિક ફિલ્ડ ઊભું કરેલું. એટલે એ લિંગ હવામાં તરતું રહેલું. આવું બની શકે કે નહીં?'

'પરંતુ શિવલિંગ પોલું ન હોય.' પ્રિયાએ દલીલ કરી.

'ફિરિશ્તા નામના પર્શિયન ઇતિહાસકારે નોંધ્યું છે કે, ગઝનીએ જ્યારે સોમનાથનું શિવલિંગ તોડ્યું, ત્યારે અંદરથી થોડા પથ્થર બહાર આવેલા.'

'અને, આપણે આ વાત માની લેવાની?'

'મોટાભાગના ઇતિહાસકારો નથી માનતા કારણ કે શિવલિંગ હંમેશાં નક્કર હોવાનું મનાય છે. પણ કદાચ સોમનાથ બધાંથી જુદું હોય તો? દુનિયામાં બીજે ક્યાંય, હવામાં અદ્ધર તરતું શિવલિંગ નહોતું કે નથી. એનું વજન ઓછું રાખવા માટે એ લિંગ પોલું રખાયું હોય એ શક્ય છે. અને કદાચ શ્યામંતક એની અંદર મૂકાયો હોય.' સર ખાને પોતાની થિયરી રજૂ કરી.

'પરંતુ શ્યામંતકમાં જો ખરેખર ન્યુક્લિયર ગુણધર્મ હોય, તો એના સંપર્કમાં આવનાર કોઈ વ્યક્તિ જીવિત ન રહી હોત.' પ્રિયાએ બીજી દલીલ કરી.

'એ ન્યુક્લિયર બૉમ્બ નહોતો.' સર ખાને જવાબ આપ્યો. 'પણ એનામાં ન્યુક્લિયર ગુણો ચોક્કસ હતા અને એમાંથી નીકળતા રેડિયેશનથી બહારના લોકોને બચાવવા માટે જ શિવલિંગ હંમેશાં ખીલીપત્ર થી ઢાંકી રખાતું હતું.'

યુદ્ધના બારમા દિવસે દ્રોણાચાર્યનું ધ્યાન ગયું કે હું અર્જુનને કર્ણથી દૂર રાખવાનો પ્રયાસ કરતો હતો. આની પાછળ કારણ હતું. કર્ણ રણભૂમિ પર આવ્યો, એ પહેલાં સવારના પહોરમાં એક બ્રાહ્મણે એની પાસે આવીને ભિક્ષાની યાચના કરી હતી. 'જે જોઈએ એ માંગી લે.' કર્ણએ ઉદારભાવે કહ્યું. અને બ્રાહ્મણના રૂપમાં આવેલા ઇન્દ્રએ, કર્ણના શરીર પર જન્મજાત જોડાયેલું ક્વચ માંગ્યું. કર્ણએ છરી લઈને પોતાના શરીર પરનું કવચ ઉતરડી નાખ્યું અને બ્રાહ્મણને આપ્યું.

ઇન્દ્ર, અર્જુનનો પિતા હતો, અને કર્ણને નબળો પાડવા એણે આ કરેલું. પરંતુ કર્ણની ઉદારતા જોઈને એ એટલો પ્રસન્ન થયો કે એણે કર્ણને એક દૈવી ભાલો ભેટમાં આપ્યો. આ ભાલો ક્યારેય નિશાન ચૂકવાનો નહોતો, પરંતુ શરત એ હતી કે એનો ઉપયોગ એક જ વાર થઈ શકે. યુદ્ધ વખતે અર્જુનને હું કર્ણના આ ભાલાથી બચાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

'બીલીપત્ર? પણ શિવને એ ધરાવવાની પ્રથા તો હિન્દુઓમાં, સદીઓથી ચાલી આવી છે. વિજ્ઞાન સાથે એને શું સંબંધ?' પ્રિયાએ પૂછ્યું.

'સીધો સંબંધ છે, જે લોકોના ધ્યાનમાંથી નીકળી ગયો છે. વૈજ્ઞાનિકોએ હવે સાબિત કરી દીધું છે કે બીલીના પાંદડામાં માનવશરીરને રેડિયેશન સામે રક્ષણ આપવાની શક્તિ છે. શિવલિંગ પર બીલીપત્ર ચઢાવવાની પરંપરા કદાચ સોમનાથથી શરૂ થઈ હશે.'

આ માન્યતાનો પુરાવો આપતો હોય એમ સર ખાને બીજી વાત કરી. 'ગઝનીએ સત્તરવાર ભારત પર આક્રમણ કર્યું, ત્યાં સુધી એ સાજોનરવો રહ્યો, પણ સોમનાથ પર આક્રમણ કર્યા બાદ થોડાં જ વર્ષોમાં ક્ષયરોગથી મરી ગયો. શક્ય છે કે, અહીંથી એ શિવલિંગના ટુકડા લઈ ગયેલો, એમાંથી ફેલાયેલા અણુપ્રદૂષણે એનો જીવ લઈ લીધો.'

'યુદ્ધમાં થયેલા જખમોના પરિણામે પણ એ મર્યો હોય, સોમનાથ લૂંટીને અફઘાનિસ્તાન પાછા જઈ રહેલા ગઝની પર ભારતીય યોદ્ધાઓએ હુમલો કરેલો ને!' પ્રિયાને યાદ આવ્યું.

'હા. અને જોવાનું એ છે કે, ગઝની પર હુમલો કરનારા જાટ હતા. એવું કહેવાય છે કે, જરાસંધ સાથે અઢારમીવાર લડાઈ કર્યા પછી કૃષ્ણએ જુદા જુદા યાદવકુળોનો એક સંઘ સ્થાપીને એને ગ્યાતિ-સંઘ નામ આપ્યું. સંઘનો દરેક સભ્ય ગ્યાત તરીકે ઓળખાતો હતો. સમય જતાં ગ્યાતનું જાટ થઈ ગયું.'

'તમે કહો છો કે, જાટ યોદ્ધાઓએ શ્યામંતક મણિ પાછો મેળવવા માટે ગઝની સાથે લડાઈ કરી?' પ્રિયાએ પૂછ્યું.

'હા, અને એ વાતની પણ મને ખાતરી છે કે ગઝની માત્ર સોનું અને હીરામાણેક લૂંટવા માટે સોમનાથ નહોતો આવ્યો. એનું અંતિમ લક્ષ્ય પણ શ્યામંતક પ્રાપ્ત કરવાનું જ હતું. આખરે ગઝની પોતે પણ, કૃષ્ણનો જ વંશજ હતો.' સર ખાને સ્મિત આપીને કહ્યું.

યુદ્ધભૂમિ પર તેરમા દિવસે દ્રોણાચાર્યએ અતિ ભયાનક અને અભેદ્ય ગણાતો ચક્રવ્યૂહ ગોઠવ્યો. અર્જુનનો સોળ વર્ષનો પુત્ર અભિમન્યુ અને યુધિષ્ઠિર અંદર ફસાઈ ગયા. અભિમન્યુએ માતાના ગર્ભમાં રહીને, અર્જુનને મોઢેથી ચક્રવ્યૂહ ભેદવાની યુક્તિ સાંભળી હતી, પરંતુ અધૂરી! બીજાઓને આ વ્યૂહમાંથી કાઢવાનું એ શીખી ગયેલો, પણ પોતે કઈ રીતે બહાર નીકળવું, એ નહોતો જાણતો.

અભિમન્યુએ યુધિષ્ઠિર અને બીજી પાંડવસેનાઓને ચક્રવ્યૂહમાંથી બહાર કાઢી, પણ પોતે અંદર ફસાઈ ગયો. એકલા-અટૂલા અભિમન્યુ પર દુર્યોધન, દુ:શાસન, દ્રોણાચાર્ય કૃપાચાર્ય અને અશ્વત્થામાએ મળીને આક્રમણ કર્યું. કોઈએ ટકોર કરી કે, એકની સામે આટલા બધા લડે, એ યુદ્ધના નીતિનિયમોની વિરુદ્ધ ગણાય. દ્રોણાચાર્યએ કહી દીધું કે, ભીષ્મને પછાડવા માટે સ્ત્રીનો ઉપયોગ કરીને, પાંડવોએ પહેલાં જ યુદ્ધના નિયમોનો ભંગ કરી દીધેલો. હવે કોઈ નીતિનિયમોને આ યુદ્ધમાં સ્થાન નહોતું.

અભિમન્યુના મૃત્યુના સમાચાર સાંભળીને અર્જુનના શોકનો પાર ન રહ્યો. પણ મારી નજરે, જે થયું એ સારા માટે હતું. પુત્રના મોતનો બદલો લેવા માટે તત્પર થયેલો અર્જુન હવે પૂરેપૂરા જોશ સાથે લડવા માટે તૈયાર થઈ ગયેલો.

‘ગઝનીને કોઈ બીજાએ કૃષ્ણને વંશજ કીધો હોત તો હું એને મારી નાખત’, પ્રિયાએ ફૂંફાડો માર્યો.

‘શાંતિથી મારી વાત સાંભળી લે.’ સર ખાને સ્વસ્થ અવાજે કહ્યું અને થોડી વાર બાદ વાતનો દોર સાધ્યો. ‘ઈતિહાસકાર એ.એચ. બીંગલીએ ‘હેન્ડબુક ઑન રાજપૂત્સ’ નામનું પુસ્તક લખેલું, એ તો તેં વાંચ્યું હશે.’

‘વાંચ્યું નથી, પણ એના વિશે સાંભળ્યું છે.’ પ્રિયાએ કહ્યું.

‘વેરી ગુડ. એમાં લખ્યું છે કે કૃષ્ણના મૃત્યુ પછી, ભારતમાંથી હાંકી કઢાયેલા ઘણા યાદવોએ અફઘાનિસ્તાન જઈને ત્યાં ગઝની વંશ અને રાજ્યની સ્થાપના કરી.’

‘મહમુદ ગઝનીની રાજધાની હતી, એ ગઝની?’ પ્રિયાએ આશ્ચર્યથી પૂછ્યું.

‘હા. પાંચ હજાર વર્ષ પહેલાં ઇન્દ્રપ્રસ્થ અને દ્વારકામાંથી સ્થળાંતર કરી જનારા યાદવો ત્યાં વસ્યા હતા. એમના વંશજો પાછળથી મુસ્લિમ શાસક બન્યા.’

‘માનવામાં નથી આવતું.’ પ્રિયા બબડી.

‘મારો મુદ્દો એ કે, યાદવોના બે વંશજ, જાટ અને ગઝની વચ્ચે જે લડાઈ થઈ એ શ્યામંતક માટે હતી.’

‘શ્યામંતક આજે કોની પાસે છે?’

‘ગઝનીના મૃત્યુ પછી મુહમ્મદ ઘોરીના વારસદારોએ એના સામ્રાજયને ખતમ કરી નાખ્યું. શ્યામંતક પણ કદાચ ઘોરીના હાથમાં ગયો હશે. ઘોરીએ ૧૯૧૧માં ભારત પર

આક્રમણ કર્યું, ત્યારે પૃથ્વીરાજ ચૌહાણે એને હરાવ્યો. પણ બીજે જ વર્ષે ઘોરીએ પાછા આવીને ભારતની સેનાને હરાવી અને પૃથ્વીરાજને બંદી બનાવીને લઈ ગયો. ત્યાં છુપાવેશે આવેલા, એના બાળપણના મિત્ર ચાંદ બારડાઈએ પછી કઈ રીતે ઘોરીને રમતમાં ફસાવ્યો, અને પૃથ્વીરાજના હાથે મરાવ્યો, એ વિશે ઘણી વાર્તાઓ છે. પણ છેવટે એ બે જણ ત્યાંથી છટકી ન શક્યા. દુશ્મનોના હાથે મરવાને બદલે, એમણે એકબીજાને છરી મારી દઈને, દોસ્તના હાથે મોત વહાલું કર્યું.'

'અને શ્યામંતક?'

'એવું કહેવાય છે કે ચાંદ બારડાઈ સાથે છૂપી રીતે આવેલા રાજપૂતો શ્યામંતક લઈને ભારત નાસી છૂટ્યા.'

'પેલા લોકોને બહુ ગુસ્સો આવ્યો હશે.'

'ગુસ્સો તો હજીયે છે. અત્યારના ગઝનીની બહાર, વિશાળ ઘુમ્મટ ધરાવતો, ગઝનીનો મોટો મકબરો છે. એનાથી થોડે જ દૂર બીજો નાનો મકબરો છે, જેમાં પૃથ્વીરાજ ચૌહાણના અવશેષો હોવાનું કહેવાય છે. એ મકબરાની વચ્ચોવચ માટી ભરેલો એક ખાડો છે. ગઝનીની કબર પર દુઆ માંગ્યા બાદ લોકો અહીં આવીને, ખાડાની ઉપર લટકતું દોરડું પકડીને માટી પર જોરજોરથી પગ પછાડે છે.' સર ખાને કહ્યું. 'ઘોરીના હત્યારા પર, ત્યાંના લોકો આ રીતે રોષ ઉતારે છે.'

'ઘોરીના હત્યારા અને શ્યામંતકને પાછો લઈ જનારા!' પ્રિયા ગણગણી.

૮૧

અભિમન્યુને કોઈ બચાવી ન શક્યું, એનું સહુથી મોટું કારણ હતો, જયદ્રથ! કૌરવોના આ બનેવીએ એની સેના સાથે, પાંડવોને ચક્રવ્યૂહમાં પ્રવેશતાં અટકાવ્યા હતા. વ્યથિત અર્જુને ત્યાં જ પ્રતિજ્ઞા લીધી કે, આવતીકાલે સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનો વધ નહીં કરું, તો હું અગ્નિસ્નાન કરી લઈશ.
સાંભળીને દ્રોણ રાજીના રેડ થઈ ગયા. 'આપણે તો હવે સૂરજ ટળે ત્યાં સુધી જયદ્રથને બચાવવાનો છે. અર્જુન એની મેળે મરી જશે.' એમણે કહ્યું.
કુરુક્ષેત્રમાં ચૌદમો દિવસ ઊગ્યો. યુદ્ધ શરૂ થયું. આખીયે કૌરવસેના જયદ્રથની ફરતે ગોઠવાઈ ગઈ. અર્જુનનાં બાણ કેમેય કરીને એના સુધી પહોંચી નહોતા શકતાં. એની હતાશાનો પાર ન રહ્યો. સાંજ પડી ગઈ અને કૌરવો હર્ષોલ્લાસથી કિકિયારીઓ પાડી ઊઠયા. અર્જુને અગ્નિસ્નાનની તૈયારી આદરી. પણ મેં એને કહ્યું કે, દિવસ હજી પૂરો નહોતો થયો. સૂર્ય આથમ્યો નહોતો, માત્ર મારી હથેળીથી ઢંકાઈ ગયેલો, 'કૌરવોએ નિરાંતમાં આવીને જયદ્રથને રેઢો મૂકી દીધો હશે. એના હાસ્યનો અવાજ આવે ત્યાં તું બાણ મારી દેજે.' મેં અર્જુનને યુક્તિ બતાવી.
અર્જુનનું બાણ જઈને જયદ્રથની છાતીમાં વાગ્યું, એની સાથે મેં સૂરજ આડે રાખેલો હાથ હટાવી લીધો. રણભૂમિ પર પાછો ઝળહળાટ થઈ ગયો.

'ભારતમાં પાછા આવેલા શ્યામંતકનું શું થયું?' પ્રિયાએ પૂછ્યું.

'રાજપૂત રાજયોમાં, એકથી બીજા ગુપ્ત સ્થળે એ ફરતો રહ્યો. મોટેભાગે, રાજાઓ આ મણિને છુપાવવા માટે કુળદેવી કે દેવતાના મંદિરની પસંદગી કરતા. પણ એ દિવસોમાં સમસ્યા એ હતી કે ઇસ્લામના પ્રારંભના દિવસોમાં આપણે ત્યાં વારંવાર મુસ્લિમ આક્રમણો થતાં હતાં, અને દર વખતે એ લોકો સંખ્યાબંધ મંદિરોની તોડફોડ કરી જતા. શ્યામંતકને સતત એકથી બીજા સ્થળે ફેરવવાની જરૂર પડતી હતી. છેલ્લે, આમેર, એટલે કે આજના જયપુર પર શાસન કરતા રાજા માનસિંઘના કબજામાં આ મણિ આવ્યો. માનસિંઘે મુઘલ શહેનશાહ અકબર સાથે સુલેહ કરી લીધી. એટલું જ નહીં, એના પરિવારની જોધાબાઈ સાથે અકબરના લગ્ન પણ કરાવ્યાં.'


'માનસિંઘે દુશ્મન સાથે સોદો કરી નાખ્યો. ભલું હશે તો શહેનશાહના સૂબા તરીકે એણે શ્યામતંક, અકબરના હવાલે કરી દીધો હશે.' પ્રિયા થોડી ધૃણા સાથે બોલી.

'શક્યતા ખરી, પણ બહુ ઓછી.' સર ખાને કહ્યું, 'કારણ કે રાજા માનસિંઘ મહાન કૃષ્ણભક્ત હતા. કૃષ્ણની આવી કિંમતી વસ્તુ એ મુઘલોના હાથમાં જવા દે, એ માનવું મુશ્કેલ છે.'


'તો શ્યામંતક ક્યાં ગયો?'

'એનો જવાબ ક્રિષ્ના કીમાં છે. આ ચારેય મહોરોની પાછળ જે ઝીણી ખૂંટી કે ખીલી જેવો ભાગ છે, એ પેલી સિરામિક બેઝ પ્લેટના ચાર છિદ્રોમાં બરાબર ફીટ થઈ જાય છે. કહીને સર ખાને કાગળ પર બેઝ પ્લેટનું ચિત્ર દોર્યું. પ્રિયાએ સામે ટેબલ પર

મૂકેલા સીલ તરફ જોયું. સર ખાનની વાત સાચી હતી.



‘એ બેઝ પ્લેટનું છેલ્લું માલિક કોણ હતું?’ પ્રિયાએ પૂછ્યું.



‘હું.’ સર ખાને સહજભાવે જવાબ આપ્યો.

પહેલીવાર એવું થયું કે, રાત પડી ગઈ તોયે યુદ્ધ અટક્યું નહીં. ગુસ્સે ભરાયેલા દ્રોણે કહી દીધું કે, કૃષ્ણ જો દિવસમાં રાત પાડી શકતા હોય તો પછી રાતને દિવસ ગણવાનો અધિકાર અમને કેમ નહીં?

મને હવે ઘટોત્કચની મદદ લેવાનું યોગ્ય લાગ્યું. એ રાક્ષસીનો પુત્ર હતો., અને રાતના સમયે લડવામાં રાક્ષસો પાવરધા હોય છે. પિતા ભીમે યાદ કરતાંની સાથે ઘટોત્કચ આવી પહોંચ્યો, અને જોતજોતામાં એણે કૌરવસેનાના હજારો માણસોને સ્વધામ પહોંચાડી દીધા. દુર્યોધન દોડતો કર્ણ પાસે ગયો અને ઘટોત્કચને મારવા માટે પેલો દૈવી ભાલો વાપરવાનું કહ્યું. કર્ણ ખચકાયો, કારણ કે એને આ શસ્ત્ર અર્જુન સામે વાપરવાની ઈચ્છા હતી. પરંતુ એ દુર્યોધનનું વેણ ઉથાપી ન શક્યો. ઇન્દ્રએ આપેલા ભાલાથી એણે ઘટોત્કચની છાતી ચીરી નાખી. પરંતુ મરતાં મરતાં પણ ઘટોત્કચ કૌરવોને હેરાન કરતો ગયો. મારા કહેવાથી એણે છેલ્લા શ્વાસ લેતાં લેતાં વિશાળ રૂપ ધારણ કર્યું, અને જઈને કૌરવસેના પર પડ્યો. અગણિત યોદ્ધાઓનો ત્યાં કચ્ચરઘાણ વળી ગયો.

સર ખાને સિગારનો કશ લઈને, બાજુમાં ટેબલ પર મૂકાયેલી ફોટોફ્રેમ તરફ જોયું. પિતા જગતસિંહનો બ્લેક ઍન્ડ વ્હાઇટ ફોટોગ્રાફ, થોડીવાર માટે એને ભૂતકાળમાં લઈ ગયો.

એ લોકો ત્યારે મધ્યપ્રદેશના બેસનગર શહેરમાં રહેતા હતા. એની કૃષ્ણભક્ત માતા, એકના એક દીકરાને કાનો કહીને બોલાવતી. પિતા જગતસિંહ લુહારીકામ કરતા હતા એના વડવાઓએ મુઘલકાળ દરમ્યાન ભવ્ય મંદિરો બાંધવાનું કામ કરેલું.

કાનો એના મિત્ર સાથે ઘરની નજીક એક મેદાનમાં રમવા જતો. ત્યાં સ્થાનિકોમાં ખમ્બ બાબા તરીકે ઓળખાતો એક થાંભલો હતો. લોકો ત્યાં આવીને ચંદનનો લેપ કરીને માથું નમાવતા.

ઓગણીસમી સદીના અંતમાં મિસ્ટર લેક નામના અંગ્રેજે, બેસનગર આવીને થાંભલા પર સદીઓથી થયેલા જાતજાતના લેપ સાફ કરાવ્યા, તો નીચે બ્રાહ્મી ભાષામાં કોતરાયેલા શબ્દો વાંચવા મળ્યા. પાછળથી આ સ્તંભ હિલિયોડૉરસ કૉલમ તરીકે પ્રખ્યાત થયો.

ઈસ્વીસન પૂર્વે ૧૧૩માં તક્ષશિલાના ગ્રીક રાજાએ હિલિયોડૉરસ નામના એના માણસને આ પ્રદેશના રાજા ભાગભદ્રના દરબારમાં એલચી તરીકે મોકલ્યો હતો. એણે બેસનગરમાં રહીને વૈષ્ણવ ધર્મ અપનાવી લીધો. અને, વાસુદેવના ગરુડસ્તંભ તરીકે એણે થાંભલો ઊભો કરાવેલો. સ્તંભ પરનું લખાણ એ વાતનો પણ નિર્દેશ કરતું હતું કે હિલિયોડૉરસે પુરાણોનો ખાસ્સો અભ્યાસ કરેલો. એના પ્રભાવ હેઠળ બીજા ઘણાં ગ્રીક સ્ત્રી-પુરુષોએ વૈષ્ણવધર્મ અપનાવ્યો હશે.

આ સ્તંભ પરનું લખાણ વંચાયું, એ પહેલાં બ્રિટિશ ઇતિહાસકારો કૃષ્ણને જિસસ

ક્રાઇસ્ટનું વિકૃત થયેલું નામ જ ગણાવતા હતા. પરંતુ હિલિયૉડોરસ કોલમે સાબિત કરી દીધું કે ખ્રિસ્તી ધર્મનો જન્મ થયો, એનાં સેંકડો વર્ષ પહેલાંથી કૃષ્ણભક્તિ અને વૈષ્ણવ પરંપરા ચાલી આવેલી.

પાંડવોએ યુદ્ધ જીતવા માટે દ્રોણાચાર્યને પાડ્યા વિના છૂટકો નહોતો. મારા કહેવાથી ભીમે અશ્વત્થામા નામનો હાથી મારી નાખ્યો અને બીજે દિવસે પાંડવસેનાએ 'અશ્વત્થામા મરાયો'ની બૂમરાણ મચાવી દીધી. દ્રોણના પુત્રનું નામ પણ અશ્વત્થામા હતું. પોતાનો પુત્ર હણાયો, એ વાત માનવા માટે દ્રોણાચાર્ય તૈયાર નહોતા. છેવટે એમણે સત્યવાદી તરીકેની કીર્તિ ધરાવતા યુધિષ્ઠિરને પૂછ્યું, 'ખરેખર, અશ્વત્થામા મરાયો?'

યુધિષ્ઠિરે કહ્યું, 'હા, અશ્વત્થામા મરાયો' અને પછી સાવ ધીમા અવાજે ગણગણાટ કર્યો, 'પણ એ હાથી કે માણસ કોઈપણ હોઈ શકે!' દ્રોણને આ પાછળના શબ્દો સંભળાયા નહીં. પુત્રનું મૃત્યુ થયું, એ સાંભળતાંની સાથે શસ્ત્રો હેઠાં મૂકીને એ રથમાંથી ઊતર્યા, અને ધ્યાનમાં બેસી ગયા.

'દ્રોણને મારી નાખો' મેં બૂમ પાડી, પણ પાંડવો ખચકાયા. બ્રહ્મહત્યાના પાપથી એ ડરતા હતા. મેં કહ્યું કે, દ્રોણાચાર્ય ભલે જન્મે બ્રાહ્મણ હોય, પણ આખું જીવન એમણે ક્ષત્રિય તરીકે ગાળેલું. અને હવે રણમેદાનમાં ક્ષત્રિયને શોભે એવું મૃત્યુ એમને મળવું જોઈએ. છેવટે દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્નએ તલવાર કાઢીને દ્રોણાચાર્યનું માથું ધડથી અલગ કરી નાખ્યું.

'મારી પહેલાંની છ પેઢીના પૂર્વજોએ મહેલો અને મંદિરોના બાંધકામમાં ફાળો આપેલો. અને, આ નાની સિરામિક પ્લેટ, પેઢી દરમેઢી, વારસદારોને અપાતી રહી છે. હવે, એને સાચવવાની જવાબદારી હું તને સોંપું છું.' જગતસિંહે એક દિવસ ચિનાઈ માટીના ચોરસ પાત્ર જેવી, પ્લેટ એના દીકરાને આપતાં કહ્યું.

ચાર બાય ચાર સેન્ટિમીટરની સાઇઝ ધરાવતી પ્લેટ પર એક તરફ સંસ્કૃતનો શ્લોક અને બીજી તરફ ચાર, ચોરસ છિદ્ર હતાં.

'આ પ્લેટનું કોઈ ખાસ મહત્ત્વ છે?' કાનાએ પૂછ્યું.

'હા. જે મંદિરમાંથી એ મળી છે, ત્યાં એક પ્રાચીન રહસ્ય છુપાયું છે. આ પ્લેટમાં એ સ્થળ શોધવાની નિશાની છે.'

'પણ મને શું કામ આપો છો?'

'કારણ કે મને આવનારા દિવસોની ચિંતા છે. આપણે ત્યાં હિંદુ અને મુસ્લિમો વચ્ચે તંગદિલી વધતી જાય છે. કોણ જાણે ક્યારે રમખાણ ફાટી નીકળે!' જગતસિંહે કહ્યું, અને એમની ધાસ્તી સાચી ઠરી. બીજે જ દિવસે બેસનગરમાં કોમી તોફાનો શરૂ થઈ ગયાં.

જગતસિંહને મારીને કોઈએ કૂવામાં ફેંકી દીધા. એમની પત્ની તો દીકરાને જન્મ આપ્યા બાદ બીજે જ વરસે અવસાન પામી હતી. કાનો સાવ એકલો હતો. પિતાના મૃત્યુ પર આંસુ સારવાનો સમય એની પાસે નહોતો. મુઠ્ઠીઓ વાળીને એ બેસનગર રેલવે સ્ટેશન પાસે આવેલા વિદીશા જંકશન ભણી દોડ્યો, અને, જે પહેલી ટ્રેન આવી, એમાં ચઢી ગયો. પહેર્યે કપડે દોડેલા કાનાના, ખિસ્સામાં પેલી સિરામિક પ્લેટ સિવાય બીજી કોઈ મૂડી નહોતી.

ભૂખ્યોતરસ્યો ને ભયભીત, એ છેવટે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને ઊતર્યો. અજાણ્યા પાસે મદદ માંગવા એણે હાથ લંબાવ્યા, પણ અહીં કોઈને એના તરફ જોવાની ફુરસદ નહોતી. ખાલી પેટે, ટૂંટિયું વાળીને એ સ્ટેશનના એક ખૂણે સૂઈ ગયો. આંખો ખૂલી ત્યારે એક દયાળુ લાગતો માણસ એની સામે ચા અને સમોસા લઈને ઊભો હતો. કાનાને એનામાં દેવદૂતનાં દર્શન થયાં.

હકીકતમાં એ રહીમદાદા નામનો કુખ્યાત ગુંડો હતો. એણે કાનાને આશરો આપ્યો, અને નવું નામ પાડ્યું, ખાન! 'નામ વજન પડે એવું હોવું જોઈએ', એણે કહ્યું.

'પણ હું તો હિન્દુ છું,' કાનો ડરતાં ડરતાં બોલ્યો.

'અરે, કાના અને ખાન વચ્ચે બોલવામાં ક્યાં ઝાઝો ફરક છે? અને, માત્ર નામ બદલવાથી તું હિન્દુમાંથી મુસ્લિમ નથી થઈ જવાનો.' રહીમની વાત કાનાને ગળે ઊતરી ગઈ અને મુંબઈમાં ખાન તરીકે એના નવા જીવનનો આરંભ થયો.

પુત્રોને ગુમાવવાનો ભય, કુંતીને કર્ણના દ્વાર પર ખેંચી ગયો. નદીકિનારે કર્ણ ધ્યાનમાં બેઠો હતો. કુંતી ચૂપચાપ એની પાછળ જઈને ઊભી રહી.
ધ્યાનમાંથી બહાર આવેલા કર્ણએ કુંતીને જોઈને માથું નમાવ્યું, 'રથચાલક અધિરથનો પુત્ર તમને વંદન કરે છે. બોલો મહારાણી, હું તમારી શું સેવા કરું?'
કુંતીએ કર્ણને એના જન્મ વિશેનું સત્ય જણાવીને પાંડવોની સાથે જોડાવાનો અનુરોધ કર્યો. કર્ણનું હૃદય ભારે થઈ ગયું, પણ એણે નકાર ભણતાં કહ્યું, 'તમે મને ધર્મની વિરુદ્ધનું આચરણ કરવાનું કહો છો. નિ:સહાય શિશુને તમે નદીમાં ફેંકી દીધું, જીવનભર મને માંતૃપ્રેમથી વંચિત રાખ્યો, અને આજે મને મારા કર્તવ્યની યાદ દેવડાવવા આવ્યા છો? આટલાં વર્ષ તમે મૌન રહ્યાં? પણ આજે પાંડવોને બચાવવા માટે મારી પાસે આવ્યાં છો? ના, સંકટના સમયે મને આધાર આપનાર દુર્યોધનનો સાથ હું ક્યારેય નહીં છોડું. પણ મારા દરવાજે તમે આવ્યા છો, એટલે એક વચન આપીશ કે યુધિષ્ઠિર, ભીમ, નકુલ કે સહદેવને હું નહીં મારું. યુદ્ધ માત્ર મારી અને અર્જુન વચ્ચે થશે. અમારામાંથી એક મરશે, તોયે પાંચ પુત્રોની માતા તરીકે તમારું સ્થાન જળવાઈ રહેશે.'

રહીમે, ખાનને લોકોના બિસ્સા કાતરવાની ટ્રેઇનિંગ આપી. ખાન એટલો હોશિયાર વિદ્યાર્થી પુરવાર થયો કે, જોતજોતામાં રહીમ એનો ટીચર મટીને પાર્ટનર બની ગયો. સાથે મળીને એમણે ગુનાખોરીની દુનિયામાં પ્રગતિ કરી. નાની મોટી છેતરપિંડી કરતાં કરતાં એક દિવસ એ નકલી નોટોનું છાપખાનું ચલાવતા થઈ ગયા.

૮૫

કર્ણના નેતૃત્વ હેઠળ કૌરવસેનાએ ફરીથી યુદ્ધમાં નીતિનિયમો પાળવાનું શરૂ કર્યું. સોળમે દિવસે નકુલ, કર્ણની સામે લડવા આવ્યો. આસાનીપૂર્વક કર્ણએ એનો રથ અને ધનુષ તોડી નાખ્યા, પરંતુ એનો વધ ન કર્યો. ઊલટું કહ્યું કે 'આ યુદ્ધ યાદ કરીને એક દિવસ તું ગૌરવ અનુભવીશ.'

નકુલે શરમભર્યા ચહેરે યુધિષ્ઠિરને આ વાત કહી, ત્યારે મારા હોઠ પર ફરકી ગયેલું સ્મિત કોઈએ જોયું નહીં. બીજી તરફ કૌરવોની છાવણીમાં હવે કર્ણનો રથ હંકારવાની જવાબદારી શલ્યને સોંપાઈ. મારી સૂચના પ્રમાણે, શલ્યએ રથ ચલાવતાં ચલાવતાં અર્જુનની વીરતાની પ્રશંસા કરવાનું ચાલુ રાખ્યું. પરંતુ કર્ણ પોતાની લાગણીઓ પર કાબૂ રાખીને લડ્યો અને નકુલની જેમ યુધિષ્ઠિરે પણ પોતાનો રથ, ધનુષ્ય અને છેવટે કવચ પણ ગુમાવી દીધાં. લાચાર થઈને અંતિમ ઘા ની રાહ જોઈ રહેલા યુધિષ્ઠિરને કર્ણએ કહ્યું, 'તમે ક્યારેય મને હરાવી નહીં શકો. તમે જન્મે ક્ષત્રિય, પણ હૃદયથી બ્રાહ્મણ છો. જાવ અહીંથી!'

'પેલી જૂનીપુરાણી માટીની પ્લેટ હજી તારી પાસે છે?' એક સવારે ચા પીતાં પીતાં રહીમે પૂછ્યું. બંને જણે મુંબઈના વૈભવી વિસ્તારમાં એક બિલ્ડિંગની અંદર બાજુબાજુમાં બે ફ્લેટ ખરીદ્યા હતા.

'હા', ખાને કહ્યું. એની નજર, સામે પડેલી નોટબુકમાં હતી. સંજોગોએ એને ભણવા નહોતો દીધો. પણ એણે આપમેળે અંગ્રેજી અને બીજા વિષયો શીખવાની મહેનત ચાલુ રાખેલી.

'એ પ્લૉટ, તું કહે છે એટલી જૂની હોય તો નીલામીમાં એની ખાસ્સી મોટી રકમ ઊપજી શકે.' રહીમે સૂચન કર્યું.

'મારા પરિવાર તરફથી મળેલો એ અમૂલ્ય વારસો છે. હું એને ક્યારેય નહીં વેચું.' ખાને કહી દીધું.

રહીમે ત્યારે તો વિષયાંતર કરી નાખ્યું. એ દિવસોમાં સોનાની દાણચોરી, નવો પણ ધીકતો ધંધો હતો. રહીમે આ ધંધામાં ઝૂકાવવા માટે ખાનને મનાવી લીધો, અને એ વખતે જ વધુ વજનદાર નામ આપ્યું, સર ખાન!

કર્ણની વીરતા અને ઉદારતા જોયા બાદ શલ્યએ અર્જુનની પ્રશંસા કરવાનું માંડી વાળ્યું. એ હવે કર્ણને વખાણતો થઈ ગયો. શલ્યના મુખેથી આવું સાંભળીને કર્ણની આંખોમાં હર્ષનાં અશ્રુ આવી ગયાં. અર્જુનનો રથ કર્ણ પાસે ગયો, પણ દુ:શાસન વચ્ચે આવીને ઊભો રહ્યો. ભીમે એને દ્વંદ્વયુદ્ધનું આવાહન આપ્યું. દુ:શાસને સ્વીકારી તો લીધું પણ પછી થયેલી લડાઈમાં ભીમ એનાથી બળિયો સાબિત થયો.
કુરુસભામાં દ્રૌપદીનું ચીરહરણ કરનારા દુ:શાસનનો રથ અને ધનુષ ભાંગી નાખ્યા પછી, ભીમે પોતાના બે હાથથી એ કૌરવબંધુની છાતી ચીરી નાખી. દુ:શાસનનું લોહી પીને ભીમે પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. એટલું જ નહીં, ખોબામાં લોહી ભરીને એ દ્રૌપદી પાસે લઈ ગયો. દુ:શાસનના રક્તથી પોતાના કેશ ધોઈને, બાંધીને દ્રૌપદીએ પણ એની જૂની પ્રતિજ્ઞા પૂરી કરી.

સોનાની દાણચોરીના ધંધાએ દાદા રહીમ અને સર ખાનને એ સ્થાને પહોંચાડી દીધા, જ્યાં એક્સોથી વધુ માણસો એમનાં માટે કામ કરતા હતા, અને પૈસાનો વરસાદ બારેમાસ થતો હતો.

ખાનના એક જન્મદિવસે દાદા રહીમે એને સોનાની ચેન ગિફ્ટમાં આપી. ચેનમાં 'સર ખાન' લખેલું પેન્ડન્ટ ઝૂલતું હતું. કાના ઉર્ફે સર ખાન માટે આ અવસર ખુશીની સાથે સાથે આછા વિષાદનો પણ હતો. એ જાણતો હતો કે પોતે જે રસ્તે આટલી સંપત્તિ મેળવેલી, એ એના સિદ્ધાંતવાદી પિતાને પસંદ ન જ પડ્યો હોત. પણ પિતાજી હવે આ દુનિયામાં નહોતા રહ્યા. બસ, એમણે વારસામાં આપેલી એક માત્ર પ્રાચીન જણસને ખાને સાચવી રાખેલી. ઘણીવાર મન અશાંત થાય, ત્યારે એ પોતના ટેબલના ડ્રોઅરમાં રાખેલી જૂની સિરામિક બેઝ પ્લેટને સ્પર્શ કરીને થોડું આશ્વાસન મેળવી લેતો.



પરંતુ એ જન્મ દિવસે, ખાનના ટેબલનું એ ડ્રોઅર ખાલી હતું. એને સોનાની ચેન આપનારા દાદા રહીમે જાણે વધુ મોટી ભેટ આપતો હોય, એવા ભાવે સમાચાર આપ્યા કે, એણે એ જૂનીપુરાણી ચીજનો મોટી કિંમતે નિકાલ કરી નાખેલો. મોટી આંતરરાષ્ટ્રીય કંપનીએ કરેલી નીલામીમાં પ્રાચીન બેઝપ્લેટના પૂરા સાઠ લાખ રૂપિયા ઉપજેલા. 'પૂરેપૂરા પૈસા મેં તારા અકાઉન્ટમાં જમા કરાવી દીધા છે,' આવું બોલતી વખતે દાદા રહીમે, સામેથી આભાર કે પ્રશંસાના શબ્દો સાંભળવાની આશા રાખી હોય તો એ ખોટી સાબિત થઈ. ધૂંઆપૂંઆ થતો ખાન રહીમ પર તૂટી પડ્યો. પછી એમની વચ્ચે જ મારામારી થઈ,

એમાં બેઉનાં હાડકાં જ નહીં, વર્ષો જૂની મિત્રતા અને બિઝનેસ પાર્ટનરશિપ પણ ભાંગ્યા. એ દિવસથી દાદા રહીમ અને સર ખાન, હંમેશ માટે એકમેકથી છૂટા પડી ગયા.

૮૭

અંતે, કુરુક્ષેત્ર પર બે સહુથી મહાન યોદ્ધા અર્જુન અને કર્ણ એકમેકની સામે આવ્યા. અગ્નિ, વરુણ અને ઇન્દ્રએ આપેલા મહાવિનાશક, શક્તિશાળી દિવ્યાસ્ત્રો બેઉ જણ પાસે હતાં, જેનો ઉપયોગ એ વારાફરતી કરતા ગયા. કર્ણએ પોતાના ગુરુ પરશુરામ પાસેથી મળેલા ભાર્ગવસ્ત્ર દ્વારા પાંડવસેનામાં હાહાકાર મચાવી દીધો. સામે અર્જુને બ્રહ્માસ્ત્રથી કૌરવસેનામાં વિનાશ વેર્યો. પછી કર્ણએ એના સહુથી ભયાનક હથિયાર, મગાસ્ત્રને છૂટું મૂક્યું. મેં અમારા રથને જમીન પર બેસાડી દઈને અર્જુનને બચાવી લીધો. પરંતુ વિધાતાએ કર્ણ પર અવળી દૃષ્ટિ કરી. એના રથનું પૈડું, રણભૂમિ પર થઈ ગયેલા કીચડમાં ફસાઈ ગયું.

જમીનમાંથી પૈડાને બહાર કાઢવા માટે કર્ણ રથમાંથી નીચે ઊતર્યો. એણે અર્જુનને થોડો સમય આક્રમણ થોભાવી દેવાની વિનંતી કરી અને કહ્યું કે, આવી પરિસ્થિતિમાં કોઈને મારવો, એ યુદ્ધના નીતિનિયમોથી વિરુદ્ધનું આચરણ હતું.

અર્જુન કદાચ આ વાત માની લેત, પણ એને ઉશ્કેરવા માટે મેં જોરથી અટ્ટહાસ્ય કર્યું અને કર્ણને મ્હેણાંટોણાં માર્યાં, 'તું અત્યારે ક્યા મોઢે નીતિનિયમો અને આદર્શની વાત કરે છે? તેં દુર્યોધનનાં દુષ્ટ કાર્યોમાં સાથ આપ્યો. ભરીસભામાં દ્રૌપદીનું અપમાન થતું રોક્યું નહીં. એકલા અભિમન્યુને અનેક લોકોએ મળીને માર્યો, ત્યારે એ અન્યાયને તું ચુપચાપ જોઈ રહ્યો. ધર્મની વાત કરવાનો તને કોઈ અધિકાર નથી. અર્જુન, આવા આ કર્ણને મારવાની તક તને મળી છે, એ ગુમાવતો નહીં.'

મારું કહ્યું માનીને અર્જુને જમીન પર બેઠેલા કર્ણને તીર માર્યું અને એ વીર યોદ્ધાનું શિર ધડથી અલગ કરી નાખ્યું.

દાદા રહીમથી છૂટા પડ્યા બાદ સર ખાને બમણી ઝડપે પોતાની આગેકૂચ ધપાવી. દાણચોરી, જુગાર, નકલી નોટોનું છાપકામ જેવાં ગેરકાનૂની કામોમાંથી મેળવેલા પૈસા એણે હવે હોટેલ, રિયલ એસ્ટેટ, ફિલ્મ ફાઇનાન્સિંગ જેવા કાનૂની ધંધાઓમાં રોકવાનું શરૂ કરેલું, અને એમાં પણ એને જબરદસ્ત સફળતા મળી હતી.

આ બધા સાચા-ખોટા ધંધા ચાલતા રાખવા માટે રાજકારણીઓથી માંડીને સરકારી અધિકારીઓનો સાથ જરૂરી હતો. પોલીસની કૃપાદૃષ્ટિ વિના તો ચાલે જ નહીં. સર ખાન, આ બધા માણસોની કિંમત જાણતો હતો. કોને ખરીદવા માટે શું જોઈએ, એની માહિતી ખાનના ખિસ્સામાં હતી. એનું નેટવર્કિંગ અત્યંત પાવરફુલ હતું.

પિતાજીએ આપેલી બહુમૂલ્ય પ્રાચીન સિરામિક બેઝ પ્લેટ નીલામીમાં કોણે ખરીદેલી એની માહિતી મેળવવાનું કામ ખાને ACP સુનીલ ગર્ગને સોંપ્યું.

આ કામ સહેલું નહોતું, પણ આસાન કામ કરવા માટે આટલા બધાં પૈસા પણ કોણ આપે? સુનીલ ગર્ગે પોતાના સંપર્કોનો ઉપયોગ કરીને છેવટે શોધી કાઢ્યું કે નીલામમાં

VSKBC હેરિટેજ લિમિટેડ નામની કંપનીએ સહુથી મોટી બોલી લગાવીને આ પ્લેટ ખરીદી હતી.

‘અને, એ કંપનીનો માલિક કોણ છે? બાને પૂછેલા સવાલના જવાબમાં ગર્ગે કહ્યું, ‘ખબર નથી, પણ જાણકારી માટેના મારા પ્રયાસ ચાલુ છે.’

‘ગર્ગ, પ્રયાસમાં કચાશ નહીં રાખતા. CBI માં એક જગ્યા ખાલી છે ત્યાંથી સ્પેશિયલ ડિરેક્ટરની પોસ્ટ પર પહોંચવાનું અઘરું નથી. અત્યારે હું એ જ વિચારી રહ્યો છું કે, CBI ની એ જગ્યા માટે કોના નામની ભલામણ કરું?’ સર ખાને કહ્યું અને ACP ગર્ગના મોઢામાંથી લાળ ટપકી પડી.

૮૮

> નવ્વાણુ કૌરવ અને કર્ણને ગુમાવ્યા બાદ, દુર્યોધન એની માતા પાસે આશીર્વાદ લેવા ગયો. વર્ષોથી બંધ રાખેલી ગાંધારીની આંખોમાં પવિત્રતાનું અદ્‌ભુત તેજ હતું. એણે દુર્યોધનને કહ્યું, 'કાલે પરોઢિયે સ્નાન કરીને, તું નગ્નરૂપે મારી સામે આવજે. હું આંખે બાંધેલા પાટા ખોલીને તારી સામે જોઈશ, કે તરત જ તારું અંગેઅંગ કોઈપણ શસ્ત્રથી વીંધાય કે ભંગાય નહીં, એવું મજબૂત થઈ જશે.'
> બીજી સવારે દુર્યોધન તો નાહી ધોઈને નિર્વસ્ત્ર દશામાં, ગાંધારી પાસે જવા નીકળ્યો. મેં એને વચ્ચે રોકીને કહ્યું, 'માતાની સામે આમ સાવ વસ્ત્રહીન દશામાં ન જવાય. કમસે કમ તારાં ગુપ્તાંગો તો ઢાંકતો જા. મૂર્ખ દુર્યોધને મારી વાત માનીને કમરે કેળનું એક પાંદડું બાંધી દીધું. અને માતાની સામે જઈને ઊભો રહ્યો.
> ગાંધારી, એની આંખેથી પાટા ખોલતાંની સાથે ચિત્કારી ઊઠી, 'અરેરે, દુર્યોધન, તેં આ શું કર્યું? તારી કમરની નીચેનાં જે અંગો પર મારી દૃષ્ટિ નથી પડી, એ હવે અભેદ્ય કે અજેય નહીં રહે.' આ સાંભળીને હું જાણી ગયો કે દુર્યોધનને મારવા માટે હવે એના કમરપટ્ટા હેઠળ ઘા કરવો પડશે.

'એ બેઝ પ્લેટ તમારી પાસે હતી? ક્યાંથી આવી?' પ્રિયાએ ફરીથી પૂછયું. અને સર ખાન, એના ભૂતકાળનાં સ્મરણોમાંથી પાછો વર્તમાનમાં આવ્યો.

'મારા વડવા રાજપૂત હતા, પણ એમણે સ્થાપત્ય અને શિલ્પકલાનો વ્યવસાય અપનાવેલો. એમાંથી કોઈના હાથમાં પેલી બેઝપ્લેટ કેવી રીતે આવી, એ ચોક્કસ ખબર નથી. પણ હું ધારું છું કે, કદાચ ઔરંગઝેબના જમાનામાં આ બન્યું હશે' કહીને સર ખાને કહાણી સંભળાવી.

'શહેનશાહ અકબરના સમયમાં રાજા માનસિંઘે વૃંદાવનનું કૃષ્ણમંદિર બંધાવ્યું, ત્યારે હિન્દુ-મુસ્લિમોમાં ખાસ ભેદભાવ નહોતો. પણ ઔરંગઝેબ ગાદીએ આવ્યો અને પરિસ્થિતિ બદલાઈ ગઈ. એણે વૃંદાવન મંદિર પર હુમલો કરીને ત્યાંના સાતમાંથી ત્રણ માળ તોડી નાખ્યા. શક્ય છે કે, માનસિંઘે ત્યાં છુપાવેલા શ્યામંતક મણિ અને બેઝપ્લેટને બચાવી લઈને રાજપૂતો બીજે ક્યાંક લઈ ગયા. શ્યામંતક ક્યાં ગયો એ ખબર નથી. પણ અમારી પેઢી દર પેઢીએ બેઝપ્લેટ જાળવી રાખી. પણ દાદા રહીમે એને નીલામમાં વેચી નાખી.' સર ખાને નિ:સાસો નાખ્યો.

'એના પર સંસ્કૃતમાં શું લખાણ હતું, એ યાદ છે?' પ્રિયાએ પૂછ્યું.

'ના', ખાને હતાશ સ્વરે જવાબ આપ્યો. અને પછી થોડા સ્વસ્થ થઈને ઉમેર્યું, 'પણ CBI ના સ્પેશિયલ ડિરેક્ટરે શોધી કાઢ્યું છે કે નીલામીમાં એ બેઝપ્લેટ ખરીદી લેનારી VSKBC હેરિટેજ લિમિટેડે, દિલ્હીમાં એક સેફ્ટી વૉલ્ટમાં આ બેઝપ્લેટ સાચવીને રાખી છે.'

'અને?' પ્રિયાએ પૂછ્યું. સુનીલ ગર્ગનું નામ એને પરિચિત લાગ્યું, પણ તત્કાળ યાદ

ન આવ્યું કે આ માણસને એ ક્યાં, ક્યારે, કેવી રીતે મળેલી.

'સેફ ડિપોઝિટ બૉક્સ, અનિલ વાર્શનીના નામે ભાડે લેવાયું છે.' ખાને કહ્યું. વાર્શનીને તો પ્રિયા કેમ કરીને ભૂલી શકે?' માથું ધુણાવતાં એ બોલી, 'પણ વાર્શની મરી ગયા બાદ, આપણને કેવી રીતે એ બૉક્સ ખોલવાની મંજૂરી મળે? આપણે નથી એના વારસદાર કે નથી ફેમિલી મૅમ્બર.'

'એની વ્યવસ્થા થઈ ગઈ છે. વાર્શનીએ વૉલ્ટના મૅનેજરને સૂચના આપેલી કે એના મર્યા બાદ, આ બૉક્સ ખોલવાની સત્તા માત્ર રવિમોહન સૈનીને રહેશે. આ ખબર પડતાંની સાથે સુનીલ ગર્ગે, વૉલ્ટ પર રેઇડ પાડી અને કોઈક રીતે એવું સાબિત કરી દીધું કે એ જગ્યા, ગેરકાનૂની શસ્ત્રોનો સંગ્રહ કરવા માટે વપરાતી હતી. ગભરાઈ ગયેલો મૅનેજર, ખુદને બચાવવા માટે હવે CBI ને, અર્થાત્ આપણને દરેક પ્રકારનો સહકાર આપવા તૈયાર થઈ ગયો છે.'

'આગળનો પ્લાન શું છે?' પ્રિયાએ પૂછ્યું.

'સૈની આવતીકાલે એ બૉક્સમાં રહેલી વસ્તુ જોવા કે કબજે કરવા માટે દિલ્હી જઈ રહ્યો છે. તું આજે રાતે જ દિલ્હી પહોંચી જા. કાલે એ સાઉથ દિલ્હી સેફ્ટી વૉલ્ટ્સની ન્યૂ ફ્રૅન્ડ્સ કૉલોની શાખામાં પગ મૂકે, ત્યારે ત્યાં તું હાજર હોવી જોઈએ. બેઝપ્લેટ કબજે કરીને, સૈનીને કાયમ માટે રસ્તામાંથી હટાવી દો અને કિસ્સો ખતમ કરો.' સર ખાને ઠંડીગાર ક્રૂરતા સાથે આદેશ આપી દીધો.

૮૯

કર્ણના મૃત્યુના સમાચાર સાંભળીને દુર્યોધન શોકથી આકુળવ્યાકુળ થઈ ગયો. કલ્પાંત કરતો એ, બાણશૈયા પર સૂતેલા પિતામહ ભીષ્મ પાસે દોડી ગયો. ભીષ્મએ એને કર્ણની સાચી ઓળખ જણાવી. કર્ણએ એના માટે આટલું મોટું બલિદાન આપેલું, સગા ભાઈઓ સામે લડીને મોતને ભેટેલો, એ જાણીને દુર્યોધન સ્તબ્ધ થઈ ગયો.

બીજે દિવસે દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાએ, કૌરવસેનાનું નેતૃત્વ શલ્યને સોંપવાનું સૂચન કર્યું. દુર્યોધને સ્વીકારી લીધું. હું સમજતો હતો કે શલ્ય જેવા સદાચારી, નીતિવાન યોદ્ધાનો પરાભવ માત્ર યુધિષ્ઠિર કરી શકે અને બંને સામસામે આવે એવો વ્યૂહ ગોઠવ્યો. યુધિષ્ઠિરે એનો ભાલો ફેંકીને શલ્યનો જીવ લીધો.

મુખ્ય કૌરવયોદ્ધાઓમાં હવે માત્ર દુર્યોધન, કૃપાચાર્ય, અશ્વત્થામા, કૃતવર્મા અને શકુનિ જ બચ્યા હતા. દુર્યોધને સેનાપતિ બનીને વીરતાપૂર્વક લડત આપી. જુગારની પ્રેરણા આપનારા દુષ્ટ શકુનિમામાને સહદેવે માર્યા. શકુનિને બચાવવા દોડી ગયેલા કુરુસેનાનીઓને ભીમે મારી નાખ્યા.

મહાભારત યુદ્ધના અઢારમે દિવસે, બંને પક્ષની, અઢાર સેનાઓનો લગભગ ખાતમો થઈ ગયો હતો.

'મૂળ યોજના પ્રમાણે, આપણે ચાર લોકોને મારવાના હતા. શ્યામંતક મેળવવાના આપણા પ્રયાસમાં વિઘ્ન બનેલા ચારેયને તારકે મારી નાખ્યા, અને એટલે જ એણે દરેક હત્યાસ્થળે, મરનારના કપાળે વિષ્ણુનું એક એક ચિહ્ન મૂક્યું હતું.' પ્રિયા બોલી.

'ઓહ, વિષ્ણુના ચાર હાથમાં એ ચાર ચિહ્ન છે. પણ પાંચમા ચિહ્નરૂપે એમના પગ પાસે રહેતા સર્પને કેમ ભૂલી ગઈ? એ શેષનાગ છે, જેણે કૃષ્ણના ભાઈ બલરામ તરીકે અવતાર લીધેલો.' સર ખાને કહ્યું. પાંચનો અંક મહત્ત્વનો છે અને સૈની આપણો પાંચમો અને છેલ્લો દુશ્મન છે.'

'પરંતુ બેઝપ્લેટ પરનું સંસ્કૃત લખાણ ઉકેલીને, યોગ્ય સ્થળ શોધી શકે, એટલી આવડત માત્ર સૈનીમાં છે. એને મારી નાખશું તો પછી આપણે શ્યામંતક પાસે ક્યારેય નહીં પહોંચી શકીએ.' પ્રિયાએ દલીલ કરી.

'પણ નહીં મારીએ, તો એ આપણી પહેલા શ્યામંતક સુધી પહોંચી જશે. અને આપણા હાથમાં આવેલી એ સોનેરી તકથી કાયમ માટે હાથ ધોઈ લેવા પડશે.' સર ખાને કહ્યું, 'VSKBC ના સભ્યો સાથે મારી બહુ જૂની તકરાર છે.'

'કેવી રીતે?' પ્રિયાએ પૂછ્યું.

'હવે જાણ થઈ છે કે, વૃષ્ણી, શૈન્ય, કુકુર, ભોજ અને છેદી આ પાંચ જણના નામનો પહેલો અક્ષર લઈને વાર્શનીએ VSKBC કંપનીની સ્થાપના કરેલી. આ પાંચેય યાદવકુળોએ કૃષ્ણને દ્વારકાના નિર્માણમાં મદદ કરેલી. વૃષ્ણી વંશના વારસદાર હોવાને નાતે અનિલ વાર્શનીએ, શ્યામંતક શોધવા માટે એના જેવા બીજા યાદવોની સહાય લીધી.

આ મણિ કેટલો કિંમતી છે, એ જાણ્યા બાદ વાર્શનીના રિસર્ચ પ્રોજેક્ટમાં પૈસા રોકનારાની કમી નહોતી રહી.' સર ખાને કહ્યું.

'પણ તમારી સાથે એમની જૂની લડાઈ ચાલી આવી છે, એનો અર્થ શું?'

પ્રિયાના પ્રશ્નનો જવાબ આપતાં સર ખાને કહ્યું, 'વાર્શનીની ટીમમાં બધાં જાટ છે, હું રાજપૂત છું.'

'બંનેમાં શું ફરક છે?' રત્નાનીએ પૂછ્યું.

'કૃષ્ણના યાદવો ઇન્દ્રપ્રસ્થ કે દ્વારકાની આસપાસ વસતા હતા. દ્વારકા દરિયામાં ડૂબી ગઈ, ત્યારે આમાંથી થોડા યાદવો સ્થળાંતર કરીને, આજે ઈરાન-ઈરાક તરીકે ઓળખાતા પ્રદેશમાં સ્થાયી થયા. આમેય કૃષ્ણના સમયે, દ્વારકા અને પર્શિયન અખાત વચ્ચે સાગરમાર્ગે ઘણો વ્યાપાર થતો હતો, એટલે ખાસ વાંધો ન આવ્યો. નવા સ્થળે પહોંચેલા યાદવોને ત્યાં ચાર નદી જોઈને કૈલાસની ચાર નદી યાદ આવી ગઈ. એમણે એમના નવા ઘરને સુમેરુ, એટલે કે પવિત્ર પર્વતનું નામ આપ્યું.' સર ખાને ઇતિહાસ વર્ણવ્યો.

'પણ જે યાદવો ઇન્દ્રપ્રસ્થમાં, એટલે કે અત્યારના દિલ્હીમાં રહી ગયા. એમનું શું થયું?'

'એમનો વંશ ઉત્તર-પશ્ચિમ ભારતમાં જાટ તરીકે વિસ્તરતો રહ્યો. પર્શિયન અખાત ભણી ગયેલા યાદવોએ પૂર્વ ઈરાન અને દક્ષિણ અફઘાનિસ્તાન સર કરી લીધું. જુદી જુદી જાતિઓ વચ્ચેના સંબંધથી જન્મેલા લોકો ઇન્ડો-સ્કાયથિયન્સ તરીકે ઓળખાયા. ઈરાન અને અફઘાનિસ્તાનમાં એમણે કબજે કરેલો વિસ્તાર સાકેસ્તાન કે શકિસ્તાન તરીકે ઓળખાતો હતો. એટલે, પાછળથી ભારત આવેલા એ લોકો શક ના નામે જાણીતા થયા અને રાજપૂતો, એ શકના વંશજો છે.'

'એટલે જાટ અને રાજપૂત, બંને આમ તો કૃષ્ણના યાદવવંશમાંથી જ ઊતરી આવ્યા છે ને!' પ્રિયા બોલી.

'હા, પણ સમયની આંધીમાં, સત્ય ઘણીવાર ધૂળની અંદર દટાઈ જાય છે. આજ સુધી આ બંને યાદવવંશજો, એકમેકની સામે લડતા રહ્યા છે. સૈની જાટ છે, અને હું રાજપૂત. આજે પણ શ્યામંતક મેળવવા માટેની અમારી સ્પર્ધા ચાલુ છે.'

'પણ તમે રાજપૂત છો, તો સર ખાન જેવું નામ ક્યાંથી આવ્યું?' પ્રિયાએ પૂછ્યું.

સર ખાન હસ્યો. 'મારું મૂળ નામ તો કાનો, એટલે કે કૃષ્ણ છે. સર ખાન, નામ તો રહીમ દાદાએ આપ્યું. જો કે એ પણ સાવ અર્થહીન નથી.' આવું કહીને સર ખાને, એના ગળામાં પહેરેલો ચેઇન ઉતાર્યો અને એમાંથી 'સર ખાન' કોતરેલું પેન્ડન્ટ કાઢીને પ્રિયાના હાથમાં મૂકતાં સૂચના આપી, 'આને ૧૮૦ ડિગ્રી ફેરવીને, ઊંધા થયેલા અક્ષર વાંચી જો.'



પ્રિયાએ એવું કર્યું, અને પરિણામ જોઈને હક્કીબક્કી થઈ ગઈ.

સર ખાને સ્મિત કર્યું, કુદરતની કમાલ જુઓ. દાદા રહીમે મને સર ખાનનું નવું નામ આપ્યું, એમાં કૃષ્ણ સમાયા હતા. બોલ, હવે તો સેફ્ટી વૉલ્ટમાં, તું અને સુનીલ ગર્ગ મળીને સૈનીનો કાંટો કાઢી નાખવા માટે તૈયાર છો ને?

SIR KHAN

KRISHNA

પ્રિયાનો ચહેરો અચાનક લાલઘૂમ થઈ ગયો. મગજમાં જાણે જ્વાળામુખી ફાટી નીકળ્યો. એને યાદ આવી ગયું કે સુનીલ ગર્ગને ક્યાં જોયો હતો. આ એ જ પોલીસ ઑફિસર હતો જેણે સરલા આન્ટીના નાલાયક પતિ સામે ફરિયાદ નોંધવાની ના પાડી દીધેલી. એના પાપે એ સ્ત્રીનું જીવન નરક થઈ ગયેલું અને છેવટે બિચારી મરી ગઈ. આ એ જ સુનીલ ગર્ગ હતો જેણે સંજય રત્નાનીને એટલો ત્રાસ આપેલો કે છેવટે એ આદર્શવાદી વકીલે સર ખાન જેવા માફિયા ડૉનનો આશરો લેવો પડ્યો. ખાને પહેલાં રત્નાનીને, અને પછી એની દીકરીને પોતાની જાળમાં ફસાવ્યાં. અને આ જાળ ગૂંથવામાં એની સહાય સુનીલ ગર્ગે કરેલી, એ અચાનક પ્રિયાને દીવા જેવું સ્પષ્ટ દેખાવા લાગ્યું.

'સૈની આવે, ત્યારે તું વૉલ્ટમાં હાજર હોય, એવી વ્યવસ્થા ગર્ગ કરી દેશે.' સર ખાને કહ્યું. એણે એની જિંદગીમાં ઉચ્ચારેલા આ છેલ્લા શબ્દો નીવડ્યા. આંખના પલકારામાં, પ્રિયાના કુરતાની બાંયમાંથી નીકળીને ફેંકાયેલી નાની ધારદાર ખીલ્લી જઈને સર ખાનના ગળામાં પેસી ગઈ. લોહીનો ફુવારો છૂટ્યો. મોઢામાંથી સિગાર સરી પડી, ટેબલ પરથી નીચે પડેલો કાચનો ગ્લાસ, ટુકડેટુકડા થઈને રૂમમાં વિખેરાઈ ગયો.

સંજય રત્નાની હેબતાઈ ગયા. થોડી સેકન્ડ બાદ જેમતેમ હિંમત કરીને એ સર ખાનના, ઢળી પડેલા શરીરની નજીક ગયા. પણ ત્યાં સુધીમાં ખાનનો ખેલ ખતમ થઈ ગયેલો. 'કોઈ ચીજને અડતા નહીં,' પ્રિયાએ આ સૂચના આપી.

'હવે?' રત્નાનીએ ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'બધું પ્લાન પ્રમાણે જ આગળ વધશે. ભગવાન કૃષ્ણની ઇચ્છા છે કે શ્યામંતક આપણને, માત્ર આપણને મળે. અને એ શોધમાં સહાય પણ કરશે. ગર્ગનો ઉપયોગ કરીને ખાને તમને એના કૅમ્પમાં ખેંચી લીધા. પણ એને એની બદમાશીનું ફળ મળી ગયું, અને આપણા રસ્તામાં આવતું વિઘ્ન પણ એની સાથે દૂર થઈ ગયું.' પ્રિયા બોલી.

'પણ બહાર કેવી રીતે નીકળશું? ચારે તરફ ખાનના માણસો હશે.' રત્નાનીએ ભયભીત અવાજે પૂછ્યું.

પણ પ્રિયાએ જવાબ આપવાને બદલે સર ખાનનો સેલફોન લઈને એના પર એક

મૅસેજ ટાઇપ કર્યો.

'ખાનના ફોન પરથી કોને મૅસેજ કર્યો?' રત્નાનીએ પૂછ્યું.

'બહાર સર ખાનના સિક્યુરિટી ચીફને કહ્યું કે, ઘરના સ્વીમિંગ પુલ પાસે કોઈએ બૉમ્બ ગોઠવ્યો હોવાની જાણકારી મળી છે. બધાં માણસોને લઈને ત્યાં દોડી જાવ.' આવું બોલીને પ્રિયા પાગલની જેમ હસી પડી.

'અહીંથી નીકળીને શું કરશું?' રત્નાનીનો ભય હજી ઓછો નહોતો થયો.

'આખીયે કહાણીનો અંત લાવવાનો સમય આવી ગયો છે.' પ્રિયાએ ભાવશૂન્ય ચહેરે જવાબ આપ્યો. એની આંખોમાં હવે અમાનુષી ચમક હતી.

> ઉજ્જડ થઈ ગયેલી રણભૂમિ પર દુર્યોધને ચારે બાજુ નજર ફેરવી. એકેય કૌરવસેનાની જીવિત નહોતો રહ્યો. હતાશભાવે એણે પોતાના અશ્વને દ્વૈપાયન સરોવર ભણી વાળ્યો. ઠંડા પાણીમાં ડૂબકી લગાવીને દુર્યોધને એના થાકેલા તનમનને થોડી શાતા આપવાનો પ્રયાસ કર્યો.
>
> થોડી જ વારમાં ધૃતરાષ્ટ્ર, સંજય, કૃપાચાર્ય કૃતવર્મા અને અશ્વત્થામા ત્યાં આવી પહોંચ્યા. એમણે જેમતેમ કરીને દુર્યોધનને હિંમત બધાંવી. ફરીથી લડવા તૈયાર થયેલા દુર્યોધને અશ્વત્થામાને સેનાપતિ બનાવ્યો. જોકે સેના તો હવે રહી નહોતી.
>
> બીજી તરફ રણમેદાનમાં દુર્યોધનની ગેરહાજરીથી અમે વિમાસણમાં પડી ગયેલા. થોડીવારમાં અમારા ગુપ્તચરો ખબર લઈ આવ્યા કે દુર્યોધન, દ્વૈપાયન સરોવર પાસે હતો. એના પાછા ફરવાની રાહ જોવાને બદલે અમે સરોવર ભણી પ્રયાણ કર્યું.

છેદીની હત્યા વિશે સાંભળીને સૈનીના સંતાપનો પાર નહોતો રહ્યો. 'બધો વાંક મારો જ છે. આપણે બધાં સાથે રહ્યાં હોત તો, તારક વકીલના હાથે આ વધુ એક મર્ડર ન થાત.'

રાધિકાએ સૈનીને એના મનનો ઊભરો ઠાલવી લેવા દીધો. પરંતુ પછી સમજાવ્યો કે, દિલ્હીના સેફ ડિપોઝિટ વૉલ્ટની મુલાકાત લેવી પણ એટલી જ મહત્ત્વની હતી. ચારચાર લોકોનું બલિદાન એળે ન જવું જોઈએ. બેઉ જણ દિલ્હી પહોંચ્યા.

સાઉથ દિલ્હી સેફ્ટી વૉલ્ટ્સનો મૅનેજર રાજેન્દ્ર રાવલ, રિસેપ્શનમાં એમની રાહ જોતો બેઠો હતો. ગર્ગના આદેશથી, વૉલ્ટના બીજા બધા કર્મચારીઓને આજે રજા આપી દેવાયેલી. રિસેપ્શનની પાછળની તરફ આવેલી ઍડમિનિસ્ટ્રેટિવ ઑફિસમાં સુનીલ ગર્ગ અને પ્રિયા બેઠાં હતાં. સર્વેઇલન્સ વીડિયો મૉનિટર પર એમને આખાય વૉલ્ટમાં થઈ રહેલી હિલચાલ દેખાતી હતી.

સૈની અને રાધિકાનાં ઓળખપત્રો ચેક કરીને, મૅનેજર એમને નીચે બેઝમેન્ટમાં દોરી ગયો. રોશનીથી ઝળહળતા લંબચોરસ, ઍરકન્ડિશન્ડ રૂમની ત્રણ દીવાલ પર, ફર્શથી છત સુધી પહોંચતાં સેફડિપોઝિટ બૉક્સીસ હતાં. 'હં, આપણે ૮૯૪ નંબરનું બૉક્સ બોલવાનું છે.' હાથમાં ક્લીપબોર્ડ લઈને ચાલી રહેલો રાવળ બબડ્યો. સૈની અને રાધિકા મૂંગે મોઢે એની પાછળ, રૂમના બીજે છેડે ગયાં.

રાવળે એની ચાવીથી ૮૯૪ નંબરની સેફ ખોલીને, અંદરથી સ્ટીલનું એક ફૂટ લાંબું ને અડધો ફૂટ પહોળું બૉક્સ કાઢ્યું. અને પછી સ્ટીલના મુવેબલ ટેબલ પર બૉક્સ મૂકીને, એ નમ્રતાભેર રૂમની બહાર જતો રહ્યો. સૈની અને રાધિકાને ગંધ સુધ્ધાં ન આવી કે બરાબર એમના ટેબલની ઉપર છતમાં સર્વેઇલન્સ કૅમેરા હતા.

સૈનીએ ધકધક થતા હૃદયે બૉક્સ પર હાથ મૂક્યો. એના આંગળાં ધ્રૂજી રહ્યાં હતાં. રાધિકાએ આછું સ્મિત આપીને સૈનીના હાથ પર હાથ મૂક્યો, જાણે કહેતી હોય કે, 'હું

તારી સાથે છું, ડરવાની જરૂર નથી,' સૈનીએ ઊંડો શ્વાસ લઈને બૉક્સનું ઢાંકણું ઉઘાડ્યું.


૯૧

દ્વૈપાયન સરોવરના કિનારે ભીમ અને દુર્યોધન વચ્ચે ગદાયુદ્ધ થયું. સરસ્વતીના કાંઠે કાંઠે યાત્રા પૂરી કરીને પાછા ફરેલા મારા ભાઈ બલરામ પણ અહીં હાજર હતા. આ બંને રાજકુમારને, એમણે જ ગદા ચલાવતા શીખવાડેલું.

ગદા ફેરવવામાં દુર્યોધન વધુ માહેર હતો. એની સામે ભીમના કોઈ દાવપેચ સફળ નહોતા થતા. મેં એને દુર્યોધનની કમર નીચે ઘા મારવાના વારંવાર ઇશારા કર્યા. આ સંકેત સમજવામાં ભીમે ખાસ્સી વાર લગાડી. પણ છેવટે એ સમજ્યો, અને દુર્યોધનના સાથળ પર ગદા ઝીંકીને એને ધૂળ ચાટતો કરી દીધો.

ભીમે જે કર્યું, એ ગદાયુદ્ધના નીતિ-નિયમોની વિરુદ્ધ હતું. દુશ્મનની કમર નીચે પ્રહાર કરવાનું, કોઈ વીરને શોભે નહીં. બલરામનો રોષ ભભૂકી ઊઠ્યો. હળ ઉપાડીને એ ભીમને મારવા દોડ્યા. માંડમાંડ મેં એમને ઠંડા પાડ્યા. કહ્યું કે, દુર્યોધને, લંપટભાવે દ્રૌપદીને જ્યાં બેસવાનું આમંત્રણ આપેલું, એ સાથળ ભાંગીને ભીમે એની પવિત્ર પ્રતિજ્ઞા પૂરી કરી હતી.

સ્ટીલ બૉક્સની અંદર, ફોમની વચ્ચે જરાય આડીઅવળી, ઊંચીનીચી ન થાય, એ રીતે મૂકાયેલી સિરામિક બ્લેઝપ્લેટને સૈની અને પ્રિયા એકીટશે તાકી રહ્યાં. ચાર બાય ચાર સેન્ટિમીટરની સાઇઝ ધરાવતી માટીની પ્લેટ પર માત્ર ચાર છિદ્ર હતાં, જેના પર ચાર સીલની ખૂંટીઓ ફીટ થતી હશે. હળવે હાથે સૈનીએ પ્લેટને, બૉક્સમાંથી બહાર કાઢીને, એની પાછળની બાજુ જોઈ. ત્યાં સંસ્કૃતમાં લખાણ હતું. જોકે સૈનીને તરત ખ્યાલ આવી ગયો કે સિરામિક પ્લેટ અત્યંત પ્રાચીન હતી, કદાચ સરસ્વતી સંસ્કૃતિ કાળની પરંતુ એના પરનું લખાણ બહુ પાછળથી, કદાચ રાજા માનસિંઘના સમયમાં થયું હશે.



'આ લખાણનો શું અર્થ છે?' રાધિકાએ પૂછ્યું.

સૈનીએ પ્લેટ પરનું લખાણ, એક કાગળ પર ઉતાર્યું, અને પછી ધ્યાનપૂર્વક વાંચીને, સંસ્કૃત શબ્દોનો અર્થ સમજાવવાનું શરૂ કર્યું.

- શિવની શોધ સર્વોચ્ચ શિખર પર કરો, વિશને દરિયા પાસે શોધો. મેળવવાની ઝંખના ત્યાગી દો. કારણ કે એ બંને એક જ છે, માત્ર તમારું હૃદય આ જોઈ શકે.

- સર્જન અને સંહારનો જ્યારે સંયોગ થાય, અને ૮૯૪, સર્વોપરી સ્થાને હોય; જ્યારે શ્રીફળ અને કમલપુષ્પ મારા મુકુટને શોભાવતા હોય, ત્યાં' નદીકિનારે હું હોઈશ.

- ધૃણા ત્યાગીને પ્રેમ કરવાનું શીખો, માનસિંઘ તમને કહે છે. સાત માળના મારા મંદિરમાં શોધ કરો. હું પણ તમને ત્યાં' મળીશ.

- લોઢાને સુવર્ણ બનાવી દેતો પથ્થર તમે શોધો છો, પણ જડતો નથી. એને બદલે નિષ્ઠા, શ્રદ્ધાના પથ્થરને શોધી કાઢો, જે તમારું હૃદયપરિવર્તન કરી દેશે.

'પણ આનો અર્થ શું?' રાધિકાએ ફરીથી પૂછ્યું.

સૈની, પ્લેટ પરના લખાણ સામે તાકી રહ્યો, 'એક વાત તારા ધ્યાનમાં આવી કે, આ લખાણમાં ૮૯૪નો ઉલ્લેખ છે અને વાર્શનીએ સેફ ડિપોઝિટ બૉક્સ પણ ૮૯૪ નંબરનું જ પસંદ કર્યું.'

'શું આ આંકડો, કોઈ રીતે મહત્ત્વનો છે?' રાધિકાએ પૂછ્યું.

'સૈનીએ માથું ધુણાવ્યું' હું નથી જાણતો. અહીં લખ્યું છે કે, સર્વોચ્ચ શિખરે, એટલે કે કૈલાસની ટોચે શિવની શોધ કરવાનો કોઈ અર્થ નથી. એવી જ રીતે સાગર પાસે સોમનાથમાં પણ વિશ એટલે કે કૃષ્ણની શોધ નિરર્થક છે. અને સાચે, બંને સ્થળે આપણી શોધ નિષ્ફળતાને જ વરી છે ને!'

'તો, આ લખાણ કઈ દિશામાં અંગુલિનિર્દેશ કરે છે?' રાધિકાએ પૂછ્યું.

'મને તો અત્યારે એક જ સ્થળનું નામ સૂઝે છે.' સૈની બોલ્યો. કાલીબંગનની મુલાકાત વખતે વાર્શનીએ કહેલા શબ્દો એને યાદ આવી ગયા. 'સમય જતાં, મહોરો

ખોવાઈ ગઈ, પણ પેઢી દર પેઢીએ બેઝપ્લેટને સાચવી રાખી... સોળમી સદીમાં મહાન કૃષ્ણભક્ત રાજા માનસિંઘના હાથમાં એ આવી... રાજાએ એના પર સંસ્કૃત શ્લોકો અંકિત કરાવીને, વૃંદાવનના કૃષ્ણમંદિરમાં મૂકાવી દીધી.'

'ક્યાં?' રાધિકાએ એને ઢંઢોળ્યો.

'વૃંદાવનનું રાધાગોવિંદ મંદિર. મૂળ સાત મજલાના એ મંદિર પર ચઢાઈ કરીને ઔરંગઝેબે એના ચાર માળ તોડી નાખ્યા, પણ ત્રણ માળ હજી બચેલા છે.'

સૈનીએ હજી બોલવાનું પૂરું, કર્યું ત્યાં તો રૂમની દરવાજેથી અવાજ આવ્યો, 'ઊભા છો ત્યાં જ રહેજો.'

ચમકી ગયેલા સૈની અને રાધિકાએ બેઝપ્લેટ પર ખોડાઈ રહેલી એમની આંખો ઊંચી કરીને અવાજની દિશામાં જોયું. એમની સામે તારક વકીલ, રિવોલ્વર તાકીને ઊભો હતો.

૯૨

યુદ્ધના અંતે પાંડવો એમની છાવણીમાં પાછા ફર્યા, ત્યારે મેં અર્જુનને મારાથી પહેલાં, રથમાંથી ઊતરવાનું કહ્યું. આ વાત સામાન્ય શિષ્ટાચારથી વિરુદ્ધ હતી. અર્જુન સહેજ અકળાયો. પણ છેવટે એણે મારું કહ્યું માન્યું. અર્જુનની પાછળ, જેવો હું રથમાંથી નીચે ઊતર્યો કે બીજી જ ક્ષણે રથમાં ભડકો થયો અને જોતજોતામાં એ બળીને રાખ થઈ ગયો.

હેબતાઈ ગયેલા અર્જુને આનું કારણ પૂછ્યું. મેં એને સમજાવ્યો કે યુદ્ધ દરમ્યાન દ્રોણાચાર્ય અને કર્ણના ઘણાં દિવ્યાસ્ત્રો આ રથને વાગ્યાં હતાં. રથ તો ક્યારનોયે બળીને ભસ્મ થઈ જવાનો હતો. પણ હું એ બધીયે વિનાશક શક્તિ સામે ઢાલ બનીને રહ્યો હતો. હવે યુદ્ધ પૂરું થઈ ગયેલું. રથની જરૂર નહોતી રહી. અર્જુને સંકોચવશ સ્વીકારવું પડ્યું કે યુદ્ધમાં એ વારંવાર મોતના મુખમાં જઈને પાછો ફરેલો, એનું મુખ્ય શ્રેય એના સારથિને જતું હતું.

સેફ્ટી વૉલ્ટની ઍડમિનિસ્ટ્રેટિવ ઑફિસમાં બેઠેલા સુનીલ ગર્ગ અને રાજેન્દ્ર રાવળે વીડિયો મૉનિટર પર બધોયે ખેલ જોયો. પણ એ પોતે કંઈ કરવાની સ્થિતિમાં નહોતા. બંનેના હાથ-પગ બાંધી દેવાયેલા, મોઢા પર ચીપકાવેલી ડક્ટ ટેપ એમને નાનો ઊંહકારોયે કરવા નહોતી દેતી અને એથી યે ડરામણી વાત તો એ હતી કે ગર્ગના જ હોલ્સ્ટરમાંથી કાઢી લેવાયેલી ગન, હવે એમની પાછળ ઊભેલી પ્રિયાના હાથમાં હતી.

અંદરના ભાગમાં, તારકની ગન સામે જોઈને સૈનીએ નરમાશભેર કહ્યું, 'જે જોઈએ, તે લઈ જા. કોઈ વસ્તુની કિંમત આપણા જીવથી વધુ નથી.'

તારકનો ઉશ્કેરાટ પણ થોડો શાંત પડ્યો. 'મને સિરામિક બેઝપ્લેટ આપી દો. હું તમને કંઈ નહીં કરું.'

સૈનીએ મૂંગે મોઢે પેલી પ્લેટ ઉપાડીને તારકના હાથમાં આપી દીધી. અત્યંત કાળજીપૂર્વક તારકે એને પોતાના બેલ્ટ પૅકમાં મૂકી.

'તમને ફરીથી મળીને આનંદ થયો.' દરવાજે આવીને ઊભેલી પ્રિયા બોલી. 'અને હવે કૃપા કરીને, દીવાલ તરફ મોઢું રાખીને ઊભા રહી જાવ.'

સૈની કે રાધિકા, આદેશનો વિરોધ કરવાની સ્થિતિમાં નહોતા. તારકે પહેલાં તો એમની પગથી માથા સુધી જડતી લઈને ખાતરી કરી લીધી કે, ક્યાંય કોઈ હથિયાર નહોતું છુપાવાયું અને પછી બેઉના હાથ-પગ બાંધીને મોઢા પર ટેપ મારી દીધી.

પ્રિયાએ સૈની સામે જોયું અને આછું સ્મિત આપતાં બોલી, 'થૅંક્યુ પ્રોફેસર, તમે અત્યાર સુધી આપેલા સહકાર બદલ ખૂબ ખૂબ આભાર. હજીયે તમારી સાથે બેસીને વાત કરવાનું મને ગમત. પણ સૉરી, સમય નથી. શ્યામંતકને જલદી શોધી કાઢવાનો છે. અને હા, તમારા માટે મારા દિલમાં ખાસ જગ્યા છે. એટલે આ વખતે જે કરવાનું છે, એ કામ તારકને સોંપીને તમારું અપમાન નહીં કરું.'

અને પછી રાધિકા તરફ ફરીને એણે ઉમેર્યું, 'માફ કરજો ઇન્સ્પેક્ટર, તમે પહેલાં

તમારા પતિને ગુમાવ્યા, અને હવે છેલ્લા થોડા દિવસોથી તમે જેને બચાવવાની કોશિશ કરો છો, એ પ્રોફેસર સૈનીનો વારો છે. નજર સામે તમારે એને મરતો જોવો પડશે, એ વાતનો મને અફસોસ છે, પણ શું કરીએ?’

તારકે એની બેલ્ટબૅગમાંથી અસ્ત્રો કાઢ્યો. રાધિકાના શરીરમાં ભયનું લખલખું પસાર થઈ ગયું.

૯૩

ભાંગેલા પગે જમીન પર પડ્યો પડ્યો દુર્યોધન કણસી રહ્યો હતો. ગદાયુદ્ધમાં ભીમે કરેલા નીતિ વિરુદ્ધ આચરણથી અશ્વત્થામાનો રોષ ભભૂકી ઊઠ્યો. ત્યાં ને ત્યાં એણે પાંડવો અને તેમના સહયોગીઓને મારી નાખવાની પ્રતિજ્ઞા લઈ લીધી. હવે બધાં નીતિનિયમો વિસારે પડી ગયેલા. કૃતવર્મા અને કૃપાચાર્યએ બહુ ના પાડી, તોયે અશ્વત્થામા અડધી રાતે, છૂપી રીતે પાંડવોની છાવણીમાં પહોંચી ગયો. અંધારામાં જો કે એ દ્રોપદીના પાંચ પુત્રોને, પાંચ પાંડવબંધુ સમજવાની ભૂલ કરી બેઠો. પાંચ દ્રૌપદીપુત્ર અને બીજાઓને ઊંઘતા જ મારી નાખીને, અશ્વત્થામાએ એમના તંબુને આગ લગાડી દીધી. સારા સમાચાર આપવા માટે એ દુર્યોધન પાસે દોડી ગયો. પણ ત્યાં સુધીમાં સત્ય જાણી ગયેલા દુર્યોધને કકળતા જીવે ચીસ પાડી, 'અરે અશ્વત્થામા, તું આ શું કરી બેઠો?' ઉદ્વેગભર્યા ચિત્તે, દુર્યોધને એનો અંતિમ શ્વાસ લીધો.

સૈનીના કપાળ પર વિષ્ણુના પાંચમાં ચિહ્ન, શેષનાગની છાપ મારી દેવાયેલી. એની પાછળના, મોટા સેફ ડિપોઝિટ બૉક્સ પર 'મ્લેચ્છનિવાહા નિધાને કલયસિ કરવલમ્ ધુમકેતુમ્ ઇવ કિમ અપિ કરવલમ્ કેશવ ધૃતા-કલ્કિ-શરીર, જય જગદીશ હરે' વાળો, લોહીથી લખાયેલો શ્લોક હતો.



બેહોશ સૈનીના પગને તળિયે, ખૂંપી ગયેલા અસ્ત્રાએ એનું કામ, હંમેશની જેમ બરાબર કરેલું. જખમમાંથી નીકળી રહેલો લોહીનો રેલો, હવે થોડે જ દૂર બંદી અવસ્થામાં પડેલી રાધિકાનાં વસ્ત્રોને પલાળી રહ્યો હતો. બંધનમાંથી છૂટવાના બધાય પ્રયાસો કરી ચૂકેલી રાધિકાએ છેવટે ખુદની હાર સ્વીકારી લીધેલી. ભયાનક હતાશા સાથે એ, સૈની સામે જોઈ રહી.

પ્રિયાએ જતાં પહેલાં, વૉલ્ટ રૂમની અંદર બધીયે લાઇટ્સ ચાલુ કરી દીધેલી. જેથી રાધિકા, એની નજર સામે સૈનીને સ્પષ્ટ રીતે મરતો જોઈ શકે. એટલું જ નહીં સર્વેઇલન્સ રેકોર્ડમાં રેકોર્ડ થયેલાં દૃશ્યો, અંદર ઑફિસમાં બેઠેલા ગર્ગ, રાજેન્દ્ર રાવળ અને પછી આવનારાઓ પણ બરાબર નિહાળી શકે. જોકે પ્રિયાએ પોતાના અને તારકના આગમનનું રેકોર્ડિંગ થયેલું, એ સિક્યુરિટી ટેપ કાઢીને પોતાની બૅગમાં નાખી દીધી. બહારના મુખ્ય

પ્રવેશદ્વાર પર સિક્યુરિટી ગાર્ડ બેહોશ પડ્યો હતો. એને તારકે ધક્કો મારીને, વૉલ્ટની સીડી પરથી નીચેની તરફ ગબડાવી દીધો. સાઉથ દિલ્હી સેફ્ટી વૉલ્ટ્સ લિમિટેડનો દરવાજો લૉક કરીને પ્રિયા અને તારકે, ત્યાંથી ચાલતી પકડી. એમને જોવાવાળું કે અટકાવવા વાળું કોઈ નહોતું.

બીજી તરફ, ફોન પર રાધિકાનો સંપર્ક સાધવામાં નિષ્ફળ ગયેલા રાઠોડનો જીવ તાળવે ચોંટી ગયેલો. એની બૉસનો ફોન, લાંબો સમય સ્વિચ્ડઑફ રહે, એ મોટી ચિંતાનો વિષય હતો. ટૅક્સી પકડીને એ તાબડતોબ, સેફ્ટી વૉલ્ટ તરફ ભાગ્યો.

૯૪

> બધાયે પુત્રો ગુમાવી બેઠેલી દ્રૌપદીના કલ્પાંતથી વાતાવરણ ભરાઈ ગયું. પણ થોડી વાર બાદ એની આંખમાં અશ્રુની જગ્યાએ રોષની જ્વાળાઓ ભડકી ઊઠી. એણે આ ઘટનાનો બદલો લેવાની માગણી કરી. પણ આ વખતે હું વચ્ચે પડ્યો. 'આંખના બદલામાં આંખ લેવાનું આ વિષચક્ર હવે થંભી જાય, એમાં જ સહુની ભલાઈ છે. અશ્વત્થામા એનું બ્રહ્માસ્ત્ર ઉપયોગમાં લે, એ પહેલાં એને શોધી કાઢવો પડશે. એ દ્રોણાચાર્યનો પુત્ર છે, પણ એનામાં નથી ક્ષત્રિયનું કોઈ લક્ષણ કે નથી બ્રાહ્મણનું!'
>
> ચારે તરફથી ઘેરાઈ ગયેલા અશ્વત્થામાએ અભિમન્યુની વિધવા અને સગર્ભા ઉત્તરીના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર તાક્યું. મેં વચ્ચે આવીને ઉત્તરીને બચાવી લીધી પણ હવે મારા રોષને કાબૂમાં રાખવાનું શક્ય નહોતું. જીવનમાં પહેલીવાર કોઈને શાપ આપ્યો, 'હે અશ્વત્થામા, તારા અંગેઅંગે લોહીપરુથી દૂઝતા ગૂમડાં ફૂટી નીકળશે. રૂંવેરૂંવે ભયાનક પીડા તને હેરાન કરશે. ત્રણ હજાર વર્ષ સુધી તું આવી દશામાં જીવિત રહીને ભટક્યા કરીશ.'

સાઉથ દિલ્હી સેફ્ટી વૉલ્ટ્સનો બંધ દરવાજો અને બહાર સિક્યુરિટી ગાર્ડની ગેરહાજરી જોતાંની સાથે રાઠોડ સમજી ગયો કે કંઈક ગરબડ હતી. રજાને દિવસે પણ આવા વૉલ્ટ્સની બહાર, ચોવીસે કલાક સશસ્ત્ર ચોકીદારનો પહેરો હોય. આજે તો જાહેર રજા પણ નહોતી. એણે જલદીથી દિલ્હી પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન જોડ્યો. અને પછી, રસ્તા પરથી એક પથ્થર ઉપાડીને વૉલ્ટના દરવાજે લાગેલા લૉક પર મારવાનું શરૂ કર્યું.

રાઠોડ જાણતો હતો કે આવું કરતાંની સાથે, વૉલ્ટની સિક્યુરિટીની જવાબદારી સંભાળતી કંપનીની ઑફિસમાં અલાર્મ ઘણઘણી ઊઠશે અને થોડી જ વારમાં એમના માણસોની ફોજ અહીં ઊતરી આવશે.

રાઠોડની ધારણા મુજબ જ બધું થયું. પહેલાં સિક્યુરિટી એજન્સીના માણસો આવી પહોંચ્યા. લૉક્ડ દરવાજો ખુલ્યો એ પછી અંદરનાં દૃશ્ય જોઈને પહેલાં તો સહુ ડઘાઈ ગયા. પણ પછી રાઠોડે ઝટ દઈને પરિસ્થિતિનો દોર હાથમાં લઈ લીધો.

'હજી આછાઆછા શ્વાસ ચાલે છે' રાઠોડે, સૈનીની નાડી ચેક કરીને કહ્યું. થોડી જ વારમાં સાઇરન વગાડતી ઍમ્બ્યુલન્સ ત્યાં આવી પહોંચી. બંધનમાંથી મુક્ત થયેલી રાધિકાએ ઍમ્બ્યુલન્સ પાસે ઊભેલા સુનીલ ગર્ગને જોયો.

'મૅડમ, હું સુનીલ ગર્ગ, CBI સ્પેશિયલ ડિરેક્ટર! મને જાણકારી મળેલી કે આ સ્થળે કોઈ ગુનો થવાનો છે, એટલે દોડી આવ્યો. પણ કમનસીબે, ગુનેગારો મારાથી વધુ ચાલાક અને બળિયા પુરવાર થયા.' ગર્ગે થોડા અફસોસ અને સંકોચ સાથે સ્મિત કરીને રાધિકા સામે પોતાની ઓળખાણ આપી.

રાધિકાના દિમાગમાં અચાનક બત્તી થઈ. આ અવાજ એણે ફોન પર સાંભળ્યો હતો. સૈનીને દિલ્હી બોલાવનાર માણસ વૉલ્ટનો મૅનેજર રાજેન્દ્ર રાવળ નહીં, સુનીલ ગર્ગ

હતો.

૯૫

ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ એમની સો વિધવા પુત્રવધૂઓને લઈને, રણભૂમિમાં મૃત કૌરવ રાજકુમારોની શોધ આદરી. વેરાન કુરુક્ષેત્રમાં આવી જ રીતે ભટકી રહેલી કુંતીને જોઈને, જોકે પાંડવોને આશ્ચર્ય થયું, 'માતા, તમે કોને શોધો છો?' એમણે પૂછ્યું.

'કર્ણને!' આ જવાબ સાંભળીને પાંડવોના આશ્ચર્યમાં વધારો થયો. 'પણ શું કામ? એ તો મામૂલી રથચાલકનો પુત્ર હતો' એમણે કહ્યું, 'ના, એ તમારો મોટો ભાઈ હતો.' કુંતીએ આવું કહીને, વર્ષોથી મનમાં ધરબી રાખેલા રહસ્યનો ઘટસ્ફોટ કરી નાખ્યો.

અર્જુનનો આક્રોશ, એ વખતે આકાશને આંબી જાય એવો હતો. એણે માત્ર પિતામહ ભીષ્મ અને ગુરુદેવ દ્રોણાચાર્યને નહોતા માર્યા, પોતાના સગાભાઈ કર્ણનો જીવ પણ લીધેલો.

કુંતીએ, એમને કર્ણ પાસેથી મેળવેલા વચનની વાત પણ કહી. પાંડવોને હવે સમજાયું કે યુદ્ધ દરમ્યાન એમને મારવા માટે કર્ણને અનેકવાર તક મળેલી, તોયે એણે શું કામ જતી કરેલી.

'માતા, તમે આ વાત પહેલાં અમને શું કામ ન કરી?' અર્જુને પૂછ્યું. આ પ્રશ્નનો ઉત્તર કુંતીને બદલે મેં આપ્યો, 'તને સત્ય જણાવી દીધું હોત, તો પછી તું એની સામે યુદ્ધ કરવા તૈયાર થાત?

વૃંદાવનની વચ્ચોવચ ઊભેલા રાધા-ગોવિંદ મંદિરે, સારા ખરાબ, દરેક પ્રકારના દિવસો જોઈ લીધેલા. વર્ષ ૧૫૯૦માં રાજા માનસિંઘે ભલે એને બંધાવ્યું હોવાનું કહેવાય, પણ બાંધકામમાં વપરાયેલા ગુલાબી રેતપથ્થરથી માંડીને બીજી તમામ સામગ્રીનો ખર્ચ મુઘલ શહેનશાહ અકબરે આપેલો. કરુણતા એ હતી કે એંશી વર્ષ પછી બીજા મુઘલ બાદશાહ ઔરંગઝેબે આ મંદિરમાં તોડફોડ કરી.

મંદિર પછી ખાલી જ રહ્યું. થોડા સમય બાદ એની પાછળ નવું અને થોડું નાનું મંદિર બંધાયું અને મૂળ પ્રતિમાની પ્રતિકૃતિ બનાવીને ત્યાં સ્થાપિત કરાઈ.

જીર્ણશીર્ણ અવસ્થામાં ઊભેલા રાધા-ગોવિંદ મંદિરમાં પ્રિયા અને તારકે પ્રવેશ કર્યો. રાજા માનસિંઘે આ મંદિર બંધાવેલું, એની જાણ કરતી એક તક્તીની નીચે દીવાલમાં એક ચતુષ્કોણ પોલાણ અને એમાં ચાર ખૂંટી જેવું હતું. પ્રિયાએ પોતાની સાથે લાવેલી સિરામિક બેઝપ્લેટને આ પોલાણમાં મૂકીને સહેજ દબાવી તો એ ત્યાં ફીટ બેસી ગઈ. 'હવે ખાતરી થઈ ગઈ કે રાજા માનસિંઘે આ મંદિરમાં જ બેઝપ્લેટ મૂકાવી હતી.' આવું કહીને પ્રિયાએ પ્લેટ પાછી દીવાલમાંથી કાઢી લીધી.

'અકબર આ પ્રદેશમાં આવવાના હતા, એમના માનમાં જે ચાર મંદિરો બંધાયાં, એમાંનું આ એક હતું. હજારો કારીગરો, શિલ્પકારોએ પાંચ વરસ મહેનત કરીને આ મંદિર ઊભું કરેલું.' પ્રિયા બોલી.

મંદિરનું બાંધકામ, ઊભા આડા, સમાન માપ ધરાવતા ક્રૉસના આકારમાં થયું હતું.

'તમને ખાતરી છે કે આપણે આ જ મંદિરમાં શોધ કરવાની છે?' તારકે પૂછ્યું.

'બેઝપ્લેટ પરના સંસ્કૃત લખાણનો અનુવાદ સૈનીએ કર્યો, એ આપણે સાંભળેલો ને!' પ્રિયાએ યાદ દેવડાવ્યું. માનસિંઘ નદીનો કિનારો... સાત માળનું મંદિર... જો, અહીં છતમાં વિશાળ કમળ અને શ્રીફળનાં ચિહ્નો કોતરાયાં છે. અને અને, એક જ સદીમાં એક મુસ્લિમ રાજાએ એનું સર્જન કર્યું, અને બીજાએ વિનાશ, એટલે સર્જન-સંહારનું મિલન થયું. એમ કહેવાય ને?'

'પણ બેઝપ્લેટમાં ૮૯૪ ના આંકડાની વાત થઈ છે. એનો શું અર્થ થાય? એ અહીં ક્યાં છે?' તારકે આસપાસ નજર દોડાવતાં પૂછ્યું.

'એ હું નથી જાણતી. પણ પ્રાચીન લખાણમાં કહેલી એ બીજી બધી નિશાનીઓ આપણને અહીં દેખાય છે, તો એ એક ૮૯૪ના અંકને ભૂલી જવામાં વાંધો નથી.' પ્રિયાએ કહ્યું.

'અચ્છા, પણ આટલા જૂના, અને આટલા મોટા મંદિરમાં આપણે આપણી શોધ ક્યાંથી શરૂ કરશું?' તારકે મૂંઝવણ દર્શાવી.

'મને લાગે છે કે અમૂલ્ય ચીજ છુપાવવા માટે, મંદિરની અંદર ગર્ભગૃહથી વધુ સારી, બીજી કઈ જગ્યા હોઈ શકે?' પ્રિયા બોલી.

'ગર્ભગૃહ?'

'હા, મંદિરમાં જ્યાં મૂર્તિની સ્થાપના થઈ હોય, ત્યાં પૂજારી સિવાય બીજા કોઈને જવાની અનુમતિ નથી હોતી. ત્યાં છુપાવેલી વસ્તુ બિલકુલ સુરક્ષિત રહે.' પ્રિયાએ સમજાવ્યું.

'આ મંદિરનું ગર્ભગૃહ ક્યાં હશે?' તારકે પૂછ્યું.

'એ એક પ્રૉબ્લેમ છે.' પ્રિયાએ બબડીને ચારે તરફ જોયું.' એવું કહેવાય છે કે, ઔરંગઝેબના માણસોએ મંદિર તોડવાની શરૂઆત ઉપરથી કરેલી, પણ જ્યારે એ તોડવા માટે ત્રીજે માળે પહોંચ્યા, ત્યારે ધરતી એટલા જોરથી ધ્રૂજવા લાગી કે એ બધાંએ જીવ બચાવવા, ત્યાંથી ઊતરીને દોડવું પડ્યું. પણ પછી અંગ્રેજોના જમાનામાં આ મંદિરનું સમારકામ થયું, ત્યારે મૂળ પ્લાનિંગમાં થોડો ફેરફાર કરવો પડેલો.'

'જૂના મંદિરમાં ગર્ભગૃહ ક્યાં હતું, એ બતાવતો કોઈ નક્શો કે રેકોર્ડ મોજૂદ છે?' તારકે પૂછ્યું.

પ્રિયાએ માથું ધુણાવ્યું. 'ના, બંગાળના મહાન કૃષ્ણભક્ત, ચૈતન્ય મહાપ્રભુના શિષ્યોએ મંદિરનું પ્રથમ ગર્ભગૃહ બનાવેલું અને એ લોકો જ અહીંના પહેલવહેલા પૂજારી હતા. મૂળ એ ગર્ભગૃહનું તો હવે ક્યાંય નામોનિશાન નથી. પણ આ મંદિરનું પ્લાનિંગ ક્રૉસ શેપમાં થયું છે, એટલે આપણે વચ્ચોવચથી શરૂઆત કરીએ.'

ભાંગીતૂટી ગયેલા મંદિરના અંદરના ભાગમાં એટલું અંધારું હતું કે તારકે એની ફ્લેશલાઇટ ચાલુ કરવી પડી અને આગળ જતાં એના અજવાળામાં જે દેખાયું, એણે પ્રિયાને સ્તબ્ધ કરી દીધી. વર્ષો પહેલાં જે સ્થાન પર કદાચ ભગવાનની પ્રતિમા ઊભી હશે, ત્યાં અત્યારે ત્રણેક ફૂટ પહોળો ખાડો હતો.

'કોઈ આપણી જેમ જ વિચારીને, આપણી પહેલાં પહોંચી ગયું.' પ્રિયાએ ગુસ્સામાં કહ્યું. ખાડો લગભગ વીસ ફૂટ ઊંડો હતો. અને અંદર ઉતરવા માટે છત પરથી બાંધેલું, એક દોરડું ત્યાં ઝૂલતું હતું.'

'અહીં હશે, તો નક્કી ચોરાઈ ગયું. પણ જોઈએ તો ખરા' આવું બોલીને પ્રિયાએ દોરડું પકડ્યું અને ખાડાની અંદર સરકી. તારક એની પાછળ ઊતર્યો. તળિયે પહોંચીને

પ્રિયાએ દોરડું છોડ્યું અને ઘૂંટણિયે પડીને જમીન પર હાથ ફેરવ્યો.

અચાનક ઉપર કોઈએ ફ્લેશલાઇટ સ્વિચ ઑન કરી. ચમકી ગયેલાં પ્રિયા અને તારકે ઉપર જોયું. સામેથી આવતા પ્રકાશે એમની આંખ આંજી નાંખી. ખાડાની ધાર પર કોણ ઊભેલું એ કળાયું નહીં, પણ પછી ત્યાંથી આવેલો અવાજ પરિચિત હતો. 'દોડાદોડી કરીને મારા જૂના દોસ્તો થાકી ગયા હશે. તો મને લાગ્યું કે એમના માટે એક ઠંડી મજાની જગ્યાની વ્યવસ્થા કરી આપું.'

સુનીલ ગર્ગે, આવું કહીને ઉપરથી લટકતું દોરડું કાપી નાખ્યું. પ્રિયા અને તારક માટે હવે બહાર નીકળવાનો કોઈ રસ્તો નહોતો બચ્યો. અને હોય તોયે, એ કાયમ માટે બંધ કરી દેવાનો પ્રયાસ સુનીલ ગર્ગે આરંભી દીધો. **'ओमश्री पृथ्वी रक्षसाय नमः'** કહીને એણે પાવડાથી, ખાડામાં ધૂળ અને પથ્થરનો વરસાદ કર્યો.

'એય, આપણે સમાધાન કરી લઈએ, હું જાણું છું કે મણિ ક્યાં છે...' પ્રિયાએ બૂમ પાડી, પણ ગર્ગે એને આગળ બોલવા દીધી નહીં. ખાડામાં વધુ ધૂળ નાંખતાં એ બોલ્યો, 'સોદાબાજીનો ટાઇમ નીકળી ગયો માતાજી, જ્યારે તમે મને સેફ્ટી વૉલ્ટમાં છોડીને ભાગી ગયા. પોલીસને જવાબ આપતાં મને ભારે પડી ગયું.'

'પણ મેં તમને જીવતા રાખ્યા.' મરણિયા અવાજે પ્રિયા બોલી.

'હિસાબ સરભર થઈ ગયો. તું નાની હતી ત્યારે તારી સરલા આન્ટીનું ખૂન કરવા બદલ તને પકડીને હું બાલસુધાર ગૃહમાં મોકલી શક્યો હોત. પણ ત્યારે મેં તને છોડી દીધેલી. ओमश्री मांगल्य दायकाय नमः કહીને ગર્ગે થોડી વધુ ધૂળ અંદર નાખી.

અર્થહીન દલીલો કે બૂમાબૂમ કરવાને બદલે, માતાજી અને તારક, પલાંઠી વાળીને બેસી ગયાં, અને અંધારિયા, ઊંડા ખાડામાં એમણે હરિનામનો જાપ શરૂ કરી દીધો. બેઉએ સ્વીકારી લીધું કે એમનો જવા માટેનો સમય આવી ગયો છે.

મેં પાંડવોને, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી પાસે જઈને એમના આશીર્વાદ લેવાની સલાહ આપી. ગાંધારી અને દ્રૌપદી એકમેકને ભેટીને ખૂબ રડ્યાં. બંને માતાએ, પોતાનાં બધા સંતાન ગુમાવ્યાં હતાં. ગાંધારીના હૃદયમાં શોકની સાથે રોષ પણ ભારોભાર હતો. પરંતુ વિદુરે એમને ચેતવણી આપી રાખેલી કે, ગાંધારીએ પાંડવોને શાપ આપ્યો, તો રાજઘરાણાનું નિકંદન થઈ જશે, અને આ પ્રદેશ પર રાજ કરવા માટે કોઈ નહીં બચે.

ગાંધારીએ, એના મહેલની અંદર પાંડવોની સામે તો પોતાનો રોષ દબાવી રાખ્યો, પણ પછી રણભૂમિ પર પોતાના પુત્રોનાં છિન્નભિન્ન શબની વચ્ચે પહોંચી, ત્યારે એનો રોષ પાછો ભભૂકી ઊઠ્યો.

સ્મશાન જેવા થઈ ગયેલા યુદ્ધમેદાનમાં ગાંધારી મૂઢની જેમ કલાકો સુધી બેસી રહી. છેવટે એને ભૂખ લાગી. ઉપરની દિશાએથી તાજા, પાકેલા આંબાની સુગંધ એના નાકમાં પહોંચી. ભૂખ-તરસથી વ્યાકુળ થઈ ગયેલી ગાંધારીએ થોડા પથ્થર ભેગા કરીને એકની ઉપર એક ગોઠવ્યા અને તેના પર ચઢીને, એણે વૃક્ષની ડાળી પરથી કેરી તોડી અને ખાઈને ક્ષુધા શાંત કરી. પરંતુ પેટ ભરાતાંની સાથે જ એને ભાન થયું કે ઝાડની ડાળી સુધી પહોંચવા માટે એણે જેં પથ્થરોની મદદ લીધેલી, એ વાસ્તવિકતામાં એના પુત્રોના મૃતદેહ હતા. ગાંધારીને એ પણ ખ્યાલ આવી ગયો કે મોહમાયા અને ભ્રમણામાં કેટલી શક્તિ હોય છે. અને એ બતાવવા માટે મેં જ આ ખેલ રચેલો. દુ:ખ અને રોષના માર્યા ગાંધારીએ મને એ જ ઘડીએ શાપ આપ્યો, ‘કૃષ્ણ, તું પણ એક દિવસ તારા બધા પ્રિયજનોને ગુમાવી દઈશ. તારા વંશજો આપસમાં લડી મરશે, અને તું નિ:સહાયભાવે જોતો રહીશ. એક પારધીના હાથે, પશુની જેમ તું મૃત્યુને ભેટીશ.’

હૉસ્પિટલના બિછાને બે દિવસ બેહોશ પડી રહેલા સૈનીએ છેવટે આંખો ખોલી, ત્યારે એણે પહેલો ચહેરો રાધિકાનો જોયો. સૈની ભાનમાં આવી ગયો, એ જોઈને રાધિકાએ, ત્યાં સુધી પોતાની લાગણીઓ પર રાખેલો બંધ તૂટી ગયો. સૈનીનું કપાળ ચૂમી લેતાં એ બોલી, ‘ડૉકટરે કહ્યું કે તમારા સુધી પહોંચવામાં પાંચ મિનિટનુંયે મોડું થયું હોત તો...’

સૈનીએ નબળું, સ્મિત આપીને પગ હલાવવાની કોશિશ કરી. રાધિકાએ કહ્યું, ‘ત્યાં ખાસ્સા બધા ટાંકા લેવા પડ્યા છે. પગને આરામ આપો.’

સૈનીનું સ્મિત થોડું વધુ પહોળું થયું, ‘ક્રિષ્ના કી એ આપણને જે સંકેતો આપ્યા, એની પાછળ જતાં જતાં, બે વાર હું, અને એકવાર તમે હૉસ્પિટલમાં પહોંચી ગયાં. મને લાગે છે કે રહસ્ય આખરે છતું થશે, ત્યાં સુધીમાં આપણું મેડિકલ જ્ઞાન કોઈ ડૉક્ટર જેટલું થઈ ગયું હશે.’

‘મારે હવે કોઈ રહસ્ય શોધવું નથી. રવિ, તું જાણે છે, હું કેટલી ડરી ગયેલી? મને

લાગેલું કે મેં તને હંમેશ માટે ગુમાવી દીધો. ક્રિષ્ના કી વાળી વાત જ હવે પડતી મૂક!' રાધિકા લાગણીવશ થઈ ગઈ. પ્રોફેસર સૈનીને એણે નામથી, તુંકારાથી બોલાવી લીધો, એનો ખ્યાલ પણ રાધિકાને ન રહ્યો.

સૈનીએ વિષયાંતર કર્યું. 'રાઠોડ ક્યાં છે?'

રાધિકાએ રૂમની બહાર જ બેઠેલા રાઠોડને અંદર બોલાવ્યો. 'ચાલો, પાંચમાંથી એકને તો બચાવી લીધા.' રાઠોડે આવતાંની સાથે વાતાવરણ હળવું કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ થોડી જ વારમાં ચર્ચા, ક્રિષ્ના કી પર પાછી ફરી.

'કુરકુડેની સેક્રેટરીની હત્યા કર્યા બાદ એના ટર્મિનલ પરથી અમુક ડેટાની ચોરી થયેલી. એની માહિતી મળી છે.' રાઠોડે કહ્યું.

'કયો ડેટા?' સૈનીએ ટટ્ટાર બેસવાની કોશિશ કરતાં પૂછ્યું. રાધિકાએ, બટન દબાવીને પલંગને એક તરફથી સહેજ ઊંચો કર્યો.

'દેશભરમાં કઈ કઈ જગ્યાએ રેડિયોઍક્ટિવિટીનું પ્રમાણ બહુ વધુ છે, એની ઇન્ફર્મેશન પરથી, કુરકુડેની ટીમે આ નક્શો તૈયાર કરીને આપણને મોકલ્યો છે.' રાઠોડે એના ખિસ્સામાંથી ફેકસ મૅસેજ કાઢીને સૈનીને બતાવ્યો.



'અહીં એક ચોક્કસ પેટર્ન દેખાય છે.' થોડીવાર નક્શાનો અભ્યાસ કર્યા બાદ સૈની બોલ્યો. 'રાઠોડ, તમારી પાસે પેન હોય તો, આપોને! અને રાધિકા, પેલું ટેબલ અહીં ખેંચી લાવો.'

'શું કામ તબિયત અને સમય બગાડો છો? પ્લીઝ, એ બધું છોડી દે ને હવે!' રાધિકાએ ફરીથી આજીજી કરી.

'બસ, આ નક્શો જોઈ લેવા દો. પછી વાત પૂરી, બસ?' સૈનીએ કહ્યું, અને, ટેબલ

પર નક્શો મૂકીને, એણે એમાં, ટપકાંની જગ્યાએ શહેરોનાં નામ લખવાનું શરૂ કર્યું.



દસેક મિનિટ પછી, એણે ઊચું જોયું, 'જોઈ લ્યો, વાત સીધીસટ છે, નક્શાની અંદર ચોવીસમાંથી આઠ સ્થળે ન્યુક્લિયર પાવર પ્લાન્ટ્સ છે. એટલે ત્યાં રેડિયોઍક્ટિવિટીનું પ્રમાણ ઊંચું મળે, એ સ્વાભાવિક છે. એને કાઢી નાખો.' આવું કહીને સૈનીએ નક્શામાં આઠ સ્થળો પર ચોકડી મૂકી દીધી અને આગળ ચલાવ્યું.

'હવે જોધપુર પણ કાઢી નાખીએ, કારણ કે ત્યાંની જમીનમાં કુદરતી રીતે થતી પરમાણુ, પ્રક્રિયાઓ વિશે પ્રોફેસર કુરકુડેએ મને કહેલું. અને પોખરાણમાં, ભારત સરકારે પહેલો અણુધડાકો કરેલો, એના વિશે તો બધાં જાણે છે. એને પણ અહીંથી બાદ કરો. તો આપણી પાસે એવાં ૧૪ સ્થળ બચે છે, જ્યાં કુરકુડેની રિસર્ચ ટીમે, બહુ હાઇ રેડિયેશન લેવલ હોવાનું શોધી કાઢ્યું છે. જુઓ, તમને કંઈ સમજાય છે?' સૈનીએ નક્શા પર આંગળી ઠપકારતાં પૂછ્યું.

રાઠોડ અને રાધિકાએ ફરીફરીને જોયું, પણ એમને આ સ્થળો વચ્ચે કોઈ ખાસ સંબંધ હોવાનું લાગ્યું નહીં.



છેવટે સૈનીએ જ પોતાના પ્રશ્નનો જવાબ આપ્યો. આ નક્શામાં આગ્રા અને કૈલાસ પર્વતને બાદ કરતાં, બાકીનાં બારેય સ્થાને શિવલિંગ છે. અને એ પણ, આપણે જેને સહુથી વધુ પવિત્ર માનીએ છીએ એ બાર જ્યોતિર્લિંગ!

૯૭

અંતિમ સંસ્કારો થઈ ગયા, શોકનો સમય પૂરો થયો. હવે યુધિષ્ઠિરના રાજ્યાભિષેકની તૈયારી કરવાની હતી. પણ એ હજી દુ:ખ અને પશ્ચાત્તાપમાંથી બહાર નહોતા આવ્યા. 'સ્વજનોને મારીને મેળવેલો મુકુટ હું કઈ રીતે શિરે ધારણ કરું?' એમણે દીનસ્વરે કહ્યું.

રણભૂમિ પર મેં અર્જુનને એના પ્રિયજનો સામે લડવા માટે તૈયાર કર્યો હતો, એવી જ રીતે યુધિષ્ઠિરને પણ સમજાવ્યા. 'ઈચ્છા હોય તો તમે સાધુ થઈને સર્વસ્વનો ત્યાગ કરી શકો છો. પણ એનો અર્થ એવો થયો કે આટલા માનવસંહાર બાદ, પાછળ રહી ગયેલા જે લોકોને હવે તમારી જરૂર છે, એને પણ તમે તરછોડી રહ્યા છો, ફરીથી આ રાજ્યમાં ધર્મની સ્થાપના કરવાનું સામર્થ્ય તમારામાં છે. જવાબદારીમાંથી છટકી જવાનું તમને શોભતું નથી.' લાંબો સમય આત્મચિંતન કર્યા પછી યુધિષ્ઠિરે મારી વાત સ્વીકારી. હસ્તિનાપુરના કુરુસિંહાસન પર એમણે સ્થાન ગ્રહણ કર્યું. બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર કર્યા. હસ્તિનાપુરની પ્રજાએ એમના નવા રાજા પર પુષ્પવૃષ્ટિ કરી.

'દ્વાદશ જ્યોતિર્લિંગમાં સર્વોચ્ચ સ્થાને સોમનાથ છે.' સૈની બોલ્યો.

'પણ આગ્રા અને કૈલાસ પર્વત અહીં કેવી આવ્યા?' રાધિકાએ પૂછ્યું.

જવાબ આપવાને બદલે સૈની ઊંડા વિચારમાં ઊતરી પડ્યો. થોડીવાર બાદ એ બોલ્યો, 'યાદ છે, સેફ્ટી વૉલ્ટમાં મને પ્રિયાએ કહેલું કે, પ્રોફેસર, હજીયે તમારી સાથે બેસીને વાત કરવાનું મને ગમત. પણ સમય નથી, શ્યામંતકને જલદી શોધી કાઢવાનો છે?'

શ્યામંતક! પ્રિયા માનતી હતી કે ક્રિષ્ના કી, ખરેખર શ્યામંતકની દિશામાં નિર્દેશ કરતી હતી.

'આપણે પ્રિયા સાથે વાત કરવી જોઈએ.' સૈનીના શબ્દો સાંભળતાવેંત રાધિકા ભડકી ગઈ. 'શું? એણે તો તને મારવાની કોશિશ કરેલી.'

'હશે. પણ આપણી પાસે નથી, એવી માહિતી એની પાસે છે.' સૈની બોલ્યો.

'હોય, તોયે એ આપણને નહીં મળે, અને પ્રિયા પોતે એ જાણકારીનો ઉપયોગ કરી શકે એવી સ્થિતિમાં નહીં હોય.' રાધિકાના હોઠ પર લુચ્ચું સ્મિત ફરકી ગયું.

'મતલબ?' રાઠોડે પૂછ્યું.

'એ હવે સુનીલ ગર્ગના પંજામાં હશે. વૉલ્ટમાં મેડિકલ ટીમ આવી પહોંચી અને તમારો જીવ જોખમમાં નથી, એની ખાતરી થયા બાદ મેં તરત સુનીલ ગર્ગને પકડ્યો. આપણને દિલ્હી બોલાવવાવાળો રાજેન્દ્ર રાવળ નહીં, પણ ગર્ગ પોતે હતો, એ હું જાણી ગયેલી. એ બદમાશના દિમાગમાં મેં ઠસાવી દીધું કે, કારકિર્દી અને આબરૂ બચાવવી હોય તો એણે હવે પ્રિયા અને તારકનો ખેલ ખતમ કરવો પડશે.' રાધિકાએ હસીને કહ્યું.

'પ્રિયા સાથે વાત કરવાનું શક્ય ન હોય, તો આ કોયડો આપણે પોતે ઉકેલવો પડશે. નકશા પર સોમનાથ અને કૈલાસ પર્વત બંને છે, એની પાછળ એક જ કારણ હોવું

જોઈએ.' સૈની બોલ્યો.

'હવે ઉખાણાની ભાષામાં બોલવાનું બંધ કરો.' રાધિકાએ થોડા અકળાઈએ કહ્યું.

'શ્યામંતક ટ્રાન્સફર્મેટિવ આઇસોટોપ છે. એટલે કે એવું તત્ત્વ, જે બીજા પદાર્થનું રૂપ બદલી શકે. આધુનિક વિજ્ઞાને સાબિત કરી દીધું છે કે, અણુપ્રક્રિયા દ્વારા આવું રૂપાંતર જલદીથી થઈ શકે. અર્થાત, શ્યામંતક કોઈ સામાન્ય પથ્થર નહીં પણ ન્યુક્લિયર આઇસોટોપ હોવો જોઈએ.' સૈની બોલ્યો.

'પણ, એને કૈલાસ પર્વત સાથે શું સંબંધ? આપણે પોતે ત્યાં જઈને જોયું કે કૈલાસમાં બરફ સિવાય બીજું કંઈ નથી.' રાધિકા બોલી.

'અને, બીજું કંઈ હોવાની શક્યતા પણ નથી. મારી ધારણા એવી છે કે કૈલાસ કોઈ કુદરતી પર્વત નહીં, પણ એલ્કેમિસ્ટ્સ પિરામિડ છે.' સૈનીએ દૃઢ અવાજે કહ્યું.

'એલ્કેમિસ્ટ્સ પિરામિડ... એ વળી શું?' રાઠોડે અચંબાભેર કહ્યું. ચોરી, લૂંટફાટ, હત્યાના કેસ ઉકેલનારા પોલીસમૅન માટે આ બધા સાવ નવા, કોઈ બીજા જ ગ્રહના લાગે એવા શબ્દો હતા.

૯૮

રાજ્યારોહણનો ઉત્સવ પતી ગયા બાદ મેં પાંડવોને, ભીષ્મ પાસે જઈને એમના આશીર્વાદ લેવાની સલાહ આપી. બાણશૈયા પર સૂતેલા ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને રાજ્યધર્મનું જ્ઞાન આપ્યું. એમની વચ્ચે, અનેક દિવસ સુધી ચાલેલા સંવાદ દરમ્યાન ભીષ્મએ, યુધિષ્ઠિરના દરેક પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો.

મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી જે પૂર્ણિમા આવી, એના આઠ દિવસ બાદ ભીષ્મએ સ્વેચ્છાએ પ્રાણનો ત્યાગ કર્યો.

પિતાના સુખ માટે પોતાના તમામ અધિકાર અને સુખનો ભોગ આપી દેનાર હવે આ દુનિયામાં નહોતો રહ્યો. પણ એણે સ્થાપેલા સિદ્ધાંતો અને આદર્શોનું અનુસરણ હવે પાંડવોએ કરવાનું હતું.

'એલ્કેમી એટલે એવી રસાયણવિદ્યા, જેની મદદથી હલકી ધાતુનું, કિમતી ધાતુમાં રૂપાંતર કરી શકાય.' સૈનીએ રાઠોડ અને રાધિકાને સમજાવવાનું શરૂ કર્યું.

'સામાન્ય માણસો માટે એલ્કેમી એટલે લોઢામાંથી સોનું કે સોનામાંથી લોઢું બનાવવાની પ્રક્રિયા. પરંતુ વાસ્તવિકતામાં, આ વિદ્યાને અધ્યાત્મ સાથે વધુ નજીકનો સંબંધ છે. એનું અંતિમ લક્ષ્ય છે, મૃત્યુમાંથી નવજીવનનું સર્જન! પિરામિડ એ એલ્કેમીનું સર્વોચ્ચ પ્રતીક છે. પ્રાચીન ઇજિપ્તના લોકો માનતા હતા કે પિરામિડની અંદર મૃત વ્યક્તિને નવો જન્મ મળે છે. એટલે જ એ સમયે, ત્યાંના શાસકોને પિરામિડમાં દફનાવવાની પ્રથા હતી.'

'પણ પિરામિડ, આવું કઈ રીતે કરી શકે?' રાધિકાએ પૂછ્યું.

'એ માટે આપણે ઑરગો નની સંકલ્પના સમજવી પડશે.' સૈની બોલ્યો.

'એ વળી શું?' રાધિકા ગૂંચવાઈ.

'એલ્કેમીના પાયામાં એવી માન્યતા છે કે, આપણે જેને ઈશ્વર કહીએ છીએ એ માત્ર લાઇફ ફોર્સ, એટલે કે જીવનઊર્જા કે પ્રાણશક્તિ છે. વિભિન્ન સંસ્કૃતિઓમાં એ જુદા જુદા નામે ઓળખાય છે. ઑરા, ઇથર, ચી, કી, મન, આકાશ, પ્રાણ... પરંતુ બધાનો અર્થ એક જ થાય છે. વિલ્હેમ રાઇકે ૧૯૩૦માં પહેલવહેલીવાર ઑરગોનવાળી થિયરી રજૂ કરી. પરંતુ ભારતમાં તો આ વિચાર છેક વેદકાળથી અસ્તિત્વમાં હતો. ઑરગોનની કલ્પના અદૃશ્ય, નિરાકાર, અનંત તત્ત્વ તરીકે થઈ છે, જે દરેક સજીવ સાથે જોડાયેલું છે. રાઇકનું કહેવું હતું કે શારીરિક ઑરગોનમાં ખામી હોય તો એમાંથી કૅન્સર સહિતના રોગો જન્મે છે. જોકે આ બધી પીંજણ બાજુએ મૂકીને સાદી ભાષામાં કહીએ તો ઑરગોન એટલે ચેતના કે આત્મા, જે ભગવાને એના દરેક સર્જનમાં મૂક્યા છે. તાજા ખોરાક, તાજા પાણી, તાજી હવા, આ બધામાં એ વસે છે. એટલે જ આયુર્વેદમાં તાજો બનાવેલો ખોરાક લેવાનો આગ્રહ થયો છે.'

'આ પહેલાં, મેં તો ઑરગોન વિશે કંઈ સાંભળ્યું નહોતું.' રાધિકા બોલી. રાઠોડે પણ માથું હલાવ્યું.

'એનું કારણ છે. પ્રાણશક્તિના વિચાર પર વધુ સંશોધન કરવા માટે રાઇકે એક

સંસ્થા સ્થાપેલી. એ લોકો એવા તારણ પર આવ્યા કે, ટેલિકોમ ટાવર્સ અને પાવર પ્લાન્ટ્સ જેવાં સ્થળો પાસે પ્રાણશક્તિ, એટલે કે ઑરગોન મંદ પડી જાય છે. સ્વાભાવિક રીતે જ સ્થાપિત હિતો અને મોટા ઉદ્યોગોને આ વાત ગમી નહીં. એ લોકો એટલું જબરદસ્ત દબાણ લઈ આવ્યા કે અમેરિકન સરકારે ઑરગૉન ઇન્સ્ટિટ્યૂટ પર તાળાં મરાવીને રાઇકને જેલમાં નાખી દીધો. એણે કરેલાં બધાં સંશોધનોનો નાશ કરાયો. ઑરગોન થિયરી, માત્ર એક તુકકો બનીને રહી ગઈ. જોકે અમેરિકાના નૅશનલ સેન્ટર ફોર કૉમ્પ્લિમૅન્ટરી ઍન્ડ ઑલ્ટરનેટિવ મેડિસિનમાં હજીયે આ થિયરીનો ઉપયોગ થાય છે.' સૈની બોલ્યો.

'પિરામિડને ઑરગોન થિયરી સાથે શું સંબંધ?' રાધિકાએ પૂછ્યું.

'પિરામિડનો ઉપયોગ ઑરગોન એક્યુમ્યુલેટર તરીકે થતો હતો. અર્થાત્ હવા, પાણી અને જમીનમાંથી પ્રાણશક્તિ ખેંચીને એને એક બિન્દુમાં કેન્દ્રિત કરવા માટે પિરામિડ વપરાતા હતા.' સૈનીએ કહ્યું અને પછી આગળ ચલાવ્યું.

'પિરામિડની ચાર બાજુ, ચાર દિશા સાથે બહારના વાતાવરણના સંપર્કમાં રહે છે. પરંતુ પિરામિડ જેના પર ઊભો રહે છે એ એની પાંચમી બાજુ ગણાય છે. પ્રાચીનકાળમાં લોકો માનતા હતા કે પાંચ દિશામાંથી ગ્રહણ થયેલી પ્રાણશક્તિ, પિરામિડના મધ્યમાં ભેગી થતી હતી. પ્રાચીન વેદોમાં પણ એવું જ કહ્યું છે કે, વિશ્વના મધ્યમાં પાંચનો અંક છે. આપણે જેને એલ્કેમિસ્ટ કહીએ છીએ, એમના કામમાં પિરામિડ, એક મહત્ત્વનું સાધન હતું.'

'પણ આને મૉડર્ન સાયન્સનો કોઈ આધાર મળ્યો છે?' રાઠોડે પૂછ્યું.

'છૂટાછવાયા અખતરા થયા કરે છે. કેનેડામાં એક જણે તાંબાનો પિરામિડ બનાવીને અંદર માંસના ટુકડા ભર્યા. એણે પછી એવું તારણ કર્યું કે, પિરામિડની દીવાલ પાસે જે માંસ હતું એ જલદી સડી ગયું. પણ વચ્ચોવચ હતું, એ મહિનાઓ સુધી ખરાબ નહોતું થયું.'

'તમે આ માનો છો?' રાધિકાએ પૂછ્યું.

'મારા માનવા ન માનવાનો સવાલ ગૌણ છે. મહત્ત્વનો મુદ્દો એ કે આપણા પ્રાચીન પૂર્વજો માનતા હતા. એ લોકોએ વાતાવરણની પ્રાણશક્તિ ખેંચીને, મધ્યમાં કેન્દ્રિત કરવા માટે કૈલાસ નામના આ પિરામિડનો ઉપયોગ કર્યો હશે, અને એમાંથી પછી જે પદાર્થ કે તત્ત્વનું સર્જન થયું, એને કૃષ્ણના સમયમાં શ્યામંતકનું નામ મળ્યું હોવું જોઈએ. એનામાં કદાચ ન્યુક્લિયર ગુણધર્મ હશે. પરિણામે સોમનાથના લિંગમાં એને મૂકાયો ત્યારબાદ મંદિરનું સોનું, લોઢામાં રૂપાંતરિત થઈ ગયું.

'એટલે તમને ખાતરી છે કે, કૈલાસ માનવસર્જિત પિરામિડ છે?' રાધિકાએ પૂછ્યું.

'કદાચ આખો પર્વત, માણસે નહીં બનાવ્યો હોય. પણ એવી શક્યતા ખરી કે, એ પર્વતને ચારે તરફથી, કોતરી, ઘસીને ચાર બાજુવાળો પિરામિડ બનાવવાની મહેનત, એ સમયના લોકોએ કરી હશે.'

'અને, એવું કરવા પાછળ, માત્ર પ્રાણશક્તિ ભેગી કરવાનો હેતુ હતો. જે પછી, ટ્રાન્સફોર્મેટિવ પદાર્થ તરીકે ઉપયોગમાં લઈ શકાય?' રાધિકાએ પૂછ્યું.

'હા, ભાગવતપુરાણ માં લખ્યું જ છે કે, સૃષ્ટિ, પંચમહાભૂત તરીકે ઓળખાતા પાંચ તત્ત્વોમાંથી બની છે. પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ પિરામિડના રૂપમાં કૈલાસ આ પાંચેય તત્ત્વમાંથી પ્રાણશક્તિ ખેંચીને પોતાની અંદર કેન્દ્રિત કરતો હતો.'

'મતલબ, કૈલાસ અને સોમનાથમાં જે રેડિયોઍક્ટિવિટી નોંધાઈ છે, એનો સ્રોત

એક જ છે, શ્યામંતક!’ રાધિકા બોલી.

‘માત્ર કૈલાસ અને સોમનાથ નહીં, બારેય શિવલિંગના સ્થળે નોંધાયેલા રેડિયેશનની પાછળ પણ શ્યામંતક જવાબદાર હોવો જોઈએ.’ સૈનીએ ધારણા બાંધી. ‘ગઝનીના આક્રમણ પછી જાટ અને રાજપૂતોએ શ્યામંતકને એક સ્થાને રાખવાને બદલે, એને છુપાવવા માટે સમયાંતરે જગ્યા બદલવાનો નિર્ણય કર્યો હશે અને દર વખતે, પસંદગી મંદિર પર જ ઊતરતી. પણ સમસ્યા એ હતી કે, એ દિવસોમાં મંદિરો પર સતત વિદેશી આક્રમણોનો ભય તોળાતો હતો.

‘તો શ્યામંતક આજે ક્યાં હશે?’ રાઠોડે મુદ્દાનો સવાલ પૂછ્યો.

સૈનીએ વિચાર કરીને કહ્યું, ‘આ નકશામાં, બીજાઓથી સાવ જુદું પડી જતું એક જ સ્થળ છે આગ્રા. ત્યાં ક્યારેય શિવલિંગ નહોતું તો પછી એના વાતાવરણમાં શું કામ હાઇ રેડિયેશન લેવલ હોવું જોઈએ? જોકે, એ પણ નોંધવું જોઈએ કે, ગઝનીના મકબરામાંથી પાછા લવાયેલા દરવાજા, અંગ્રેજોએ આગ્રામાં રાખવાનું પસંદ કર્યું. સાંભળ્યું છે કે, એ દરવાજા, હજીયે આગ્રાના કિલ્લાની અંદર, એક સ્ટોરેજ રૂમમાં છે. આપણે હવે આગ્રા જવું જોઈએ.’

૯૯

ભીષ્મના અવસાન બાદ થોડા જ સમયમાં અભિમન્યુની વિધવા ઉત્તરીને પ્રસૂતિની પીડા ઊપડી. પરિવારમાં આ ભારે ઉલ્લાસનો અવસર હતો કારણ કે પાંડવોની બીજી પેઢીમાં, જીવિત રહેલું આ એકમાત્ર સંતાન હતું. પરંતુ થોડી જ વારમાં આનંદની જગ્યાએ ચિંતાનું વાતાવરણ છવાઈ ગયું. ઉત્તરીએ પુત્રને જન્મ આપ્યો, પણ નવજાત શિશુએ ન તો રુદન કર્યું કે ન તો આંખો ખોલી. સ્ત્રીઓની રડારોળ સાંભળીને હું ત્યાં દોડી ગયો. ઉત્તરીના પુત્રને હાથમાં લઈને મેં એના કાનમાં સ્નેહાળ અવાજે ગણગણાટ કર્યો, 'આ પૃથ્વી તું ધારે છે, એટલી ખરાબ નથી. અહીં સારપ અને આનંદ પણ છે. હે બાળક, નિર્ભય થઈને તું આવી જા.'

મારા શબ્દો સાંભળીને નવજાત શિશુએ આંખો ઉઘાડી, અને સ્મિત આપ્યું. હસતે ચહેરે મેં એને કહ્યું, 'આ દુનિયામાં તારું સ્વાગત છે પરીક્ષિત.'

રાઠોડને માટે આગ્રાની ટિકિટ બુક થઈ ગઈ. અને તેના બે દિવસ બાદ સૈનીને હૉસ્પિટલમાંથી રજા મળી. 'પૂરેપૂરો આરામ કરવાનો, વધુ શ્રમ પડે એવું કામ નહીં કરવાનું, અને ડાળા, જખમી પગ પર જોર ન પડે એ માટે ચાલતી વખતે લાકડી વાપરવાની...' આવી જાતજાતની સૂચનાઓનું લિસ્ટ ડૉકટરે પેશન્ટને પકડાવ્યું. જો કે એનું પાલન કરાવવાની જવાબદારી રાધિકાએ લઈ લીધી.

હૉસ્પિટલમાં રહીને અને ફિકકું ખાઈને કંટાળેલા સૈનીને રાધિકાએ સાંજે મેહરોલી એરિયાની ઇટાલિયન રેસ્ટોરાંમાં લઈ ગઈ. વાઇનની પહેલી બૉટલ પૂરી થઈ, ત્યાં સુધીમાં એમણે એકબીજાંની સામે પોતપોતાની અંગત જિંદગી ખુલ્લી મૂકી દીધી હતી. વાતોમાં તલ્લીન આ બે જણે બીજી પછી ત્રીજી બૉટલનો ઑર્ડર આપ્યો, ત્યારે સામેથી નમ્રતાભેર જવાબ મળ્યો કે, રેસ્ટોરાં બંધ કરવાનો સમય થઈ ગયો છે.

જો કે નવાનવા પ્રેમમાં પડેલાં આ બે જણની વાતો હજી પૂરી નહોતી થઈ. બહાર નીકળીને કારની ડ્રાઇવિંગ સીટ પર બેસતાં રાધિકાએ પૂછ્યું, 'હવે ક્યાં?' એ પોતે હોટેલમાં રહેતી હતી. સૈનીનું ઘર રેસ્ટોરાંથી પંદરેક મિનિટના અંતરે હતું.

'મારે ઘેર', સૈનીએ રાધિકાની આંખોમાં આંખ મિલાવીને જવાબ આપ્યો. વાતો હજી ઘણી કરવાની હતી, પણ ઘરમાં પગ મૂકતાંની સાથે જ જાણે બધી વાતો પૂરી થઈ ગઈ. સૈનીએ રાધિકાના હોઠ પર પહેલીવાર ચુંબન કર્યું અને રાધિકા એ રીતે એના ગળે વળગી પડી, જાણે જિંદગીભર છોડવા ન માંગતી હોય. તનમન એક થઈ ગયાં. મોડેથી, સૈનીએ એની છાતી પર ભીનાશનો અનુભવ કર્યો. એ ચમકી ગયો. પણ ત્યાં ગાલ ટેકવીને સૂતેલી રાધિકા, કોમળ અવાજે બોલી, 'હરિના અવસાન પછી પહેલીવાર કોઈ પુરુષ મારા જીવનમાં આવ્યો છે.'

'મને એક રોમેન્ટિક આઇડિયા સૂઝ્યો છે. હું ને તું. આપણે બે જણ કોઈ સરસ જગ્યાએ ઊપડી જઈએ તો?' સૈનીએ સવારે શાવર નીચે ઊભા રહીને પ્રસ્તાવ મૂકયો. એની નજીક સરકી આવેલી રાધિકાની આંખો ચમકી ઊઠી, 'ઓહ યેસ, બોલો ક્યાં

જઈશું?' એણે ઉત્કંઠાભેર પૂછ્યું.

'સાંભળ્યું છે કે, વરસના આ સમયે તાજમહાલ બહુ રોમેન્ટિક હોય છે.' સૈનીએ, મલકાતે મુખે જવાબ આપ્યો.

યુધિષ્ઠિરનો ખોવાઈ ગયેલો આનંદ, પરીક્ષિતના જન્મથી પાછો ફર્યો. પાંડવોનો વંશ હવે આગળ વધશે, એવી રાહત થઈ ગયા બાદ એમણે અશ્વમેધ યજ્ઞ કરવાનું ઠરાવ્યું.

આ યજ્ઞની પ્રાથમિક વિધિ પ્રમાણે હસ્તિનાપુરથી એક અશ્વ છૂટો મૂકી દેવાયો. જે રાજ્યમાંથી એને વિના રોકટોક પસાર થઈ જવાની છૂટ મળે, એમણે યુધિષ્ઠિરનું આધિપત્ય સ્વીકાર્યું હોવાનું મનાય. અને અશ્વને રોકનાર રાજાએ, યુધિષ્ઠિરની સેના સામે યુદ્ધ કરવું પડે. એક સમયે પાંડવોના શત્રુ ગણાતા શકુનિ અને જયદ્રથના રાજ્યમાં પણ અશ્વને રોક્યા વિના ત્યાંના લોકોએ યુધિષ્ઠિરની સત્તા માન્ય રાખી.

મણિપુરનો રાજા બભ્રુવાહન, અર્જુનનો પુત્ર હતો. વનવાસ દરમ્યાન ત્યાંની રાજકુમારી ચિત્રાંગદા સાથે લગ્ન કરીને અર્જુન પિતા બનેલો. સ્વાભાવિક રીતે જ દીકરાએ પિતાની વિજયયાત્રા રોકવાને બદલે, એનું સ્વાગત કર્યું. અર્જુને એની મજાક કરી કે, સાચા શૂરવીરને આ શોભે નહીં. એનું રાજ્ય સર કરવા આવેલા સામે તો રાજાએ લડવું જોઈએ! બભ્રુવાહને પડકાર ઝીલી લીધો. યુદ્ધમાં એના બાણથી અર્જુનની છાતી વીંધાઈ ગઈ. બભ્રુવાહનની સાવકી માતા, નાગકન્યા ઉલૂપીએ ચમત્કારિક રત્નની સહાયથી અર્જુનને પાછો જીવિત કર્યો.

વાજતેગાજતે અર્જુન એના અશ્વની સાથે હસ્તિનાપુર પાછો ફર્યો અને પછી અશ્વમેધ યજ્ઞથી પાંડવોની કીર્તિમાં અનેકગણો વધારો થયો.

અમર પ્રેમના પ્રતીક જેવા તાજમહાલની બહાર સૈની અને રાધિકા હાથમાં હાથ નાખીને ટહેલી રહ્યાં હતાં. એકમેકને પામીને એ ખુશ હતાં. એવામાં રાઠોડના ફોનકૉલે એમની શાંતિમાં ભંગ પાડ્યો. આગ્રા કિલ્લામાં ગયેલા રાઠોડ પાસે જોકે કોઈ નવી માહિતી નહોતી. અંગ્રેજોએ સોમનાથના દરવાજા પાછા લાવવા માટે ભારતથી જાટ રેજિમૅન્ટના જવાનોને મોકલ્યા હતા. પરંતુ જે દરવાજા પાછા આવ્યા એ ઓરિજિનલ નહોતા. સુખડની જગ્યાએ દેવદારના લાકડામાંથી બનેલા આ દરવાજા પર ઇસ્લામિક લખાણ હતું. એમને આગ્રાના કિલ્લામાં મૂકી દેવાયા. અને સોમનાથના મૂળ દરવાજાનો વિષય અભરાઈએ ચઢાવી દેવાયો. ટૂર ગાઈડ પાસેથી મળેલી માહિતી રાઠોડ દોહરાવી ગયો.

'સારું, હવે ઇચ્છા થાય તો તાજમહાલ પર આવી જજો.' કહીને સૈનીએ વાત પૂરી કરી, અને તાજમહાલ તરફ પગ ઉપાડ્યા. આમતેમ ફરતી એની નજર, તાજમહાલના કેન્દ્રીય, મુખ્ય ઘુમ્મટ પર પહોંચી અને ત્યાં જ અટકી ગઈ. 'જોયું ત્યાં?' એણે રાધિકાને પૂછ્યું.


'હા, ઘુમ્મટ છે. અને ઉપર ચાંદ-તારાનું ચિહ્ન છે.' રાધિકા બોલી.

'ધ્યાનથી જો. એ માત્ર ચાંદ-તારાનું ઇસ્લામિક પ્રતીક નથી. બીજાકાર ચંદ્ર છે, પણ એની ઉપર કળશ, અને એમાં મૂકેલાં પાંદડાં અને શ્રીફળ નથી દેખાતાં?' સૈનીએ પૂછ્યું.



રાધિકાએ આંખો ફાડીને જોયું. વર્ષો સુધી, બીજાઓની જેમ એ પણ તાજની ટોચ પર જેને ઇસ્લામનું ચિહ્ન માનતી આવેલી, એમાં આજે આ નવું જોવા મળ્યું.


'અને હવે મકાન તરફ જો. પહેલી નજરે તાજમહાલની ડિઝાઇન ચતુષ્કોણ જેવી લાગે છે. ચોરસ પ્લેટફોર્મ પર ચાર ખૂણે ચાર મિનારા અને વચમાં ઘુમ્મટવાળું મુખ્ય બિલ્ડિંગ! પણ આ માત્ર દૃષ્ટિભ્રમ છે. હકીકતમાં આ અષ્ટકોણીય બાંધકામ છે.' સૈની બોલ્યો.




'તો શું?' રાધિકા ગૂંચવાઈ.

'હિન્દુઓમાં '૮'નો અંક શુભ ગણાય છે. એ ચાર દિશા અને ચાર ખૂણાનું પ્રતીક છે. હવે પ્રશ્ન એ છે કે, મુસ્લિમ મકબરાને આમ આઠ ખૂણાવાળો આકાર કેમ અપાયો! અને હવે ઘુમ્મટ તરફ ફરીથી ધ્યાનપૂર્વક જો.' સૈનીના કહેવાથી રાધિકાએ ફરી નજર ઊંચે દોડાવી.

'એ સાદો ઘુમ્મટ નથી. એના પર ઊંધા કમળની ડિઝાઇન છે. એ પણ હિન્દુ ધર્મનું એક ચિહ્ન છે.' સૈની બોલ્યો.




સૈની રાધિકાનો હાથ પકડીને એને તાજના મુખ્ય પ્રવેશદ્વાર ભણી ખેંચી ગયો. અહીં ફરીવાર એણે રાધિકાને ઉપર જોવાનો આદેશ આપતાં કહ્યું, 'કમાનની ઉપર લાલ રંગનું કમળ દેખાય છે?'



રાધિકા હજી જુએ ન જુએ, ત્યાં તો સૈની એને હાથ પકડીને રીતસર અંદર ઢસડી ગયો. થોડીવાર પછી એ લોકો બેગમ મુમતાઝ મહલની કબર સામે ઊભાં હતાં. બાજુમાં શાહજહાંની કબર હતી.

'જો, આ બંને કબરની ફરતે જે બાંધકામ છે, એ પણ આઠ ખૂણાનું છે.' સૈની ધીમેથી બોલ્યો.

'પણ કબર વચ્ચોવચ નથી.' રાધિકાનું ધ્યાન ગયું.



'મુમતાઝ મહેલની કબરને મધ્યમાં રાખીને જ બાંધકામ થયેલું. એ વખતે કોઈએ

વિચાર્યું નહોતું કે, પાછળથી શાહજહાંને પણ જે સ્થળે દફનાવવામાં આવશે. એમની કબર, એક બાજુએ છે.' સૈનીએ આટલું કહીને ઉમેર્યું, 'જોકે, આ સાચી કબર નથી.'

'એટલે?' રાધિકા ચમકી ગઈ.

'મતલબ, એમના શરીરને દફનાવ્યા બાદ જ કબર બનાવાઈ, એ નીચેના હિસ્સામાં છે. ઉપરના આ બંને બાંધકામ માત્ર પ્રતીકાત્મક કે શોભાના છે.' સૈનીએ સ્પષ્ટતા કરી.

હવે એ પોતાના ફોનની સ્ક્રીન પર તાજમહાલનો ઊભો લે-આઉટ લઈ આવ્યો. 'નીચે ગાર્ડનમાંથી માર્બલ પ્લેટફોર્મ પર આવવા માટે આપણે જે પગથિયાં ચઢ્યાં, એ ચાર ફીટ ઊંચાં છે. એ પછી મકાનમાં પ્રવેશીએ, ત્યાં સુધીમાં આપણે બીજા ૨૩ ફીટ ચઢી ગયાં. એટલે કે ગાર્ડનથી, કબરની ઊંચાઈ ૨૭ ફીટ છે. પરંતુ અહીંથી નીચે જ્યાં સાચી કબરો છે એ ચૅમ્બરમાં પહોંચવા માટે આપણે માત્ર સોળ ફીટ નીચે ઊતરવું પડશે. ગણીને એકવીસ પગથિયાં. આનો અર્થ એ થયો કે શાહજહાં અને મુમતાજ મહલની કબર જમીનથી અગિયાર ફીટ ઊંચી છે, તો એ અગિયાર ફીટ જગ્યામાં શું હશે?'

યુધિષ્ઠિરે ધર્મના સિદ્ધાંત પ્રમાણે હસ્તિનાપુર પર રાજ્ય કર્યું. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને એ કુંતી જેટલું જ માન આપીને સાચવતા હતા. પરીક્ષિત પણ ઝડપથી મોટો થઈ ગયો.

થોડા સમય બાદ ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ રાજમહેલની સુખસગવડો ત્યાગીને શેષ જીવન વનમાં વિતાવવાનો નિર્ણય કર્યો. વિદુર અને કુંતી પણ એમની સાથે ગયાં. એક દિવસ, આ ચારેય જણ વનમાં બેઠાં હતાં, ત્યાં અચાનક નજીકમાં આગ ફાટી નીકળી.

'દોડો' ધૃતરાષ્ટ્રએ ચીસ પાડી. ગાંધારીએ પૂછ્યું 'શું કામ?' ધૃતરાષ્ટ્ર સમજી ગયા કે આમેય જીવનના અંતનો સમય આવી ગયેલો. ચારેય જણ શાંતિભાવે, પોતપોતાના સ્થાને બેસી રહ્યાં. અગ્નિની જ્વાળાઓ એમને સ્વાહા કરી ગઈ.

'શું હશે, એ અગિયાર ફીટની વચ્ચે?' રાધિકાના અવાજમાં પણ હવે ઍક્સાઇટમૅન્ટ આવી ગઈ.

'એ શોધતાં પહેલાં, આ જગ્યાનો થોડો ઇતિહાસ કહી દઉં?' સૈનીમાં વસતો પ્રોફેસર જાગી ગયો. હા પાડ્યા વિના રાધિકાને છૂટકો નહોતો.

સૈનીએ શરૂ કર્યું. 'ભારત સરકારના નૅશનલ આર્કાઇવ્ઝમાં બાદશાહનામા નામનો ઇમ્પૉર્ટન્ટ ડૉક્યુમૅન્ટ સચવાયેલો છે. મૌલાના અબ્દુલ હમીદ લાહોરીએ, શાહજહાંના શાસન દરમ્યાન આ ઇતિહાસ લખેલો. એમાં કહ્યું છે કે અર્જુમન્દબાનુ બેગમ ઉર્ફે મુમતાઝ મહેલના મૃત્યુ પછી એની દફનવિધિ માટે આગ્રામાં રાજા માનસિંઘના મહેલની પસંદગી થઈ. એ મહેલ ત્યારે માનસિંઘના પૌત્ર રાજા જયસિંઘ પાસે હતો. એમના માટે આ વડવાઓ તરફથી મળેલો વારસો હતો. પણ શહેનશાહ માંગે તો કઈ રીતે ના પાડી શકાય? બદલામાં મુઘલ શાસન તરફથી એને બીજે સ્થળે જમીન અપાઈ.

'તમારી કહેવાની મતલબ કે, તાજમહાલ એ મૂળ હિન્દુ રાજાનો મહેલ છે?' રાધિકાએ પૂછ્યું.

'આખેઆખો નહીં. પાછળથી એમાં ઘણું વધારાનું બાંધકામ થયું હશે. મૂળ મહેલનો કેટલો ભાગ જાળવી રખાયો, એ હવે જાણવાનું મુશ્કેલ છે. ખાતરીપૂર્વક તો આજે એટલું જ કહી શકાય કે, અહીં રાજા માનસિંઘનો મહેલ હતો, અને બેગમ મુમતાઝ મહેલનો મકબરો અહીં બનાવવા માટે એણે શાહજહાંને આ જમીન આપી દીધી.' સૈનીએ કહ્યું.


રાધિકાએ મૂંગામૂંગા, આ બધી નવી માહિતી પચાવવાની કોશિશ કરી. થોડીવાર પછી બેઉ જણ, તાજમહાલમાંથી નીકળીને, પાછળ વહેતી યમુના નદીને કિનારે ગયાં.

'અહીં પણ કંઈ જોવા-જાણવા જેવું છે?' રાધિકાએ હળવે સૂરે પૂછ્યું. જવાબમાં સૈનીએ ખિસ્સામાંથી કાગળ કાઢીને મોટેથી વાંચવાનું શરૂ કર્યું. પ્રાચીન સિરામિક બેઝ પ્લેટ પર જે સંસ્કૃત લખાણ એણે વાંચેલું એનું આ ભાષાંતર હતું.

'આ જગ્યા, યમુના નદીને કિનારે છે, એની ટોચે કમળ, કળશ અને શ્રીફળ છે. માનસિંઘનું લખાણ વૃંદાવનના મંદિરનું નહીં, પરંતુ તાજમહાલ તરફ નિર્દેશ કરતું હતું.' સૈનીના અવાજમાં આવેગ ઊભરાઈ આવ્યો.

'પણ તાજમહાલને ક્યાં સાત માળ છે?' રાધિકાએ કહ્યું.

'તું પણ બીજાઓ જેવી જ ભૂલ કરે છે. અહીંથી નદી કિનારે ઊભી રહીને તાજમહાલ તરફ નજર નાખ.' સૈનીએ કહ્યું.



'આપણે જેને તાજમહાલ કહીએ છીએ, એ પહેલી નજરે આરસપહાણમાંથી થયેલું ત્રણ માળનું બાંધકામ લાગે. પણ એમાં હવે ઘુમ્મટમાં બંધાયેલો મોટો હૉલ, અને મકબરાની નીચે, જે ઓરડામાં મૂળ કબર છે, એનો ઉમેરો કરીએ તો પાંચ માળ થઈ જાય. અને મકાનની પ્લીન્થથી અહીં નદીકિનારે પહોંચવા માટે આપણે બે માળ ઉતરવા પડે છે. મતલબ કુલ સાત માળ થઈ ગયા ને? અને હવે પેલી કમાનો ભણી દૃષ્ટિ નાખ. એની પાછળ બાવીસ ઓરડા છે. શાહજહાંના સમયથી એ બધાંય રૂમ સજ્જડ બંધ છે. અને આજ સુધી ખુલ્યા નથી. મારા કહેવાની મતલબ એ કે તાજમહાલ, હકીકતમાં સાત માળનું મકાન છે.

દ્વારકામાં મારા બુદ્ધિહીન પુત્ર સાંભને નગરમાં પધારેલા ત્રણ મહાન ઋષિ વિશ્વામિત્ર, કણ્વ અને નારદની મશ્કરી કરવાની કુમતિ સૂઝી. એના મિત્રો સાંભને ગર્ભવતી સ્ત્રીનો વેશ પહેરાવીને ઋષિ પાસે લઈ ગયા અને પૂછ્યું, 'આને પુત્ર જનમશે કે પુત્રી?'

સત્ય જાણી ગયેલા ઋષિઓએ કોપે ભરાઈને કહ્યું, 'નહીં પુત્ર કે નહીં પુત્રી, તું લોઢાના મૂશળને જનમ આપીશ. અને, એનાથી આખાયે યાદવકુળનો નાશ થશે.' ગાંધારીએ મને આપેલો શાપ, ઋષિઓની વાણીમાં પ્રગટ થયો. ખરેખર, થોડી જ વારમાં, સાંભે નક્કર લોઢાના વજનદાર મૂશળ, એટલે કે દંડને જન્મ આપ્યો.

આ ઘટનાથી ભયભીત થઈ ગયેલા બલરામે, મૂશળ ભાંગી, ભૂક્કો કરીને દરિયામાં ફેંકી દીધું. એમાંથી માત્ર એક નાનો ટુકડો, એ ભાંગી નહોતા શક્યા. લોખંડના કણ વહેતા વહેતા પ્રભાસ પાટણના કિનારે આવી પહોંચ્યા. એમાંથી દરિયાકિનારે જે ઘાલ ઊગ્યું એ લોઢાની શૂળો જેવું ધારદાર અને મજબૂત હતું. યાદવોના સંહારનો અંતિમ તખતો અહીં ગોઠવાઈ ગયો.

'પણ તાજમહાલ, મુસ્લિમ મકબરો છે, હિન્દુ મંદિર નહીં.' રાધિકાએ દલીલ કરી.


'હા, પણ મકબરો બનતાં પહેલાં એ મહેલ હતો, અને દરેક હિન્દુ મહેલમાં મંદિર હોય છે.' સૈનીએ યાદ દેવડાવ્યું.

'પણ માનસિંઘે સર્જન અને સંહારના સંગમની વાત કેમ કરી?' રાધિકાએ પૂછ્યું.

જવાબ આપવાને બદલે સૈનીએ રાધિકાનો હાથ પકડીને પાછા, તાજમહાલના બગીચા તરફ પગ ઉપાડ્યા. 'ફર્શ પર લગાડેલી લાદીઓની ડિઝાઈન જોઈ?' એણે પૂછ્યું.

'ઊંચે ઘુમ્મટ અને કમાનો જોવામાંથી નવરી પડું ત્યારે નીચે નજર નાખું ને!' રાધિકાએ મજાકમાં કહ્યું, પણ પછી થોડી જ વારમાં એ સમજી ગઈ કે, સૈની શું બતાવવા માંગતો હતો. ફર્શ પર લાદીઓ એ રીતે જડાયેલી કે એમાં છ ખૂણાના તારા દેખાય.

'મેં તને કહેલું કે ષષ્ટકોણીય તારો, શિવ અને શક્તિના સાયુજ્યનું પ્રતીક છે. સર્જનનો પ્રારંભ અહીંથી થાય છે. તાજમહાલમાં જ્યાં જુઓ ત્યાં, પેલા સંસ્કૃત લખાણમાં આપેલા સંકેત દેખાય છે. આ સ્થળ માત્ર મૃત્યુનું પ્રતીક નથી. પરંતુ યમુના કિનારે, કીચડમાંથી ઊભું થયેલું સૌંદર્યનું ચિહ્ન પણ છે. બીજા શબ્દોમાં કહીએ તો વિનાશ અને સર્જન, બંનેનો અહીં સંગમ છે.' સૈની બોલ્યો.



'પણ પેલા '૮૯૪' અંકનું રહસ્ય હજી ક્યાં આપણને સમજાયું છે?' રાધિકા બોલી. 'એને તાજમહાલ સાથે કોઈ સંબંધ હોવાનું દેખાય છે?'

સૈનીના હોઠ મલકી ગયા. 'એ વિશે પણ મેં બહુ વિચારીને, અર્થ શોધી કાઢ્યો છે.

'અચ્છા, તો હવે મને સમજાવો.' રાધિકા અદબ વાળીને ઊભી રહી.

'હિન્દુઓમાં ૧૦૮નો અંક સહુથી શુભ ગણાય છે. ૧૮, ૧૦૮, ૧૦૦૮, ૧૦૦૦૮... એ બધાં પવિત્ર હોવાનું આપણે માનીએ છીએ. મહાભારત અને દરેક વેદમાં ૧૮ પ્રકરણ છે, યાદવોના ૧૮ કુળ હતા, જરાસંધે ૧૮ વાર મથુરા પર આક્રમણ કર્યું, કુરુક્ષેત્રમાં ૧૮ સેનાઓએ, ૧૮ દિવસ યુદ્ધ કર્યું, એમાં ૧૮ મહારથી હતા, ભગવદ્ ગીતામાં ૧૮ પ્રકરણ છે...'

'હા, હા, પણ ૧૮ કે ૧૦૮ ને ૮૯૪ સાથે શું લાગેવળગે?' રાધિકાએ થોડા અકળાઈને પૂછ્યું.

'થોડી ધીરજ રાખ.' સૈનીએ કોઈ સ્ટુડન્ટને ટોકતા હોય, એવા સૂરે કહ્યું, 'ધીરે ધીરે બધું સમજાવું છું. હિન્દુઓ ૧૦૮ને પવિત્ર ગણે છે. એવી જ રીતે ભારતીય ઉપખંડના મુસ્લિમો ૭૮૬ને અત્યંત પાક, લગભગ અલ્લાહનું રૂપ માને છે.'

'એનું શું કારણ?'

'અરબીમાં, અબ્જદ પદ્ધતિનો ઉપયોગ કરીને દરેક મૂળાક્ષરને ૧ થી ૧૦૦૦ સુધીનું મૂલ્ય અપાયું છે. કુરાનની શરૂઆત બિસ્મિલ્લાહ અલ-રહેમાન અલ-રહી મથી થાય છે. આ બધા અક્ષરોના અંકનો અબ્જદ પદ્ધતિથી સરવાળો કરો તો '૭૮૬'નો અંક મળે.' સૈનીએ સમજાવ્યું.

મહાભારત યુદ્ધ પુરું થયું એના પછી ૩૬મે વર્ષે, હું અને બલરામ, અમારા આખા યાદવકુળને લઈને પ્રભાસ પાટણ ગયા. કુરુક્ષેત્રમાં વીરગતિ પામેલા યાદવોને અમે ત્યાં શ્રદ્ધાંજલિ આપી. પરંતુ ધાર્મિક વિધિઓ પતી ગયા બાદ યાદવોએ દારૂ પીવાનું શરૂ કર્યું.

મહાભારત વખતે કોઈ પાંડવો, તો કોઈ કૌરવોને પક્ષે રહેલા. યુદ્ધમાં કોણે શું સાચું, ખોટું કરેલું એ વિષય પર, આટલા વર્ષે વિવાદ શરૂ થયો. બોલાચાલી પરથી વાત, હાથોહાથની લડાઈ પર પહોંચી અને જોતજોતામાં, દારૂના નશામાં ભાન ભૂલેલા યાદવોએ, દરિયાકિનારે ઊગેલાં લોઢાના સળિયા જેવા ઘાસ ઉખાડીને એકબીજાને મારવાનું શરૂ કરી દીધું. સાંભે જે મૂશળને જન્મ આપેલો, અને બલરામે ભુક્કો કરીને દરિયામાં પધરાવી દીધેલું એમાંથી જ ઊગેલું આ ઘાસ હતું.

બલરામ અને મારા માટે, એ લોહિયાળ યાદવાસ્થળી જોવાનું અસહ્ય હતું. અમારી નજર સામે અમારા જ પ્રિયજનો એકબીજાંને મારી રહ્યાં હતાં. અમે બે ભાઈઓ, જંગલમાં દોડી ગયા. પાછળ કોઈ બચ્યું નહીં. ગાંધારીએ આપેલો શાપ સાચો પડ્યો.

'વેદિક પંડિતોએ ઇસ્લામિક '૭૮૬' વિશે બીજી થિયરી પણ રજૂ કરી છે.' સૈની બોલ્યો. 'તું એટલું તો જાણતી હશે કે, અંગ્રેજીમાં જે ગણિતના અંકો છે, એ અરેબિક ન્યૂમરલ્સ, એટલે કે અરબી આંકડા કહેવાય છે. પણ લોકો એ ભૂલી જાય છે કે, અરબી અંકોનો જન્મ હિ ન્દુ અંકશાસ્ત્રમાંથી થયેલો. ભારતીય ગણિતશાસ્ત્રીઓએ બનાવેલી ન્યૂમરલ સિસ્ટમ પર આજનું મૉડર્ન મૅથેમેટિક્સ રચાયું છે. ભારતના પર્શિયન ગણિતશાસ્ત્રીઓએ પ્રાચીન હિન્દુ અંકપદ્ધતિ અપનાવી, અને ત્યાંથી પશ્ચિમમાં આરબ પ્રદેશો સુધી એનો પ્રસાર થયો. મધ્યકાલીન યુગમાં આરબોએ આ પદ્ધતિનું જ્ઞાન યુરોપને આપ્યું.'

'મતલબ, આજે શૂન્યથી માંડીને નવ સુધીના જે આંકડા, આખી દુનિયામાં વપરાય છે, એ હિન્દુઓએ આપેલા?' રાધિકા બોલી.

'બિલકુલ. હવે ૭, ૮ અને ૬, આ ત્રણ આંકડાને હિન્દીમાં લખીએ તો કેવા લાગે?' કહીને સૈનીએ કાગળ પર પેન મૂકી.

७ ८ ६

'હવે આ ત્રણેય અંકને સાથે લાવીએ તો?' કહીને સૈનીએ કાગળ પર જે આકૃતિ બનાવી એ રાધિકાને પરિચિત લાગી.



'આ ત્રણ અંકને ભેગા કરીએ તો હિન્દુ ૐ જેવું નથી લાગતું? હકીકતમાં આ ૐ ની મિરર-ઇમેજ છે. પલટાવીને જોઈ લે!' સૈનીએ કહ્યું.



'તો ૭૮૬ અને ઓમ, વચ્ચે શું સંબંધ હોઈ શકે?' રાધિકા હવે વધુ ગૂંચવાઈ.

'એ ખબર નથી. જેટલાં મોઢાં, એટલી વાતો સાંભળી છે. જોકે ઇસ્લામના પ્રખર અભ્યાસુઓ ૭૮૬ ને જરાય મહત્ત્વ નથી આપતા. એમના કહેવા પ્રમાણે મહમ્મદ પયગંબર સાહેબ જ્યોતિષશાસ્ત્ર અને અંકશાસ્ત્રમાં જરાયે નહોતા માનતા. તેમ છતાં દક્ષિણ એશિયાના મુસ્લિમો ૭૮૬ને પવિત્ર, શુભ અંક ગણતા રહ્યા છે.' સૈનીએ કહ્યું.

'પણ બેઝપ્લેટ પરના '૮૯૪'ને આ બધાં સાથે શું સંબંધ?' રાધિકાએ થોડા થાકેલા સ્વરે પૂછ્યું.

'તાજમહાલ, એ અકબર, જહાંગીર અને શાહજહાં, આ ત્રણ મુઘલ શહેનશાહોના સમયકાળનું પ્રતીક છે. ત્યારે હિન્દુ અને મુસ્લિમો વચ્ચે ઝઘડા નહોતા. ૧૦૮ અને ૭૮૬નો સરવાળો કરો તો ૮૯૪ થાય. તાજમહાલ એ હિન્દુ-મુસ્લિમ સર્જનશક્તિનું સર્વોચ્ચ ઉદાહરણ છે.' સૈનીએ કહ્યું.

બલરામ જાણતા હતા કે એમના સ્વર્ગારોહણનો સમય આવી ગયેલો. એક વૃક્ષ નીચે, સમાધિ અવસ્થામાં બેસીને એમણે પ્રાણનો ત્યાગ કર્યો. થોડી ક્ષણો બાદ મેં બલરામની નિશ્ચેતન કાયામાંથી એક મોટા સર્પને બહાર નીકળતો જોયો.મારા ભાઈ બલરામ, શેષનાગના એમના મૂળ રૂપમાં પાછા ફર્યા હતા. મારે પણ માનવદેહ ત્યાગ કરવાની ઘડી આવી પહોંચેલી.

જંગલમાં એક વૃક્ષ નીચે જમણા પગ પર ડાબો પગ ચઢાવીને વીતી ગયેલાં વર્ષોને યાદ કરતો હું બેઠો હતો. જરા નામના પારધીને દૂરથી મારા પગની પાની કોઈ હરણના કાન જેવી લાગી. એણે મારી દિશામાં બાણ ફેંક્યું. અને જોવાનું તો એ કે, પારધીના બાણની અણી સાંભવાળા મૂશળના લોઢામાંથી જ બની હતી.

ઋષિઓના શ્રાપથી સાંભે જે મૂશળને જન્મ આપ્યો, એનો ભાંગીને ભુક્કો કરી નાખવાનો પ્રયાસ બલરામે કરેલો. પરંતુ એમાં એક નાનો ટુકડો બચી ગયો, જેને સાગરના પાણીમાં એક માછલી ગળી ગઈ. માછલીના પેટમાંથી મળેલો લોઢાનો ટુકડો, પારધીએ એના બાણને વધુ અણીદાર બનાવવા માટે વાપર્યો. જે છેવટે મારા પગમાં આવીને વાગ્યું.

પોતાની ભૂલનું ભાન થતાંની સાથે પારધીનો જીવ તો તાળવે ચોંટી ગયો. પણ મેં એને શાંત પાડીને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે જે બન્યું એમાં એનો કોઈ અપરાધ નહોતો. મારા ભાગ્યમાં આ જ લખાયું હતું, અને પારધીનું બાણ તો માત્ર એમાં નિમિત્ત બનેલું.

ગાંધારીએ આપેલો બીજો શાપ પણ ખરો ઠર્યો. જંગલમાં શિકારીના હાથે કોઈ પશુની જેમ મારું મૃત્યુ થયું હતું. સ્વસ્થ ચિત્તે મેં મારી કાયામાં વિષને પ્રસરી જવા દીધું. જીવને, દેહ છોડવાની અનુમતિ આપી અને વૈકુંઠ ભણી પ્રયાણ કર્યું. વિષ્ણુના આઠમા અવતાર, કૃષ્ણનું કાર્ય આ પૃથ્વી પર હવે પૂરું થઈ ગયેલું.

રાજા માનસિંઘે બેઝપ્લેટ પર જે લખાણ કોતરાવેલું, એના વિશે તારો મિત્ર અનિલ વાર્શની માહિતગાર હતો. રહસ્ય તાજમહાલમાં છુપાયેલું હતું, એ જાણ્યા પછીયે એણે શું કામ આપણને સોમનાથ અને કૈલાસ ભણી દોડાવ્યા?' રાધિકાએ પૂછ્યું.

'એણે એવું નહોતું કહ્યું ભૂલ તો આપણી હતી. ગણિતશાસ્ત્રના આધારે સ્વસ્તિક દોરીને, આપણને જે '૮'નો અંક મળ્યો, એ હકીકતમાં શાહજહાં અને મુમતાઝની કબર ફરતે જે આઠ ખૂણાની નાની દીવાલ છે, એના તરફ સંકેત કરતો હતો. અને હા, તાજમહાલનું બાંધકામ પણ અષ્ટકોણીય છે અને કળશ કે કૈલાસ, એવું પૂછતી વખતે વાર્શનીએ આપણને તાજમહાલની ટોચ તરફ જોવાનો ઇશારો કરેલો. પરંતુ આપણા દિમાગમાં કૈલાસ પર્વત અને સોમનાથ મંદિર જ ઘર કરી બેઠેલા.' સૈની બોલ્યો.

'અને Raja Surrender ' એટલે?'

'રાજા માનસિંઘના પરિવારે, એમનો મહેલ મને-કમને પણ મુઘલ શહેનશાહને આપી દેવો પડ્યો, એ શરણાગતિ જ કહેવાય ને! અને હા, Shankar elated ' વાળી છેલ્લી લાઇન વિશે તું પૂછે એ પહેલાં જ કહી દઉં કે, આગ્રામાં રાજા માનસિંઘના મહેલનું નામ તેજો મહાલય હતું.' સૈની બોલ્યો.

'મતલબ?'

'તેજો મહાલય, એટલે આમ તો તેજનું મહાસ્થાન. પણ એ સમયે જાટ અને રાજપૂતો શિવને તેજાજીના નામે પણ પૂજતા હતા. રાજમહેલને દેવસ્થાનનું નામ આપવાનો શોખ, એ સમયના રાજામહારાજાઓને હતો. માનસિંઘે પોતાના મહેલને શિવના ઘરનું નામ આપ્યું.'

'એટલે કે તાજમહાલનું નામ બેગમ મુમતાઝ પરથી નથી પડ્યું?'

'ના, બાદશાહનામા વાંચી લે. એમાં સ્પષ્ટ લખ્યું છે કે, શાહજહાંની પત્ની અર્જુમન્દબાનુ બેગમ, મુમતાઝ-ઉલ-ઝમાનીના નામે પણ ઓળખાતી હતી. દરબારી ઇતિહાસકારે પણ ક્યાંય મુમતાઝ મહલ જેવા નામનો ઉલ્લેખ નથી કર્યો. અને હા, તું જાણે છે, આ શહેરનું નામ આગ્રા કેવી રીતે પડ્યું?'

'ના'.

'રાજા માનસિંઘના મહેલની બહાર અગ્રેશ્વર મહાદેવ નાગનાથેશ્વ રનું મંદિર હતું. અગ્રેશ્વર પણ શિવનું જ એક નામ છે. એના પરથી શહેરને આગ્રા નામ મળ્યું.'

'જો આ ખરેખર તેજો મહાલય હતો અને એના પ્રાંગણમાં શિવમંદિર હતું, તો ત્યાં કોઈ મકબરો બનાવવા માટે રાજપૂત રાજાએ કેવી રીતે હા ભણી દીધી?' રાધિકા બબડી.

'રાજાએ હા પાડી, અને એ પણ ખુશીખુશીથી!' સૈની થોડું રહસ્યમય સ્મિત કરીને બોલ્યો.

૧૦૫

પ્રભાસ પાટણમાં બની ગયેલી ઘટનાઓ વિશે સાંભળીને, આઘાતના માર્યા, મારા પિતા વસુદેવનો જીવ નીકળી ગયો. દ્વારકામાં હવે જ્યાં જુઓ ત્યાં ભડભડ બળતી ચિતાઓ અને આક્રંદ કરતી વિધવાઓ નજરે પડતી હતી. ખબર મળતાંની સાથે, યાદવસ્ત્રીઓ અને બાળકોને મદદ કરવા માટે અર્જુન દ્વારકા ભણી દોડ્યો. પણ એ મોડો પડ્યો.

આકાશમાં બારેમેઘ ખાંગા થયા. ગાંડાતૂર થયેલા દરિયાનાં મોજાંએ દ્વારકાની દીવાલો અને પાયા સુધ્ધાં હચમચાવી નાખ્યાં. થોડી જ વારમાં વરસાદ અટક્યો, દરિયો શાંત પડી ગયો પણ મારી વહાલી નગરીનું નામોનિશાન નહોતું રહ્યું. દ્વારકા હવે સાગરના તળિયે હતું.

'ખુશીખુશીથી... પણ શું કામ? અને, પેલું પ્રાચીન રહસ્ય તાજમહાલમાં ક્યાંક હોય, તોયે કઈ જગ્યાએથી એને ખોદી કાઢવું?' રાધિકાએ પૂછ્યું.

'અહીં ક્યાંય ખોદકામ કરવાનો તો પ્રશ્ન જ નથી. મૃતાત્માઓનું આ અંતિમ વિશ્રામ સ્થાન છે. પવિત્ર સમાધિ કે કબરને ખસેડવા, તોડવા કે ખોદવાની ધૃષ્ટતા કોણ કરે? જૂના જમાનામાં પુષ્કળ મંદિરો તોડી પડાયેલાં, પણ મુઘલકાળમાં મુસ્લિમ મકબરો તોડવાની તો કોઈ કલ્પના પણ ન કરી શકે. રાજા માનસિંઘના પરિવારજનો આ સમજતા હતા. મુસ્લિમશાસન દરમ્યાન કોઈપણ કિંમતી વસ્તુ છુપાવવા માટે મકબરાથી વધુ સલામત, બીજી કઈ જગ્યા મળે? એટલે જ એમણે પ્રેમથી આ જગ્યા, શાહજહાંને સોંપી દીધી.' સૈની બોલ્યો.

'ચાલો, સ્વીકારી લીધું કે અહીં હવે કોઈ ખોદકામ શક્ય નથી. પરંતુ શ્યામંતક ખરેખર તાજમહાલમાં જ છે, એના કોઈ બીજા પુરાવા છે?' રાધિકાએ પૂછ્યું.

'હા, શરૂઆત, તાજમહાલની ફરતેના બાગબગીચાથી કરીએ. ઐતિહાસિક નોંધ છે કે તાજમહાલની પાસે કેતકી, જાઈ, જુઈ, ચંપા, મૌલાશ્રી, હરસિંગાર અને બીલી વવાયાં હતાં. બીલીપત્રમાં રેડિયેશન પ્રતિકારક ગુણધર્મ છે. હરસિંગારનો ઉપયોગ શ્વાસોરછ્વાસની બીમારીની સારવારમાં થાય છે. કેતકી, રક્તદોષોનું નિવારણ કરતી હોવાનું મનાય છે. ટૂંકમાં તાજમહાલ પાસે, વૈદકીય ગુણો ધરાવતાં વૃક્ષો અને છોડ રોપાયાં હતાં, જેથી એ શ્યામંતકમાંથી નીકળતા રેડિયેશનની અસરને મંદ પાડી શકે.'

રાધિકા કંઈ બોલી નહીં. સૈનીએ વાત આગળ વધારી. 'બાદશાહનામા માં લખ્યું છે કે, વર્ષ ૧૯૩૨માં, બેગમના મકબરાની ફરતે ચાલીસ હજાર તોલા જેટલા શુદ્ધ સોનાની વાડ કરાઈ હતી. પરંતુ થોડા વરસ બાદ આ સોનાનો ક્યાંય પત્તો નહોતો. એ ક્યાં ગયું? કે પછી શ્યામંતકની ટ્રાન્સમ્યુટેશન ઇફેક્ટથી સોનું લોખંડ જેવી કોઈ હલકી ધાતુમાં પલટાઈ ગયું અને મકબરામાં એવી વાડ કે દીવાલ શોભે નહીં, એટલે કાઢી લેવાઈ?'

'આવું ખાતરીપૂર્વક તો ન કહેવાય.' રાધિકા બોલી.

'બીજું ઉદાહરણ આપું. છેલ્લા થોડાં વરસોથી તાજમહાલનો આરસપહાણ પીળો પડી રહ્યાની બૂમરાણ થાય છે.'

'હા, પ્રદૂષણને કારણે આવું થાય છે, એમ કહીને સરકારે થોડાં કારખાનાંને તાજમહાલથી દૂર પણ હટાવ્યાં. અને અમુક વર્ગ એવું માને છે કે કુદરતી વરસતા ઍસિડ રેઇનથી પણ આરસપહાણ ખરાબ થયો છે.' રાધિકાએ યાદ કર્યું.

'પણ આર્કિયૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયાના વૈજ્ઞાનિક બી. બી. લાલે એવો રિપોર્ટ આપ્યો છે કે, તાજમહાલના આરસ પર કોઈપણ પ્રકારના કૅમિકલ પ્રદૂષણની અસર નથી થઈ. અને, નૅશનલ એનવાયરોમૅન્ટલ એન્જિનીયરીંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનો રિપોર્ટ કહે છે કે, અત્યાર સુધીમાં અહીં પડેલા વરસાદમાં ક્યારેય એટલા ઍસિડિક ગુણ નહોતા કે એને ઍસિડ રેઇન ગણી શકાય.' સૈનીએ કહ્યું.

'તો પછી તાજમહાલ ક્યા કારણસર પીળો પડી રહ્યો છે? રાધિકાએ પૂછ્યું.

'થોડાં વર્ષ પહેલાં થયેલા એક અભ્યાસમાં કહેવાયેલું કે, યુરોપમાં જ્યારે લેઝર કિરણો દ્વારા આરસ પ્રતિમાઓને સાફ કરાઈ, ત્યારે ઉપરની સપાટીના રંગમાં ફેરફાર થયેલા દેખાયા હતા.'

'શું કહેવા માંગે છે?'

સૈની હસી પડ્યો. 'એ જ, જે તું અત્યારે વિચારી રહી છે. કુરકુડેની રિસર્ચ ટીમે, આગ્રામાં હાઇ રેડિયેશનની હાજરી નોંધી છે. આમ તો માર્બલ અને ગ્રેનાઇટ જેવા પથ્થરોમાં કુદરતી રેડિયેશન ગુણધર્મો હોય છે. પણ કોઈએ એ શોધવાની તસ્દી નથી લીધી કે, તાજમહાલના આરસપહાણમાં આ રેડિયેશનની માત્રા, સામાન્યથી વધુ છે કે નહીં. મને લાગે છે કે, તાજના આરસનો રંગ બદલનાર વસ્તુ અહીં જ ક્યાંક અંદર છુપાયેલી છે. આપણે રાઠોડને બોલાવી લઈએ.' પણ સેલફોન પર રાઠોડનો નંબર પંચ કરી રહેલાં આંગળાં થીજી ગયાં. એના ગળે ઠંડીદાર ધાતુનો સ્પર્શ થયો. 'જરાય હલનચલન કર્યું છે તો ફૂંકી મારીશ.' સૈનીની ગરદન પર રિવોલ્વર મૂકીને ઊભેલા તારકે ચેતવણી આપી.

સૈનીએ માત્ર આંખને રાધિકાની દિશામાં ઘુમાવી. ત્યાં પ્રિયા રિવોલ્વર લઈને ઊભેલી. 'તમે માની બેઠા કે સુનીલ ગર્ગ અમને ખતમ કરી નાખશે?' પ્રિયાએ ઘૂરકિયું કર્યું.

'ગર્ગ ક્યાં છે?' રાધિકાએ પૂછ્યું.

પ્રિયા હસી પડી. 'તમે એની સાથે સોદો કર્યો, પણ મેં એને વધુ લલચામણી ઓફર આપીને પાછો ખરીદી લીધો.'

'હવે ચૂપચાપ નદી કિનારા તરફ આગળ વધો. જરાયે હોશિયારી બતાવવા ગયા તો તમને બંનેને ગોળી મારી દઈશું.' તારકે, સૈનીની કમરે ગન દબાવતાં કહ્યું.

હત્યારા એમની ધમકીને અમલમાં મૂકતાં જરાય નહીં અચકાય, એ સમજી ગયેલા સૈની અને રાધિકા મૂંગેમોઢે નદી તરફ ચાલ્યાં. તારક અને પ્રિયા એમની એટલી નજીક હતાં કે, બહારના માણસને રિવોલ્વર દેખાય નહીં.

નદીકિનારે સુનીલ ગર્ગ એમની રાહ જોતો ઊભો હતો.

૧૦૬

દ્વારકામાંથી જેમતેમ બચી ગયેલા થોડા લોકોને લઈને અર્જુન હસ્તિનાપુર જવા નીકળ્યો. પણ રસ્તામાં એનો સામનો જંગલી લુંટારાઓ સાથે થયો. પોતાના બાહુબળમાં અપાર શ્રદ્ધા ધરાવતા અર્જુને એનું ગાંડીવ હાથમાં લીધું પરંતુ એના પર બાણ ન ચઢાવી શક્યો. ત્યારે એને ભાન થયું કે, એની તમામ શક્તિનો સ્ત્રોત હું હતો. બાળકની જેમ ઘૂંટણિયે પડી જઈને એણે આક્રંદ કર્યું માંડમાંડ આંસુ રોકાયાં, ત્યારે એને ભીની આંખની સામે ખિલખિલાટ હસતું, દૂધ પી રહેલું નાનકડું બાળક દેખાયું.

વાસ્તવિકતામાં, હું અર્જુનને સંદેશ આપી રહ્યો હતો કે, જીવનધારા ક્યાંય અટક્યા વિના સતત વહેતી જ રહે છે. રોજ નવો દિવસ, નવી આશા અને નવા લક્ષ્ય લઈને આવે છે.

યાદવસ્ત્રીઓ અને બાળકોને અર્જુન મથુરા લઈ ગયો. આ જ નગર છોડીને હું યાદવોને દ્વારકા ભણી દોરી ગયેલો. એક ચક્ર જાણે પૂરું થયું. ઘણાં વર્ષ પછી મારા પ્રપૌત્ર વજનાભિએ મથુરાનું શાસન હાથમાં લીધું.

'આવો, આવો, આગ્રાની આ નવી નક્કોર જેલ, તમારી જ રાહ જુએ છે.' તાજમહાલની પાછળના ભાગમાં જે કમાનો હતી, ત્યાં ઊભા રહીને સુનીલ ગર્ગ બોલ્યો.

'ગર્ગ, સરકારનો પગાર ખાઈને તું સર ખાન માટે કામ કરતો હતો. એ વાત બહાર પડતાંની સાથે તું તો ખલ્લાસ!' રાધિકાએ દાંત ભીંસીને કહ્યું.

'પણ વાત બહાર કેવી રીતે જશે? વાત જાણનારા તો અહીં જ દફન થઈ જવાના છે. લોકો અહીં આવીને શાહજહાં અને મુમતાઝની કબર જોશે. કોણ એમને કહેશે કે તાજમહાલમાં બીજા બે પ્રેમી પણ મોતની નિદ્રામાં સૂતા છે? રાધિકા સિંઘ અને રવિ મોહન સૈની... અરેરે, તમારો ઇતિહાસ કોણ લખશે? ગર્ગે નાટકીય ઢબે ડચકારા બોલાવતાં કહ્યું.

સૈનીને ગળે શોષ પડવા લાગ્યો. ગર્ગ અને પ્રિયાએ મળીને એમને તાજની પાછળ બાવીસમાંથી એક અવાવરુ ઓરડામાં પૂરી દેવાનો પ્લાન બનાવેલો.

'વાતો બહુ થઈ ગઈ!' પ્રિયા કડક અવાજે બોલી, 'ચાલો, હવે કામે લાગીએ.'

વર્ષોથી બંધ પડેલા દરવાજાને ગર્ગે ધક્કો માર્યો, કીચડાટી સાથે ખૂલેલા બારણાંની બીજી તરફ સદીઓથી જમા થયેલો અંધકાર, ભેજ, દુર્ગંધ અને... અચાનક સૈનીના ચહેરાની સાવ પાસેથી પાંખો ફફડાવીને કંઈ ઊડ્યું. ઓહ નો, અહીં ચામાચીડિયાં હતાં! સૈનીના શરીરમાંથી લખલખું પસાર થઈ ગયું. ગર્ગે એને અંદરની તરફ ધક્કો માર્યો.

'પણ અમને મારીને તમને શું ફાયદો થવાનો?' રાધિકાએ પૂછ્યું, 'કૃષ્ણ પાસેની સહુથી કિંમતી વસ્તુ ક્યાં છે, એ તો પ્રોફેસર સૈનીએ શોધી કાઢ્યું છે. અમારા ગયા પછી તમને રસ્તો કોણ બતાવશે?'

'તમને જીવતા રાખવાનું હવે મને નહીં પરવડે. તારું કહ્યું ન માનું તો મને ખુલ્લો પાડવાની ધમકી તેં આપી છે. તારું મોઢું હું કાયમ માટે બંધ કરી દઈશ. અને, પેલા

ચમત્કારિક પથ્થરની વાત જવા દે! જે જગ્યાનું નામ શિવ પરથી પડ્યું હોય, ત્યાં કૃષ્ણનો શ્યામંતક મળવાની કોઈ શક્યતા જ નથી.' ગર્ગ બોલ્યો.

'પણ શિવ અને વિશ એટલે કે વિષ્ણુ એક સિક્કાની બે બાજુ છે.' સૈનીએ કહ્યું.

'હશે. પણ ઇતિહાસ, પુરાણ અને અધ્યાત્મની ચર્ચાઓ ગમે તેટલી ઇન્ટરેસ્ટિંગ હોય, તોયે એ સાંભળવાનો ટાઇમ મારી પાસે નથી. ઑફિસે જઈને ઘણું કામ કરવાનું છે. ચાલો, અંદર જઈને નીચે બેસી જાવ.' ગર્ગે એની રિવોલ્વર હલાવતાં કહ્યું.

સૈની અને રાધિકા નીચે બેઠાં. તારકે ઝડપથી એમના હાથપગ બાંધીને, મોઢા પર ટૅપ મારી દીધી.

'ચાલો, આપણે જઈએ. આ બે પ્રેમીપંખીડાને દિલની વાત કરવા દો.' કહીને ગર્ગ ઓરડાની બહાર નીકળ્યો. પ્રિયા અને તારક એની પાછળ ગયાં. ભારેખમ દરવાજો બંધ થતાંની સાથે ફરી એકવાર આ સ્થળે સંપૂર્ણ અંધકારનું સામ્રાજ્ય છવાઈ ગયું.

પરંતુ ડર માત્ર અંધકાર કે ચામાચીડિયાનો નહોતો. સૈની જાણતો હતો કે યમુના નદીમાં મોટું પૂર આવે, ત્યારે ઘણીવાર આ ઓરડાઓમાં પાણી ભરાઈ જતા હતા. એવું થાય તો એમની કબર પાણીમાં જ બની જવાની. બહારની દુનિયામાં ગર્ગ, પ્રિયા અને તારક સિવાય કોઈ નહોતું જાણતું કે સદીઓથી બંધ રહેલા દરવાજાની પાછળ બે જીવતા માણસ હતા, જેમને માથે મોત ભમી રહ્યું હતું.

સૈનીએ, એના પેન્ટ પર ભીનાશનો અનુભવ કર્યો. કિસ્મતે એમનો સાથ છોડી દીધેલો. યમુનામાં ભરતી ચઢી હતી. નદીનાં પાણી ઓરડામાં પ્રવેશી ચૂકેલાં.

૧૦૭

પુખ્તવયે પહોંચેલો પરીક્ષિત હવે હસ્તિનાપુરનો રાજ્ય કારભાર સંભાળવા માટે સક્ષમ થઈ ગયો હતો. દ્રૌપદી અને પાંડવો સાંસારિક સુખોનો ત્યાગ કરીને એમના જીવનની અંતિમ યાત્રા પર નીકળી પડ્યાં. મંદાર પર્વત પર ચઢી રહેલા પાંડવોની પાછળ એક માંદલો, રખડુ લાગતો શ્વાન પણ હતો. પર્વત ચઢતાં ચઢતાં દ્રૌપદી ઢળી પડી. પાંચ પાંડવોની પત્ની હોવા છતાં અર્જુન પ્રત્યે એને વધુ પ્રેમ હતો, ભીમને ભોળવીને એ હંમેશાં પોતાનું ધાર્યું કરાવતી હતી, અને પાંચ પતિ હોવા છતાં એ કર્ણ પર મોહિત થઈ ગયેલી. આનાં ફળસ્વરૂપે એ સહુથી પહેલાં પડી. એને મૂકીને પાંડવો આગળ ચાલ્યા. થોડીવારમાં સહદેવ અને એની પાછળ નકુલ પડ્યો. સહદેવને એના જ્ઞાનનું અને નકુલને એના રૂપનું ભારે ઘમંડ હતું, બીજાઓને એ તુચ્છ ગણતા હતા. ત્યાર બાદ અર્જુનનો વારો આવ્યો. પોતે મહાન ધનુર્ધારી હોવા છતાં એ કર્ણ જેવા બીજા બાણાવળીઓની ઈર્ષા કરતો હતો. પછી ભીમ પડ્યો. એને એના ખાઉધરાપણાની સજા મળી હતી. હંમેશાં એ બીજાઓને જમાડતાં પહેલાં પોતાનું પેટ ભરી લેતો. અંતે, માત્ર યુધિષ્ઠિર અને એની પાછળ ચાલતો શ્વાન, સ્વર્ગના દ્વારે પહોંચ્યા.

દેવોએ યુધિષ્ઠિરનું સ્વાગત કર્યું. પરંતુ કૂતરાને પાછળ મૂકીને સ્વર્ગમાં પ્રવેશવાનું એમનું આમંત્રણ યુધિષ્ઠિરે નકારી કાઢ્યું. 'છેક સુધી મારી પાછળ રહેલા શ્વાનને તરછોડીને સ્વર્ગ મળતું હોય તો મને નથી જોઈતું.' એમણે કહી દીધું.

દેવોએ પ્રસન્ન થઈને કહ્યું કે, યુધિષ્ઠિરની આ છેલ્લી પરીક્ષા હતી. એમાંથી પાર ઊતરી ગયેલા યુધિષ્ઠિરને સ્વર્ગના લોકોએ પુષ્પવૃષ્ટિ કરીને વધાવી લીધા.

'આપણે એ લોકોને પડતાં મૂકીને કોઈ ભૂલ તો નથી કરી બેઠાને? શ્યામંતક ક્યાં છે, એની માહિતી સૈની પાસેથી મેળવી લેવી જોઈતી હતી.' નદીકિનારેથી તાજમહાલ તરફ જતાં પગથિયાં ચઢતાં ચઢતાં પ્રિયા બબડી.

ગર્ગ તુચ્છકારભાવે હાથ હલાવતાં બોલ્યો, 'નારે, સૈની એક નંબરનો ગપ્પીદાસ છે. આપણી જેમ એને પણ માત્ર એટલી જ ખબર છે કે, આવડા મોટા તાજમહાલમાં કે આસપાસના બગીચામાં કોઈ જગ્યાએ શ્યામંતક છુપાવાયો છે. ચોક્કસ જગ્યા તો એનેય ખબર નથી.'

'સ્ટોપ' પગથિયાને મથાળેથી મોટી ત્રાડ સંભળાઈ, 'હથિયાર ફેંકીને હાથ ઊંચા કરો.' મેગાફોન પર ચેતવણી આપતો, રાઠોડ ધડધડાટ પગથિયાં ઊતરીને, એમની સામે ધસી આવ્યો. એની ડાબે, જમણે ડઝનથી વધુ સશસ્ત્ર પોલીસ જવાનો હતા.

રિવોલ્વર નીચે ફેંકવાને બદલે ગર્ગે રાઠોડ સામે નિશાન તાક્યું. પણ હજી એની આંગળી ટ્રીગર પર દબાય એ પહેલાં તો સામેથી ફાયર થયેલી બૂલેટ એના હાથ પર વાગી.

ચીસ પાડીને, લોહી નીકળતા હાથે ગર્ગ, જમીન પર ઢગલો થઈ ગયો. ડહાપણ વાપરીને પ્રિયા અને તારકે એમનાં હથિયાર ફેંકી દીધાં. અને હાથ ઊંચા કરીને શરણાગતિ સ્વીકારી લીધી. થોડી જ વારમાં આ તરકટી ત્રિપુટીને હાથકડીઓ પહેરાવીને એક પોલીસવાન આગ્રાની ડિસ્ટ્રિક્ટ જેલ ભણી રવાના થઈ ગઈ.

રાઠોડે યમુના કિનારે ઊભેલા કમાનાકાર, બંધ બારણાં તરફ દોટ મૂકી. આરસપહાણમાંથી બનેલા તાજમહાલના પાયા જેવા આ ખંડોનું બાંધકામ રેતપથ્થરમાંથી થયેલું. ત્યાં હવે ઘૂંટણસમાણાં પાણી હતાં. યમુના આજે પૂરા રંગમાં હતી.

ઓરડા તો બાવીસ હતા, પણ બધાંને ખોલવાની, તપાસવાની ક્વાયત શરૂ થાય એ પહેલાં તો એક પોલીસમૅને બૂમ પાડી, ‘સર, આ દરવાજા પર નવુંનક્કોર તાળું છે. હમણાં જ રૂમ ખોલીને બંધ થયો હોય, એવું લાગે છે.’

‘તોડી નાખો’ ક્ષણભરનાયે ખચકાટ વિના રાઠોડે આદેશ આપ્યો.

બારણું ખૂલતાંની સાથે, બહાર ભરાઈ રહેલું ત્રણેક ફીટ જેટલું પાણી ઓરડામાં ધસી ગયું. એની સાથે અંદર સૂરજનું અજવાળું પણ પહોંચ્યું. અને, રાઠોડે, એક ખૂણામાં એકમેકને વળગીને ઊભેલાં સૈની અને રાધિકાને જોયાં.

‘ભગવાનનો ઉપકાર કે, તમે મને છેલ્લો ફોનકૉલ કર્યા પછી લાઇન ડિસકનેક્ટ નહોતી કરી.’ રાઠોડે ઝડપભેર સૈની અને રાધિકાને બંધનમુક્ત કરતાં કહ્યું.

તારકે છેલ્લે, સૈનીને ગળે ગન મૂકી, ત્યારે એને ખ્યાલ નહોતો રહ્યો કે રાઠોડ સાથે વાત કરી રહેલા સૈનીએ, લાઇન કાપ્યા વિના ફોનને ખિસ્સામાં મૂકી દીધેલો. સામે છેડે રાઠોડને બધું સંભળાતું રહ્યું.

‘તમે આ બીજીવાર મારી જિંદગી બચાવી લીધી.’ સૈનીએ રાઠોડ સામે જોઈને આભારવશ અવાજે કહ્યું.

‘આશા રાખીએ કે ત્રીજીવાર આવું કરવાનો વખત ન આવે.’ રાઠોડે હળવા સૂરે કહ્યું. ત્રણેય જણ બંધિયાર વાતાવરણમાંથી બહાર નીકળ્યાં. ‘પેલાં બદમાશોને તો ક્યાંક પૂરીને, દરવાજાની ચાવી ફેંકી દેવી જોઈએ.’ રાઠોડ બબડ્યો.

ઠંડીથી ધ્રૂજી રહેલા સૈની અને રાધિકા માટે જલદીથી બ્લેન્કેટ્સ અને ગરમાગરમ ચાની વ્યવસ્થા થઈ ગઈ.

‘આટલું કર્યા પછી યે છેવટે શ્યામંતક તો ન મળ્યો.’ રાઠોડે થોડી નિરાશા સાથે કહ્યું.

‘મને જવાબ મળી ગયો.’ સૈની સહજભાવે બોલ્યો.

‘હેં?’ રાધિકાની આંખો પહોળી થઈ ગઈ.’

‘તો જલદી ઊભા થાવ, શું કામ અહીં સમય બગાડવો જોઈએ.’ રાઠોડે અધીરાઈથી કહ્યું.


સૈનીએ હળવું સ્મિત આપ્યું, ‘જે જગ્યાએ, દરવાજો ખોલીને સહેલાઈથી જઈ શકાય, ત્યાં શ્યામંતક હોઈ જ ન શકે. એ કિંમતી પથ્થર છુપાવનારાએ બરાબર ધ્યાન રાખ્યું હશે કે, એના પછી ક્યારેય, કોઈના હાથ ત્યાં પહોંચે નહીં.’

‘એવી કઈ જગ્યા છે?’ રાઠોડે પૂછ્યું.

સૈનીએ રાઠોડનો સ્માર્ટફોન હાથમાં લીધો અને ઇન્ટરનેટ બ્રાઉઝરની મદદથી સ્ક્રીન પર તાજમહાલનો વર્ટિકલ પ્લાન લઈ આવ્યો. ‘આને ધ્યાનથી જુઓ.’ એણે રાધિકા અને રાઠોડને કહ્યું.

‘તાજમહાલની મુલાકાતે આવનારા સહુની નજર એના વિશાળ ઘુમ્મટ પર જાય છે. સંગેમરમરમાં થયેલાં આ બાંધકામ, અને એની સુંદરતા પર બધાં વારી જાય છે. પણ

મોટાભાગના લોકો નથી જાણતા કે બહાર દેખાતા ઘુમ્મટની અંદર પાછો બીજો ઘુમ્મટ છે. આજની ભાષામાં એને ફોલ્સ સિલિંગ કહી શકો.



'અને હું માનું છું કે શ્યામંતક, આ બે ઘુમ્મટ વચ્ચેના પોલાણમાં હોવો જોઈએ. ત્યાં જવા માટે અંદર કે બહારથી ઘુમ્મટ તોડવો પડે. અને કોણ એવું કરી શકે?' સૈની બોલ્યો.

આ માહિતી મેળવીને ખુશ થવાને બદલે રાધિકા વીલે મોઢે બોલી, 'એનો અર્થ એવો કે મથીમથીને નદીકિનારે પહોંચી ગયા પછીયે આપણે તો હવે તરસ્યા જ પાછા જવાનું છે. શ્યામંતક ક્યાં છે, એ જાણી લીધા પછીયે એ આપણા હાથમાં નથી આવવાનો.'

થોડીવાર માટે, ત્રણેય જણ મૂંગા થઈ ગયાં. 'બિસ્મિલ્લાહ અલ-રહેમાન અલ-રહીમ' ના સાદે મૌનનો ભંગ કર્યો.

ફાટ્યો તૂટ્યો સફેદ કુરતો, માથે લીલી ટોપી, ગળામાં તાવીજ બાંધેલી પાંચ-સાત માળા અને હાથમાં ધુમાડા કાઢી રહેલા ધૂપના પાત્ર સાથે એક ફકીર એમની સામે આવીને ઊભો રહ્યો. ત્રણેય જણે આદરપૂર્વક હાથ જોડ્યા.

'હું જાણું છું કે તમને કઈ વસ્તુની શોધ છે. પણ યાદ રાખજો, પથ્થર કરતાં એને ધારણ કરનારો વધુ મોટો, મહત્ત્વનો છે.' આટલું કહીને ફકીર ત્યાંથી જતો રહ્યો.

સૈની, રાધિકા અને રાઠોડ, એની પીઠ પાછળ તાકી રહ્યા અને પછી અચાનક, જાણે અંધારામાં કોઈએ દીપક પ્રગટાવ્યો.

> સ્વર્ગની અંદર પહોંચતાંની સાથે યુધિષ્ઠિરે અત્યંત આઘાતજનક દૃશ્ય જોયું. સોએ સો કૌરવબંધુઓ સ્વર્ગમાં આનંદ માણી રહ્યા હતા, પરંતુ પાંડવો, દ્રૌપદી અને કર્ણ નર્કમાં ધકેલી દેવાયેલાં. આ જોઈને અસ્વસ્થ, ક્રોધિત થઈ ગયેલા યુધિષ્ઠિરે કહ્યું કે, 'મને પણ નર્કમાં જ મોકલી દો.'
> એ ક્ષણે યુધિષ્ઠિરની સામે પ્રગટ થઈને મેં કહ્યું, 'છત્રીસ વર્ષ સુધી રાજ્ય કર્યા પછીયે તું હજી તારા ક્રોધનો ત્યાગ નથી કરી શક્યો. તું તારી ઓળખ ધર્મપુત્ર તરીકે આપે છે તોયે નિર્લેપતાનો ગુણ તારામાં નથી. આવી સ્થિતિમાં તું કેવી રીતે સ્વર્ગ પ્રાપ્ત કરી શકે?'
> યુધિષ્ઠિરનો ઉદ્વેગ શમી ગયો. એને જ્ઞાન થયું કે સમસ્ત વિશ્વનું સર્જન મારામાંથી થયું છે. અને સાચો યોગી એ છે, જેને દરેક વ્યક્તિ, દરેક વસ્તુમાં દિવ્યતાનાં દર્શન થાય છે. પારસમણિ અને એ ધારણ કરનાર, બંને એક જ છે! યુધિષ્ઠિર અંતિમ કસોટીમાંથી પાર ઊતરી ગયા અને પછી એમણે પોતાના ભાઈઓ અને દ્રૌપદી સાથે સ્વર્ગમાં વસવાટ કર્યો.

'આ હમણાં જે બોલીને ગયો...' ફકીર દૂર દેખાતો બંધ થઈ ગયા બાદ સૈની ધીમેથી ગણગણ્યો. 'આની પહેલાં પણ કોઈના મોઢેથી આવા જ શબ્દો સાંભળ્યા હોય, એવું લાગે છે?'

'હા, કૈલાસ પર્વત પર આપણને મળેલા સાધુએ કહેલું.' રાધિકાને બરાબર યાદ હતું.

'કમાલ છે', રાઠોડ બોલ્યો, 'સોમનાથમાં મને અને છેદીને મળેલો. એક પૂજારી પણ આવું જ કહી ગયેલો.'

સૈની થોડીવાર માટે વિચારમાં પડી ગયો, અને પછી અચાનક ખડખડાટ હસી પડ્યો. રાધિકા અને રાઠોડ એની સામે તાકી રહ્યાં. આ પ્રોફેસરની ડાગળી ચસકી તો નહોતી ગઈ ને!

સૈનીએ હસવાનું અટકાવ્યું. અને પછી સામે ઊભેલા બેઉને સવાલ કર્યો, 'જેને આપણે પારસમણિ કે ફિલોસૉફર્સ સ્ટૉન તરીકે ઓળખીએ છીએ, જે લોઢાને સોનામાં પલટાવી નાખવાની શક્તિ ધરાવે છે, એ શ્યામંતકની શોધમાં આપણે અહીં સુધી આવ્યા, બરાબર?'

'હા', સામેથી અપેક્ષિત જવાબ મળ્યો.

'આપણે જાણીએ છીએ કે એ પ્રાચીન રસાયણવિદ્યા અર્થાત્ એલ્કેમીનો મુખ્ય ઉદ્દેશ છે મામૂલી કે હલકી વસ્તુને મહાનતાની કક્ષાએ પહોંચાડવી, મૂલ્યવિહીનનું રૂપાંતર અમૂલ્યમાં કરવું. નાદાન લોકો માની બેઠા કે આ માત્ર હલકી ધાતુમાંથી સોનું બનાવી દેવાની ચમત્કારિક રીત છે. પરંતુ વાસ્તવિકતા સાવ વિપરીત છે.'

સહેજ થાક ખાવા રોકાઈ, સૈનીએ પછી આગળ ચલાવ્યું. 'એલ્કેમી, એ આપણી જાતને બદલવાની વિદ્યા કે ક્રિયા છે. એની મદદથી હૃદયપરિવર્તન કરીને આપણે વધુ સારા

માણસ બનવાની કોશિશ કરવાની છે. પેલા સાધુ, પૂજારી અને ફકીરે એ જ કહ્યું કે, 'પથ્થર કે મણિ કરતાં એને ધારણ કરનારનું મહત્ત્વ વધુ છે. પથ્થર તો માત્ર નિમિત્ત છે. પણ એના પર ચિંતન, મનન કર્યા બાદ વ્યક્તિના ચિત્તમાં પરિવર્તન થાય, એની જ મહત્તા છે.'

'અર્થાત્, શ્યામંતકમાં કોઈ ચમત્કારિક ગુણ નથી?' રાધિકાએ પૂછ્યું.

'મારા કહેવાનો અર્થ એ કે, સૃષ્ટિમાં દરેક પથ્થર શ્યામંતક છે. મંદિરની અંદર પાષાણપ્રતિમા સામે ઊભા રહીને સાચા દિલથી પ્રાર્થના કરીએ, ત્યારે આપણા પોતાના પૉઝિટિવ વાઇબ્રેશન્સથી, આપણે ખુદને બદલીએ છીએ. પથ્થર ખુદબખુદ ચમત્કારિક થઈ જાય છે. એલ્કેમીની પ્રક્રિયા બહાર નહીં, આપણી અંદર ચાલે છે. ખરો ચમત્કાર, જાતની અંદર થાય છે.' સૈની બોલ્યો.

'પણ ઘણાં મંદિરો માટે કહેવાય છે કે, ત્યાંની મૂર્તિમાં દિવ્ય શક્તિ છે. ત્યાં દર્શન કરવાથી મનની ઇચ્છા પૂરી થાય છે.' રાઠોડ બોલ્યો.

'શક્તિ પથ્થરની મૂર્તિમાં નહીં, એની સામે નમનારામાં હોય છે. કોઈ એક પ્રતિમાની સામે હજારો લોકો ઊભા રહીને પ્રાર્થના કરે, ત્યારે એ બધામાં રહેલી શક્તિનો સંયોગ થાય છે. શક્તિ એટલે કે ઊર્જા અને તત્ત્વ, એક જ છે, એવું આઇન્સ્ટાઇને કહ્યું. અને એની પહેલા ઉપનિષદો એ પરંતુ વિચારો, ચિત્ત અને આત્મા પણ ઊર્જાનું રૂપ છે. વિક્ટર હ્યુગોએ કહેલું કે, જ્યાં ટેલિસ્કોપની મદદ પૂરી થાય, ત્યાં માઇક્રોસ્કૉપની શરૂઆત થાય છે. અને, આ બેમાંથી કોણ વધુ જોઈ શકે, એ કેવી રીતે નક્કી થાય? એના કહેવાનો અર્થ હતો કે, ટેલિસ્કૉપ અને માઇક્રોસ્કૉપ, બંને આપણને સતત ગતિશીલ રહેતા શક્તિપૂંજોને નિહાળવામાં મદદ કરે છે. આપણાં સહુની શક્તિ ભેગી થાય ત્યારે ચમત્કાર થાય છે. પથ્થરની મૂર્તિમાં કોઈ જાદુ નથી હોતો.'

'એટલે શ્યામંતક કોઈ ન્યુક્લિયર આઇસોટોપ નથી. સોમનાથ મંદિરના સ્તંભો લોખંડમાંથી સોનામાં, કે સોનામાંથી લોખંડમાં રૂપાંતરિત કરવાનું કામ શ્યામંતકે નહોતું કર્યું.' રાધિકાના અવાજમાં નિરાશા ઝલકી ગઈ.

'કદાચ શ્યામંતકે આવું કંઈ કર્યું પણ હોય. કોણ જાણે? પરંતુ એનામાં જે શક્તિ હતી, એની પાછળ આવું કોઇ કારણ નહોતું. શક્તિ તો શ્રદ્ધાળુઓમાંથી આવેલી. એ માનતા હતા કે શ્યામંતકમાં એમના જીવન બદલી નાખવાનું સામર્થ્ય હતું. અને, જ્યારે આવી અચળ માન્યતા કે શ્રદ્ધા હોય, ત્યારે વિચારો ખુદબખુદ હકીકતમાં પલટાઈ જાય છે.' સૈનીએ કહ્યું.

પછી કોઈને વધુ પ્રશ્ન પૂછવાની જરૂર લાગી નહીં. તાજમહાલ પાસે ઊભેલાં ત્રણેય જણ ઊંડા વિચારોમાં ડૂબી ગયાં.

આકાશમાં, સુરજે પશ્ચિમ દિશા ભણી ગતિ આરંભી. શ્વેત રંગના તાજમહાલ પર સોનેરી આભા પ્રસરવા લાગી. સૈનીએ રાધિકાનો હાથ પોતાના હાથમાં લીધો. એ જોઈને રાઠોડના હોઠ પર આછું સ્મિત રમી ગયું. એના બૉસની વેરાન જિંદગીમાં આખરે ખુશીની કૂંપળ ફૂટી હતી. જેને ચમત્કારિક પરિવર્તન કે રૂપાંતર કહી શકાય, એવી ઘટના એની નજર સામે આકાર લઈ રહી હતી.

રાઠોડ એની જગ્યાએથી ઊભો થઈને, હળવે પગે ત્યાંથી નીકળી ગયો. તાજમહાલના પગથિયે બેઠેલાં સૈની અને રાધિકા, પ્રેમના એ અમર પ્રતીકને નિહાળતાં બેસી રહ્યાં. બંનેનાં જીવન બદલાઈ રહ્યાં હતાં.

આ જ એલ્કેમી હતી. કથીરનું રૂપાંતર, સુવર્ણમાં થઈ રહ્યું હતું.